

પેજ-08
ફિલ્મ ફ્લોપ જતાં કાર્તિક આર્યને ₹15 કરોડ પાછા આપ્યા...!

# અમદાવાદ એકસપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

પેજ-09
SA20 લીગ અને આન્દ્રે રસેલ 'આ ટુર્નામેન્ટ વિશ્વની ટોચની લીગમાં સામેલ'



**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 27.00 | 14.00 |
| વડોદરા | 29.00 | 14.00 |
| સુરત | 29.00 | 17.00 |

પેજ 5

ઈરાનમાં અશાંતિ વધતા ભારતની ડ્રાયફ્રૂટ્સ આયાત પર મોટી અસર

17 JANUARY-2026 SATURDAY

સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં ગુંજ્યો ઈરાની અવાજ

પેજ 10

**શેરબજાર**

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 83570.35 ▲ | 187.64 |
| નિફ્ટી | 25694.35 ▲ | 28.75 |
| સોનું | 142558.00 ▼ | 563.00 |
| ચાંદી | 287501.00 ▼ | 4076 |

વર્ષ-15 । અંક-066 । વિક્રમ સંવત-2082 । પોષ વદ-14 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ■ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


# ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષની 20 જાન્યુઆરીએ ચૂંટણી, હાલ નીતિન નબીન કાર્યકારી અધ્યક્ષ



(એજન્સી) નવી દિલ્હી | તા.16

ભારતીય જનતા પાર્ટી (BJP)ના રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી માટે પાર્ટીએ નોટિફિકેશન બહાર પાડ્યું છે. નોટિફિકેશન મુજબ, 19 જાન્યુઆરીના રોજ આ માટે ઉમેદવારી પત્ર ભરવામાં આવશે, જ્યારે 20 જાન્યુઆરીના રોજ BJPના નવા અધ્યક્ષના નામની જાહેરાત કરવામાં આવશે. હાલમાં નીતિન નબીનને પાર્ટીના કાર્યકારી અધ્યક્ષ બનાવવામાં આવ્યા છે. પાર્ટી તેમને જ બિનહરીફ અધ્યક્ષ તરીકે ચૂંટી શકે છે. ગયા વર્ષે 14 ડિસેમ્બરે નીતિન નબીનને પાર્ટીના કાર્યકારી અધ્યક્ષ જાહેર કરવામાં આવ્યા હતા. ભાજપે વર્ષ 2020માં જેપી નડ્ડાને રાષ્ટ્રીય અધ્યક્ષ બનાવ્યા હતા. 2024માં તેમનો કાર્યકાળ પૂરો થયો હતો. ત્યારથી તેઓ એક્સટેન્શન પર હતા. નડ્ડા હાલમાં કેન્દ્રમાં સ્વાસ્થ્ય મંત્રાલય સંભાળી રહ્યા છે.

### કે. લક્ષ્મણે ચૂંટણીનું શિડ્યૂલ જાહેર કર્યું

ભાજપના રાષ્ટ્રીય રિટર્નિંગ ઓફિસર કે. લક્ષ્મણે ચૂંટણીનું શિડ્યૂલ જાહેર કર્યું. એ મુજબ, પક્ષપ્રમુખની ચૂંટણી માટે ઉમેદવારી પત્રો 19 જાન્યુઆરીના રોજ બપોરે 2થી 4 વાગ્યાની વચ્ચે ભરી શકાશે અને ઉમેદવારો એ જ દિવસે સાંજે 5થી 6 વાગ્યાની વચ્ચે પોતાની ઉમેદવારી પાછી ખેંચી શકશે. લક્ષ્મણે કહ્યું હતું કે જો જરૂર પડશે તો 20 જાન્યુઆરીએ મતદાન થશે અને એ જ દિવસે નવા ચૂંટાયેલા ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષના નામની સત્તાવાર જાહેરાત કરવામાં આવશે.

**ભાજપની નવી ટીમમાં 80% યુવાનોને લાવવાનો માર્ગ નબીન સાફ કરશે :** નીતિનના કાર્યકારી અધ્યક્ષ બનવાની સાથે જ ભાજપમાં 80% યુવાનોને આગળ લાવવાનો માર્ગ મોકળો થઈ ગયો છે, જોકે નવી ટીમ બનવામાં લગભગ 6 મહિના લાગશે, પરંતુ એટલું સ્પષ્ટ છે કે ટીમમાં મહામંત્રી અને મંત્રી જેવાં મુખ્ય પદો પર મોટા ભાગના 50 વર્ષથી ઓછી ઉંમરના હશે. 5 રાજ્યમાં વિધાનસભા ચૂંટણીઓ છે. નીતિન આ મુજબ જ ટીમ બનાવશે. એક વરિષ્ઠ નેતાનું કહેવું છે કે સામાન્ય રીતે રાષ્ટ્રીય અધ્યક્ષ જુનિયર અથવા સમકક્ષોને જ મહાસચિવ, સચિવ જેવાં પદો પર રાખે છે. હાલમાં પાર્ટીએ નીતિન નબીનને રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ બનાવ્યા છે. તેમની ઉંમર 45 વર્ષ છે. ભવિષ્યમાં જો નીતિનને જ રાષ્ટ્રીય અધ્યક્ષ બનાવવામાં આવે છે તો તેઓ રાષ્ટ્રીય અધ્યક્ષ બનનારી સૌથી યુવા વ્યક્તિ હશે.

## ગોવા, મહારાષ્ટ્ર, કેરળ, તમિલનાડુ, કર્ણાટક, ઓડિશા અને દિલ્હી સહિત અનેક રાજ્યોમાં દરોડા

# 7 રાજ્યો, 26 સ્થળો પર EDની કાર્યવાહી આંતરરાજ્ય ડ્રગ સિન્ડિકેટનો પર્દાફાશ

(એજન્સી) નવી દિલ્હી| તા.16

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) ના પણજી ઝોનલ ઓફિસે ગેરકાયદેસર આંતરરાષ્ટ્રીય ડ્રગ હેરફેર અને સંબંધિત મની લોન્ડરિંગ નેટવર્ક્સ સામે રાષ્ટ્રવ્યાપી કાર્યવાહી શરૂ કરી છે. આ કાર્યવાહીના ભાગ રૂપે, ED એ ગોવા, મહારાષ્ટ્ર, કેરળ, તમિલનાડુ, કર્ણાટક, ઓડિશા અને દિલ્હી સહિત અનેક રાજ્યોમાં એક સાથે દરોડા પાડ્યા. કુલ 26 સ્થળોએ તપાસ કરવામાં આવી. આ કાર્યવાહી PMLA, 2002 હેઠળ કરવામાં આવી હતી. ED ની તપાસ ગોવા પોલીસના એન્ટી-નાર્કોટિક્સ સેલ દ્વારા દાખલ કરાયેલી FIR ના આધારે શરૂ કરવામાં આવી હતી. NDPS કાયદા, 1985 હેઠળ FIR દાખલ કરવામાં આવી હતી, જેમાં વ્યાપારી માત્રામાં માદક દ્રવ્યોની હેરાફેરીનો આરોપ મૂકવામાં આવ્યો હતો. FIR ના આધારે, ED એ મની લોન્ડરિંગનો કેસ નોંધ્યો. પ્રારંભિક તપાસમાં એક સંગઠિત આંતરરાજ્ય ડ્રગ નેટવર્કના સંકેતો મળ્યા, જેના કારણે મોટા પાયે સર્ચ ઓપરેશનનું આયોજન કરવામાં આવ્યું. સર્ચ ઓપરેશન દરમિયાન, ED ને સુવ્યવસ્થિત આંતરરાજ્ય ડ્રગ ટ્રાફિકિંગ સિન્ડિકેટના મજબૂત પુરાવા મળ્યા. તપાસમાં જાણવા મળ્યું કે આ ગેંગ ઘણા રાજ્યોમાં સક્રિય હતી, જેમાં વિવિધ સભ્યો અલગ અલગ ભૂમિકાઓમાં કાર્યરત હતા: કેટલાક સપ્લાયર તરીકે, કેટલાક વિતરકો તરીકે, અને અન્ય નાણાકીય ચેનલોનું સંચાલન કરતા હતા. આ નેટવર્ક લાંબા સમયથી સક્રિય હતું અને કાયદાથી બચવા માટે સતત તેની પદ્ધતિઓ બદલી રહ્યું હતું. જપ્ત કરાયેલા મોબાઈલ ફોન, લેપટોપ અને અન્ય ડિજિટલ ઉપકરણોની તપાસમાં મોટા પાયે ડ્રગ સપ્લાયના પુરાવા મળ્યા છે. MDMA, એક્સ્ટસી, હશીશ, કુશ, શ્રુમ્સ, રાશોલ ક્રીમ, કોકેન અને સુપર ક્રીમ જેવા ડ્રગ્સ સમગ્ર ભારતમાં અનેક રાજ્યોમાં સપ્લાય કરવામાં આવી રહ્યા હતા. આનો ઉપયોગ પાર્ટી સર્કિટ અને હાઈ-પ્રોફાઈલ ગ્રાહકો સુધી પહોંચવા માટે કરવામાં આવતો હતો.

### UPI, ક્રિપ્ટોકરન્સી અને રોકડનો ઉપયોગ કરીને મની લોન્ડરિંગ

ED ની તપાસમાં મની લોન્ડરિંગની અત્યાધુનિક પદ્ધતિઓનો પણ પર્દાફાશ થયો છે. ગુનાની રકમ UPI, બેંક ટ્રાન્સફર, ક્રિપ્ટોકરન્સી અને રોકડ દ્વારા ટ્રાન્સફર કરવામાં આવી હતી. ભંડોળના મૂળને છુપાવવા માટે અનેક સ્તરોમાંથી પસાર કરવામાં આવ્યા હતા. આ સ્પષ્ટપણે નેટવર્કની નાણાકીય વ્યવસ્થાની ઊંડી સમજ અને ટેકનોલોજીના વ્યાપક ઉપયોગને દર્શાવે છે. તપાસમાં ડ્રગ સપ્લાય ચેઈનમાં સામેલ અસંખ્ય સપ્લાયર્સ, સહયોગીઓ અને સુવિધા આપનારાઓની ભૂમિકા બહાર આવી છે. આ વ્યક્તિઓ માત્ર ડ્રગ્સના સપ્લાયમાં જ નહીં પરંતુ ગેરકાયદેસર રકમને લોન્ડરિંગ કરવામાં પણ સામેલ હતા. ED હવે આ બધી કડીઓની ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે અને આગામી દિવસોમાં વધુ ધરપકડ શક્ય માનવામાં આવે છે.

### ડ્રગ હેરફેર B2B મોડેલ પર કરવામાં આવી રહી હતી

ED ની તપાસમાં એ પણ બહાર આવ્યું છે કે ડ્રગ્સ રિટેલ દ્વારા નહીં પરંતુ બિઝનેસ-ટુ-બિઝનેસ (B2B) મોડેલ દ્વારા સપ્લાય કરવામાં આવી રહ્યા હતા. ગોવા, હિમાચલ પ્રદેશ, મહારાષ્ટ્ર, કર્ણાટક, તમિલનાડુ, ઓડિશા અને કેરળમાં ડ્રગ્સ જથ્થાબંધ સપ્લાય કરવામાં આવતા હતા. આ સ્પષ્ટપણે દર્શાવે છે કે આ નેટવર્ક ફક્ત સ્થાનિક રીતે જ નહીં પરંતુ એક સંગઠિત વ્યવસાય માળખા તરીકે કાર્યરત હતું.

### રોકડ, ચરસ અને ગુનાહિત સામગ્રી જપ્ત

સર્ચ દરમિયાન, ED એ મોટી રકમ રોકડ જપ્ત કરી. આ ઉપરાંત, ચરસ અને અન્ય પ્રતિબંધિત દવાઓ પણ જપ્ત કરવામાં આવી હતી. ED એ અસંખ્ય ગુનાહિત દસ્તાવેજો અને ડિજિટલ ઉપકરણો પણ જપ્ત કર્યા હતા. આ ઉપકરણો પર રહેલા ડેટાથી નેટવર્કના સંચાલન, સંપર્કો અને નાણાકીય વ્યવહારો અંગે મહત્વપૂર્ણ સંકેતો મળ્યા હતા.

## રાષ્ટ્રીય સુરક્ષા કે જમીન ની ભૂખ?

# ટ્રમ્પનો ગ્રીનલેન્ડ પર કબજો મેળવવા લલકાર: સાથ નહીં આપનાર દેશો પર લાગશે 'ટેરિફ'




"ગ્રીનલેન્ડ અમારી રાષ્ટ્રીય સુરક્ષા માટે અનિવાર્ય છે. જો અન્ય દેશો આ બાબતે અમને સાથ નહીં આપે, તો મારી પાસે આર્થિક દબાણ લાવવા સિવાય કોઈ વિકલ્પ નથી

(એજન્સી) વોશિંગ્ટન/કોપનહેગન | તા.16

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર સાબિત કરી દીધું છે કે તેમની વિદેશ નીતિ 'અમેરિકા ફર્સ્ટ' ના સિદ્ધાંત પર જ ચાલશે, પછી ભલે તેના માટે દાયકાઓ જૂના મિત્ર દેશો સાથે સંબંધો દાવ પર કેમ ન લગાવવા પડે. આ વખતે વિવાદના કેન્દ્રમાં છે દુનિયાનો સૌથી મોટો ટાપુ - ગ્રીનલેન્ડ. ટ્રમ્પે ખુલ્લી ચેતવણી આપી છે કે જે દેશો ગ્રીનલેન્ડ પર અમેરિકી નિયંત્રણની તેમની યોજનાનું સમર્થન નહીં કરે, તેમના પર આકરા ટેરિફ લાદવામાં આવશે. આ નિવેદને યુરોપિયન યુનિયન અને નાટો દેશોમાં ફફડાટ ફેલાવી દીધો છે. અત્યાર સુધીની તાજી સ્થિતિ વ્હાઈટ હાઉસમાં આયોજિત એક કાર્યક્રમ દરમિયાન ટ્રમ્પે સ્પષ્ટ કર્યું હતું કે, 'ગ્રીનલેન્ડ અમારી રાષ્ટ્રીય સુરક્ષા માટે અનિવાર્ય છે. જો અન્ય દેશો આ બાબતે અમને સાથ નહીં આપે, તો મારી પાસે આર્થિક દબાણ લાવવા સિવાય કોઈ વિકલ્પ નથી.' ટ્રમ્પ પ્રશાસન આ પહેલા રશિયા પાસેથી તેલ ખરીદનારા દેશો અને ઈરાન સાથે વેપાર કરનારા દેશો પર પ્રતિબંધો લાદી ચૂક્યું છે.

### વૈશ્વિક અર્થતંત્ર પર અસર

ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીએ નાટોને અપીલ કરી છે કે આ ક્ષેત્રમાં વધતા તણાવને રોકવા માટે મધ્યસ્થી કરવામાં આવે. જો ટ્રમ્પ ખરેખર ટેરિફ લાગુ કરશે, તો યુરોપ અને અમેરિકા વચ્ચે એક મોટું 'ટ્રેડ વોર' (વેપાર યુદ્ધ) શરૂ થઈ શકે છે. બજારના નિષ્ણાતો માને છે કે જો ગ્રીનલેન્ડ પર સમજૂતી નહીં થાય, તો તેની અસર વૈશ્વિક અર્થતંત્ર પર પણ પડશે.

### બંને પક્ષો વચ્ચે હજુ પણ ભારે 'અસંમતિ'

હવે એ જ રણનીતિ ગ્રીનલેન્ડને હસ્તગત કરવા માટે વાપરવામાં આવી રહી છે. ડેનમાર્ક અને ગ્રીનલેન્ડના અધિકારીઓ સાથેની વોશિંગ્ટન બેઠકમાં પણ કોઈ નક્કર ઉકેલ આવ્યો નથી. આર્કટિક ક્ષેત્રમાં વધતી જતી રશિયા અને ચીનની હલચલને જોતા અમેરિકા ગ્રીનલેન્ડ પર પોતાનો મજબૂત પંજો જમાવવા માંગે છે. જોકે, ડેનમાર્કના વિદેશ મંત્રી લાર્સ લોકે રાસમુસેને સાફ કીધું છે કે બંને પક્ષો વચ્ચે હજુ પણ ભારે 'અસંમતિ' છે. ડેનમાર્ક ગ્રીનલેન્ડને પોતાની સાર્વભૌમત્વનો હિસ્સો માને છે અને તે વેચવા તૈયાર નથી. સ્થિતિ એટલી ગંભીર બની છે કે ફ્રાન્સ, જર્મની, નોર્વે અને સ્વીડન જેવા દેશોએ ડેનમાર્કના સમર્થનમાં ગ્રીનલેન્ડમાં પોતાની સૈન્ય હાજરી વધારવાની જાહેરાત કરી દીધી છે. બ્રિટને પણ આર્કટિક સુરક્ષા અભ્યાસ હેઠળ ત્યાં સૈનિકોની તૈનાતીની પુષ્ટિ કરી છે.

### અટલ બિહારી વાજપેયીની 46 વર્ષ જૂની આગાહી

## અંધકાર દૂર થશે, સૂર્ય ઉગશે, અને કમળ ખીલશે...

(એજન્સી) નવી મુંબઈ | તા.16

ભાજપ ગઠબંધન મહારાષ્ટ્રના 29 મ્યુનિસિપલ કોર્પોરેશનોમાંથી 25 પર વિજય મેળવતો દેખાય છે. દેશની સૌથી ધનિક મ્યુનિસિપલ કોર્પોરેશન બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC) માં સૌથી મોટી જીત મળી. આ સાથે, ભૂતપૂર્વ વડા પ્રધાન અટલ બિહારી વાજપેયીની 46 વર્ષ જૂની આગાહી સાચી પડી છે. અંધકાર દૂર થશે, સૂર્ય ઉગશે, અને કમળ ખીલશે... 46 વર્ષ પહેલાં અરબી સમુદ્ર પર મુંબઈમાં ભારતીય જનતા પાર્ટીના પ્રથમ સંમેલનમાં ભૂતપૂર્વ વડા પ્રધાન અટલ બિહારી વાજપેયીએ કરેલી આગાહી હવે મહારાષ્ટ્રના રાજકારણમાં પૂર્ણ થઈ રહી છે. દેશમાં સતત ત્રીજી વખત મોદી સરકાર, 20 રાજ્યોમાં NDA સરકાર અને હવે મહારાષ્ટ્રમાં ભાજપની ઐતિહાસિક જીતથી આ સ્થિતિ વધુ મજબૂત થઈ છે. આ પરિણામો સ્પષ્ટપણે દર્શાવે છે કે દેશના રાજકારણમાં ભાજપનો ટેકો મજબૂત થયો છે. કેરળમાં તિરુવનંતપુરમ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં ભાજપની જીત બાદ, ભાજપે હવે મહારાષ્ટ્રમાં ઈતિહાસ રચ્યો છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે જનતાનો વિશ્વાસ પંચાયતોથી લઈને સંસદ સુધી ભાજપ પર છે. મહારાષ્ટ્રમાં આ વિશ્વાસનું એક નવું અને નોંધપાત્ર પ્રદર્શન બહાર આવ્યું છે.

## X ફરી ઠપ્પ: એક સપ્તાહમાં બીજીવાર કરોડો યુઝર્સ પરેશાન

નવી દિલ્હી/લંડન: સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X, જેને દુનિયા હજુ પણ ટ્વિટર તરીકે ઓળખે છે, તે શુક્રવારે રાત્રે ફરી એકવાર મોટા ટેકનિકલ આઉટેજનો શિકાર બન્યું છે. આશ્ચર્યની વાત એ છે કે, એક જ અઠવાડિયામાં આ બીજી વખત છે જ્યારે પ્લેટફોર્મે કરોડો યુઝર્સને અંધારામાં રાખ્યા હોય. ભારત સહિત અમેરિકા અને બ્રિટન જેવા દેશોમાં યુઝર્સે ફરિયાદ કરી છે કે તેઓ લોગિન કરી શકતા નથી અને જો લોગિન થાય તો હોમ સ્ક્રીન સાવ ખાલી દેખાય છે. દુનિયાભરમાં આ પ્લેટફોર્મ પર થતી હલચલ અચાનક શાંત થઈ ગઈ હતી. આ આઉટેજની સૌથી વધુ અસર અમેરિકામાં જોવા મળી હતી.

## ભારતમાં 242 ગેરકાયદે બેટિંગ વેબસાઈટ પર પ્રતિબંધ

(એજન્સી) નવી દિલ્હી | તા.16

ભારત સરકારે ઓનલાઈન સટ્ટાબાજી અને બેટિંગ વેબસાઈટ સામે કાર્યવાહી કરીને 242 ગેરકાયદે વેબસાઈટ લિંકને બ્લોક કરી છે. સરકારી સૂત્રો મુજબ, ઓનલાઈન પ્લેટફોર્મ દ્વારા ગેરકાયદે સટ્ટાબાજીના ફેલાવાને રોકવા માટે આ પગલું લેવામાં આવ્યું છે. સરકારનું કહેવું છે કે, અત્યાર સુધીમાં 7,800 થી વધુ ગેરકાયદે સટ્ટાબાજી અને બેટિંગ વેબસાઈટ્સ બંધ કરવામાં આવી છે. ઓનલાઈન ગેમિંગ એક્ટ લાગુ થયા પછી આ પ્લેટફોર્મ્સ સામે કાર્યવાહીની ગતિ નોંધપાત્ર રીતે ઝડપી બની છે. ઘણી ગેરકાયદે વેબસાઈટ્સ યુવાનોને સરળતાથી કમાણીની લાલચ આપીને બેટિંગ અને સટ્ટાબાજીમાં ફસાવી રહી હતી. આનાથી માત્ર નાણાકીય નુકસાન જ નહીં પરંતુ સામાજિક સમસ્યાઓ પણ વધી રહી હતી. જેને ધ્યાનમાં રાખીને સરકારે કડક દેખરેખ અને તાત્કાલિક કાર્યવાહી અપનાવી છે. આ ઝુંબેશનો મુખ્ય ઉદ્દેશ્ય સામાન્ય વપરાશકર્તાઓ, ખાસ કરીને યુવાનોને ઓનલાઈન છેતરપિંડી, નાણાકીય નુકસાન અને વ્યસન જેવી સમસ્યાઓથી બચાવવાનો છે.

### ભારત બનશે હબ 136 અબજ ડોલર નો વેપાર હવે નવી ઊંચાઈઓ આંબશે

# કેન્દ્રીય મંત્રી ગોયલે મુક્ત વ્યાપાર સમજૂતીને ગણાવી 'સુપર ડીલ'

(એજન્સી) ઇન્દોર | તા.16



નવી દિલ્હી: ભારતના આર્થિક ઈતિહાસમાં ૨૭ જાન્યુઆરી ૨૦૨૬નો દિવસ સુવર્ણ અક્ષરે લખાવા જઈ રહ્યો છે. કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે જાહેરાત કરી છે કે ભારત અને ૨૭ દેશોના બનેલા યુરોપિયન સંઘ (EU) વચ્ચે પ્રસ્તાવિત મુક્ત વ્યાપાર સમજૂતી (FTA) હવે અંતિમ તબક્કામાં છે. તેમણે આ સમજૂતીને 'મધર ઓફ ઓલ ડીલ્સ' ગણાવી છે. આ માત્ર એક વેપારી કરાર નથી, પણ ભારતીય નિકાસકારો માટે વિશ્વના સૌથી મોટા બજારોમાંનું એક એવું યુરોપ જીતવાની 'સુપર ડીલ' છે. જ્યારે અમેરિકા જેવા દેશો ટેરિફ વધારી રહ્યા છે, ત્યારે ભારતનો આ માસ્ટરસ્ટ્રોક વૈશ્વિક વેપારમાં ગેમ-ચેન્જર સાબિત થશે. પીયૂષ ગોયલે શુક્રવારે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આ સમજૂતીથી ભારત અને યુરોપ બંનેને મોટો ફાયદો થશે. જાણકારોના મતે, યુરોપિયન કાઉન્સિલના અધ્યક્ષ અને યુરોપિયન કમિશનના અધ્યક્ષ આગામી ૨૫ થી ૨૭ જાન્યુઆરી દરમિયાન ભારતની મુલાકાતે છે અને તેઓ આપણા ૭૭માં ગણતંત્ર દિવસ સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે.

### એનડીએ સરકારે 7 મોટા વેપાર કરાર કર્યા

વર્ષ ૨૦૧૪ પછી એનડીએ સરકારે ઓસ્ટ્રેલિયા, બ્રિટન અને યુએઈ સહિત સાત મોટા વેપાર કરારો કર્યા છે, પરંતુ ૨૭ વિકસિત દેશો સાથેનો આ કરાર અત્યાર સુધીનો સૌથી મોટો ગણાય છે. ફ્રાન્સ, જર્મની, ઈટાલી અને સ્પેન જેવા દેશોમાં હવે ભારતીય વસ્તુઓ કોઈપણ અવરોધ વગર પહોંચી શકશે.

## ગ્લેમર છોડ્યા પછી સના ખાનનો ખુલાસો: 'મને પતિ એ બ્રેનવોશ નથી કરી'

(એજન્સી) મુંબઈ | તા.16

એક સમયની મશહૂર અભિનેત્રી સના ખાન, જેણે 'બિગ બોસ' અને 'જય હો' જેવી ફિલ્મોથી લાખો દિલો જીત્યા હતા, તેણે અચાનક શોબિઝ છોડીને સૌને અચંબામાં મૂકી દીધા હતા. તાજેતરમાં અભિનેત્રી રશ્મિ દેસાઈ સાથેની વાતચીતમાં સના ખાને આ નિર્ણય પાછળના રહસ્યો પરથી પડદો ઉઠાવ્યો છે. તેણે જણાવ્યું કે આ કોઈ દબાણ નહોતું, પણ તેના આત્માનો અવાજ હતો. શોબિઝની એ રંગીન દુનિયામાં બધું જ હતું, પણ આંતરિક શાંતિ ગાયબ હતી. સનાના આ શબ્દોમાં એક એવી પીડા અને સચ્ચાઈ છે જે સીધી હૃદયને સ્પર્શી જાય છે. અત્યાર સુધીની તાજી સ્થિતિ સના ખાને તેના લગ્ન વિશે એવી વાતો કરી છે જે અત્યાર સુધી કોઈ જાણતું નહોતું. તેણે જણાવ્યું કે તેના લગ્ન એક 'ટોપ સિક્રેટ' હતા. તેના માતા-પિતા સિવાય કોઈને ખબર નહોતી કે વરરાજા કોણ છે. મહેંદી મુકતી વખતે જ્યારે મહેંદીવાળીએ વરનું નામ પૂછ્યું, ત્યારે સનાએ કહ્યું કે 'જગ્યા ખાલી છોડી દે, આવતા વખતે લખાવી દઈશ'. આ વાત જ બતાવે છે કે તે પોતાના અંગત જીવનને કેટલી ગોપનીય રાખવા માંગતી હતી. તેના પિતરાઈ ભાઈ-બહેનોએ પણ જ્યારે અનસ સૈયદને મસ્જિદમાં જોયા ત્યારે જ તેમને ખબર પડી કે સનાએ મૌલાના સાથે લગ્ન કર્યા છે.

# PM મોદીનો યુવાનોને લલકાર: 'મને પણ તમારી જેમ જોખમ લેવું ગમે છે'

(એજન્સી) દરભંગા | તા.16

નવી દિલ્હી: દિલ્હીનું ભારત મંડપમ આજે સાક્ષી બન્યું એક એવા જોશનું, જે ભારતને વિશ્વગુરુ બનાવવા તરફ લઈ જઈ રહ્યું છે. 'રાષ્ટ્રીય સ્ટાર્ટઅપ દિવસ' નિમિત્તે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના યુવા ઉદ્યોગસાહસિકોના દિલ જીતી લીધા હતા. પીએમ મોદીએ સ્ટાર્ટઅપ ઈન્ડિયા મિશનના ૧૦ સફળ વર્ષોની ઉજવણી કરતા ભારતના યુવાનોની 'રિસ્ક' લેવાની ક્ષમતાના ભારોભાર વખાણ કર્યા હતા. તેમણે પોતાની સરખામણી સ્ટાર્ટઅપ સ્થાપકો સાથે કરતા એક અત્યંત ભાવનાત્મક વાત કહી કે, 'તમારી જેમ મને પણ જોખમ લેવાનું ગમે છે.' પીએમની આ વાતે હોલમાં હાજર હજારો યુવાનોમાં નવો ઉત્સાહ ભરી દીધો હતો. વડાપ્રધાને પોતાના રાજકીય જીવનના અનુભવો શેર કરતા જણાવ્યું કે, અગાઉની સરકારો જે કામો ચૂંટણી હારવાના કે ખુરશી ગુમાવવાના ડરથી નહોતી કરતી, તે તેમણે રાષ્ટ્રહિતમાં કરીને બતાવ્યા છે.



### 125 એક્ટિવ યુનિકોર્ન સાથે વિશ્વ માં ભારત નો ડંકો

વર્ષ ૨૦૧૪માં જ્યારે ભારતમાં માત્ર ૪ યુનિકોર્ન હતા, તે આંકડો આજે વધીને ૧૨૫ પર પહોંચી ગયો છે. પીએમ મોદીએ ગૌરવ સાથે જણાવ્યું કે, હવે દેશનો યુવાન માત્ર માસિક પગારના કમ્ફર્ટ ઝોનમાં રહેવા માંગતો નથી. સમાજમાં પણ હવે જોખમ લેનારાઓને માન-સન્માન મળી રહ્યું છે. સરકારે છેલ્લા ૧૦ વર્ષમાં એવી ઈકોસિસ્ટમ તૈયાર કરી છે જે નવીનતાને પ્રોત્સાહન આપે છે. ૧૦ વર્ષ પહેલા વ્યક્તિગત પ્રતિભા માટે બહુ જગ્યા નહોતી, પરંતુ આજે સ્થિતિ બદલાઈ છે. ભારતના યુવાનો આજે સમસ્યાઓ નહીં, પણ તેના ઉકેલો શોધી રહ્યા છે. આગામી દાયકો ભારતીય સ્ટાર્ટઅપ્સનો રહેશે અને તે ભારતને વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનાવવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવશે તેવો વિશ્વાસ વડાપ્રધાને વ્યક્ત કર્યો છે. બજારમાં અને સોશિયલ મીડિયા પર અત્યારે પીએમ મોદીના આ 'રિસ્ક ટેકિંગ' એટીટ્યુડની જોરદાર ચર્ચા થઈ રહી છે.

### ઓગણજ ગામમાં આવેલા 8 કરોડનાં ખર્ચે ઓગણજ તળાવ ડેવલોપ કરવામાં આવ્યું

# SG હાઈ-વે-રિંગ રોડ નજીકના ત્રણ તળાવનો વિકાસ : ફરતે વોક-વે, બાળકો માટે મનોરંજનના સાધનો, ફૂડ કોર્ટ સહિતની સુવિધાઓ





અમદાવાદ | કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહના લોકસભા મતવિસ્તાર અને રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના મતવિસ્તારમાં તળાવના ડેવલોપમેન્ટ કરવામાં આવી રહ્યા છે. જગતપુર, ઓગણજ અને પોતાના તળાવોને ડેવલોપમેન્ટ કરવામાં આવ્યા છે. 20 કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલા તળાવ ગાર્ડનમાં નાગરિકોને મોર્નિંગ અને ઈવનિંગ વોક સાથે બાળકોના મનોરંજન માટેના સાધનો, ફૂડ કોર્ટ સહિતની સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. જગતપુર અને ઓગણજ તળાવનું ટૂંક સમયમાં લોકાર્પણ કરવામાં આવશે.

સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણીએ જણાવ્યું હતું કે, શહેરમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પર્યાવરણની જાળવણીને લઈને અનેક કાર્યો કરવામાં આવે છે, જે અંતર્ગત જુના ગામ તળાવોના ડેવલપમેન્ટનાં પ્રોજેક્ટ હાથ ધરવામાં આવી રહ્યાં છે. તળાવના ડેવલોપમેન્ટથી સૌપ્રથમ તો વરસાદી પાણીનાં સંગ્રહની વ્યવસ્થા ઉભી થાય છે અને વરસાદી પાણી જમીનમાં ઉતરતાં ભૂગર્ભજળ સ્તરમાં વધારો થાય છે. જગતપુર અને ઓગણજ વિસ્તારમાં નવા બાંધકામો થઈ રહ્યા છે અને વસ્તી વધી રહી છે. આ વિસ્તારોમાં તળાવ કે ડેવલોપમેન્ટ ગાર્ડન ન હોવાના કારણે ત્યાં રૂપિયા 20 કરોડના ખર્ચે તળાવોને ડેવલપમેન્ટ કરવામાં આવ્યાં છે.

ઓગણજ ગામમાં આવેલા 8 કરોડનાં ખર્ચે ઓગણજ તળાવ ડેવલોપ કરવામાં આવ્યું છે તેમજ વરસાદી પાણી માટે તળાવમાં આઉટફોલ સ્ટ્રક્ચર તથા સ્ટોર્મ વોટર લાઈન નાખવામાં આવી છે. ઓગણજ અને નવા રીંગરોડ આસપાસનાં રહીશોને સુંદર તળાવ, બગીચો, સિનિયર સિટીઝનોને બેસવા માટે થઈને ગજેબો, ટોયલેટ બ્લોક, વોક-વે વગેરે પ્રકારની સુવિધાનો લાભ મળશે. ઓગણજ ગામ અને રોડની આસપાસના વિસ્તારોમાં રહેતા લોકોને આ તળાવ કમ ગાર્ડનનો લાભ મળશે.

શહેરના એસ.જી. હાઈ-વે નજીક ઝડપથી વિકસી રહેલા જગતપુર વિસ્તારમાં ગામ નજીક આવેલા તળાવને ડેવલોપમેન્ટ કરીને ખૂબ સુંદર બનાવવામાં આવી રહ્યું છે. 6.72 કરોડના ખર્ચે આ તળાવ ડેવલોપમેન્ટ કરવામાં આવી રહ્યું છે. ડેવલોપમેન્ટનાં કામમાં તળાવ ઉંડુ કરવાની સાથે ઈલેકટ્રિક અને લેન્ડ સ્કેપીંગની કામગીરી કરવામાં આવી છે. સેવી સ્વરાજ, ગોદરેજ ગાર્ડન સિટી સહિત આસપાસમાં નવા બાંધકામોમાં રહેવા આવનારા હજારો નાગરિકોને તેનો લાભ મળશે. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ જ તળાવ પાસે 75 જેટલા આંબા વાવ્યા હતા, જે ખૂબ મોટા થઈ ગયા છે.

## પતંગ પર્વ દરમિયાન ૨૫ વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થયાં : એકને ગંભીર ઈજા

ગાંધીનગર | પતંગના પર્વ ઉતરાયણ દરમિયાન પાટનગરમાં ૨૫ વ્યકિતઓ ઘાયલ થતાં તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતાં. આ પૈકીના એક યુવાનને ગંભીર ઈજા થઇ હોવાથી તેને વધુ સારવાર માટે અમદાવાદ સિવિલમાં ખસેડાયો હતો. દરમિયાન સમગ્ર ગાંધીનગર જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સને મળેલા ૧૧૮ કોલ્સમાં વેહિક્યુલર ટ્રોમાના ૩૭ અને નોન વેહિક્યુલર ટ્રોમાના ૩૧ કેસનો સમાવેશ થયો હતો.

ચાઈનીઝ કે પ્લાસ્ટિકની દોરીથી પતંગ ચગાવવા પર પ્રતિબંધ મુકવામાં આવેલો છે અને પોલીસ સહિતના તંત્રો દ્વારા આવી ઘાતક દોરીનું વેચાણ કરનારાઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે. સાથે જ લોકોમાં આ મુદે જાગૃતિ ફેલાવવાના પ્રયાસો પણ કરવામાં આવતાં હોવા છતાં તેનું ઉત્પાદન, વેચાણ અને વપરાશ બંધ કરવામાં સંપૂર્ણ સફળતા નહીં મળવાના કારણે ઉતરાયણના દિવસો દરમિયાન ઘણા લોકોને દોરીથી ઈજા થવાના બનાવો બને છે. આ ઉપરાંત પતંગ લૂટવા માટે સાંત અને ધાબાઓ પર દોડભાગ કરવા દરમિયાન ઈજા થવાના બનાવો બને છે. ગાંધીનગર શહેર વિસ્તારમાં જ આ વર્ષે તારીખ ૧૫મી સુધીમાં પતંગની દોરીથી ઈજા થઇ હોવાના ૨૫થી વધુ કિસ્સા નોંધવામાં આવ્યા હતાં. જેમાં ઈજાગ્રસ્તોને સિવિલ હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી હતી. જેમાં એક યુવાનને વધુ ગંભીર ઈજા પણ પહોંચી હતી.

બીજી બાજુ ઈમરજન્સી ૧૦૮ એમ્બ્યુલન્સને સમગ્ર જિલ્લામાંથી ૧૧૮ કોલ મળ્યા હતાં. તેમાં વાહન અકસ્માત એટલે, કે વેહિક્યુલર ટ્રોમાના ૩૭ અને નોન વેહિક્યુલર ટ્રોમાના ૩૧ કેસનો સમાવેશ થયો હતો.

## ગાંધીનગરના રણાસણ બ્રિજ પાસે કારની અડફેટે વલાદ ગામના વૃદ્ધનું મોત નિપજ્યું




ગાંધીનગર। ગાંધીનગર શહેર નજીક ચિલોડા નરોડા હાઈવે ઉપર વલાદના રણાસણ બ્રિજ પાસે સંબંધીને મૂકવા માટે આવેલા વલાદ ગામના વૃદ્ધને કારે અડફેટે લેતા ગંભીર ઈજાઓ પહોંચી હતી તેમને સારવાર માટે ગાંધીનગરથી અમદાવાદ સિવિલ લઈ જવાયા હતા પરંતુ તેમનું મોત થયું હતું. જે મામલે હાલ ડભોડા પોલીસ દ્વારા કાર ચાલક સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

હાઈવે માર્ગો ઉપર અકસ્માતની ઘટનાઓ વધી રહી છે ત્યારે શહેર નજીક વલાદના રણાસણ બ્રિજ પાસે વધુ એક અકસ્માતમાં વૃદ્ધનું મોત થયું છે. આ ઘટના અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે ગત મંગળવારના રોજ સાંજના સમયે વલાદ ગામના રહેવાસી સગ્રામભાઇ ઈન્દુભાઈ ભરવાડ તેમના સંબંધીને મૂકવા માટે નેશનલ હાઈવે પર વલાદ ગામની સીમમાં રણાસણ બ્રિજ ઉતરતા ચામુંડા હોટલ સામે ઉભા હતા. આ દરમિયાન તેઓ જ્યારે અમદાવાદ-હિંમતનગર હાઈવે પર ચાલતા જતા હતા, ત્યારે અમદાવાદ નાના-ચિલોડા તરફથી પૂરઝડપે આવી રહેલી એક કારના ચાલકે તેમને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે સગ્રામભાઈ રોડ પર ફેંકાઇ ગયા હતા અને તેમને માથાના તેમજ શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘટના સ્થળે હાજર તેમના કૌટુંબિક પૌત્ર રણજીતભાઈ ભરવાડે તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી તેમને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડયા હતા.

## કચ્છના રાપરમાં વહેલી સવારે ફરી એકવાર જોરદાર ભૂકંપ, લોકોમાં ફફડાટ

કચ્છ | છેલ્લા ઘણા સમયથી અવારનવાર કચ્છમાં ભૂકંપ આવતા રહે છે. ત્યારે રાપરમાં તો જાણે ભૂકંપના આંચકા સામાન્ય બાબત જ બની ગયા છે જેનાથી લોકોમાં ડરનો માહોલ ફેલાયો છે. આજે શુક્રવારે વહેલી સવારે 5:47 વાગ્યે ફરી એકવાર 2.5ની તીવ્રતાનો ભૂકંપ અનુભવાતા લોકોમાં ડર ફેલાયો હતો અને લોકોએ ઘરની બહાર દોટ મૂકી હતી. ભૂકંપનું કેન્દ્ર રાપરથી 19 કિ.મી. દૂર હતું.

ઉલ્લેખનીય છે કે અગાઉ પણ કચ્છના રાપરમાં 26 ડિસેમ્બરે બે અને 27 ડિસેમ્બરે બે વખત ભૂકંપના આંચકા અનુભવાતા લોકોમાં ડર ફેલાયો હતો. ત્યારે 26 ડિસેમ્બરે સૈથી વધુ 4.6 ની તીવ્રતાના ભૂકંપને કારણે લોકોની વર્ષો પહેલા આવેલા સૌથી ભયાનક ભૂકંપની યાદો તાજા થઇ ગઇ હતી. જ્યારે કચ્છમાં મોટી સંખ્યામાં જાનહાનિ અને નુકસાન થયું હતું.

### અમદાવાદમાં હાઇપ્રોફાઇલ શરાબ પાર્ટી, હુક્કા, બોટલ અને બાઇટિંગનો જલસો

## કાઉન્ટર પર ફિરકી, લીચી-એલચી ગોઠવી, 'સેન્ટેરિયલ વિસ્ટા' બિલ્ડિંગના ધાબે રેડ, 4 યુવતી સહિત 21 ઝડપાયા



અમદાવાદ | અમદાવાદના પંચવટી વિસ્તારમાં આવેલા 'સેન્ટેરિયલ વિસ્ટા'ના ધાબા પર વાસી ઉત્તરાયણના દિવસે ચાલી રહેલી શરાબ, શબાબ અને હુક્કાની પાર્ટીમાં પોલીસે દરોડો પાડતા દોડધામ મચી હતી. ડીજે સાથે ચાલી રહેલી પાર્ટીના રંગમાં ભંગ પાડતા પોલીસને ઘટનાસ્થળેથી 4 યુવતીઓ અને 17 યુવકો સહિત 21 લોકો મળી આવ્યા છે. આ ઉપરાંત ધાબા પર શરાબ, શબાબ અને હુક્કાની પાર્ટી માટે રખાયેલી દારૂની બોટલ, બાઈટીંગ અને વિવિધ ફ્લેવરના હુક્કા મળી આવ્યા હતા. કુશલ શાહ નામના વ્યકિતએ પાર્ટી આયોજીત કરી હોવાની વિગતો મળી આવી છે. DJના ઉંચા અવાજ અને નશામાં ધૂત યુવકો દ્વારા ધમાલ શરૂ થતાં સ્થાનિક રહેવાસીઓએ કંટ્રોલ મેસેજ કર્યો હતો. ફરિયાદના આધારે યુનિવર્સિટી પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને દરોડો પાડ્યો હતો. પોલીસે દારૂની પાર્ટી કરતાં ચાર યુવતીઓ સહિત કુલ 21 લોકોને ઝડપી લીધા હતા. હાઈપ્રોફાઈલ પાર્ટી પર થયેલા દરોડા અંગે મળતી માહિતી અનુસાર, વાસી ઉત્તરાયણની ઉજવણી દરમિયાન સેન્ટેનિયલ વિસ્ટા એપાર્ટમેન્ટના ટેરેસ પર DJ પાર્ટી ચાલી રહી હતી. પાર્ટીમાં હાજર કેટલાક મિત્રો દારૂના નશામાં બૂમાબૂમ અને ઉછાળકૂદ કરતા હોવાથી આસપાસના રહેવાસીઓ પરેશાન બન્યા હતા.

કંટ્રોલ રૂમમાં મળેલી ફરિયાદ બાદ પોલીસ જ્યારે ટેરેસ પર પહોંચી ત્યારે ત્યાં બિયર બાર તૈયાર હતો, જેમાં મોંઘી વિદેશી દારૂની બોટલો જોવા મળી હતી.

# News Brief

## સાસરિયાઓના ત્રાસથી કંટાળીને યુવકે કેનાલમાં ઝંપલાવીને આત્મહત્યા કરી

ગાંધીનગર : સાસરીયાઓ દ્વારા અવારનવાર કરવામાં આવતી પૈસાની માંગણી અને માનસિક ત્રાસથી કંટાળીને એક યુવકે અડાલજ નજીક ઝુંડાલ કેનાલમાં કૂદીને જીવન ટૂંકાવ્યું હોવાની આઘાતજનક ઘટના સામે આવી છે. આ મામલે મૃતકના નાના ભાઈએ સાંતેજ પોલીસ સ્ટેશનમાં મૃતક ભાઈના પત્ની, સાસુ અને સાળીઓ સહિત છ લોકો સામે દુષ્પ્રેરણાનો ગુનો નોંધાવ્યો છે. આ ઘટના અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે અમદાવાદના ચેનપુર વિસ્તારમાં રહેતા રાહુલભાઈ દલપતભાઈ રાવતના મોટા ભાઈ લક્ષ્મણભાઈના લગ્ન વર્ષ ૨૦૧૧માં વિસનગરના રાલીસણા ગામની સુમિત્રાબેન સાથે થયા હતા. લગ્ન બાદ પત્નીની જીદને કારણે લક્ષ્મણભાઈ છેલ્લા પાંચ વર્ષથી પોતાની સાસરી રાલીસણા ખાતે રહેતા હતા. લક્ષ્મણભાઈ જ્યારે પણ તેમના વતન આવતા ત્યારે ફરિયાદ કરતા કે તેમની પત્ની સુમિત્રા અને સાસુ નર્મદાબેન વીરાભાઈ સેનમા અવારનવાર પૈસાની માંગણી કરી તેમને હેરાન કરે છે. ગત ૨૩ ડિસેમ્બર ના રોજ રોજ લક્ષ્મણભાઈએ તેમના ભાઈને ફોન કરીને જણાવ્યું હતું કે, પત્ની અને સાસુએ તેમની બંને સાળીઓ ઉમલાબેન અને ગીતાબેન તથા રાજગઢથી બે કુટુંબી સાળાઓને ઘરે બોલાવ્યા છે. આ તમામ લોકોએ ભેગા મળીને લક્ષ્મણભાઈ સાથે ઝઘડો કર્યો હતો અને માર માર્યો હતો. સાસરીયાઓએ ધમકી આપી હતી કે જો તમારે અહીં રહેવું ન હોય તો જતા રહો, પરંતુ બાળકો પુત્રી કુસુમ અને પુત્ર વિયાન તમને મળશે નહીં. આ ત્રાસથી કંટાળીને લક્ષ્મણભાઈ ગાંધીનગર તરફ આવી ગયા હતા. તેમણે રાત્રિના સમયે પરિવારને વીડિયો કોલ કરીને જણાવ્યું હતું કે, હું મારા સાસુ અને પત્નીના ત્રાસથી આ પગલું ભરી રહ્યો છું, મારા બંને છોકરાઓને તમે સાચવજો.

## પ્રેમીને મળવા આખો વિસ્તાર માથે લીધો, પોલીસ વાન ઉપર ચડી...

વડોદરા | વડોદરા શહેરમાં માંજલપુર વિસ્તારમાં ઉત્તરાયણના તહેવારના રાત્રિના સમયે પ્રેમીને મળવા ગયેલી ધો.11માં અભ્યાસ કરતી 16 વર્ષીય સગીરાએ રોડ પર ધમપછાડા કર્યા હતા. પોલીસ વાન ઉપર ચડી ગઈ હતી અને ભારે હોબાળો મચાવ્યો હતો. બાદમાં પોલીસ જેમ-તેમ કરીને સગીરાને માંજલપુર પોલીસ સ્ટેશન લઈ ગઈ હતી. યુવતીએ પોલીસ વાન ઉપર ચડીને કહ્યું હતું કે મારી સાથે 3 વાર આવું થયું છે, મારે દર વખતે પોલીસ સ્ટેશન જવું પડે છે.

આ મામલે માંજલપુર પોલીસ સ્ટેશનના પીઆઇ એલ. ડી. ગમારાએ જણાવ્યું હતું કે સગીરાનાં માતા-પિતાને બોલાવીને તેનું કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું. આ મામલે વધુ તપાસ ચાલી રહી છે.

આ ઘટના અંગેની વિગત એવી છે કે વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમાં સગીરા તેના પ્રેમીના ઘરે પહોંચી ગઈ હતી, પરંતુ પ્રેમી ન મળતાં તેણે અહીં હોબાળો મચાવ્યો હતો. ઘટનાને પગલે સ્થાનિક લોકોએ આ અંગે પોલીસને જાણ કરતાં માંજલપુર પોલીસ સ્ટેશનની ટીમ ઝડપથી ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ઈમર્જન્સી હેલ્પલાઇન 112ની વાન પણ તાત્કાલિક આવી પહોંચી હતી. સગીરા ગુસ્સામાં પોલીસ વાન પર ચડી ગઈ હતી અને ધમપછાડા કર્યા હતા. બાદમાં પોલીસે સજાવી તેને સુરક્ષિત રીતે માંજલપુર પોલીસ સ્ટેશન લઈ ગઈ હતી. પોલીસે સગીરાનાં માતા-પિતાને બોલાવીને તેમની હાજરીમાં સગીરાનું કાઉન્સેલિંગ કર્યું હતું.

## જામનગર નજીક પગપાળા ચાલીને જઈ રહેલા સાળા-બનેવી સહિત 3 ને બાઈક ચાલકે ઠોકરે ચડાવતાં ત્રણેય ઘાયલ

જામનગર | જામનગર નજીક અલિયાબાડા ગામ પાસે તેમજ લાલપુર પંથકમાં જુદા જુદા બે વાહન અકસ્માતોમાં પાંચ વ્યક્તિ ઘાયલ થઈ છે. બંને અકસ્માત મામલે પોલીસમાં ફરિયાદ નોંધાવાઈ છે. અકસ્માતનો પ્રથમ બનાવ જામનગર નજીક અલિયાબાડા ગામ પાસે બન્યો હતો. મૂળ મધ્યપ્રદેશના વતની અને હાલ અલીયાબાડા નજીક ગોકુલ પર ગામમાં એક વાડીમાં રહીને ખેત મજૂરી કામ કરતા કમલભાઈ કરસનભાઈ આદિવાસી ખેત મજુર પોતાના ભાઈ પવન તથા બનેવી મોહનભાઈ ત્રણેય કરિયાણાનો માલ સામાન ખરીદીને પગપાળા ચાલીને આલિયાબાડા રોડ પરથી પસાર થઈ રહ્યા હતા, જે દરમિયાન પાછળથી પુર ઝડપે આવી રહેલા બાઈકના ચાલકે સાળા-બનેવી ત્રણેયને હડફેટમાં લઈ લેતાં ઈજાગ્રસ્ત બન્યા હતા, અને ત્રણેયને સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં બનેવી મોહન કુમારની હાલત નાજુક ગણાવાઈ રહી છે. જયારે બાઈક સવાર પણ ઈજાગ્રસ્ત બન્યો હતો. જે પોતે ખાનગી દવાખાનામાં સારવાર મેળવીને ભાગી છુટ્યા છે. જેને પોલીસ શોધી રહી છે. અકસ્માતનો બીજો બનાવ લાલપુર નજીક મોટા ખડબા ગામ પાસે બન્યો હતો. ત્યાંથી પગપાળા ચાલીને જઈ રહેલા ગુલમહમદભાઈ નૂરમહમદભાઈ રાઉમાં નામના 55 વર્ષના પ્રૌઢને પાછળથી આવી રહેલી જી.જે. 18 એક્સ 3111 નંબરની બોલેરો પીકપ વેનના ચાલકે હડફેટમાં લઈ હાથ પગમાં ફ્રેક્ચર સહિતની ઈજા પહોંચાડી છે. જે મામલે બોલેરો પીકપ વેનના ચાલક સામે ફરિયાદ નોંધાવાઈ છે.

## પ્રાકૃતિક કૃષિ, પર્યાવરણ સંરક્ષણ અને સામાજિક સમરસતાથી જ રાષ્ટ્રનું સમગ્ર કલ્યાણ શક્ય છે: રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ



રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ રાજ્યના તમામ જિલ્લા કલેક્ટર્સ, મ્યુનિસિપલ કમિશનર્સ અને જિલ્લા વિકાસ અધિકારીઓને વર્ચ્યુઅલ માધ્યમથી સંબોધીને પ્રાકૃતિક કૃષિ, વૃક્ષારોપણ, ઉર્જા સંરક્ષણ અને સામાજિક સમરસતા જેવા વિષયો પર વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

રાજ્યપાલશ્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, વિકાસનો સાચો અર્થ આર્થિક પ્રગતિની સાથે આવનારી પેઢીઓ માટે શુદ્ધ હવા, પાણી અને ફળદ્રુપ જમીન સુરક્ષિત કરવાનો છે.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, પ્રાકૃતિક ખેતી હવે રાષ્ટ્રીય મિશન બની ચૂકી છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી શ્રી અમિત શાહના માર્ગદર્શન હેઠળ ગુજરાત આ ક્ષેત્રે અગ્રેસર છે.

તેમણે અધિકારીઓને સૂચના આપી હતી કે, દરેક તાલુકામાં ઓછામાં ઓછું એક પ્રાકૃતિક કૃષિ વેચાણ કેન્દ્ર હોવું જોઈએ. આ ઉપરાંત મોટા શહેરોમાં તેની સંખ્યા 4 થી 5 રાખવી જોઈએ જેથી નાગરિકોને ઝેરમુક્ત પ્રાકૃતિક ઉત્પાદનો સરળતાથી મળી રહે.

રાજ્યપાલશ્રીએ ગ્રામ કલ્યાણ કાર્યક્રમ અંતર્ગત સંબંધિત ગામમાં ઓછામાં ઓછી એક એકર જમીન પર સઘન વૃક્ષારોપણ કરીને 'મિની જંગલ' વિકસાવવા સૂચવ્યું હતું. તેમજ રોપાયેલા વૃક્ષોની જવાબદારી ગામના જ એક-એક પરિવારને સોંપવામાં આવે, જેથી વૃક્ષો પ્રત્યે ભાવનાત્મક જોડાણ કેળવાય અને તેમનું જતન સુનિશ્ચિત થાય.

### મોઢેરાના ઐતિહાસિક સૂર્યમંદિર ખાતે તા. ૧૭ અને ૧૮ જાન્યુઆરીએ દ્વિદિવસીય 'ઉત્તરાર્ધ મહોત્સવ-૨૦૨૬' યોજાશે

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અને કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિની કચેરી તથા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિશ્વ વિખ્યાત ઐતિહાસિક મોઢેરા સૂર્યમંદિરના પ્રાંગણમાં આગામી તા.૧૭ અને ૧૮ જાન્યુઆરીના રોજ ભવ્ય ઉત્તરાર્ધ મહોત્સવ-૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું છે. શાસ્ત્રીય નૃત્યોની ગુરુ-શિષ્ય પરંપરાને ઉજાગર કરતા આ દ્વિદિવસીય મહોત્સવમાં વિશ્વ વિખ્યાત શાસ્ત્રીય નૃત્ય કલાકારો પોતાની નૃત્ય પ્રસ્તુતિ કરશે. આ મહોત્સવ બંને દિવસ સાંજે ૦૬:૩૦ વાગ્યાથી શરૂ થશે અને કલા રસિકોને શાસ્ત્રીય નૃત્યરસનું પાન કરાવશે.આ ભવ્ય પ્રાંગણની પૃષ્ઠભૂમિમાં આ મહોત્સવની ઉજવણી ગુજરાતની સમૃદ્ધ સાંસ્કૃતિક વિરાસતને દર્શાવે છે.

### મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને ગાંધીનગરમાં કલેકટર કોન્ફરન્સ સંપન્ન

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના જિલ્લા કલેકટરોને લોકોની રજૂઆતો સાંભળી તેના ઝડપી, પ્રામાણિક નિવારણ માટે જિલ્લા સ્તરે વધુ સુદ્રઢ વ્યવસ્થા વિકસાવવાની તાકીદ કરી છે.આ સંદર્ભમાં તેમણે સ્પષ્ટ પણે જણાવ્યું કે, જિલ્લામાં રજૂઆતો માટે આવનારી વ્યક્તિની મુશ્કેલી સમજીને તેને સહાયરૂપ થવાની સંવેદનાથી જ લોકોનો ભરોસો-વિશ્વાસ સંપાદિત થઈ શકશે. તેમણે જિલ્લા કક્ષાએ નિવારણ થઈ શકે તેવા પ્રશ્નો માટે લોકોને સરકાર સુધી કે વિભાગો સુધી આવવું ના પડે અને સ્થાનિક સ્તરે જ તેનું નિવારણ ઝડપી, પારદર્શી અને અસરકારક રીતે આવે તે માટે કલેકટરોને ખાસ તાકીદ કરી હતી.

### ગુજરાત નેશનલ સ્ટાર્ટઅપ રેન્કિંગમાં પાંચમી વખત 'બેસ્ટ પરફોર્મર સ્ટેટ' બન્યું: પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી

ગાંધીનગરસંવાદદાતા વિજયવીરયાદવ

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં રાજ્ય મંત્રીમંડળની બેઠક મળી હતી. આ બેઠકમાં ચર્ચાયેલા વિષયો અંગે પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારની ઉદ્યોગ સાહસિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપતી નીતિઓના પરિણામે ગુજરાતને નેશનલ સ્ટાર્ટઅપ રેન્કિંગમાં પાંચમી વખત 'બેસ્ટ પરફોર્મર સ્ટેટ'નો દરજ્જો મળ્યો છે. આ એવોર્ડ વર્ષ ૨૦૨૪માં સ્ટાર્ટઅપ ક્ષેત્રે રાજ્ય સરકારે કરેલી ઉત્કૃષ્ટ કામગીરી બદલ એનાયત કરવામાં આવ્યો છે.આ અગાઉ પણ ગુજરાતને ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટર્નલ ટ્રેડ (DPIIT), ભારત સરકાર દ્વારા આયોજિત સ્ટેટ સ્ટાર્ટઅપ રેન્કિંગમાં વર્ષ ૨૦૧૮, ૨૦૧૯, ૨૦૨૦ અને ૨૦૨૨ માટે એમ કુલ ચાર વાર "બેસ્ટ પરફોર્મર સ્ટેટ" તરીકેમાન્યતાપ્રાપ્તથઈછે.

### કચ્છ-સૌરાષ્ટ્ર વાયબ્રન્ટ ગુજરાત રીજનલ સમિટમાં રૂ. ૫.૭૮ લાખ કરોડના રોકાણ અને ૫,૪૯૨ પ્રોજેક્ટ્સ માટે MoU થયા

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટ બેઠક બાદ પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ રાજકોટ ખાતે યોજાયેલી વાયબ્રન્ટ ગુજરાત રિજનલ સમિટની સફળતા અંગે વિગતવાર માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટના પૂર્વાધરૂપે યોજાયેલી કચ્છ-સૌરાષ્ટ્ર રીજનલ સમિટ રાજ્યના ઔદ્યોગિક વિકાસ માટે સીમાચિહ્નરૂપ સાબિત થઈ છે. આ બે દિવસીય રીજનલ સમિટ દરમિયાન કચ્છ-સૌરાષ્ટ્રમાં રૂ. ૫,૭૮,૩૩૦ કરોડના સંભવિત રોકાણના લક્ષ્યાંક સાથે કુલ ૫,૪૯૨ પ્રોજેક્ટસ માટે MoU સંપન્ન કરવામાં આવ્યા છે. આ સમિટ અંતર્ગત કરવામાં આવેલા MoU થકી રાજ્યભરમાં ૬,૨૬,૨૫૩ જેટલી રોજગારીની નવી તકો ઊભી થશે.

### નવસારી મનપાના આઉટર વિસ્તારમાં ₹112 કરોડના ખર્ચે પાણી અને ડ્રેનેજ નેટવર્કથી 25 હજારથી વધુ લોકોને લાભ થશે


ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર શહેરીકરણને વેગ આપવાની સાથે નાગરિકોના ઈઝ ઑફ લિવિંગને વધારવા માટે પ્રતિબદ્ધ છે. રાજ્ય સરકાર શહેરોના વિસ્તરણ સાથે નવા જોડાતા વિસ્તારોમાં પાણી પુરવઠો, ડ્રેનેજ પાઈપલાઈન, રોડ અને સ્વચ્છતા જેવી મૂળભૂત નાગરિક સુવિધાઓ સુનિશ્ચિત કરી રહી છે. આ અંતર્ગત તાજેતરમાં નવસારી મહાનગરપાલિકાએ 112 કરોડ રૂપિયાનો પાણી પુરવઠા અને ડ્રેનેજ પ્રોજેક્ટ અમલમાં મૂક્યો છે.ઉલ્લેખનીય છે કે, 1 જાન્યુઆરી 2025ના રોજ નવસારીમાં મહાપાલિકા અમલી બની હતી, જેમાં અગાઉના નવસારી વિજલપોર પાલિકા વિસ્તાર સાથે નજીકના 4 ગામો એરુ, ધારાગીરી, દાંતેજ અને હાંસાપોરને સમાવી લેવામાં આવ્યા હતા.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### નશાની હાલતમાં સગીરાનો ડ્રામા ચર્ચાનું કેન્દ્ર

# વડોદરા સગીરાનો પોલીસ વાન હોબાળો મકરપુરામાં ભારે અફરાતફરી સર્જાઇ


(એજન્સી) વડોદરા । તા. 16

સંસ્કારી નગરી તરીકે ઓળખાતા વડોદરાના મકરપુરા વિસ્તારમાં ગત રાત્રે ૧૫ જાન્યુઆરીના રોજ એક હચમચાવી દેનારી ઘટના સામે આવી છે. ધોરણ ૧૧માં અભ્યાસ કરતી એક ૧૬ વર્ષીય સગીરાએ રસ્તા પર ઉતરીને ભારે હંગામો મચાવતા સ્થાનિક રહીશો અને પોલીસ તંત્ર ઊંધા માથે થયું હતું. પ્રેમ પ્રકરણમાં થયેલી તકરાર બાદ આ સગીરાએ જે રીતે કાયદો અને વ્યવસ્થાને પડકાર ફેંક્યો તેનાથી સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. ઘટના સમયે સગીરા નશાની હાલતમાં હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ જણાઈ આવતા યુવા પેઢીમાં વધતા જતા નશાના દૂષણ સામે પણ અનેક સવાલો ઉભા થયા છે.

### મિત્ર સાથે તકરાર અને રસ્તા પર હંગામો

સ્થાનિક સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ સગીરા પોતાના એક મિત્રને મળવા માટે મકરપુરાના પોશ વિસ્તારમાં ગઈ હતી. ત્યાં કોઈ અંગત બાબતે બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. આવેશમાં આવી ગયેલી આ સગીરાએ રસ્તા પર જ બરાડા પાડવાનું શરૂ કર્યું હતું. સ્થિતિ એટલી હદે વણસી હતી કે સગીરાના મિત્રના પરિવારજનોએ પરિસ્થિતિ કાબૂ બહાર જતી જોઈ તાત્કાલિક પોલીસ કંટ્રોલ રૂમને જાણ કરવી પડી હતી. પોલીસ ઘટના સ્થળે પહોંચે તે પહેલા જ મોટી સંખ્યામાં લોકોના ટોળા ત્યાં ઉમટી પડ્યા હતા.

### પોલીસ વાન પર સગીરાનું આક્રમક વલણ

સૂત્રો દ્વારા જણાવ્યા અનુસાર, જ્યારે મકરપુરા પોલીસની પીસીઆર વાન ત્યાં પહોંચી ત્યારે દ્રશ્યો વધુ વિચિત્ર બન્યા હતા. પોલીસને જોઈને શાંત પડવાને બદલે સગીરા વધુ ઉશ્કેરાઈ ગઈ હતી અને દોડીને સીધી જ પોલીસ વાન પર ચઢી ગઈ હતી. વાનની છત પર બેસીને તેણે પોલીસકર્મીઓ અને ત્યાં હાજર લોકો સાથે અત્યંત અશોભનીય વર્તન કરવાનું શરૂ કર્યું હતું. સગીરાને નીચે ઉતારવા માટે ૩ થી ૪ પીસીઆર વાનનો કાફલો ઘટનાસ્થળે ખડકવો પડ્યો હતો. મહિલા પોલીસકર્મીઓએ ભારે જહેમત બાદ સગીરાને સમજાવીને નીચે ઉતારી હતી.

### વારંવારની ઘટનાથી પરિવાર અને પોલીસ પરેશાન

આ કોઈ પહેલી ઘટના નથી, પરંતુ મીડિયા અહેવાલ મુજબ આ સગીરા અગાઉ પણ બે વખત આ પ્રકારના હંગામા કરી ચૂકી છે. તેની બદલાતી જતી જીવનશૈલી અને વર્તણૂકને કારણે તેના માતા-પિતા પણ ભારે ચિંતામાં હોવાનું સામે આવ્યું છે. સગીરાના આવા વર્તનથી સ્થાનિક રહીશો પણ પરેશાન છે અને અવારનવાર મૌખિક રજૂઆતો પણ કરવામાં આવી છે. પોલીસ તપાસમાં એ પણ જાણવા મળ્યું છે કે સગીરા માનસિક રીતે અસ્થિર હતી કે ખરેખર નશાના પ્રભાવ હેઠળ હતી તેની તબીબી તપાસ કરાવવામાં આવી શકે છે.

### કાયદેસરની કાર્યવાહી અને વાલીઓને સમજ

પોલીસ તંત્રએ સગીરાની સુરક્ષા અને તેની વયને ધ્યાનમાં રાખીને નરમ વલણ અપનાવ્યું હતું. મકરપુરા પોલીસે સગીરાને શાંત પાડી તેના માતા-પિતાને પોલીસ સ્ટેશન બોલાવી જરૂરી સમજ આપી હાલ તેને સોંપી દીધી છે. જોકે, જાહેર માર્ગ પર હંગામો કરી સરકારી કામગીરીમાં અવરોધ ઊભો કરવા બદલ પોલીસે કાયદેસરની નોંધ લીધી છે. ભવિષ્યમાં આવી ઘટના ન બને તે માટે સગીરાનું યોગ્ય કાઉન્સેલિંગ કરાવવા માટે પણ પોલીસ દ્વારા સૂચના આપવામાં આવી છે. હાલમાં સમગ્ર મામલે પોલીસે ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી છે.

## શ્રી રત્ન સિંહજી મહિડા કોમર્સ કોલેજ, રાજપીપળા ખાતે 'નેશનલ સ્ટાર્ટઅપ ડે'ની ઉજવણી

ભરત શાહ | નર્મદા તા. 16

શ્રી રત્ન સિંહજી મહીડા કોમર્સ કોલેજ, રાજપીપળા ખાતે આજે 'ઈનોવેશન સેલ' અંતર્ગત 'નેશનલ સ્ટાર્ટ અપ ડે' ની ઉજવણી કરવામાં આવી. 16 જાન્યુઆરી, 2016 થી આદરણીય પ્રધાનમંત્રી નરેન્દ્ર ભાઈ મોદી દ્વારા સ્ટાર્ટ અપ ઈન્ડિયા ની પહેલ શરૂ કરવામાં આવી હતી.ભારતમાં દર વર્ષે 16 જાન્યુઆરીને "રાષ્ટ્રીય સ્ટાર્ટઅપ દિવસ" તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસની શરૂઆત વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજી દ્વારા 2022માં કરવામાં આવી હતી. તેનો મુખ્ય હેતુ દેશના યુવાનોમાં નવીનતા ઉદ્યોગ સાહસિકતા અને સ્વરોજગારને પ્રોત્સાહન આપવાનો છે. સમગ્ર કાર્યક્રમ કોલેજના આચાર્ય ડો. હિતેશ ગાંધી ના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો હતો. કોલેજના પ્રાધ્યાપક ડો. લકીરાજસિંહ ગોહિલ વિદ્યાર્થીઓને નવું સાહસ કે ઉદ્યોગ કઈ રીતે ઊભું કરી શકાય, તેની પ્રેરણા મળી રહે તે માટે સફળ ઉદ્યોગ સાહસિકો ના ઉદાહરણ આપીને ઉદબોધન કર્યું હતું. કોલેજના પ્રાધ્યાપિકા તથા ઈનોવેશન સેલના નોડલ ઓફિસર કિંજલબેન ત્રિવેદી દ્વારા વિદ્યાર્થીઓ ને નોકરી શોધનાર કરતાં નોકરી આપનાર બનાવવા માટે પ્રેરણાદાયક ઉદબોધન કરવામાં આવ્યું હતું કોલેજની વિદ્યાર્થીની તડવી ત્રિવેણી દ્વારા નિષ્ફળતા માંથી ભૂલો શોધીને તે સુધારીને, તકોને ઝડપીને, કેવી રીતે સફળ ઉદ્યોગ સાહસિક બની શકાય તેના પર વક્તવ્ય આપવામાં આવ્યું હતું.

## News Brief

### જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના 100 વિદ્યાર્થીઓએ ખડક ચઢાણની બેઝિક તાલીમ મેળવી

નરેન્દ્ર દવે | જૂનાગઢ, તા.16

જૂનાગઢના પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર ખાતેથી જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના ૧૦૦ વિદ્યાર્થીઓએ ખડક ચઢાણની બેઝિક તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કરી છે. આ ૧૦ દિવસીય કોર્ષ પૂર્ણ થતા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યાં હતાં. રાજ્ય સરકારના કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર દ્વારા



સંચાલિત પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર, જૂનાગઢ ખાતે આ ખડક ચઢાણ બેઝિક કોર્સ તા.૦૭-૦૧-૨૦૨૬ થી તા.૧૬-૦૧-૨૦૨૬ દરમિયાન યોજાયો હતો. જેમાં જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના અલગ-અલગ ૧૧ ફેકલ્ટીના કુલ ૧૦૦ શિબિરાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. શિબિરના અંતિમ દિવસે સમાપન કાર્યક્રમ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃત્તિઓના નિયામકશ્રી ડો.આર. એમ.સોલંકીના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. ઉપરાંત ફિઝિકલ ઈન્સ્ટ્રક્ટર ડો.એન.વી. કાનાણી, શ્રી કે.પી.રાજપૂત, ઈન્ચાર્જ ઈન્સ્ટ્રક્ટરશ્રી ઉપેન્દ્રસિંહ એમ. રાઠોડની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. આ મહેમાનોના હસ્તે તાલીમાર્થીઓને પ્રમાણપત્રો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

### જૂનાગઢ જિલ્લા રોજગાર કચેરી દ્વારા 19મીએ જે. કે. એમ. કોલેજ ખાતે ભરતીમેળો યોજાશે

નરેન્દ્ર દવે | જૂનાગઢ, તા.16

જૂનાગઢ જિલ્લા રોજગાર કચેરી દ્વારા તા.૧૯ જાન્યુઆરીના જે.કે.એમ. કોલેજ જૂનાગઢ ખાતે ભરતીમેળો યોજાશે. જૂનાગઢ કેળવણી મંડળ સંચાલીત કોમર્સ અને બીબીએ કોલેજ, સરકારી આયુર્વેદીક હોસ્પીટલ પાસે, પંચેશ્વર ટાવર રોડ, જૂનાગઢ ખાતે રોજગારવાંચ્છુ ઉમેદવારો માટે ભરતીમેળાનુ આયોજન જૂનાગઢ જિલ્લા રોજગાર કચેરી દ્વારા યોજવામાં આવનાર છે. જેમાં બેડીયા ટેકનોકાસ્ટ પ્રા.લી. રાજકોટ, જૂનાગઢ, જ્વેલરી પ્રા.લી., જૂનાગઢ, જોકી એક્ષક્લુસીવ સ્ટોર્સ, જૂનાગઢ તથા લીલા બિઝોટેલ, જૂનાગઢ વગેરે નોકરીદાતાઓ હાજર રહેવાના છે. જેમા વિવિધ લાયકાત અને અલગ અલગ જગ્યાઓ માટે આઇ.ટી.આઇ. ડિપ્લોમા કે સ્નાતકની શૈક્ષણિક લાયકાત ધરાવનાર (૧૮ વર્ષ થી ૩૫ વર્ષ ) સુધીના રોજગારવાંચ્છુ ઉમેદવારો માટે ઈન્ટરવ્યુ યોજાનાર છે.

### માળીયાહાટીનામાં મેદસ્વતા મુક્તિ કેમ્પ-૩ની ૨૦મી જાન્યુઆરીથી શરૂઆત થશે

નરેન્દ્ર દવે | જૂનાગઢ, તા.16

સ્વસ્થ ગુજરાત- મેદસ્વિતા મુક્ત ગુજરાત અંતર્ગત માળીયા હાટીનામાં બસ સ્ટેશન રોડ પરની ગર્લ્સ હાઈસ્કુલ ખાતે તા. ૨૦મી જાન્યુઆરીથી કેમ્પ-૩ની શરૂઆત થશે, એક માસ સુધી ચાલનારો આ કેમ્પ લોકોને મેદસ્વિતાથી મુક્તિ મેળવવા અને આરોગ્યપ્રદ જીવનશૈલી કેળવવા માટે કારગર બની રહેશે. ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા શરૂ થયેલા આ કેમ્પના માધ્યમથી લોકોને વજન ઘટાડવા માટે સવિશેષ માર્ગદર્શન આપવામાં આવે છે, ઉપરાંત આ માટે યોગ દ્વારા મેદસ્વિતા ઘટાડવા અને સ્વાસ્થ્યપ્રદ જીવનશૈલી અપનાવવા માટે પ્રેરિત કરવામાં આવશે. માળીયા હાટીના ખાતેના આ કેમ્પનો સમય સવારે ૬.૩૦ થી ૮ કલાકનો રહેશે, આ કેમ્પ વિશે વધુ જાણકારી માટે મોબાઈલ નં. ૯૯૦૪૨૭૫૪૪૫ અને ૭૦૧૬૦૨૭૮૦૦ સંપર્ક કરવાનો રહેશે. ઉલ્લેખનીય છે કે, મેદસ્વિતા એ માત્ર શરીરની ચરબી વધવાની સમસ્યા નથી, પરંતુ તે હૃદયરોગ, ડાયાબિટીસ, હાઈ બ્લડપ્રેશર, ઘૂંટણ દર્દ, કમર દર્દ, કેન્સર અને અન્ય ગંભીર રોગોનું મુખ્ય કારણ બની શકે છે. આધુનિક જીવનશૈલી, અસંતુલિત આહાર અને શારીરિક સક્રિયતાના અભાવના કારણે લોકોમાં મેદસ્વિતાનુ પ્રમાણ વધ્યું છે.

### જાફરાબાદ મરીન પોલીસે બોલાવ્યો સપાટો: દરીયાઈ માર્ગે આવતો દારૂ ઝડપાયો

કિશોર આર. સોલંકી | જાફરાબાદ તા.16

જાફરાબાદ (અમરેલી): જ્યારે આખું જગત નિદ્રામાં હોય છે, ત્યારે આપણા ખાખી વર્દીધારી જવાનો દરિયાના કાંઠે આતતાયીઓ અને ગુનેગારો સામે વોચ ગોઠવીને ઉભા હોય છે. અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના ધારા બંદર પર જાફરાબાદ મરીન પોલીસે રાતના અંધારામાં એક એવી કામગીરી કરી છે જેણે



દારૂના માફિયાઓની ઊંઘ હરામ કરી દીધી છે. દરીયાઈ માર્ગે બોટ દ્વારા વિદેશી દારૂ ઉતારી તેની હેરાફેરી કરવાના મનસૂબાને પોલીસે પાણી ફેરવી દીધું છે. આ રેડમાં લાખોની કિંમતનો વિદેશી દારૂ અને એક બોલેરો પીકઅપ વાહન ઝડપી પાડી પોલીસે ગુનેગારોને કડક ચેતવણી આપી દીધી છે. ભાવનગર રેન્જ આઈ.જી.પી. ગૌતમ પરમાર અને અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાત દ્વારા દારૂની બદીને નાબૂદ કરવા માટે અપાયેલી કડક સૂચના બાદ જાફરાબાદ મરીન પોલીસ એક્શન મોડમાં આવી હતી. ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર એમ.બી.ગોહિલના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમ જ્યારે નાઈટ પેટ્રોલિંગમાં હતી, ત્યારે સચોટ બાતમી મળી હતી કે ધારા બંદરના લેન્ડિંગ પોઈન્ટ પર દરીયાઈ માર્ગે દારૂનો મોટો જથ્થો ઉતારવામાં આવી રહ્યો છે. પોલીસે સમય સૂચકતા વાપરી વોચ ગોઠવી અને દારૂ ભરેલી બોલેરો ગાડીને આંતરી લીધી હતી. પોલીસે જ્યારે બોલેરો ગાડી (GJ-32-T-1707) ની તલાશી લીધી ત્યારે તેમાં રોયલ સ્ટેગ અને ઈમ્પીરિયલ બ્લુ જેવી નામી બ્રાન્ડની ૩૨૫૯ બોટલોનો મોટો જથ્થો મળી આવ્યો હતો.

## શ્રી જૂનાગઢ મહિલા શરાફી સહકારી મંડળી લી. દ્વારા મકરસંક્રાંતિ પર્વની અનોખી રીતે ઉજવણી કરી



**ભોજન અને એક નાની ભેટ પણ સંસ્થા તરફથી આપવામાં આવી**

નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.16

મકરસંક્રાંતિનાં પર્વને અનુસંધાને શ્રી જૂનાગઢ મહિલા શરાફી સહકારી મંડળી લી.ના પ્રમુખશ્રી રસીલાબેન સોઢાનાં માર્ગદર્શન નીચે મંડળીનાં તમામ ડિરેક્ટરો અને સ્ટાફગણ દ્વારા તા.૧૩|૦૧|૨૦૨૬ ને મંગળવાર નાં રોજ અપના ઘર વૃદ્ધાશ્રમ ખાતે વડીલોને અંતાક્ષરી ગેમ રમાડેલ તેમાં દરેક વડીલ વૃદ્ધોએ ખુબ મન ભરી અને ગીતો ગાયા હતાં સાથે સાથે આ વડીલોને ભોજન પણ સંસ્થા તરફથી આપવામાં આવ્યું હતું સાથે ફુલ નહીં તો ફુલ ની પાંખડી રૂપે એક નાની ભેટ પણ દરેક વડીલોને અર્પણ કરી હતી તેમજ વિજાપુર પાસે આવેલ દિવ્યાંગ સ્કુલ, સાંપ્રત એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના વિકલાંગ બાળકોને ભોજન કરાવ્યું હતું, આ સમયે સંસ્થાના પ્રમુખશ્રી રસીલાબેન સોઢા, ઉપપ્રમુખશ્રી સાધનાબેન નિર્મલ, રૂપલબેન લખલાણી, જશુબેન મહેતા, હીનાબેન મજમુદાર અને ઝંખનાબેન ભીંડોરા તથા સ્ટાફનાં તમામ મેમ્બરો પણ ઉપસ્થિત રહ્યાં હતાં તેમ એક યાદીમાં જણાવ્યું છે.

## ગુજરાતના શૈક્ષણિક મંચે 11 જિલ્લાની 76 હાઈસ્કૂલમા આપ્યું માર્ગદર્શન

રૂપાલી દવે | ભાવનગર તા.16

ગુજરાત શૈક્ષણિક સાંસ્કૃતિક મંચના સંયોજક શ્રી તખુભાઈ સાંડસુરે એક યાદીમાં જણાવ્યું છે કે સંસ્થાએ 'ગણતરથી ભણતર કથા" શિર્ષકથી ધોરણ 10/12 ના વિદ્યાર્થીઓને પરીક્ષાલક્ષી માર્ગદર્શન અભિયાન11 જિલ્લામાં 76 હાઈસ્કુલમા ચલાવવામાં આવ્યું.23 જેટલા શિક્ષક ભાઈ બહેનોએ પ્રેરક શિક્ષકો તરીકે કુલ સંખ્યા 6,571 વિદ્યાર્થીઓ સુધી આ યાત્રાને પહોંચતી કરી.આ સંસ્થા આવી સ્વૈચ્છિક પ્રવૃત્તિઓ સ્વબળે ઝીરો ખર્ચથી ચલાવી રહી છે.વિદ્યાર્થીઓને પરિક્ષાના ભયથી ભ્રમિત નહીં પણ ભુતળ થવાનો સંદેશ એક નક્કર કાર્યથી આપવામાં આવ્યો.જેનુ સંકલન ડો.કિરીટભાઈ ચૌહાણ (આણંદ) દ્વારા કરવામાં આવ્યું. પ્રારંભમા મોટીવેટર શ્રી પરેશ ભટ્ટે ગુજરાતમા આ રીતે ચોક્કસ હેતુથી કાર્યરત સૌને તાલીમબધ્ધ કર્યા હતા.બધી સંસ્થાઓમાં ગુજરાત શૈક્ષણિક સાંસ્કૃતિક મંચ એક પથદર્શક બની રહી છે.

### લાકડીથી માર મારતાં ફ્રેક્ચર, મશીન-મોબાઈલની તોડફોડ, 5 સામે ગુનો

## ખીરખાઈમાં માર્ગ રોકી હીટાચી મશીનના ચાલકો પર જીવલેણ હુમલો

દિપક રાવલ | દાહોદ તા.16

લીમખેડા તાલુકાના ખીરખાઈ ગામના ટેકરાફળિયામાં રહેતાં હિમતભાઈ વડેલ કે જેઓ ગામના માજી સરપંચના ઘરે ડ્રાઈવર તરીકે નોકરી કરે છે, તેઓ રાત્રિના સમયે હીટાચી મશીનના ઓપરેટર સંદીપભાઈ વિશ્વકર્મા અને હેલ્પર જીતેન્દ્ર પાલ સાથે કામ પતાવીને પરત ફરી રહ્યા હતા. આ સમયે ખીરખાઈ ગામના ટેકરા ફળિયા પાસે ભરતભાઈ ડાંગી, ગણેશભાઈ ડાંગી, સરદારભાઈ ડાંગીદીનેશભાઈ ડામોર, સુમલાભાઈ પલાસ એ પોતાના વાહનો આડા ઉભા રાખી મશીન રોક્યું હતું. ત્યાં હાજર આરોપીઓએ અચાનક ગાળાગાળી શરૂ કરી હતી. જ્યારે હિમતભાઈએ તેમને સમજાવવાનો પ્રયાસ કર્યો ત્યારે ઉશ્કેરાયેલા



આરોપી ભરતભાઈ ડાંગીએ લાકડી વડે હુમલો કરતા હિંમતભાઈને ડાબા હાથની કોણીમાં ફ્રેક્ચર થયું હતું. આ સાથે અન્યોએ પણ ગડદાપાટુનો માર માર્યો હતો. આ ઉપરાંત આરોપીઓએ હીટાચી મશીનના ઓપરેટર સંદીપભાઈને પણલાકડી વડે માર મારી આંગળીમાં ફ્રેક્ચર કર્યું હતું. મશીન તેમજ મોબાઈલ ફોનમાં તોડફોડ કરી નુકસાન પહોંચાડયું હતું. હુમલો કર્યા બાદ આરોપીઓ જાનથી મારી નાખવાની ધમકી આપી ઘટનાસ્થળેથી નાસી છૂટ્યા હતા.

## પોલીસ પ્રશંસનીય કાર્ય : 'ઓપરેશન મિલાપ' ૧૩ વર્ષથી ગુમ યુવાનનો પરિવાર સાથે સુખદ મિલાપ

(એજન્સી) વડોદરા । તા. 16

કહેવાય છે કે 'રામ રાખે તેને કોણ ચાખે', આ ઉક્તિ આજે ડાંગ જિલ્લાના વઘઇ ખાતે સાર્થક થઈ છે. ૧૩ વર્ષ પહેલા ડાંગ જિલ્લાનાં વઘઇ તાલુકાનાં વાનરચોંડ ગામનો દીકરો અચાનક ગાયબ થઈ ગયો હતો અને



પરિવારે જેની આશા છોડી દીધી હતી, તે દીકરાને ડાંગ જિલ્લાની વઘઇ પોલીસની ટીમે શોધી કાઢી પરિવાર સાથે મિલન કરાવતા સમગ્ર પંથકમાં ખુશીનો માહોલ છવાયો છે.મૂળ વાનરચોંડ(તા. વઘઇ, જિ. ડાંગ)નાં વતની રણજીતભાઈ ચિંતુભાઈ ચૌધરી વર્ષ ૨૦૧૨-૧૩ દરમિયાન વાપીની રાફેલ કોલેજમાં અભ્યાસ કરતા હતા.તે સમયે કોઈને પણ જાણ કર્યા વગર તેઓ હોસ્ટેલમાંથી ક્યાંક નીકળી ગયા હતા. પરિવારજનોએ ઘણી શોધખોળ કરી હતી પરંતુ રણજીતનો કોઈ પત્તો મળ્યો ન હતો. વર્ષ ૨૦૧૩માં આ અંગે પોલીસ ફરિયાદ પણ નોંધાઈ હતી.

### ઉત્તરાયણ બાદના જોખમી દોરીના ગૂંચળાથી પક્ષીઓને બચાવવાનું અભિયાન

## રતનપુરના યુવાનની અનોખી પહેલ પસ્તીના ભાવે દોરી ખરીદી પક્ષી બચાવ્યા

(એજન્સી) વડોદરા । તા. 16

ઉત્તરાયણનો તહેવાર પૂરો થાય એટલે આકાશ ભલે ખાલી થઈ જાય, પણ આપણા ઘરના ધાબા, ઝાડની ડાળીઓ અને વીજળીના તાર પર લટકતી કાતિલ દોરી અબોલ પક્ષીઓ માટે 'ફાંસીનો ફંદો' બની જતી હોય છે. પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના રતનપુર (કાં) ગામે આ સમસ્યાનો એક એવો ઉકેલ શોધ્યો છે જે વાંચીને તમારું દિલ ગદગદ થઈ જશે. ગામના વતની પરેશ એન. સુથાર દ્વારા એક એવી અપીલ કરવામાં આવી કે, 'તમારા ઘર કે મહોલ્લામાં પડેલા દોરીના ગૂંચળા આપી જાવ અને એક કિલોના ૨૨૦ રૂપિયા રોકડા લઈ જાવ.' આ વાત વાયુવેગે ફેલાઈ અને જોતજોતામાં એક જન આંદોલન બની ગઈ. ૧૬ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ રતનપુર ગામમાં અનોખો નજારો જોવા મળ્યો હતો. સવારથી જ બાળકો, યુવાનો



અને વડીલો હાથમાં દોરીના ગૂંચળા લઈને પરેશભાઈના ઘરે ઉમટી પડ્યા હતા. આ અભિયાનનો મુખ્ય હેતુ મુંગા પશુ-પંખીઓને દોરીથી થતું નુકસાન અટકાવવાનો હતો. જે દોરી પક્ષીઓની પાંખો અને ગળા કાપી નાખે છે, તે દોરીને એકત્રિત કરી નાશ કરવાનું ભગીરથ કાર્ય અહીં હાથ ધરાયું હતું.

## ઉતરાયણના બીજા દિવસે ડાકોરમાં ભક્તોની ભારે ભીડ; યાત્રાધામમાં કીડિયારાની જેમ ઉમટ્યા શ્રદ્ધાળુઓ

(એજન્સી) ડાકોર । તા. 16

ઉતરાયણના બીજા દિવસે સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોરમાં ભગવાન શ્રી રણછોડરાયના દર્શનાર્થે



વહેલી સવારથી જ ભક્તોની ભારે ભીડ જોવા મળી. રાજ્યભરના વિવિધ વિસ્તારોમાંથી આવેલા યાત્રિકો મંદિર પરિસરમાં કીડિયારાની જેમ ઉમટી પડ્યા હતા. મંદિરના દ્વાર ખુલતાં જ લાંબી કતારો લાગી ગઈ હતી. ઠંડી સવાર છતાં ભક્તોમાં દર્શન માટે અપાર ઉત્સાહ જોવા મળ્યો. યાત્રિકોની સુવિધા અને વ્યવસ્થાપન માટે મંદિર ટ્રસ્ટ, સ્થાનિક પ્રશાસન અને પોલીસ વિભાગ દ્વારા યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી હતી.

### વડોદરા ફોરેસ્ટ વિભાગ પક્ષી સારવાર તેજ, પક્ષીઓ માટે જીવલેણ ઉત્તરાયણ પર્વ સાબિત થયું

## વડોદરા પક્ષી રેસ્ક્યૂ સેન્ટર 2026માં 350 નિર્દોષ પક્ષીઓ લોહિલુહાણ થયા

(એજન્સી) વડોદરા । તા. 16

સંસ્કારી નગરી વડોદરામાં ઉત્તરાયણના પર્વની ઉજવણીનો ઉન્માદ નિર્દોષ આકાશી પક્ષીઓ માટે કાળ સાબિત થયો છે. છેલ્લા બે દિવસમાં પતંગના કાતિલ દોરાના કારણે વડોદરા શહેરમાં ૩૫૦થી વધુ પક્ષીઓ લોહિલુહાણ હાલતમાં મળી આવ્યા છે. ઉત્તરાયણ અને વાસી ઉત્તરાયણ દરમિયાન હવામાં ઉડતા પક્ષીઓ પતંગની ડોરીમાં ફસાઈ જતા તેમની પાંખો અને ગળા કપાયા હોવાની હૃદયદ્રાવક ઘટનાઓ સામે આવી છે. વડોદરા પક્ષી રેસ્ક્યૂ સેન્ટર ૨૦૨૬ ખાતે લવાયેલા આ પક્ષીઓમાંથી ૩૮ પક્ષીઓએ સારવાર મળે તે પહેલા જ દમ તોડી દીધો છે, જ્યારે અન્ય પક્ષીઓ જીવન અને મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે.



પક્ષીઓની સુરક્ષા અને ત્વરિત સારવાર માટે ફોરેસ્ટ વિભાગ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં ૨૯ રેસ્ક્યૂ સેન્ટરો કાર્યરત કરવામાં આવ્યા છે. વડોદરા ફોરેસ્ટ વિભાગ પક્ષી સારવાર માટે જીવદયા પ્રેમીઓ અને સ્વયંસેવકોની મદદથી આ કેન્દ્રો પર ૨૪ કલાક તબીબી સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે. ગંભીર રીતે ઈજાગ્રસ્ત પક્ષીઓ માટે શહેરમાં ખાસ ત્રણ ઓપરેશન થિયેટરો પણ તૈયાર રાખવામાં આવ્યા છે, જ્યાં નિષ્ણાત વેટરનરી ડોક્ટરો દ્વારા જટિલ સર્જરીઓ કરવામાં આવી રહી છે. ખાસ કરીને કબૂતર, સમડી અને બગલા જેવા પક્ષીઓ વધુ સંખ્યામાં ઈજાગ્રસ્ત થયા હોવાનું મીડિયા અહેવાલ દ્વારા જાણવા મળ્યું છે.

આ વર્ષે ઉત્તરાયણ દરમિયાન ઝાડ, વીજળીના તાર અને ઊંચા ટાવરો પર ફસાયેલા પક્ષીઓને બચાવવા માટે ફાયર બ્રિગેડને સતત કોલ્સ મળી રહ્યા છે. બે દિવસના આંકડા મુજબ, કુલ ૩૫૦ પક્ષીઓ રેસ્ક્યૂ કરવામાં આવ્યા છે. જેમાંથી ૩૧૨ પક્ષીઓની હાલત નાજુક હોવાથી તેમને સતત મોનિટરિંગ હેઠળ રાખવામાં આવ્યા છે.

### મમરાના લાડુ ખાવાની સ્પર્ધા | વડીલોની સ્ફૂર્તિ અને સ્વાસ્થ્ય જોઈને સૌ કોઈ દંગ રહી ગયા

## 67 વર્ષના વડીલે 10 મિનિટમાં 17 લાડુ ઝાપટ્યા

(એજન્સી) જૂનાગઢ । તા. 16



ગરવા ગિરનારની ગોદમાં ઉત્તરાયણ પર્વની ઉજવણી માત્ર પતંગબાજી પૂરતી મર્યાદિત નથી રહી, પરંતુ જૂનાગઢ સિનિયર સિટીઝન મંડળ દ્વારા વડીલો માટે એક અનોખી રમતનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાયત્રી શક્તિપીઠ ખાતે આયોજિત મમરાના લાડુ ખાવાની સ્પર્ધા માં વડીલોએ એવી સ્ફૂર્તિ દાખવી કે યુવાનો પણ મોઢામાં આંગળા નાખી ગયા. આ સ્પર્ધામાં પાણી પીધા વગર મર્યાદિત સમયમાં લાડુ આરોગવાનો પડકાર હતો.

અશોકભાઈએ જાળવી રાખ્યો દબદબો પુરુષ વિભાગમાં 67 વર્ષીય અશોકભાઈ પ્રીતમાણીએ અદભૂત પ્રદર્શન કરતા 10 મિનિટમાં 17 લાડુ આરોગીને સતત બીજા વર્ષે પ્રથમ સ્થાન હાંસલ કર્યું છે. અશોકભાઈએ તેમની આ ઉર્જા પાછળનું રહસ્ય નિયમિત યોગાભ્યાસને ગણાવ્યું હતું. જૂનાગઢ સિનિયર સિટીઝન મંડળ ના આ મંચ પરથી તેમણે યુવાનોને વ્યસનમુક્ત રહેવા અને સ્વાસ્થ્ય માટે યોગ કરવા પ્રેરક ટિપ્સ આપી હતી. દ્વિતીય ક્રમે દિલીપભાઈ (14 લાડુ) અને તૃતીય ક્રમે મણીભાઈ સોલંકી (13.5 લાડુ) રહ્યા હતા.

મહિલા વિભાગમાં પણ જામી રસાકસી બહેનો માટેની સ્પર્ધામાં ચંદ્રિકાબેન મહેતાએ 10 મિનિટમાં 13.5 લાડુ ખાઈને પ્રથમ ક્રમ મેળવ્યો હતો. જ્યારે અંજનાબેન હિરપરાએ 12.8 લાડુ સાથે બીજો અને રમાબેન જોષીએ 12 લાડુ સાથે ત્રીજો ક્રમ મેળવ્યો હતો. સ્પર્ધા દરમિયાન નિર્ણાયકોએ બારીકાઈથી નિરીક્ષણ કર્યું હતું જેથી સ્પર્ધા પારદર્શક રહે. વડીલોની સ્ફૂર્તિ અને સ્વાસ્થ્ય જોઈને ઉપસ્થિત પ્રેક્ષકોએ તેમને જોરદાર તાળીઓથી વધાવી લીધા હતા.

ઉત્તરાયણની વિશિષ્ટ ઉજવણી કુલ 45 જેટલા સ્પર્ધકોએ આ સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. ગાયત્રી શક્તિપીઠનું વાતાવરણ વડીલોના હર્ષોલ્લાસથી ગુંજી ઉઠ્યું હતું. આ સ્પર્ધાએ સાબિત કર્યું કે ઉંમર તો માત્ર એક આંકડો છે, જો મન મક્કમ અને શરીર સ્વસ્થ હોય તો કોઈપણ પડકાર ઝીલી શકાય છે. આ આયોજન દ્વારા સમાજમાં વડીલોના મહત્વ અને તેમના જીવન ઉત્સાહનો સુંદર સંદેશ ફેલાયો છે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

આજના મનોરંજનમાં રમતગમતની પ્રવૃત્તિઓ તથા બાહ્ય કાર્યક્રમોનો સમાવેશ થવો જોઈએ. તમે તેજસ્વી નવા વિચારો સાથે સામે આવશો, એ વિચારો તમને આર્થિક લાભ આપવશે. તમે જેમની સાથે પ્રેમ કરો છો.

**વૃષભ : બ. વ. ઉ.**

વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો.

**મિથુન : ક. છ. ઘ.**

તમે નવરાશની લહેજત માણવાના છો. વગર સૂચના કોઈ દેણદાર આજે તમારા એકાઉન્ટ માં પૈસા નાખી શકે છે જેના લીધે તમે આશ્ચર્યચકિત અને ખુશ થયી શકો છો અન્યોના સૂચનોને સાંભળવા તથા તેના પર અમલ કરવો મહત્વનું સાબિત થાય એવો દિવસ.

**કર્ક : ડ. હ.**

તમારૂં વ્યક્તિત્વ આજે અત્તરની જેવું કામ કરશે. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે કે કેમ કે તમારા દ્વારા આપેલું ધન આજે પાછું આવી શકે છે. નવા સંબંધો લાંબા ગાળાના તથા ખૂબ જ લાભદાયક ઠરશે.

**સિંહ : મ. ટ.**

તમારૂં વ્યક્તિત્વ સુધારવા માટે ગંભીર પ્રયાસ હાથ ધરો. જો તમારી ધન સંબંધી કોઈ બાબત કોર્ટ કચેરી માં અટવાયેલી હોય તો તે આજે ઉકેલાઈ શકે છે અને તમે વિજયી થયી શકો છો સાથે તમને ધન લાભ થયી શકે છે.

**કન્યા : પ. ઠ. ણ.**

તમારી આસપાસના લોકો તમને ખૂબ જ અપેક્ષાયુક્ત લાગશે-તમે આપી શકો તે કરતાં વધારનું વચન આપતા નહીં-અને અન્યોને ખુશ કરવા તમારી જાતને થકાવટની હદ સુધી ન ખેંચતા. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું.

**તુલા : ર. ત.**

તમારા વિચારોને કેટલાક હકારાત્મક વિચારોમાં વાળો કેમ કે તમે ભયના ડરામણા દૈત્ય સામે લડી રહ્યા છો, અન્યથા તમે આ કટ્ટર દૈત્યના નિષ્ક્રિય તથા આસાન ભોગ બની જશો. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે.

**વૃશ્ચિક : ન. ય.**

તમારા વિચારોને કેટલાક હકારાત્મક વિચારોમાં વાળો કેમ કે તમે ભયના ડરામણા દૈત્ય સામે લડી રહ્યા છો, અન્યથા તમે આ કટ્ટર દૈત્યના નિષ્ક્રિય તથા આસાન ભોગ બની જશો. કોઈ નજીક ના મિત્રો થી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો.

**મકર : ખ. જ.**

ઝડપથી નાણાં કમાઈ લેવાની ઈચ્છા તમે ધરાવશો. તમારી મોહિની તથા વ્યક્તિત્વ તમને નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. જો તમે આજે આજે પ્રેમ કરવાની તક નહીં ગુમાવો તો, આ દિવસ તમે તમારા આખા આયુષ્યમાં નહીં ભૂલી શકો.

**કુંભ : ગ. સ. શ. ષ.**

મોટી યોજનાઓ તથા વિચારો ધરાવતી વ્યક્તિ તમારૂં ધ્યાન આકર્ષિત કરશે-રોકાણ કરતા પહેલા એ વ્યક્તિની વિશ્વસનિયતા તથા સત્યતા ચકાસી લેજો ઘરમાં કોઈપણ પ્રકારના ફેરફાર કરતા પૂર્વે તમારા વડીલોના સલાહ-સૂચન લો.

**મીન : દ. ચ. ઝ. થ.**

સાંજે તમારા જીવનસાથી સાથે સિનેમાઘરમાં ફિલ્મ અથવા ડીનર તમને નિરાંતવા તથા અદભુત મૂડમાં લાવી મુકશે. તમારી કોઈ જૂની બીમારી તમને આજ હેરાન કરી શકે છે જેના લીધે તમને હોસ્પિટલ જવું પડી શકે છે.

**કામ હજુ પૂરું થયું નથી તે વચ્ચે ટોલ ટેક્ષ શરૂ**

## કુકમા- વરસામેડીના ટોલ નાકા શરૂ કરાતા વાહન માલિકો રોષે ભરાયા



ભુજ: ભીમાસર ભુજ નેશનલ હાઈવે ફોર લેનનું કામ હજુ પૂરું થયું નથી તે વચ્ચે ટોલ ટેક્ષ શરૂ કરાતા કચ્છના ટ્રાન્સપોર્ટરો- વાહન માલિકોએ ટોલ નાકે ધસી જઈને 'કચ્છના વાહન ચાલકોને ટોલમાંથી મુક્તિ આપો'સુત્રોચ્ચાર સાથે વિરોધ નોંધાવ્યો હતો. જ્યાં સુધી રોડનું કામ સંપૂર્ણ પૂરું ન થાય ત્યાં સુધી ટોલ વસુલી શકાય નહીં તેવી રજુઆત કોંગ્રેસે પણ કરી હતી. ઉલ્લેખનિય છે કે, ખાવડાને જોડતો નેશનલ હાઈવે જર્જરિત હોવા છતાં ટોલ વસુલાય છે. તેવામાં કુકમા અને વરસામેડી બાજુના બંને ટોલ ટેક્ષ શરૂ કરી દેવાયા છે જેના પગલે વાહન માલિકો રોષે ભરાયા છે.કચ્છમાં નેશનલ હાઈવે ૩૪૧ નું કામ હજુ અધુરું છે. તેમ છતાં કુકમા અને વરસામેડી બાજુના બંને ટોલ ટેક્ષ શરૂ કરવામાં આવ્યા છે. જેનો કચ્છના ટ્રક ચાલકો, નાના વાહન માલિકોએ વિરોધ કરી રહ્યા છે. જ્યાં સુધી રેલડી ફાટક ઉપર બ્રીજનું કામ પૂર્ણ ન થાય તેમજ વરસામેડી બાજુનો બ્રીજ પૂરો ન થાય ત્યાં સુધી ટોલ ટેક્ષ શરૂ ન કરવા માંગણી છે.નેશનલ હાઈવેનું જે કામ થયું છે તેમાં પણ નબળી કામગીરી કરવામાં આવી છે. હજારો જગ્યાએ પેચવર્ક કરવું પડયું છે અને અત્યારે આ રોડ ૧૦ વર્ષ જૂનો હોય તેવું જણાય છે. રોડની કામગીરી એટલી હદે નબળી છે કે અત્યારે સ્પીડથી વાહનો ચલાવે તો ગમે ત્યારે અકસ્માત થઈ શકે તેમ છે અને રોડ ઉપર સતત વાહનો ઉછળી રહ્યા છે. આ રસ્તાનું કામ માંડ એક જ્યાં પૂર્ણ થાય ત્યાં બીજીતરફ રીપેર કરવાની જરૂર પડે છે. તેમજ રેલડી ફાટક બીજો ભુજોડી ફાટક ન બની જાય તેની પણ ચિંતા છે.

**કુલ ૧૪૦૦ કિલોમીટરનુ અંતર કાપી કુલ-૧૬ સાયક્લીસ્ટો**

## "No Drugs Campaign" અંતર્ગત જામનગરમા પધારેલ સાયકલ રેલીનુ સ્વાગત કરતી જિલ્લા પોલીસ જામનગર

| વિશાલ જે હરવરા | જામનગર



પોલીસ મહાનિર્દેશક સી.આઇ.ડી ક્રાઈમ અને રેલ્વેઝ ગુજરાત રાજ્ય ગાંધીનગર દ્વારા "Invincible NGO" ના સહયોગથી લોકોને માદક દ્રવ્યોના વિરૂધ્ધમાં જાગૃત કરવા માટે NGO દ્વારા "No Drugs Campaign" અંગે તા.12/01/2026 થી 22/01/2026 આ 11 દિવસ સુધી નારાયણ સરોવરથી દમણ સુધી કુલ ૧૪૦૦ કિલોમીટરનુ અંતર કાપી કુલ-૧૬ સાયક્લીસ્ટો દ્વારા ગુજરાતના દરિયાકાંઠાના જિલ્લાઓના વિસ્તારોમાં સાયકલ રેલી કરી ડ્રગ્સ વિરોધી જાગૃતિ ફેલાવવાનું અમુલ્ય કામ શરૂ કરેલ છે. આ પ્રસંગે "Invincible NGO" ના કુલ-૧૬ સાયક્લીસ્ટો પોતાના સાયકલ રેલીના પ્રવાસ અંતર્ગત જામનગર જીલ્લામાંથી પસાર થયેલ ત્યારે પોલીસ મહાનિરીક્ષક અશોકકુમાર યાદવ રાજકોટ વિભાગ, રાજકોટ તથા જામનગર જીલ્લાના પોલીસ અધિક્ષક ડો.રવિ મોહન સૈની ના માર્ગદર્શન હેઠળ જામનગર જિલ્લામાં લોકોને માદક દ્રવ્યોના વિરુધ્ધમાં જાગૃતી લાવવા માટે સુચના કરેલ હોય જેથી S.O.G. ટીમ દ્વારા લાખોટા તળાવ ખાતે આ સાયક્લીસ્ટોને આવકારી તેમના ડ્રગ્સ જન જાગૃતિના કાર્ય આગળ ધપાવવા તેમનો ઉત્સાહ વધાર્યો હતો.આ સાયકલ રેલી દરમ્યાન જાહેર સ્થળોએ નશીલા પદાર્થોના વેચાણ, સંગ્રહ અથવા હેરાફેરી અંગે કોઈ પણ માહિતી માટે નાગરિકોને રાજ્ય સરકારના ટોલ-ફ્રી હેલ્પલાઈન નંબર 1908 પર સંપર્ક કરવા પ્રોત્સાહિત કરવામા આવેલ હતા.

**રહેવાસીઓની પંચાયતમાં રજુઆત**

## નાગલપરમાં પાણી-ગટર લાઈનના ધોરણવિહિન કામ સામે રહીશોમાં રોષ

ભુજ: અંજાર તાલુકાના નાગલપર ગામે આવેલી કલ્પવૃક્ષ સોસાયટી તથા નિલકંઠ સોસાયટીને જોડતી પાણી તથા ગટર લાઈન નાખવાની કામગીરી અત્યંત નબળી, ધોરણવિહિન તેમજ ગુણવત્તા વિહીન કરવામાં આવી રહી હોવાનું રહીશોએ ગંભીર આક્ષેપ સાથે જણાવ્યું છે. કામગીરી દરમિયાન નક્કી કરેલા ટેકનિકલ ધોરણોનું પાલન થતું નથી તેમજ ગુણવત્તા અંગે ખુલ્લેઆમ બેદરકારી દાખવવામાં આવી રહી હોવાનું રજૂઆતમાં જણાવાયું હતું.રહિશોએ જણાવ્યું હતું કે, કામગીરીમાં નબળી ગુણવત્તાની સામગ્રીનો ઉપયોગ, યોગ્ય લેવલ ન રાખવો, ગટર અને પાણી લાઈનની ઊંડાઈ નિયમ મુજબ ન હોવી, તેમજ કામ પૂર્ણ થયા બાદ રસ્તા અને આસપાસના વિસ્તારોને પૂર્વવત સ્થિતિમાં ન લાવવામાં આવતા લોકોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. આ તમામ બાબતોને કારણે કાર્યમાં ભ્રષ્ટાચાર થયો હોવાની ગંભીર શંકા પણ વ્યકત કરવામાં આવી હતી.આ નબળી કામગીરીને કારણે ભવિષ્યમાં ગટર ઉભરાવા, પાણી લીકેજ, દુર્ગંધ ફેલાવા, રસ્તા ધસી પડવા તથા આરોગ્ય સંબંધિત ગંભીર સમસ્યાઓ સર્જાવાની સંભાવના હોવાનું રહીશોએ ચેતવણી આપી હતી. સાથે જ, ફરીથી ખોદકામ કરવાની ફરજ પડે તો જાહેર નાણાંનો વ્યર્થ ખર્ચ થવાની શક્યતા હોવાનું પણ ધ્યાન દોરવામાં આવ્યું હતું. આ મુદેઅગાઉ અનેક વખત મૌખિક તેમજ લેખિત રજૂઆતો કરવા છતાં કોઈ અસરકારક પગલાં લેવામાં ન આવતા, અંતે નાગલપર પંચાયત કચેરી ખાતે મોટી સંખ્યામાં રહીશો એકત્રિત થઈ સત્તાવાર રીતે વિરોધ નોંધાવ્યો હતો.

**તાપમાન 9.5 ડિગ્રી નોંધાયું**

## જામનગર શહેર અને જિલ્લામાં સવારે ઠંડીનો પારો ફરી સિંગલ ડિજિટમાં પહોંચી જતાં બેઠો ઠાર

જામનગર શહેર અને જિલ્લામાં મકરસંક્રાંતિના પર્વના દિવસે ઠંડીનો પારો નીચે ઉતરીને સિંગલ ડિજિટમાં આવી ગયો હતો, અને 8.5 ડિગ્રી તાપમાન નોંધાતાં મોસમનો સૌથી ઠંડો દિવસ રહ્યો હતો. જેમાં ગઈકાલે થોડી રાહત જોવા મળ્યા બાદ આજે ફરીથી ઠંડીએ ભુક્કા કાઢ્યા છે, અને ઠંડીનો પારો ફરીથી નીચે સરકીને 9.5 ડિગ્રીએ પહોંચ્યો હોવાથી કાતિલ ઠંડી પડી રહી છે, અને શહેરીજનો ઉપરાંત પશુ પક્ષીઓ થર થર કાંપ્યા છે. છેલ્લા ત્રણ દિવસથી પડી રહેલી કાતિલ ઠંડીના કારણે જનજીવન પર અસર જોવા મળી રહી છે. સાથોસાથ સુસવાટા મારતા બરફીલા ઠંડા પવને રીતસર લોકોને ધ્રુજાવ્યા છે. ગઈકાલે સમગ્ર દિવસ દરમિયાન 20 થી 25 કિ.મી ની ઝડપે બરફીલો ઠંડો પવન ફૂંકાયો હતો, ત્યારબાદ મોડી સાંજે ભેજના પ્રમાણમાં પણ વધારો જોવા મળ્યો હતો. આજે પણ ઝાકળ ભીની સવારના કારણે ધુમ્મસભર્યું વાતાવરણ બનેલું જોવા મળ્યું હતું, અને માર્ગો પણ ભીંજાયા હતા.જામનગર જિલ્લા કલેકટર કચેરીના કંટ્રોલરૂમના જણાવ્યા અનુસાર આજે સવારે 8.00 વાગ્યે પુરા થતા 24.00 કલાક દરમિયાન લઘુતમ તાપમાન 9.5 ડિગ્રી રહ્યું હતું, જ્યારે મહત્તમ તાપમાન 26.0 ડીગ્રી સેન્ટ્રીગેડ નોંધાયું છે.

## BSNLના 35,000ની કિંમતના કોપર કેબલની કોઈ તસ્કરો ચોરી કરી ગયા

જામનગર તાલુકાના અલિયાબાડા ગામમાં તસ્કરો ત્રાટક્યા હતા, અને બીએસએનએલના કોપર કેબલની ચોરી કરી લઈ ગયા હતા. બી.એસ.એન.એલ. કંપની દ્વારા અલિયાબાડા રોડ પર ખાડો ખોદીને તેમાંથી 400 પેરના આશરે 8 મીટર કોપર કેબલ રાખવામાં આવ્યો હતો, ત્યાંથી કોઈ તસ્કરો રૂપિયા 35 હજારની કિંમતના કેબલની ચોરી ગયા હોવાથી બીએસએનએલના કર્મચારી સંજય મહાદેવભાઈએ પંચકોશી એ. ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે, અને પોલીસ ટીમ તસ્કરોને શોધી કાઢવા માટે તપાસ ચલાવી રહી છે.

**પાંજરાપોળ જૈન સંઘને સાચા સેવાર્થી ગુમાવ્યાનો રંજ**

## ચાણસ્મા સેવાર્થી જૈન શ્રેષ્ઠી રમણલાલ શાહના નિધન



ચાણસ્મા : ચાણસ્માના જૈન શ્રેષ્ઠી રમણલાલ વાડીલાલ શાહ પાંજરાપોળમાં ઢોર માટે ચાર વ્યવસ્થા કરવી સાથે અન્ય પાંજરાપોળોને દાતાઓ થકી ઘાસ ચારો મોકલવાની વ્યવસ્થા થકી સેવાના ઉત્તમ કાર્યમાં અગ્રેસર રહેતા અને ચાણસ્મા જૈન સંઘ માં અનેક સેવાકીય કાર્યોમાં મહત્વનું યોગદાન રહેલું છે તેવા રમણલાલ ઉર્ફે કાકાનું ટૂંકી માંદગી બાદ નિધન થતાં ચાણસ્મા જૈન સમાજ ને સેવાર્થી શ્રેષ્ઠીની મોટી ખોટ પડી છે ઉલ્લેખનીય છે કે સ્વ.રમણકાકા દ્વારા ચાણસ્માની અન્ય સેવાકીય સંસ્થાઓને પણ સેવાકીય કાર્યોમાં દાતાઓને સહયોગ આપવામાં મધ્યસ્થી સેવાકીય કાર્યમાં અગ્રેસર રહેનાર દિવંગત રમણકાકાના નિધનથી ચાણસ્મા જૈન સમાજ સહિત ચાણસ્મા નગરે સાચાસેવાર્થી અને દાતા ગુમાવ્યા હોવાનું ચાણસ્મા જૈન સમાજના અગ્રણી ચેતનભાઈ શાહ અને સાવનભાઈએ જણાવ્યું હતું

**મની લોન્ડરીંગના કેસનો ડર બતાવીને**

## કેરાના એનઆરઆઇ વૃધ્ધને ડિજિટલ એરેસ્ટ કરીને ઓનલાઇન 1.11 કરોડની લાખની ઠગાઇ

ભુજ: ભુજ તાલુકાના કેરા ગામે રહેતા એનઆરઆઇ વૃધ્ધને તેમના સીમકાર્ડ અને એટીએમ કાર્ડ મની લોંડરીંગના કેસ થયાનો ડર બતાવી ડિજિટલ એરેસ્ટ કરીને કોલાબા પોલીસ અને સીબીઆઇના અધિકારીની ખોટી ઓળખ આપી બે ધૂતારાઓ ઓનલાઇન બેન્કના ખાતામાંથી રૂપિયા એક કરોડ ૧૧ લાખ ટ્રાન્સફર કરાવી લઇને છેતરપીંડી વિશ્વાસઘાત કરતાં આરોપીઓ સામે બોર્ડર રેન્જ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ભુજમાં ફરિયાદ નોંધાવી હતી.

મુળ ભુજ તાલુકાના કેરા ગામે રહેતા અને હાલ લંડન નિવાસી નિવૃત મનજીભાઇ રામજીભાઇ પટેલ (ઉ.વ.૭૧)એ ફરિયાદમાં જણાવ્યુ હતું. કે, તેમના પત્નીનું ૨૦૦૨માં અવસાન થયું છે. સંતાનમાં એક દિકરો અને બે દિકરીઓ છે. તેઓના લગ્ન થઇ ગયા છે. અને તેઓ પણ વિદેશ રહે છે. ફરિયાદી દર ડીસેમ્બર માસમાં ઈન્ડિયા તેમના કેરા ગામે વતને આવે છે. અને જાન્યુઆરી બાદ પરત લંડન થતા રહે છે. બનાવ ૨૯ ડીસેમ્બર ૨૦૨૫થી ૭ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન બન્યો હતો. ફરિયાદીના મોબાઇલ ફોન નંબર પર એક અજાણ્યા નંબરથી હિન્દી ભાષામાં મહિલાએ ફોન કરીને ફરિયાદીને તમારો સીમ કાર્ડ કોઇ ગેર પ્રવૃતિમાં સંકડાયેલ છે. જે બંધ થઇ જશે જો આ અંગે તમારે કોઇ માહિતી જોઇતી હોય તો, હું કોલાબા પોલીસ સ્ટેશનમાં ફોર્વડ કરૂ છુ તેમ કહ્યું હતું. ત્યાર બાદ કોલાબા પોલીસ સ્ટેશનમાંથી બોલતા હોવાનું કહીને એક અજાણ્યા શખ્સે તાત્કાલિક કોલાબા પોલીસ સ્ટેશને આવો તેવું જણાવતાં ફરિયાદીએ હાલ હુ ગુજરાતમાં છુ. નહીં આવી શકુ તેમ કહીને ફોન કટ કરી નાખ્યો હતો. ત્યાર બાદ થોડીવારમાં ફરિયાદીને વોટ્સએપ પર ગૃપ વીડિયો કોલ આવ્યો હતો. જેમાં પોલીસ ડ્રેસમાં વિજય ખન્ના અને બજા સીબીઆઇ અધિકારી તરીકેની ઓળખ આપનારાએ જણાવ્યું હતું. કે, તમારા વિરૂધ્ધ અમને ફરિયાદ મળી છે. તમારો સીમ કાર્ડઅને એટીએમ કાર્ડ મળ્યું છે. આ કાર્ડ જેના પાસેથી મળ્યો છે તે નરેશ ગોયલ છે. તે મુખ્ય આરોપી છે. નરેશ ગોયલ સાથે તમારી વાતચિત થઇ હોવાનું સામે આવ્યુ છે. જેના કારણે તમારા પર મની લોંડરીંગનો કેસ છે. ત્યાર બાદ ફરિયાદી પાસે જે જે સંપતિ છે. તેની વિગતો પરિવારની વિગતો બેન્કની ડીટેઇલ તેમજ પરિવારના સભ્યોની વિગતો મેળવી લીધી હતી.

**પુરુષો માં દેડીયાપાડા અને મહિલાઓ માં સાગબારાની ટીમ ફાયનલ મેચ જીતી**

## ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા ધારાસભ્ય ડો.દર્શનાબેન પણ હાજર રહ્યા





| ભરત શાહ | નર્મદા : તા. 16

નર્મદા જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ આયોજિત જિલ્લા કક્ષાની ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન અંબુભાઈ પુરાણી હાઈસ્કુલ રાજપીપળા ખાતે કરવામાં આવ્યું હતું જેમાં નર્મદા જિલ્લાના જુદા જુદા તાલુકાના શિક્ષક ભાઈઓની 6 ટીમની અને શિક્ષક બહેનોની 4 ટીમો હાજર રહી હતી. શિક્ષકો ભાઈઓ ની ટીમો સામસામે ક્રિકેટર મેચ રમતા અંતે ફાયનલ મેચ નાંદોદ અને દેડિયાપાડા વચ્ચે યોજાઈ જેમાં વિજેતા દેડિયાપાડા અને ઉપ વિજેતા નાંદોદ ની ટીમ બની હતી. એવીજ રીતે બહેનો ની ક્રિકેટ મેચ માં ફાઈનલ સાગબારા અને દેડિયાપાડા વચ્ચે રમાઈ જેમાં વિજેતા સાગબારા બની હતી. આ વિજેતા ટીમોને મોમેન્ટો અને પ્રોત્સાહક ઈનામો આપવામાં આવ્યા હતા. આ ક્રિકેટ ટુર્નામેન્ટમાં સૌપ્રથમ ઉદ્ઘાટનમાં જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ સુરેશ ભગત, મહામંત્રી સુરેશ વસાવા, ખજાનચી દિનેશ બારીયા જિલ્લા સંઘ અને રાજ્ય સંઘના કારોબારી સભ્યઓ, તમામ ઘટક સંઘના પ્રમુખ મંત્રી અને ખજાનચીઓ હાજર રહ્યા હતા. આ ઉપરાંત નર્મદા જિલ્લા આચાર્ય સંઘના પ્રમુખ નિલેશભાઈ વસાવા પણ હાજર રહીને ખેલાડીઓને પ્રોત્સાહન આપ્યું હતું. ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા માટે ખાસ નાંદોદ મતવિસ્તારના ધારાસભ્ય ડો.દર્શનાબેન દેશમુખ પણ હાજર રહ્યા હતા. અને તેઓએ ખેલાડીઓને પ્રેરક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું

## જામનગર શહેરમાં ઈંગ્લિશ દારૂ સાથે નીકળેલા બે શખ્સો પકડાયા : અન્ય એક સપ્લાયરનું નામ ખુલ્યું

જામનગર : જામનગર શહેરમાં ઈંગ્લીશ દારૂ અંગેનો પ્રથમ દરોડો એસટી ડેપો રોડ પર પાડ્યો હતો. જ્યાંથી ઈંગ્લિશ દારૂ સાથે નીકળેલા કિશોર જેઠાભાઈ રામનાણીની અટકાયત કરી લઈ, તેની પાસેથી ઈંગ્લિશ દારૂ કબજે કર્યો છે. જેને દારૂ સપ્લાય કરનાર દિગ્વિજય પ્લોટ શેરી નંબર 54 માં રહેતા ભાવિક ઉર્ફે છાબોને ફરાર જાહેર કરી પોલીસ દ્વારા તેની શોધખોળ ચલાવવામાં આવી રહી છે. જામનગરમાં જૂની કસ્ટમ ઓફિસ પાસેથી ઈંગ્લીશ દારૂ સાથે નીકળેલા ઈન્દ્રજીતસિંહ પ્રફુલસિંહ ચૌહાણને પોલીસે અટકાયતમાં લઈ લીધો છે. અને તેની પાસેથી બે નંગ ઈંગ્લિશ દારૂની બોટલો કબજે કરી છે.

**રાજ્યના ૩૬ શ્રેષ્ઠ શિક્ષકોનું સન્માન કરાયું**

## મુખ્ય શિક્ષક હેમાંગભાઈ પટેલને પૂજ્ય મોરારીબાપુના હસ્તે 'ચિત્રકૂટ એવોર્ડ' અર્પણ.....



લુણાવાડા : જ્યાં શિક્ષણમાં સંસ્કાર જોડાય અને બાળકોને માત્ર ભણાવવામાં નહીં પરંતુ ઘડવામાં આવે, ત્યાં જ સાચો શિક્ષક જન્મે છે. આ વાક્યને મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાની નપાણિયા લાડવેલ પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષક હેમાંગભાઈ આર. પટેલે સાર્થક કરી બતાવ્યું છે. તેમની નિષ્ઠાપૂર્વકની શૈક્ષણિક સેવાઓને બિરદાવતા, મકરસંક્રાંતિના પવિત્ર દિવસે પૂજ્ય મોરારીબાપુના વરદહસ્તે તેમને રાજ્યના પ્રતિષ્ઠિત 'ચિત્રકૂટ એવોર્ડ' શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક થી નવાજવામાં આવ્યા છે.મહુવા તાલુકાના તલગાજરડા ખાતે ૧૪મી જાન્યુઆરી મકરસંક્રાંતિના રોજ સવારે આ કાર્યક્રમ યોજાયો હતો. આ અવસરે પૂજ્ય મોરારીબાપુના હસ્તે તલગાજરડાની નવનિર્મિત કેન્દ્રવર્તી શાળાના બિલ્ડીંગનું લોકાર્પણ પણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં શિવકુંજ આશ્રમ અધેવાડાના સંત પૂજ્ય સીતારામબાપુ તેમજ રાજ્યના કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.સને ૨૦૦૦ની સાલથી પ્રારંભાયેલા અને પ્રાથમિક શિક્ષકો માટે અત્યંત ગૌરવવંતા ગણાતા ચિત્રકૂટ એવોર્ડનો આ સળંગ ૨૬મો અવસર હતો. ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા પસંદ કરાયેલા રાજ્યના દરેક જિલ્લામાંથી એક અને નગરપાલિકા વિસ્તારના મળી કુલ ૩૬ પ્રતિભાવંત શિક્ષકોને તેમની નમૂનેદાર કામગીરી બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા.

**આ કૌભાંડ ની વિજિલન્સ તપાસ થવી જોઈએ...**

## મુલ્કાપાડા ગામમાં આવાસ યોજનામાં મકાન બાંધકામ કર્યા વિના જ સહાય ચૂકવવાતા ભ્રષ્ટાચાર ની ગંધ

| ભરત શાહ | નર્મદા : તા. 16





નર્મદા જિલ્લાના ડેડીયાપાડા અને ચિકદા તાલુકામાં પ્રધાનમંત્રી આવાસ યોજનાના બાંધકામમાં મોટો ભ્રષ્ટાચાર સામે આવ્યો છે. કેટલાક સ્થાનિક આગેવાનોની ફરિયાદને ધ્યાને લઈ ડેડીયાપાડા અને ચીકદા તાલુકાના વિવિધ ગામોમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાની બાંધકામ અંગે તપાસ કરતાં ખૂબ મોટો ઝોલ જોવા મળ્યો છે. ત્યારે આ આવાસના બાંધકામમાં તલાટી તેમજ તાલુકા પંચાયતના ટેકનીકલ વિભાગ તેમજ મોટા કર્મચારીઓની સંડોવણી સામે આવે તેવું લાગી રહ્યું છે. મુલ્કાપાડા ગામના વર્ષ 2022 - 23 અને વર્ષ 2024 -25 ના મંજૂર થયેલા આવાસોમાં સહાય રકમ પૂરેપૂરી અરજદારના ખાતામાં જમા થઈ ગઈ છે જ્યારે અરજદારના લોકેશન પર તપાસ કરતા અરજદારનું ઘર કાચું જોવા મળ્યું હતું. સરકાર દ્વારા ગરીબ પરીવારોને પાકું ઘર મળે તે માટે 1,20,000 જેવી સહાય આપવામાં આવે છે. આ ઉપરાંત મનરેગા અંતર્ગત તેમજ શૌચાલય પેટે એમ મળીને કુલ 1,50,000 જેવી રકમ આપવામાં આવે છે. જેમાં તબક્કાવાર હપ્તા પેટે સહાય અરજદારના ખાતામાં જમા થતી હોય છે. જેમ જેમ મકાનનું બાંધકામ આગળ વધે તેમ તેમ બીજા હપ્તા અરજદારના ખાતામાં જમા થતા હોય છે. બાંધકામ અંગેનો રિપોર્ટ ટેકનીકલ ટીમ દ્વારા ઓનલાઈન જીઓ ટેગિંગ સિસ્ટમ વડે કરવામાં આવે છે. ફાઈનલ ડેટા સબમિટ કરતા તાલુકા વિકાસ અધિકારી દ્વારા એપ્રુવલ આપી તમામ રકમ અરજદારના ખાતામાં નાખવામાં આવે છે. ત્યારે ફક્ત મુલ્કાપાડા ગામમાં જ પંદર થી વધારે અરજદારોના ખાતામાં આવાસની સહાય મંજૂર થઈ જમાં થઈ છે જ્યારે સ્થળ પર ચકાસણી કરતા તેમના ઘરો આજે પણ વાંસથી બનેલી કાચી ભીંતો ના બનેલા છે. આ સહાયનો લાભ લેનાર ના ઘર પાસે એક ઈંટ જોવા મળેલ નથી. ત્યારે ગામના તલાટી તેમજ આવાસ વિભાગના ટેકનિકલ તેમજ તાલુકા પંચાયતના કર્મચારીઓની મીલીભગત થી ખૂબ મોટો ભ્રષ્ટાચાર થયો હોવાનું સામે આવ્યું છે. દેડિયાપાડા તેમજ ચીકદા તાલુકામાં તમામ ગ્રામ પંચાયતોમાં વિજિલન્સ તપાસ કરવામાં આવે તો પ્રધાનમંત્રી આવાસ યોજનામાં મનરેગા જેવું ખૂબ મોટું કૌભાંડ સામે આવે તેમ છે.

## મુંદરા કસ્ટોડિયલ ડેથ કેસના સાહેદ ઉપર હુમલો

ભુજ: મુંદરા પોલીસ સ્ટેશનમાં પાંચ વર્ષે પહેલા બે વ્યકિતઓના કસ્ટોડીયલ ડેથ કેસમાં પોલીસ હેડ કોન્સ્ટેબલ શક્તિસિંહ યોગેન્દ્રસિંહ ગોહિલ પાલારા જેલમાંથી પેરોલ જમ્પમાંથી બે અઠવાડિયાથી ફરાર છે તે વચ્ચે ગત તારીખ ૧૩ની રાત્રિના આ પ્રકરણમાં મહત્વના સાહેદ એવા મુંદરા તાલુકા ક્ષત્રિય સમાજના અગ્રણી એવા ધારાશાસ્ત્રી વિજયસિંહ અજિતસિંહ જાડેજા પર હિચકારો હુમલો કરવામાં આવ્યો છે. આ ઘટનાની ગંભીરતાને લક્ષમાં લઈને મુંદરા તાલુકા ચારણ સમાજ દ્વારા હુમલાના બનાવને વખોડી કાઢી તમામ સાહેદોની સલામતી અને જાનમાલની રક્ષા કરવામાં આવે અને શક્તિસિંહ તેમજ મળતીયાઓને પકડી પાડવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.આ બનાવની વિગત એવી છે કે, પાંચ વર્ષ પહેલા તા.૧૨/૧/૨૦૨૧થી તા.૧૯/૧/૨૦૨૧ દરમિયાન અરજણ ખેરાજ ગઢવી, હરજોગ હરી ગઢવી અને શામરા પબુ ગઢવીને મુંદરા પોલીસ સ્ટેશનના ડી- સ્ટાફના હેડ કોન્સ્ટેબલ શક્તિસિંહ યોગેન્દ્રસિંહ ગોહિલ તથા તેના સાગરીતો દ્વારા મુંદરા પોલીસ મથકમાં ગોંધી રાખવામાં આવ્યા હતા. ત્યારબાદ ગંભીર ઈજાઓના કારણે તા.૧૯/૧/૨૧ના અરજણ ખેરાજનું પોલીસ સ્ટેશનમાં જ મોત નિપજ્યું હતું. જયારે ગંભીર ઈજાઓનો ભોગ બનેલા હરજોગ ગઢવીને ભુજ બાદ વધુ સારવાર અર્થે અમદાવાદ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તા.૬/૨/૨૧ના સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે મૃત્યુ થયું. આમ, મુંદરા પોલીસ સ્ટેશનના પોલીસ અધિકારી- કર્મચારીઓના મારના કારણે બે વ્યકિતઓના મોત થયાની ચર્ચાસ્પદ ઘટનામાં ડી સ્ટાફના ત્રણ પોલીસ કર્મચારીઓ બે મહિના ફરાર થઈ ગયા હતા.

### ભારત એન્ટી ડમ્પિંગ ડ્યુટી દ્વારા ચીની માલ રોકશે

# ભારત ચીન આયાત અંકુશ માટે કડક આર્થિક પગલાં લેશે




મુંબઈ: ભારત સહિત એશિયાના ઉભરતા બજારોમાં ચીનથી આવતા માલસામાનના પ્રવાહને રોકવા માટે હવે મજબૂત વ્યૂહરચના તૈયાર કરવામાં આવી રહી છે. છેલ્લા કેટલાક સમયથી ચીની ચીજવસ્તુઓની આયાતમાં થયેલા અસાધારણ વધારાને કારણે સ્થાનિક ઉદ્યોગો સામે મોટું સંકટ ઊભું થયું છે, જેને ધ્યાનમાં રાખીને ભારત સરકાર હવે અત્યંત કડક અને અંકૂશાત્મક પગલાં લેવાની તૈયારી કરી રહી છે. મીડિયા અહેવાલ અને એસએન્ડપી ગ્લોબલ રેટિંગ્સના તાજેતરના વિશ્લેષણ મુજબ, ચીન દ્વારા એશિયાના દેશોમાં કરવામાં આવતી નિકાસ સામે હવે આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રતિકાર અને વિરોધનો વંટોળ શરૂ થયો છે. ભારત આ દિશામાં અગ્રેસર રહીને પોતાની આર્થિક સીમાઓને સુરક્ષિત કરવા માટે એન્ટી ડમ્પિંગ ડ્યુટી જેવા આકરા શસ્ત્રોનો ઉપયોગ કરવા સજ્જ બન્યું છે.

વર્તમાન આંકડાકીય પરિસ્થિતિ પર નજર કરીએ તો, ભારત અને ચીન વચ્ચેના વેપારમાં અસંતુલન એક ગંભીર સપાટીએ પહોંચ્યું છે. વર્ષ ૨૦૨૫ દરમિયાન ચીન ખાતે ભારતની નિકાસ માત્ર ૫.૫૦ અબજ ડોલર વધીને ૧૯.૭૫ અબજ ડોલર સુધી મર્યાદિત રહી હતી. તેની સામે ચીનથી ભારતમાં થતી આયાત ૧૨.૮૦ ટકાના જંગી ઉછાળા સાથે ૧૩૫.૮૭ અબજ ડોલરના સ્તરે પહોંચી ગઈ છે. આ આંકડાકીય અસમાનતાને કારણે ભારતની ચીન સાથેની વેપાર ખાધ વધીને ૧૧૬.૧૨ અબજ ડોલર જેટલી પ્રચંડ થઈ ગઈ છે. આ વધતી જતી ખાઈ ભારતીય અર્થતંત્ર માટે ચેતવણી સમાન છે, જેના કારણે કેન્દ્ર સરકાર હવે આયાત પર અંકુશ મેળવવા માટે વિવિધ ટેરિફ અને નોન-ટેરિફ અવરોધો ઊભા કરવાની દિશામાં ગંભીરતાથી વિચારી રહી છે.

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, ચીન માત્ર સીધી નિકાસ જ નથી કરી રહ્યું, પરંતુ એશિયાના કેટલાક દેશોનો ઉપયોગ 'ટ્રાન્ઝિટ પોઈન્ટ' તરીકે કરી રહ્યું છે. એસએન્ડપીના રિપોર્ટમાં એવો ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે કે એશિયાના ઘણા દેશો ચીનના સસ્તા માલને ભારત, અમેરિકા અને અન્ય વિકસિત દેશોમાં રિ-એક્સપોર્ટ કરી રહ્યા છે. આ પ્રકારની વેપાર નીતિને કારણે ચીની માલસામાન મૂળ સ્ત્રોત છુપાવીને ભારતીય બજારોમાં ઘૂસી રહ્યો છે. આ પ્રક્રિયાથી ન માત્ર ભારતની વેપાર ખાધ વધે છે, પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તરે પણ આર્થિક સ્થિરતા જોખમાય છે. ભારત સરકાર આ છટકબારીઓ બંધ કરવા માટે કડક મોનિટરિંગ સિસ્ટમ અમલમાં લાવવાની તૈયારી કરી રહી છે.

ચીનથી આવતા અત્યંત સસ્તા અને ડમ્પ કરેલા માલને કારણે ઘરઆંગણેની મેન્યુફેક્ચરિંગ કંપનીઓ ભારે દબાણ હેઠળ છે. ભારતીય લઘુ અને મધ્યમ ઉદ્યોગો ચીની કંપનીઓની આક્રમક કિંમત નિર્ધારણ નીતિ સામે ટકી શકતા નથી. મીડિયા અહેવાલ મુજબ, આ પરિસ્થિતિને કારણે ભારતીય એકમોની ઉત્પાદન ક્ષમતા અને નફાકારકતા પર વિપરીત અસર પડી રહી છે. સ્થાનિક કંપનીઓને આ અસમાન સ્પર્ધામાંથી બચાવવા માટે સરકાર હવે સંરક્ષણાત્મક કવચ પૂરું પાડશે. આ માટે ગુણવત્તાના માપદંડો વધુ કડક બનાવવામાં આવશે અને ચીની ઉત્પાદનો પર વિશેષ નજર રાખવામાં આવશે જેથી ભારતીય ઉદ્યોગોને સમાન તકો મળી રહે.

આગામી સમયમાં ભારત ચીન ખાતેથી આવતી આયાતને ઘટાડવા માટે બહુસ્તરીય યોજના પર કામ કરી રહ્યું છે. જેમાં સૌથી મહત્વનું પગલું એન્ટી ડમ્પિંગ ડ્યુટીનું છે. આ ઉપરાંત, ટેકનિકલ અવરોધો અને આયાત લાયસન્સિંગ જેવા પગલાં પણ લેવાઈ શકે છે. સરકારનો મુખ્ય ઉદ્દેશ્ય વેપાર ખાધમાં મોટો ઘટાડો લાવીને 'મેક ઈન ઈન્ડિયા' અભિયાનને વધુ મજબૂત બનાવવાનો છે. જે રીતે ચીની માલસામાન સામે વૈશ્વિક સ્તરે અસંતોષ વધી રહ્યો છે, તે જોતા ભારત અન્ય એશિયન દેશો સાથે મળીને એક સંયુક્ત આર્થિક મોરચો પણ બનાવી શકે છે. ચીન પરની નિર્ભરતા ઘટાડવી એ હવે માત્ર આર્થિક જ નહીં પણ વ્યૂહાત્મક જરૂરિયાત બની ગઈ છે.

## સેન્સેક્સમાં 200 અંકથી વધુનો ઊછાળો : 83,600 પર ટ્રેડિંગ

મુંબઈ | શેરબજારમાં આજે એટલે કે 16 જાન્યુઆરીએ તેજી જોવા મળી રહી છે. સેન્સેક્સ 200થી વધુ પોઈન્ટ ચઢીને 83,600ના સ્તરે કારોબાર કરી રહ્યો છે. જ્યારે નિફ્ટીમાં પણ લગભગ 50 પોઈન્ટનો ઉછાળો છે. તે 25,700ના સ્તરે કારોબાર કરી રહ્યો છે. સેન્સેક્સના 30 શેરોમાંથી 16માં તેજી અને 14માં ઘટાડો જોવા મળી રહ્યો છે. બેન્કિંગ, ઓટો અને IT શેરોમાં તેજી જોવા મળી રહી છે. જ્યારે ફાર્મા અને મેટલ શેરોમાં ઘટાડો છે.એશિયન બજારોમાં કોરિયાનો કોસ્પી 0.88% ઉપર 4,839 પર અને જાપાનનો નિક્કેઈ ઈન્ડેક્સ 0.44% નીચે 53,874 પર કારોબાર કરી રહ્યો છે.હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ 0.25% નીચે 26,856 પર અને ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ 0.050% ઉપર 4,114 પર ટ્રેડ કરી રહ્યો છે.15 જાન્યુઆરીએ અમેરિકાનો ડાઉ જોન્સ 0.60% ચઢીને 49,442 પર બંધ થયો. જ્યારે, નાસ્ડેક કમ્પોઝિટ 0.25% ચઢ્યો. S&P 500માં 0.26%ની તેજી રહી.આ સમયગાળા દરમિયાન સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (DIIs) એ 5,217 કરોડના શેર ખરીદ્યા.ડિસેમ્બર 2025માં FIIs એ કુલ 34,350 કરોડના શેર વેચ્યા. આ સમયગાળા દરમિયાન બજારને સંભાળી રહેલા DIIs એ 79,620 કરોડના શેર ખરીદ્યા.15 જાન્યુઆરીએ મહારાષ્ટ્રમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને કારણે બજાર બંધ હતું.

## News Brief

### બોન્ડટાઈટ દ્વારા રણબીર કપૂર સાથે મળીને ભારતીય એડહેસિવ બજારને નવી દિશા આપતી ભવ્ય પહેલ

નવી દિલ્હી: 30 વર્ષથી વધુનો મજબૂત વારસો ધરાવતી અને ભારતની સૌથી વિશ્વસનીય એડહેસિવ બ્રાન્ડ્સમાંની એક, એસ્ટ્રલ લિમિટેડની બોન્ડટાઈટ હવે તેના નવા બ્રાન્ડ કેમ્પેઈન સાથે એક મહત્વપૂર્ણ પગલું ભરવા જઈ રહી છે. આ પહેલ ભારતીય એડહેસિવ બજારમાં બોન્ડટાઈટને એક પ્રીમિયમ ચેલેન્જર બ્રાન્ડ તરીકે વધુ મજબૂત બનાવવા માટે લેવામાં આવી છે.આ વ્યૂહાત્મક પગલાં હેઠળ બોન્ડટાઈટે જાણીતા અભિનેતા રણબીર કપૂરને તેના બ્રાન્ડ ફેસ તરીકે જોડ્યા છે. અનેક પેઢીઓમાં લોકપ્રિયતા ધરાવતા રણબીર કપૂર વિશ્વાસ, વર્સેટિલિટી અને વ્યાપક આકર્ષણ માટે જાણીતા છે. આ ગુણધર્મો બોન્ડટાઈટના બ્રાન્ડ મૂલ્યો સાથે સંપૂર્ણ રીતે મેળ ખાતા હોવાથી, આ સહયોગ બ્રાન્ડને વધુ મજબૂત અને સંબંધિત બનાવે છે.

### ગોદરેજ પ્રોપર્ટીઝ સતત બીજા વર્ષે બુકિંગ વેલ્યુ અને કલેક્શનની દૃષ્ટિએ સૌથી મોટી લિસ્ટેડ રેસિડેન્શિયલ રિયલ એસ્ટેટ ડેવલપર

નવી દિલ્હી: ભારતની અગ્રણી રિયલ એસ્ટેટ ડેવલપર્સ કંપનીઓ પૈકીની એક ગોદરેજ પ્રોપર્ટીઝ લિમિટેડ (જીપીએલ) (સ્ક્રિપ આઈડી: ગોદરેજપ્રોપ) એ, બુકિંગ વેલ્યુ અને કેશ કલેક્શનના મુખ્ય ઓપરેટિંગ માપદંડોના આધારે કેલેન્ડર વર્ષ 2025માં સતત બીજા વર્ષે ભારતની સૌથી મોટી લિસ્ટેડ રેસિડેન્શિયલ રિયલ એસ્ટેટ ડેવલપર તરીકે ઉભરી આવી હોવાની જાહેરાત કરી છે.

કેલેન્ડર વર્ષ 2025 દરમિયાન, જીપીએલે ભારતભરમાં 41 સફળ પ્રોજેક્ટ લોન્ચિંગ સાથે 27.26 મિલિયન ચોરસ ફૂટના કુલ વેચાણપાત્ર વિસ્તાર ધરાવતા 16,428 ઘરોનું વેચાણ કર્યું હતું. બુકિંગ વેલ્યુ વાર્ષિક ધોરણે 19% વધીને રૂ.34,171 કરોડ થયું છે, જે CY 2022 અને CY 2025 દરમિયાન આશરે 44%નો CAGR દર્શાવે છે.

### કલ્યાણ જ્વેલર્સ ઈન્ડિયા લિમિટેડે નવા સ્વતંત્ર ડિરેક્ટરની નિમણૂંક કરવા સાથે બોર્ડ કમિટીની પુનઃરચના કરી

નવી દિલ્હી: કલ્યાણ જ્વેલર્સ ઈન્ડિયા લિમિટેડ (એનએસઈ:KALYANKJIL)એ આજે જાહેરાત કરી છે કે તેના બોર્ડમાં 14મી જાન્યુઆરી 2026થી અમલી બને તે રીતે સુશ્રી રાધિકા રમાણી અને શ્રી સીઆર રાજગોપાલનની એડિશનલ ડિરેક્ટર્સ (નોન-એક્ઝિક્યુટીવ અને ઈન્ડિપેન્ડેન્ટ) તરીકે નિમણૂંક કરી છે.નોમિનેશન અને રેમ્યુનરેશન કમિટીની ભલામણને આધારે બોર્ડ ઓફ ડિરેક્ટર્સની મંજૂરી સાથે આ નિમણૂંક સતત પાંચ વર્ષ માટે 13 જાન્યુઆરી 2031 સુધી છે, અને તે કંપની ધારો 2013 તથા લાગૂ સેબી નિયમન પ્રમાણે શેરધારકોની મંજૂરીને આધિન છે.બોર્ડે કહ્યું કે આ નિમણૂંક કંપનીના કોર્પોરેટ ગવર્નન્સને મજબૂત કરવા, સ્વતંત્રપણે દેખરેખ તથા લાંબા ગાળા માટે મૂલ્યસર્જન પર સતત ધ્યાન કેન્દ્રીત રાખવાને અનુરૂપ છે.

### વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ 2026માં TARIL ભારતના ઊર્જા સંક્રમણ પ્રત્યેની પ્રતિબદ્ધતાને મજબૂત બનાવે છે

નવી દિલ્હી: ભારતની અગ્રણી ટ્રાન્સફોર્મર મેન્યુફેક્ચરિંગ કંપનીઓ પૈકીની એક ટ્રાન્સફોર્મર્સ એન્ડ રેક્ટિફાયર્સ (ઈન્ડિયા) લિમિટેડ (TARIL) ગુજરાતના રાજકોટમાં મારવાડી યુનિવર્સિટી ખાતે 11મી અને 12મી જાન્યુઆરી, 2026 ખાતે યોજાયેલી વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ (વીજીઆરસી) 2026માં ગર્વભેર ભાગ લીધો હતો.કોન્ફરન્સમાં 24 દેશોના ડેલિગેટ્સ સાથે 4,000થી વધુ ઉદ્યોગસાહસિકોએ ભાગ લીધો હતો, જેમાં ગુજરાતના ઔદ્યોગિક તથા ઉત્પાદન ઈકોસિસ્ટમમાં મજબૂત વૈશ્વિક તથા સ્થાનિક રસ જોવા મળ્યો હતો. આ ઈવેન્ટ રોકાણ અને સહયોગ માટે મહત્વનું મંચ પણ બની રહી હતી, જેમાં કોન્ફરન્સ દરમિયાન 5,492 એમઓયુ પર હસ્તાક્ષર થયા હતા. કોન્ફરન્સમાં TARIL ની હાજરીનો ઉદ્દેશ્ય ઉદ્યોગ-સરકાર જોડાણને મજબૂત બનાવવાનો હતો, જેણે તેની ઉત્પાદન અને એન્જિનિયરિંગ ક્ષમતાઓ દર્શાવી હતી અને ભારતના વીજ, પુનઃવપરાશી ઊર્જા અને માળખાકીય સુવિધાઓના વિકાસની રૂપરેખા અંગે ચર્ચાઓમાં યોગદાન આપ્યું હતું.

### જીપ® દ્વારા 'કોન્ફિડન્સ 7'નું અનાવરણ - કંપાસ અને મેરિડીયન માટે લોન્ગ-ટર્મ પ્રીમિયમ એસયુવી ઓનરશિપ એશ્યોરંસમાં એક નવો બેન્ચમાર્ક

નવી દિલ્હી: જીપ ઈન્ડિયાએ આજે જીપ® કોન્ફિડન્સ 7ના લોન્ચની જાહેરાત કરી, જે એક એવો કોમ્પ્રિહેંસિવ પ્રીમિયમ ઓનરશિપ પ્રોગ્રામ છે, જેને ભારતમાં લૉન્ગ-ટર્મ એસયુવી ઓનરશિપને ફરીથી વ્યાખ્યાયિત કરવા માટે ડિઝાઈન કરવામાં આવ્યો છે. જીપ મેરિડિયન અને જીપ કંપાસ માટે ખાસ બનાવવામાં આવેલ, આ પ્રોગ્રામ પોઈન્ટ ઓફ પરચેઝથી આગળ - વર્લ્ડ-ક્લાસ ક્વાલિટી, વિશ્વસનીયતા અને સંપૂર્ણ કસ્ટમર એશ્યોરંસ આપવાની જીપની પ્રતિબદ્ધતાને મજબૂત બનાવે છે. આઠ દાયકાથી વધુ સમયથી, જીપ બ્રાન્ડ વિશ્વાસ, મજબૂતી અને દરેક પ્રકારના ભૂપ્રદેશ પર ચાલવાની ક્ષમતા માટે ઓળખાય છે. જીપ® કોન્ફિડન્સ 7 સાથે, એ જ સુપ્રસિદ્ધ આત્મવિશ્વાસ હવે કસ્ટમરની ઓનરશિપ જર્નીના દરેક સ્ટેજ સુધી પહોંચી ગઈ છે.

### SUV ઈન્ડિયા હવે વધુ ઝડપી, વધુ સ્માર્ટ, વધુ સુરક્ષિત અને વઝુ બોલ્ડને ચાહે છે

## ઓલ ન્યુ પંચ સાથે કમાન્ડ મેક્સ

નવી દિલ્હી: ટાટા મોટર્સ પેસેન્જર વ્હિકલ્સ લિમીટેડએ આજે ભારતની અત્યંત લોકપ્રિય એસયુવીને તદ્દન નવા, વધુ ઝડપી, વધુ સ્માર્ટ અને બોલ્ડ અવતારમાં લોન્ચ કરી હોવાની ઘોષણા કરી છે. નવી ટાટા પંચમાં અતુલનીય પાવર, ચડીયાતો આરામ, ઘતન ટેક્નોલોજી અને મસ્ક્યુલર સ્ટાઈલીંગનો તેના વિશિષ્ટ સિગ્નેચર "કમાન્ડ મેક્સ" હેઠળ સમાવેશ થાય છે અને તે ફક્ત રૂ. 5.59 (એક્સ શોરૂમ, નવી દિલ્હી)ની પ્રારંભિક કિંમતે ઉપલબ્ધ છે. ઓક્ટોબર 2021 માં સબકોમ્પેક્ટ SUV શ્રેણીમાં શરૂઆત કર્યા પછી અને ₹700,000 ગ્રાહકો દ્વારા પહેલાથી જ વિશ્વાસપાત્ર, નવી ટાટા પંચ બે અદ્યતન પાવરટ્રેન વિકલ્પો રજૂ કરીને ઉદ્યોગ માપદંડ બનાવવાના તેના વારસાને આગળ ધપાવે છે:1.2L ટર્બોચાર્જ્ડ iTurboRevotron એન્જિન સાથે ઉત્તેજક પ્રદર્શનનો આનંદ માણો, જે અજોડ ડ્રાઈવિંગ ઉત્સાહ માટે શ્રેષ્ઠ-ઇન-ક્લાસ પાવર-ટુ-વેઈટ રેશિયો પ્રદાન કરે છે.અજોડ કાર્યક્ષમતા અને સુવિધા માટે AMT ગિયરબોક્સ સાથે જોડી બનાવેલ ટ્વીન-સિલિન્ડર iCNG ટેક્નોલોજીના ક્રાંતિકારી સંયોજનને દર્શાવતી પ્રથમ SUV ચલાવો.ઓલ-ન્યુ ટાટા પંચને લોન્ચ કરતા ટાટા મોટર્સ પેસેન્જર્સ વ્હિકલ્સના એમડી અને સીઈઓ શ્રી શૈલેષ ચંદ્રાએ જણાવ્યું હતુ કે "પંચ હંમેશા ભારતની વિકસતી મહત્વાકાંક્ષાઓનું પ્રતિબિંબ રહી છે, જેમાં SUV અનુભવને એક વિશેષતા-સમૃદ્ધ પેકેજ સાથે ડેમોક્રેટીસાઈઝ કરવામાં આવ્યો છે જેણે તેને ભારતની સૌથી વધુ વેચાતી SUVમાં સ્થાન અપાવ્યું છે. પંચે ભારતને તેની કમાન્ડિંગ સ્થિતિ અને વ્હીલ પાછળના આત્મવિશ્વાસ સાથે લાંબા, તણાવમુક્ત, શહેર-આંતર-શહેર ડ્રાઈવ્સનું અન્વેષણ કરવાની સ્વતંત્રતા આપી છે. આજે, અમે આ અનુભવને આગલા સ્તર પર લઈ ગયા છીએ.

### વ્યૂહાત્મક સમજૂતી કરાર કિયા લીઝ ઈકોસિસ્ટમને મજબૂત બનાવવા

## કિયા ઈન્ડિયા દ્વારા એવિસ લીઝિંગ સાથે સમજૂતી કરાર: તેનો લીઝ અને સબ્સ્ક્રિપ્શન પોર્ટફોલિયો મજબૂત બનાવ્યો

નવી દિલ્હી, ભારત, 13મી જાન્યુઆરી, 2026: કિયા ઈન્ડિયાએ આજે તેના કિયા લીઝ પ્રોગ્રામના ભાગરૂપે અગ્રણી ઓટો લીઝિંગ કંપનીમાંથી એક એવિસ લીઝિંગ સાથે સમજૂતી કરાર પર સહીસિક્કા કર્યા હોવાની ઘોષણા કરી હતી. આ ભાગીદારી ભારતની ઝડપથી વૃદ્ધિ પામતી લીઝિંગ અને સબ્સ્ક્રિપ્શન લેન્ડસ્કેપમાં કયાની હાજરીની મજબૂત બનાવીને વિવિધ ગ્રાહક જૂથોમમાં બ્રાન્ડની પહોંચક્ષમતા વિસ્તારીને સાનુકૂળ, ગ્રાહકલક્ષી મોબિલિટી સમાધાન ઓફર કરવા પર તેની એકાગ્રતાને વધુ મજબૂત બનાવે છે.આ અવસરે કિયા ઈન્ડિયાના સેલ્સ અને માર્કેટિંગના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ શ્રી અતુલ સૂદે જણાવ્યું હતું કે, "કિયા ઈન્ડિયામાં અમે લીઝિંગ અને સબ્સ્ક્રિપ્શન અવકાશ ભારતીય ઓટો ઉદ્યોગમાં મહત્ત્વપૂર્ણ વૃદ્ધિના પ્રેરક તરીકે ઊભરી રહ્યો છે તે ઓળખી કાઢ્યું છે. એવિસ લીઝિંગ સાથે અમારી ભાગીદારી પારંપરિક માલિકીની પાર માગણી વધારવા સાથે ગ્રાહકોની વધતી જરૂરતોને પહોંચી વળવા ઉચ્ચ સ્તરના મંચ તરીકે કિયા લીઝને મજબૂત બનાવવા તરફ અમારા પ્રયાસો દર્શાવે છે. આવા જોડાણો થકી અમે ભારતમાં અમારી લાંબા ગાળાની વૃદ્ધિની વ્યૂહરચના સાથે સુમેળ સાધતાં મજબૂત, સક્ષમ મોબિલિટી વેપાર નિર્માણ કરવાનું લક્ષ્ય રાખ્યું છે."એવિસ લીઝિંગ સાથે ભાગીદારી મજબૂત પ્રોડક્ટો અને સેવાઓ પ્રદાન કરશે, જે ગ્રાહકોને માલિકી સાથે સંકળાયેલી ગૂંચ વિના કિયા વાહનો અનુભવવા માટે અનુકૂળતા આપશે. કિયા લીઝ પ્રોગ્રામ વિસ્તારિત મોબિલિટી આવશ્યકતાઓ સાથે ગ્રાહકો માટે તૈયાર કરાયો છે, જે ઘણા બધા માઈલેજ વિકલ્પો સાથે 36થી 60 મહિનાની શ્રેણીની સાનુકૂળ મુદત પ્રદાન કરે છે.ગ્રાહકો કોઈ પણ આરંભિક ડાઉન પેમેન્ટ વિના કિયાનાં વાહનો લીઝ કરવાનું અપનાવી શકે છે, જે વધુ સુવિધા અને નાણાં સામે મૂલ્યની ખાતરી રાખે છે. લીઝિંગ પરિમાણમમાં મેઈનટેનન્સ, વીમા નવીનીકરણ અને રિસેલ સંબંધી કવરેજનો સમાવેશ થાય છે, જેથી ઝંઝટમુક્ત માલિકી અનુભવ પ્રદાન કરી શકાય. લીઝની મુદતના અંતે ગ્રાહકોને તેમની વધતી મોબિલિટી જરૂરતોને આધારે વાહન પરત કરવાની અને નવા કિયા મોડેલમાં અપગ્રેડ કરવાની પણ અનુકૂળતા અપાય છે.

### અંબુજા સિમેન્ટ્સે રાબરિયાવાસમાં જળ સંગ્રહ અને આબોહવા સ્થિતિસ્થાપકતા સીએસઆર થકી આખું વર્ષ ખેતીને સક્ષમ બનાવે છે

નવી દિલ્હી: વૈશ્વિક સ્તરે નવમી સૌથી મોટી બિલ્ડિંગ મટિરિયલ સોલ્યુશન્સ પ્રોવાઈડર અને વૈવિધ્યસભર અદાણી પોર્ટફોલિયોનો ભાગ એવી અંબુજા સિમેન્ટ્સ તેની ખેત તળાવ પહેલ દ્વારા રાજસ્થાનના રાબરિયાવાસમાં જળ સુરક્ષા અને આબોહવા સ્થિતિસ્થાપકતાને આગળ ધપાવી રહ્યું છે. આ પહેલ પાણીની અછતવાળા ખેતરોને આત્મનિર્ભર કૃષિ સમુદાયોમાં પરિવર્તિત કરી રહી છે. અનિયમિત ચોમાસાના પ્રતિભાવ તરીકે શરૂ થયેલી આ પહેલ પાણીની સુરક્ષાને આજીવિકા સુરક્ષા સાથે જોડવા માટે એક પુરવાર થયેલું મૉડેલ બની છે, જેનાથી ખેડૂતો અનિશ્ચિતતાને બદલે આત્મવિશ્વાસથી તેમની જમીન પર આધાર રાખી શકે છે.છેલ્લા દાયકામાં, અંબુજા ફાઉન્ડેશને અંબુજા સિમેન્ટ્સના મુખ્ય ગામડામાં ખેડૂતો સાથે મળીને વૈજ્ઞાનિક રીતે ડિઝાઈન કરેલા 202 ખેત તળાવો બનાવ્યા છે, જેની શરૂઆત 2011-12માં ફક્ત 8 ખેત તળાવોથી થઈ હતી અને તાજેતરના વર્ષોમાં તેને નોંધપાત્ર વેગ મળ્યો છે.

### આ કરાર જીતવો એ લોર્ડ્સ માર્કના ડેટા-આધારિત અભિગમ અને અમલીકરણ ક્ષમતાઓનો મજબૂત પુરાવો

## લોર્ડ્સ માર્ક વિશ્વના પ્રથમ ડેટા-સંચાલિત સૌર ડિઝાઈન સાથે અકસ્માત-સંભવિત હાઈવેને પ્રકાશિત કરશે

નવી દિલ્હી: લોર્ડ્સ માર્ક ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડને નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) દ્વારા વિજયવાડા પ્રદેશમાં મુખ્ય રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર ફેઝ 1 હેઠળ રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રાલય (MoRT&H) દ્વારા ઓળખાયેલા 104 અકસ્માત-સંભવિત અને બ્લેક સ્પોટ સ્થાનો પર સોલાર હાઈવે લાઈટિંગ ઈન્સ્ટોલ કરવા માટે કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે. સ્પર્ધાત્મક વાણિજ્યિક બોલી પ્રક્રિયા પછી, લોર્ડ્સ માર્ક ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ, સિગ્નિફાઇ ઈનોવેશન્સ ઈન્ડિયા લિમિટેડ (અગાઉ ફિલિપ્સ લાઈટિંગ ઈન્ડિયા લિમિટેડ) સાથે ભાગીદારીમાં, પ્રોજેક્ટના સર્વેક્ષણ, ડિઝાઈન, ઉત્પાદન અને અમલીકરણ માટે સફળ બિડર તરીકે ઉભરી આવ્યું છે.આ પ્રોજેક્ટ માર્ગ સલામતીમાં ટેક્નોલોજી-સંચાલિત પહેલ છે, જે વિશ્વ-પ્રથમ, ડેટા-સંચાલિત પદ્ધતિ પર આધારિત છે જે સંશોધન-આધારિત અકસ્માત વિશ્લેષણ, જમીન પર દૃશ્યતા નિદાન અને બુદ્ધિશાળી સૌર લાઈટિંગ ડિઝાઈનને એકીકૃત કરે છે. પરંપરાગત લાઈટિંગ પ્રોજેક્ટ્સથી વિપરીત, આ સોલ્યુશન અકસ્માત-સંભવિત સ્થળોએ માળખાકીય સલામતી ખામીઓને સચોટ રીતે ઓળખવા અને સંબોધવા માટે એક અનન્ય સર્વે ફ્રેમવર્ક અને આગાહીયુક્ત જોખમ મેપિંગનો ઉપયોગ કરે છે. ધ્યેય ફક્ત રોશની વધારવાનો નથી, પરંતુ ઝગઝગાટ, કોન્ટ્રાસ્ટ લોસ, એપ્રોચ એંગલ અને ડ્રાઈવર રિએક્શન ઝોનને લક્ષ્ય બનાવીને દૃશ્યતા પરિણામોમાં સુધારો કરવાનો છે, અકસ્માતોમાં નોંધપાત્ર ઘટાડો કરે છે અને હાઈવે સલામતીમાં માપી શકાય તેવા સુધારાઓ પહોંચાડે છે.કાર્યનો અવકાશ અનેક વ્યૂહાત્મક હાઈવે સ્ટ્રેચને આવરી લે છે, જેમાં NH-16 ના અનાકાપલ્લી-અન્નાવર્મ-દિવાનચેરુવુ સેક્શન કિમી 741.255 થી કિમી 1022.494, NH-216 ના દિવાનચેરુવુ-સિદ્ધાંતમ-ગુંડુગોલાનુ સેક્શન, NH-16 પર ગુંડુગોલાનુ-દેવરાપલ્લી-કોવ્વુરુ સ્ટ્રેચ કિમી 15.320 થી કિમી 85.204, અને કાઠીપુડીથી કાકીનાડા બાયપાસની શરૂઆત કિમી 0.000 થી કિમી 27.500 NH-216 પર સુધીનો સ્ટ્રેચનો સમાવેશ થાય છે.

### સિદ્ધાંત ચતુર્વેદીએ માત્ર એરબીએનબી પર જ લોકલ તરીકે મુંબઈનો અનુભવ કરવા માટે આમંત્રિત કર્યા

નવી દિલ્હી: ભારતની જેન ઝી જે પ્રકારે પ્રવાસ કરે છે તેમાં સંગીતનો પ્રભાવ સ્પષ્ટપણે વધી રહ્યો છે. 2026માં 77 ટકા લોકો કોન્સર્ટ્સ અને ફેસ્ટિવલના સમયની આસપાસ તેમના પ્રવાસોનું આયોજન કરે છે. લોલાપાલૂઝા સાથે તેની ગ્લોબલ લાઈવ મ્યુઝિક પાર્ટનરશિપના ભાગરૂપે એરબીએનબીએ મુંબઈમાં એક્સક્લુઝિવ એરબીએનબી ઓરિજિનલ એક્સપિરિયન્સ એવા Lolla India Like a Local નું આયોજન કરવા માટે કલાકાર, સંગીતકાર અને કલ્ચરલ વૉઈસ સિદ્ધાંત ચતુર્વેદી સાથે ભાગીદારી કરી છે. તેને એક આત્મીય, એક વખત જીવનમાં કરવાલાયક અનુભવ તરીકે તૈયાર કરવામાં આવી છે જે અતિથિઓને એવા શહેરમાં લાવે છે જેણે તેના આડોશપાડોશના સ્થળો, ભોજન, સંગીત અને રચનાત્મક જગ્યાઓ દ્વારા સિદ્ધાંતને આકાર આપ્યો છે. તે તેની સાથે તહેવારોનો અનુભવ કરીને લોલાપાલૂઝા ખાતે દિવસ પૂરો થયા પહેલા રોજબરોજની મુસાફરીના જાદુને જીવંત બનાવે છે.

### આઈપીઓ માર્કેટ સાઈકલિકલ સ્વિંગથી આગળ વધી હવે સ્થાનિક મૂડી


## પાંચ વર્ષમાં 1256 IPO થકી રૂ. 6.2 લાખ કરોડ એકત્ર કરાયા




મુંબઈ : ભારતના પ્રાઈમરી માર્કેટના વિસ્તરણના સ્કેલ પર તેમણે કહ્યું હતું કે, દેશમાં ૨૦૨૦ અને ૨૦૨૫ દરમિયાન મેઈન બોર્ડ અને એસએમઈ પ્લેટફોર્મ પર લગભગ ૧૨૫૬ આઈપીઓ જોવા મળ્યા હતા, જેમાંથી લગભગ રૂ.૬.૨ લાખ કરોડ એકત્ર થયા હતા. એસોસીએશન ઓફ ઈન્વેસ્ટમેન્ટ બેંકર્સ ઓફ ઈન્ડિયા (એઆઈબીઆઈ)ના ચેરમેન અને પેન્ટોમથ કેપિટલના સીએમડી મહાવીર લુનાવતે જણાવ્યું હતું કે, ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ (આઈપીઓ) માર્કેટ સાઈકલિકલ સ્વિંગથી આગળ વધી ગયું છે અને હવે માળખાકીય રીતે સ્થાનિક મૂડી, બચતનું નાણાકીયકરણ અને સતત મૂડી ખર્ચ ચક્ર દ્વારા સંચાલિત છે. સ્થાનિક મૂડી બજારો એક પરિવર્તન બિંદુ પર છે, જે ઝડપથી વિસ્તરતા રોકાણકારોનો આધાર અને પ્રાઈમરી અને સેકન્ડરી માર્કેટમાં ઊંડી ભાગીદારી દ્વારા ચિહ્નિત થયેલ છે. ભારત એક એવા પરિવર્તનના તબક્કે છે, જ્યાં મૂડી બજારો મજબૂત બની રહ્યા છે અને રોકાણકારોનો બેઝ સતત વિસ્તરી રહ્યો છે.આ સંમેલન, જેમાં નિયમનકારો, નીતિ નિર્માતાઓ, રોકાણકારો અને ઈન્વેસ્ટમેન્ટ બેંકિંગ પ્રોફેશનલો સહિત ૧૫૦૦થી વધુ પ્રતિનિધિઓ એકત્ર થયા હતા. ભારતના પ્રાઈમરી માર્કેટના વિસ્તરણના સ્કેલ પર તેમણે કહ્યું હતું કે, દેશમાં ૨૦૨૦ અને ૨૦૨૫ દરમિયાન મેઈન બોર્ડ અને એસએમઈ પ્લેટફોર્મ પર લગભગ ૧૨૫૬ આઈપીઓ જોવા મળ્યા હતા, જેમાંથી લગભગ રૂ.૬.૨ લાખ કરોડ એકત્ર થયા હતા. છેલ્લા બે વર્ષમાં પ્રાઈમરી માર્કેટ પ્રવૃતિમાં તીવ્ર વધારો થયો હતો, ૨૦૨૪માં ૩૩૧ આઈપીઓ થકી રૂ.૧.૭ લાખ કરોડ એકત્ર થયા હતા, ત્યારબાદ ૨૦૨૫માં રેકોર્ડ ૩૭૩ આઈપીઓ થકી રૂ.૧.૯ લાખ કરોડ એકત્ર કર્યા હતા.૨૦૨૫ માટે વૈશ્વિક આઈપીઓ ડેટા ઈક્વિટી ઈસ્યુમાં ભારતની આગેવાની પર ભાર મૂકે છે. આઈપીઓની સંખ્યા દ્વારા ભારત વૈશ્વિક સ્તરે પ્રથમ ક્રમે છે, જે વિશ્વભરમાં લિસ્ટિંગના લગભગ પાંચમાં ભાગનો હિસ્સો ધરાવે છે, જે યુનાઈટેડ સ્ટેટ્સ, ગ્રેટર ચાઈના અને યુરોપથી આગળ છે. આવકની દ્રષ્ટિએ, ભારત વૈશ્વિક સ્તરે ચોથા ક્રમે છે, જે કુલ વૈશ્વિક આઈપીઓ ભંડોળમાં લગભગ ૧૧ ટકા ફાળો આપે છે.ભારતનું માર્કેટ કેપિટલાઈઝેશન ૫.૨ ટ્રિલિયન ડોલરની સપાટીને વટાવી ગયું છે, જે તેને વિશ્વનું ચોથું સૌથી મોટું ઈક્વિટી બજાર બનાવે છે અને વૈશ્વિક આર્થિક પાવરહાઉસ તરીકે દેશના વધતા કદને પ્રતિબિંબિત કરે છે. ભવિષ્યને ધ્યાનમાં લેતાં લુનાવતે જણાવ્યું હતું કે, નાણા વર્ષ ૨૦૨૭ સુધીમાં પ્રાઈમરી માર્કેટ દ્વારા મૂડી નિર્માણ રૂ.૩.૫થી રૂ.ચાર લાખ કરોડની રેન્જમાં રહેવાની ધારણા છે.

### બજારમાં ચિંતા | બાસમતી ચોખા નિકાસ પર બ્રેક લાગી

## ઈરાનમાં અશાંતિ વધતા ભારતની ડ્રાયફ્રુટસ આયાત પર મોટી અસર



મુંબઈ: ઈરાનમાં વર્તમાન સમયમાં સર્જાયેલી અભૂતપૂર્વ આંતરિક અશાંતિ અને વણસેલી રાજકીય પરિસ્થિતિની સીધી અસર હવે ભારત સાથેના દ્વિપક્ષીય વેપાર પર પડવાની શરૂઆત થઈ ગઈ છે. પશ્ચિમ એશિયાના આ મહત્વના દેશમાં ફાટી નીકળેલી હિંસા અને આર્થિક અસ્થિરતાને કારણે ભારતની ડ્રાયફ્રુટસની આયાત ગંભીર રીતે પ્રભાવિત થવાની ભીતિ સેવાઈ રહી છે, જ્યારે બીજી તરફ ભારતની શાન ગણાતા બાસમતી ચોખાની નિકાસ પર પણ કામચલાઉ બ્રેક લાગી ગઈ છે. મુંબઈના મુખ્ય વેપાર કેન્દ્રોમાં અત્યારે આ બાબતને લઈને ચિંતાનું મોજું ફરી વળ્યું છે, કારણ કે ઈરાન એ ભારત માટે સૂકા મેવા અને સુગંધિત ચોખાના વેપારમાં અત્યંત વ્યૂહાત્મક ભાગીદાર દેશ રહ્યો છે. માલની હેરફેર અને નાણાકીય વ્યવહારોમાં આવતી અડચણોને કારણે આગામી દિવસોમાં ભારતીય બજારોમાં પણ તેની વિપરીત અસર જોવા મળી શકે છે.ભારતીય રસોડામાં અને તહેવારોમાં જેનો બહોળો ઉપયોગ થાય છે તેવા પિસ્તા, ખજૂર, કેસર, બદામ અને દરાખ (દ્રાક્ષ) માટે ભારત મોટાભાગે ઈરાન પર નિર્ભર રહે છે. ઈરાન ખાતે ચાલી રહેલી હિંસક અથડામણો અને આંતરિક વિખવાદને કારણે ત્યાંની ઉત્પાદન અને પુરવઠા સાંકળ સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ છે. સ્થાનિક વેપારીઓ અત્યારે ભારે દ્વિધામાં છે અને તેઓ ઈરાની નિકાસકારો સાથે લાંબા ગાળાના નવા કરાર કરવાનું ટાળી રહ્યા છે. જોકે, હજુ સુધી ઈરાન સરકાર દ્વારા કોઈ સત્તાવાર નિકાસ પ્રતિબંધ લાદવામાં આવ્યો નથી, પરંતુ ત્યાંની સ્થાનિક કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ એટલી ખરાબ છે કે લોજિસ્ટિક્સ અને માલવાહક જહાજોની અવરજવરમાં ભારે વિલંબ થઈ રહ્યો છે. આ વિલંબના કારણે ભારતમાં ડ્રાયફ્રુટસના ભાવમાં ઉછાળો આવવાની પૂરેપૂરી શક્યતા વેપારી આલમ વ્યક્ત કરી રહી છે.માત્ર આયાત જ નહીં, પરંતુ ભારતની ઈરાન ખાતે થતી નિકાસમાં પણ મોટું ગાબડું પડ્યું છે. ખાસ કરીને બાસમતી ચોખાના નિકાસકારો માટે અત્યારે કપરો સમય ચાલી રહ્યો છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, ભારતમાંથી ઈરાન તરફ જતો બાસમતી ચોખાનો જથ્થો હાલમાં સ્થગિત કરી દેવામાં આવ્યો છે. આ નિર્ણય પાછળનું મુખ્ય કારણ નાણાકીય ચૂકવણીની અનિશ્ચિતતા છે. ઈરાનની આર્થિક સ્થિતિ અત્યંત નબળી પડતા અને બેંકિંગ વ્યવહારો પર મર્યાદાઓ આવતા, ભારતીય નિકાસકારોને ડર છે કે જો તેઓ માલ મોકલશે તો તેની સામે તેમને સમયસર પેમેન્ટ મળશે કે કેમ. આ સુરક્ષાના કારણોસર નવા ઓર્ડર લેવાનું કે જૂના કરારોને આગળ વધારવાનું કામ હાલમાં અટકાવી દેવામાં આવ્યું છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, પોષ વદ-14

# સત્તાના સિંહાસન અને ન્યાયના ત્રાજવા: દેશની બદલાતી રાજકીય તસવીર

દેશની સુરક્ષા અને ન્યાયતંત્રના સવાલો જ્યારે એકસાથે અથડાય છે, ત્યારે લોકશાહી વધુ મજબૂત બનીને ઉભરે છે. કેન્દ્રીય ગૃહમંત્રાલયે એક અત્યંત મહત્વનો નિર્ણય લેતા હિમાચલ પ્રદેશ કેડરના ૧૯૯૪ બેચના સિનિયર આઈપીએસ રાકેશ અગ્રવાલને નેશનલ ઈન્વેસ્ટિગેટિવ એજન્સી (એનઆઈએ) ના નવા ડીજી તરીકે નિયુક્ત કર્યા છે. સદાનંદ વસંત દાતેના મહારાષ્ટ્ર પરત ફર્યા બાદ ખાલી પડેલા આ પદ પર રાકેશ અગ્રવાલની નિમણૂક દેશની આંતરિક સુરક્ષા માટે એક મોટું પગલું માનવામાં આવે છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની લીલી ઝંડી બાદ આદેશ કરાયો છે કે અગ્રવાલ ઓગસ્ટ ૨૦૨૮ સુધી આ જવાબદારી સંભાળશે. આ નિમણૂક આતંકવાદ વિરોધી અભિયાનમાં નવી ઉર્જા ફૂંકશે તેવી આશા રખાઈ રહી છે.

ન્યાયતંત્રના આંગણેથી પણ એક અગત્યના સમાચાર સામે આવ્યા છે. પીએમ કેયર્સ ફંડ ભલે જાહેર કામો કરતું હોય, પરંતુ દિલ્હી હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું છે કે તેને પણ આરટીઆઈ એક્ટ હેઠળ પ્રાઈવસીનો પૂરો અધિકાર છે. ચીફ જસ્ટિસ ડી કે ઉપાધ્યાયની બેન્ચે જણાવ્યું કે કોઈ સંસ્થા જાહેર સેવા કરતી હોય તેનો અર્થ એ નથી કે તેની અંગત માહિતી જાહેર કરી શકાય. આ ચુકાદો આવનારા સમયમાં અનેક ચર્ચાઓને જન્મ આપશે. બીજી તરફ, પશ્ચિમ બંગાળમાં આઈ-પેક ફર્મ પર ઈડીના દરોડા બાદ મુખ્યમંત્રી મમતા બેનર્જી જે રીતે ઓફિસે દોડી ગયા અને ફાઈલો લઈ ગયા, તેણે નવો વિવાદ છેડ્યો છે. તુષાર મહેતાએ અદાલતમાં કડક શબ્દોમાં કહ્યું કે બંગાળમાં આજે લોકશાહી નહીં પણ 'ભીડશાહી' ચરમસીમાએ છે. આ ઘટનાએ સંઘીય માળખાના સવાલો પણ ઉભા કર્યા છે.

દૂર અમેરિકાની ધરતી પરથી પણ એક આઘાતજનક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. કોલોરાડો યુનિવર્સિટીના બે ભારતીય વિદ્યાર્થીઓને માત્ર એટલા માટે હાંકી કઢાયા કારણ કે તેમના 'પાલક પનીર'ની ગંધ એક કર્મચારીને પસંદ નહોતી. આ વિદ્યાર્થીઓએ પોતાની માસ્ટર ડિગ્રી મેળવવા માટે અને ૨ લાખ ડોલરનું વળતર મેળવવા માટે કાનૂની લડત લડવી પડી. આ ઘટના આપણી સંસ્કૃતિ અને ખાણીપીણી પ્રત્યેના પૂર્વગ્રહનો પુરાવો છે. તો ભારતની અંદર, રેલવેમાં પીરસાતા ભોજનમાં 'હલાલ' માસના ઉપયોગ પર માનવ અધિકાર આયોગે લાલબત્તી ધરી છે. શીખ સમુદાયની ધાર્મિક આસ્થાને ધ્યાને રાખી આયોગે રેલવે અને સંસ્કૃતિ મંત્રાલયને સ્પષ્ટતા કરવા નોટિસ પાઠવી છે. સંસ્કૃતિ મંત્રાલયને હવે ખાણીપીણીની તમામ દુકાનો પર મીટ 'હલાલ' છે કે 'ઝટકા' તે લખવા માટે કડક સૂચના આપવામાં આવી છે.

કર્ણાટકનું રાજકારણ પણ અત્યારે ગરમાયેલું છે. મુખ્યમંત્રી સિદ્ધારમૈયા અને ડી કે શિવકુમાર વચ્ચે અઢી વર્ષની જે શરત હતી, તે હવે વિવાદનું કારણ બની છે. શિવકુમારની 'પ્રાર્થના નિષ્ફળ નથી જતી' વાળી પોસ્ટ દિલ્હી સુધી ગાજી છે અને રાહુલ ગાંધી સાથેની મુલાકાત બાદ નવા સમીકરણો રચાઈ રહ્યા છે. બીજી તરફ બાંગ્લાદેશની ચૂંટણીના બે ગઠબંધનો વચ્ચેની ખેંચતાણ ભારત માટે પણ ચિંતાનો વિષય છે. બજારમાં અને ચોરે ને ચૌટે અત્યારે આ જ ચર્ચાઓ ચાલી રહી છે કે આગામી સમયમાં સત્તાના સમીકરણો કેવા બદલાશે. લોકશાહીના આ ઉત્સવમાં સત્યનો અવાજ બુલંદ કરવો એ જ અમારો ધર્મ છે. આ તમામ પ્રવાહો ભારતની ભૌગોલિક અને રાજકીય સ્થિતિ પર ઊંડી અસર છોડશે.

## બંધ રેલ્વે ચાલુ કરાવો, રસ્તા ના નામે વધુ જમીનો ઉઘરાવવાનું બંધ કરો

# આમલેથા ગામે યોજાયેલ ગ્રામસભામાં 6 લેન કોરિડોરમાં જમીનો આપવા ખેડૂતોનો વિરોધ

નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.16



નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના શાંત ગણાતા આમલેથા ગામમાં આજે વાતાવરણ ગરમાયું હતું. જ્યારે સત્તાવાર અધિકારીઓ અને ગ્રામજનો સામસામે આવ્યા ત્યારે લોકશાહીનો અસલી મિજાજ જોવા મળ્યો. તાલુકા વિકાસ અધિકારીની અધ્યક્ષતામાં મળેલી ગ્રામસભા માત્ર એક બેઠક ન રહેતા, ખેડૂતોના અસ્તિત્વની લડાઈનું મેદાન બની ગઈ હતી. સરકાર દ્વારા આમલેથાથી કેવડિયા સુધીના સિક્સલેન હાઈ-સ્પીડ કોરિડોર અને આમલેથાથી કુમસગામ બાયપાસ રસ્તા માટે જમીન સંપાદનની દરખાસ્ત મૂકવામાં આવી હતી, જેને ગ્રામજનોએ એક અવાજે ફગાવી દીધી છે. ગ્રામસભાની શરૂઆત થતાની સાથે જ વાતાવરણમાં તણાવ જોવા મળ્યો હતો. સરકાર જ્યારે નવા રસ્તા માટે ખેડૂતોની કિંમતી જમીન માંગવા આવી ત્યારે ગ્રામજનોએ સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું કે, 'અમને આ ચમકતા રસ્તાઓ કરતા અમારી કાળી મજૂરીની જમીન વધુ વહાલી છે.' નાંદોદ તાલુકા કોંગ્રેસ પ્રમુખ મુકેશ વસાવાએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, જૂનો રસ્તો જે કરોડોના ખર્ચે બની રહ્યો છે તે હજુ અધૂરો છે. જો સરકાર પાસે પૈસા હોય તો પહેલા એ કામ પૂરું કરે. નવા ચીલા પાડીને ખેડૂતોને પાયમાલ કરવાનું આ ષડયંત્ર હોવાનો આક્ષેપ પણ કરવામાં આવ્યો હતો. સ્થાનિક ખેડૂતોનું કહેવું છે કે અમારા ગામોમાં એટલો વાહન વ્યવહાર જ નથી કે અહીં હાઈ-સ્પીડ કોરિડોરની જરૂર પડે. 'અમારા બાળકોને શાળાએ જવા માટે બસ જોઈએ છે, ખેતર જવા માટે સુરક્ષિત રસ્તો જોઈએ છે, પણ સરકારને તો માત્ર પ્રવાસીઓ માટે હાઈવે દેખાય છે,' તેમ એક વડીલ ખેડૂતે આંખમાં આંસુ સાથે જણાવ્યું હતું. ગામમાં વર્ષોથી રેલવેની સુવિધા હતી જે બંધ કરી દેવામાં આવી છે, તે ચાલુ કરવાને બદલે ખેડૂતોની જમીન છીનવી લેવાની વાત ગ્રામજનોને ગળે ઉતરતી નથી. આમલેથા ગ્રામ પંચાયતમાં ૬ થી ૭ જેટલા વિવિધ મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી અને અંતે સર્વાનુમતે ઠરાવ પસાર કરીને સરકારની દરખાસ્તને નામંજૂર કરવામાં આવી છે. ગામના લોકોએ સખત વિરોધ નોંધાવતા કલેક્ટર સુધી આ વાત પહોંચાડવાનો નિર્ણય કર્યો છે. હવે જોવાનું એ રહેશે કે સરકાર જનતાના આ આક્રોશને માન આપે છે કે પછી વિકાસના પૈડા નીચે ખેડૂતોના હિતોને કચડવામાં આવે છે. આ લડાઈ માત્ર જમીનની નથી, પણ ખેડૂતના આત્મસન્માનની છે.



## યુવાનો એ કહ્યું હવે નશો નહીં શિક્ષણ

# રાજપીપળ કોલેજમાં NSUIનો સંકલ્પ નશા મુક્ત કેમ્પસ કાર્યક્રમ યોજાયો

નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.16

સમગ્ર ગુજરાતમાં વિદ્યાર્થીઓ સુધી ડ્રગ્સ અને બીજા અન્ય નશીલા પદાર્થો પોહચી ગયા છે જેને લઈને NSUI દ્વારા નશા મુક્ત કેમ્પસ બનાવવાના સંકલ્પ સાથે ગુજરાતની વિવિધ કોલેજોની અંદર NSUI દ્વારા વિદ્યાર્થીઓ ને જાગૃત કરવામાં આવી રહ્યા છે. ત્યારે આજ રોજ નર્મદા જિલ્લામાં MR આર્ટસ એન્ડ સાયન્સ કોલેજમાં ગુજરાત પ્રદેશના પ્રમુખ નરેન્દ્રભાઈ સોલંકી તેમજ નાંદોદના પુર્વ ધારાસભ્ય સભ્ય PD વસાવા NSUIના જિલ્લા પ્રમુખ તેજસ તડવી સહીત મોટી સંખ્યામાં કાર્યકર્તા તેમજ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રોગ્રામમાં ખાસ વિદ્યાર્થીઓ પાસે એક સંકલ્પ પણ લેવડાવવામાં આવ્યો હતો.

## AAP દ્વારા 7 ઝોન હેઠળ બુથ કાર્યકર્તા સંમેલન

# અમદાવાદ કેજરીવાલ ગુજરાતના પ્રવાસે આજે સાંજે અમદાવાદમાં: ડૉ કરન બારોટ

(એજન્સી) અમદાવાદ તા.16



AAP પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડૉ કરન બારોટે એક વિડિઓ મારફતે જણાવ્યું કે ગુજરાતમાં આમ આદમી પાર્ટીનું સંગઠન સતત વિસ્તરી રહ્યું છે અને દિવસેને દિવસે ગુજરાતની જનતાના દિલમાં પાર્ટીનું સ્થાન વધુ મજબૂત બનતું જાય છે. આમ આદમી પાર્ટીના દરેક કાર્યકર્તા નિષ્ઠાપૂર્વક અને કર્તવ્યભાવથી કામ કરી રહ્યા છે, જેના કારણે ગુજરાતની જનતાનો પાર્ટી પ્રત્યેનો વિશ્વાસ સતત વધી રહ્યો છે. આમ આદમી પાર્ટી દ્વારા અત્યાર સુધી ગુજરાતમાં 18,000થી વધુ સભાઓનું આયોજન કરવામાં આવ્યું છે. આ સભાઓના માધ્યમથી ગુજરાતની જનતાને પાર્ટી સાથે જોડવાનું તેમજ જનતાના મુખ્ય પ્રશ્નો ઉઠાવવાનું કામ સફળતાપૂર્વક કરવામાં આવ્યું છે. આગામી સમયમાં સંગઠનને વધુ મજબૂત બનાવવા માટે આમ આદમી પાર્ટી દ્વારા 7 ઝોન હેઠળ બુથ કાર્યકર્તા સંમેલનોનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંતર્ગત આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય કન્વીનર અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ ગુજરાતના પ્રવાસે આવશે. અરવિંદ કેજરીવાલનું 17 તારીખે અમદાવાદ એરપોર્ટ પર આગમન થશે. 18 તારીખે મધ્ય ઝોન અંતર્ગત અમદાવાદ ખાતે કાર્યકર્તા સંમેલન યોજાશે.

## રાજકોટની હોસ્પિટલમાં થશે ઓપરેશન: સંતોના હસ્તે દીપ પ્રાગટ્ય

# ચાણસ્માના જસલપુર ખાતે આંખના મોતિયાના જરૂરીયાત મંદ દર્દીઓનો કેમ્પ યોજવામાં આવ્યો

નીતિન ઠાકર | ચાણસ્મા તા.16



ચાણસ્માના જસલપુરના શ્રી નીલકંઠેશ્વર મહાદેવ મંદિરના મહંત અને રણછોડદાસ બાપુ ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટના સંયુક્ત ઉપક્રમે આંખના મોતિયાનો કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં ચાણસ્મા હારીજ તાલુકાના જરૂરીયાત મંદ દર્દીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કેમ્પ દરમિયાન 160 દર્દીઓના નિદાન બાદ 60 જરૂરિયાત મંદ આંખોના દર્દીઓના મોતિયાના ઓપરેશન માટે નક્કી કરવામાં આવતા મોતિયાના ઓપરેશન કરવા માટે રાજકોટ આંખની હોસ્પિટલમાં મોકલાયા હતા. ચાણસ્મા તાલુકાના જસલપુરના શ્રી નીલકંઠેશ્વર મહાદેવ મંદિર ખાતે રણછોડદાસ ચેરીટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે તા.16/01/2026ને શુક્રવારના રોજ સંતોની ઉપસ્થિતિમાં દિપ પ્રાગટય કરી જરૂરિયાત મંદ દર્દીઓની આંખોની તપાસણી અને મોતિયાનું નિદાન કરવામાં આવ્યું હતું. જેમાં જસલપુર, ખારીધારીયાલ, કારોડા, મીઠીધારીયાલ, છમીછા સહિત આજુબાજુના ગામના જરૂરિયાત મંદ આંખોના દર્દીઓએ આ કેમ્પ દરમિયાન 160 દર્દીઓએ આંખોની તપાસણી કરાવી હતી.

જે પૈકી 60 મોતિયાના ઓપરેશન કરવાની જરૂરિયાત જણાતાં જસલપુરથી લક્ઝરી મારફતે રાજકોટ ખાતે આવેલી રણછોડદાસ ચેરીટેબલ ટ્રસ્ટ આંખોની હોસ્પિટલમાં મોતિયાના ઓપરેશન કરવા માટે લક્ઝરી મારફતે રવાના કરવામાં આવ્યા હતા.



# ચાણસ્માની ભારતી સોસાયટીના રહીશોએ પતંગના ચગાવ્યા બાદ બટાકાવડાની મોજ માણી

નીતિન ઠાકર | ચાણસ્મા તા.16

ઉત્તરાયણ એટલે પતંગના પેજ લડાવવા સાથે નાસ્તાની મિજબાની કરવાનો ઉત્સવનું આનંદદાયક પર્વ ઉત્તરાયણના પર્વ ને લોકો મન ભરીને માણતા હોય છે જે અન્વયે ચાણસ્મા ખાતે જુના સિનેમા પાસે આવેલ ભારતી સોસાયટી ખાતે સોસાયટીના રહીશો દ્વારા ઉત્તરાયણ અને વાસી ઉત્તરાયણ દરમિયાન પતંગ ચગાવ્યા બાદ સૌ સોસાયટીના રહિશો સાથે મળી નાસ્તાની મોજ માણે તે માટે ઉત્તરાયણની રાત્રીએ બટાટાવડા અને વાસી ઉત્તરાયણની રાત્રે ચા-બટાટા પૌવાના નાસ્તાનું આયોજન કરાયું હતું.

## રાજપીપલા સ્થિત કમલમ કાર્યાલય ખાતે ભાજપ કાર્યકરો દ્વારા આતશબાજી

# મહારાષ્ટ્ર BMCમાં BJPનો ભવ્ય વિજય થતાં રાજપીપળા ખાતે ઉજવણી કરાઈ

ભરત શાહ | નર્મદા તા. 16




આજરોજ ભારતીય જનતા પાર્ટીનો મહારાષ્ટ્ર બી.એમ.સી ઈલેક્શનમાં ભવ્ય વિજય થતા શ્રી કમલમ્ નર્મદા, રાજપીપલા ખાતે વિજયોત્સવ કાર્યક્રમમાં પાર્ટીના હોદેદારો અને કાર્યકર્તાઓએ ઉત્સાહભેર ફટાકડા ફોડી અને મીઠાઈ ખવડાવી ઉજવણી કરવામાં આવી. મુંબઈ મહાનગરપાલિકા (BMC)ની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના ઐતિહાસિક અને ભવ્ય વિજયને વધાવવા માટે આજે નર્મદા જિલ્લાના મુખ્ય મથક રાજપીપલા ખાતે ભાજપ કાર્યકરો દ્વારા ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.

રાજપીપલા સ્થિત કમલમ કાર્યાલય ખાતે ભાજપ કાર્યકરો અને આગેવાનો એકત્રિત થયા હતા. આ પ્રસંગે આતશબાજી કરી અને એકબીજાનું મોઢું મીઠું કરાવી આ જીતની ખુશી વ્યક્ત કરવામાં આવી હતી. ભાજપના વિજયને સંગઠનના મજબૂત નેતૃત્વ, વિકાસલક્ષી નીતિઓ અને જનતાના વિશ્વાસનો વિજય ગણાવવામાં આવ્યો હતો. આ અવસરે કાર્યકરોએ "ભારતીય જનતા પાર્ટી ઝિંદાબાદ" અને "વિકાસના રાજની જીત" જેવા નારા લગાવી આનંદ વ્યક્ત કર્યો હતો. આગેવાનોએ જણાવ્યું હતું કે મુંબઈમાં મળેલી આ જીત દેશભરમાં ભાજપ પ્રત્યે વધતા વિશ્વાસનું પ્રતિબિંબ છે અને આવનારા સમયમાં ભાજપ વધુ મજબૂતી સાથે જનસેવામાં કાર્યરત રહેશે. ઉજવણી દરમિયાન ભાજપના આગેવાનો, કાર્યકરો તેમજ સમર્થકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ચીકી-મમરાના લાડુ સાથે ગરીબ ભૂલકાઓના ચહેરા પર ખીલ્યું સ્મિત

# જૂનાગઢના આંગણે માનવતાની મહેક ગરીબ બાળકો સાથે ઉજવાઈ ઉત્તરાયણ

નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.16

જ્યારે સૂર્ય નારાયણ ધનુ રાશિમાંથી મકર રાશિમાં પ્રવેશ કરે છે, ત્યારે તેને આપણે મકરસંક્રાંતિ કહીએ છીએ. શાસ્ત્રો કહે છે કે આ દિવસે કરેલું દાન અક્ષય રહે છે. પણ સાચું દાન કયું? સાચું દાન એ છે જે નિઃસ્વાર્થ ભાવે, હૃદયની સંવેદના સાથે જરૂરિયાતમંદ સુધી પહોંચે. ઉત્તરાયણના આ પવિત્ર દિવસે જૂનાગઢની ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ સાબિત કરી દીધું કે યુવા પેઢી માત્ર ફેસબુક કે ઈન્સ્ટાગ્રામમાં વ્યસ્ત નથી, પણ સમાજની પીડા સમજવામાં પણ અગ્રેસર છે. યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર અને સામાજિક કાર્ય વિભાગના વિદ્યાર્થીઓએ પતંગ પાછળ હજારો રૂપિયા ઉડાડવાને બદલે, પોતાના પોકેટ મની બચાવીને એક અનોખું આયોજન કર્યું હતું. સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, આ વિદ્યાર્થીઓએ સ્વખર્ચે ગરીબ પરિવારના બાળકો માટે તલ-મગફળીની ચીકી, મમરાના લાડુ, બિસ્કિટ અને પિપરમેન્ટ જેવી વાનગીઓનું વિતરણ કર્યું હતું. આ દ્રશ્ય એટલું ભાવુક હતું કે આસપાસના લોકો પણ આ યુવાનોની જનસેવા જોઈને પ્રભાવિત થયા હતા.

આ પ્રેરણાદાયી કાર્યક્રમમાં વિભાગના અધ્યક્ષ પ્રો. જયસિંહ ઝાલા, ઋષિરાજ ઉપાધ્યાય અને તેમની આખી ટીમ જોડાઈ હતી. કુલપતિ પ્રો. પ્રતાપસિંહજી ચૌહાણે આ કાર્યને બિરદાવતા બહુ સચોટ વાત કરી કે, 'દયા, દાન અને દાતારીના વાવેતર ન હોય, તે તો સંસ્કારના લોહીમાં હોય છે.' ભૂખ્યાને અન્ન અને ગરીબ બાળકોને સ્મિત આપવું એ જ સૌથી મોટું સતકર્મ છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ, યુનિવર્સિટીના આ છાત્રોએ કોઈ દેખાડા વગર ગરીબ વસ્તીમાં જઈને સામાજિક ઐક્યનો ભાવ વહન કર્યો હતો.

## નર્મદા જિલ્લાના આકાંક્ષિત બ્લોક નાંદોદમાં

# નીતિ આયોગના શિક્ષણ સૂચકાંકો સુધારવા હેડ માસ્ટરો માટે ક્ષમતા વિકાસ વર્કશોપ

ભરત શાહ | નર્મદા તા. 16



નર્મદા જિલ્લાના આકાંક્ષિત બ્લોક નાંદોદમાં પિરામલ ફાઉન્ડેશન દ્વારા શિક્ષણ વિભાગના સહયોગથી હેડ માસ્ટરો માટે એક દિવસીય ક્ષમતા વિકાસ વર્કશોપનું સફળ આયોજન કરવામાં આવ્યું. આ વર્કશોપનો મુખ્ય હેતુ Aspirational District Programme અંતર્ગત શિક્ષણ સંબંધિત નીતિ આયોગના સૂચકાંકોમાં સુધારો લાવવો અને શાળાની મુખ્ય પ્રક્રિયાઓને વધુ મજબૂત બનાવવાનો હતો. વિદ્યાર્થીઓના શીખણને મજબૂત બનાવવા માટે BALA, બાલ સંસદ, લાઈબ્રેરી અને પ્રાર્થનાસભા જેવી ચાર મુખ્ય પ્રક્રિયાઓની મહત્વપૂર્ણ ભૂમિકા પર ચર્ચા કરવામાં આવી. સાથે સાથે પંચાયત સાથેના સહયોગ દ્વારા શાળાની પ્રક્રિયાઓ કેવી રીતે વધુ અસરકારક બની શકે તે અંગે સમજ આપવામાં આવી. વર્કશોપમાં નાંદોદ બ્લોકના કુલ 40 હેડ માસ્ટરો ઉપસ્થિત રહ્યા. સત્ર દરમિયાન શાળા નેતૃત્વ, શૈક્ષણિક ગુણવત્તા અને સતત સુધારાની પ્રક્રિયા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો. કાર્યક્રમમાં શ્રી પ્રભાસ રાઠવા, તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી ઉપસ્થિત રહી શાળાના સર્વાંગી વિકાસ માટે SMC સભ્યોના સહયોગથી શાળાની પ્રક્રિયાઓને મજબૂત બનાવવા અંગે પોતાના મૂલ્યવાન માર્ગદર્શન આપ્યા. પિરામલ ફાઉન્ડેશન તરફથી જિલ્લા લીડર વિશ્નુ પારેખ, પ્રોગ્રામ લીડર કૃષ્ણા ભાવસાર તથા પ્રોગ્રામ લીડર ગગન દ્વારા સંસ્થાના કાર્ય, શાળાઓ સાથેની ભાગીદારી અને ક્ષેત્ર આધારિત અભિગમ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી.

# "નિષ્ણાત આંતરદૃષ્ટિ" શ્રેણી હેઠળ ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.ખાતે યોજાયું નિષ્ણાત વ્યાખ્યાન

નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.16



ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સીટી જૂનાગઢનાં સમાજશાસ્ત્ર અને સામાજીક કાર્યોનાં વિભાગ દ્વારા 'નિષ્ણાત આંતરદૃષ્ટિ' શ્રેણી હેઠળ સામાજિક સંશોધન માં સંશોધનના માપદંડ વિષયે નિષ્ણાત વ્યાખ્યાન યુનિ.નાં કુલપતિ પ્રો.પ્રતાપસિંહજી ચૌહાણની અધ્યક્ષતામાં યોજાયુ હતુ. આંતરદૃષ્ટિ નિષ્ણાંત વ્યાખ્યાન માળા નાં અધ્યક્ષસ્થાનેથી ઉપસ્થિતોને સંબોધતા જણાવ્યુ હતુ કે ભક્તકવિ નરસિંહ મહેતા વિશ્વ વિદ્યાલયનો કાર્યક્ષેત્રીય વિસ્તારવ્યાપ ગીર-બરડો-આલેચ અને ગિરનારની વનસૃષ્ટી પ્રકૃતિ અને પર્યાવરણથી સમૃધ્ધ વિસ્તાર છે. આમેય આપણે સાંભળતા અને અનુભવતા રહ્યા છીએ, કે સમગ્ર જીવસૃષ્ટિનું સર્જન પર્યાવરણમાંથી થયું છે, આપણે સૌ પર્યાવરણનો જ એક ભાગ છીએ. તેથી પર્યાવરણ છે તો આપણે છીએ, એવું કહેવામાં કંઈ અતિશ્યોક્તિ નથી. કારણ કે, મનુષ્ય જન્મે ત્યારથી પર્યાવરણ સાથે તેનો નાતો રહેલો છે. મનુષ્ય દેહ જળ, વાયુ, પૃથ્વી, આકાશ અને અગ્નિ એમ પાંચ તત્વોનો બનેલો છે, આજે માણસ પર્યાવરણથી વિમુખ થવાથી અનેક રોગોનો ભોગ બની ગયો છે, આથી કહી શકાય કે, પર્યાવરણ છે તો જીવન છે.આજનાં નિષ્ણાંત વ્યાખ્યાતા પ્રો. એચ.એલ ચાવડા સમાજ અને પર્યાવરણ વિષયે સમાજશાસ્ત્રીય અભ્યાસ ઉપર વાત કરશે, આ રીતે પ્રો.જે.એમ.નાયક પણ સામાજીક સંશોધનમાં શોધકાર્યનાં માપદંડો વિશે વાત કરશે.

## 400થી વધુ ઘાયલ પક્ષીઓની આધુનિક સર્જરી: આભમાં ફરી ભરશે નવી ઉડાન

# જૂનાગઢ : કામધેનુ યુનિવર્સિટી અને સેવાભાવી સંસ્થાઓ એ છેડ્યું પક્ષી બચાવો અભિયાન

નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.16




ઉત્તરાયણનો તહેવાર એટલે આનંદ અને ઉલ્લાસનું પર્વ, પણ આ પર્વની પાછળ અબોલ પક્ષીઓની ચીસો છુપાયેલી હોય છે. પતંગની કાતિલ દોરી જ્યારે આસમાનમાં ઉડતા પરિંદાઓની પાંખો કાપે છે, ત્યારે કુદરત પણ રડી પડે છે. ૧૪ અને ૧૫ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ જ્યારે માનવીઓ ધાબા પર પતંગ ચગાવતા હતા, ત્યારે રાજકોટના બર્ડ રેસ્ક્યુ કેમ્પમાં જૂનાગઢ વેટરનરી કોલેજના દેવદૂત સમાન તબીબો લોહીલુહાણ પક્ષીઓના જીવ બચાવવા જંગ લડી રહ્યા હતા. આ માત્ર એક અભિયાન નહોતું, પણ અબોલ જીવો પ્રત્યેની સંવેદનાનો મહાકુંભ હતો. કરુણા અભિયાન ૨૦૨૬ અંતર્ગત રાજકોટમાં યોજાયેલા આ બે દિવસીય કેમ્પમાં જૂનાગઢની કામધેનુ યુનિવર્સિટીના અનુભવી ડોક્ટરોએ અપ્રતિમ સેવા આપી છે. સ્થાનિક સૂત્રોના જણાવ્યા મુજબ, પતંગની દોરીથી ગંભીર રીતે ઘાયલ થયેલા ૪૦૦થી વધુ પક્ષીઓને અહીં લાવવામાં આવ્યા હતા. જીવદયા ઘર, કરુણા ટ્રસ્ટ અને અરહમ સેવા ગ્રુપ જેવી સંસ્થાઓના સહયોગથી આ રેસ્ક્યુ અભિયાન સફળ બન્યું છે. હોસ્પિટલના ટેબલ પર જ્યારે ગંભીર હાલતમાં કબૂતર કે ઘુવડ આવતા, ત્યારે તબીબોની આંખોમાં પણ ભીનાશ જોવા મળતી હતી. આ કેમ્પમાં વેટરનરી સર્જરીના નિષ્ણાત ડૉ. એન. આર. પાડલીયા અને ડૉ. માનીની ગેલાતની આગેવાની હેઠળ ઈન્ટર્ની ડોક્ટરોની ટીમે રાત-દિવસ જોયા વગર કામ કર્યું છે. રેસ્ક્યુ કરાયેલા પક્ષીઓમાં માત્ર કબૂતર જ નહીં, પણ દુર્લભ ગણાતા ઘુવડ, કોયલ, હોલો, ટીટોડી અને બગલા જેવા પક્ષીઓનો પણ સમાવેશ થતો હતો. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, અનેક પક્ષીઓની પાંખો એટલી ખરાબ રીતે કપાઈ ગઈ હતી કે તેમની તાત્કાલિક જટિલ સર્જરી કરવી પડી હતી. વૈજ્ઞાનિક પદ્ધતિથી થયેલી આ સારવાર બાદ હવે આ પક્ષીઓ ફરીથી આકાશમાં ઉડવા તૈયાર થઈ રહ્યા છે.

# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં 5 વિદ્યાર્થીઓએ GSET ગુજરાત સ્ટેટ એલીઝીબીલીટી ટેસ્ટ કરી ઉતિર્ણ

નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.16



ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સીટી, જૂનાગઢનાં કેમેસ્ટ્રી ડિપાર્ટમેન્ટનાં ત્રણ અને લાઈફ સાયન્સ ડિપાર્ટમેન્ટનાં બે મળીને કુલ પાંચ વિદ્યાર્થિઓએ ગુજરાત સ્ટેટ એલીઝીબીલીટી ટેસ્ટ ઉતિર્ણ કરી છે. વિદ્યાર્થિઓની ખુશીને વધાવતા અને સફળતા હાંસલ કરનાર સર્વે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવતા કુલપતિ પ્રો.(ડો.) પ્રતાપસિંહજી ચૌહાણે જણાવ્યુ હતુ કે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીનાં સમાજશાસ્ત્રનાં છ અને વિજ્ઞાન વિભાગનાં પાંચ મળીને કુલ ૧૧ વિદ્યાર્થીઓની ગૌરવશાળી સિદ્ધિ છે. અધ્યાપક સહાયક / વ્યાખ્યાતા તરીકે નિમણુંક પામવા, ઉમેદવારી કરવા નક્કી કરેલી જરૂરી શૈક્ષણિક લાયકાત ઉપરાંત ખાસ કરીને ઉદેશ માટે આયોજિત સર્વગ્રાહી કસોટીમાં ઉત્તીર્ણ થતાં આ વિદ્યાર્થીનાં લક્ષ્યને હાંસલ કરવા ઉપયોગી બનશે. આજે કુલપતિ પ્રો.પ્રતાપસિંહજી ચૌહાણે કેમેસ્ટ્રી ડિપાર્ટમેન્ટનાં વડડાંગર નીલદીપ મુકુંદભાઈ, મકવાણા ગૌતમ સંજયભાઈ, જોષી ભાર્ગવી વશિષ્ઠકુમાર તેમજ લાઈફ સાયન્સ ડિપાર્ટમેન્ટનાં નંદણીયા નિરાલી સવદાસભાઈ અને રોહિત અરજણભાઈ છુછરને સન્માનિત કર્યા હતા. આ તકે લાઈફ સાયન્સ ડિપાર્ટમેન્ટનાં વડા પ્રો.સૂહાસ વ્યાસ,અને કેમેસ્ટ્રી ડિપાર્ટમેન્ટ નાં વડા પ્રો.નવલ કપુરીયા ઉપસ્થિત રહ્યા હતા.

## વાલકેશ્વરના શ્રીપાલ જૈન દેરાસરમાં ગુરુમૂર્તિ પ્રતિષ્ઠા અને મહાપૂજનોનું અનોખું આયોજન, પ્રથમ પત્રિકા ગુરુમહારાજને અર્પણ



મુંબઈ | દક્ષિણ મુંબઈમાં વાલકેશ્વરના શ્રી શ્રીપાલનગર જૈન દહેરાસર-ઉપાશ્રયમાં શ્રી મુનિસુવ્રત સ્વામી આદિ ભગવાનના કલ્યાણક પરિકર, પ્રથમ તીર્થંકર શ્રી આદિનાથ ભગવાનના રાયણ પગલાં, પ્રથમ ગણધર શ્રી પુંડરિક સ્વામીજી તથા 20મી સદીના અજોડ શાસન પ્રભાવક, પૂજ્ય યુગાધિરાજ આ. શ્રી વિ. રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજાની ગુરુમૂર્તિ આદીની ઐતિહાસિક પ્રતિષ્ઠા સહ અષ્ટાન્હિકા જિનભક્તિ મહોત્સવ, રથયાત્રા, મહાપૂજનોનું અનેરું આયોજન થવાનું છે. પ્રતિષ્ઠા સદ્ધર્મરક્ષક શાસન પ્રદીપ પ.પૂ.આ.શ્રી વિજયપ્રદીપચંદ્ર સૂરીશ્વરજી મહારાજા તથા મધુર પ્રવચનકાર પ.પૂ.આ.શ્રી વિજયહર્ષિલ સૂરીશ્વરજી મહારાજા આદિ પાંચ આચાર્ય ભગવંતોની નિશ્રામાં ચતુર્વિધ શ્રીસંઘ સાજન-મહાજન સાથે સંગીતના સથવારે ઐતિહાસિક મહામહોત્વની પત્રિકાનું આલેખન કરવામાં આવ્યું હતું.

## યુટીઆઈ પેન્શન ફંડના ભૂતપૂર્વ સીઈઓ બલરામ ભગત ધ વેલ્થ કંપનીમાં પ્રોડક્ટ્સ અને પેન્શનના મેનેજિંગ પાર્ટનર તરીકે જોડાયા



મુંબઈ | પેન્ટોમેથ ગ્રુપનો ભાગ એવી ધ વેલ્થ કંપનીએ આજે મેનેજિંગ પાર્ટનર - પ્રોડક્ટ્સ એન્ડ પેન્શન તરીકે શ્રી બલરામ ભગતની નિયુક્તિની જાહેરાત કરી હતી. પેન્શન અને મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગના પીઢ અનુભવી શ્રી ભગત નાણાંકીય સંસ્થાનો ઊભા કરવા, પેન્શનની સ્વીકૃતિને પ્રોત્સાહન આપવા અને નાણાંકીય સમાવેશકતાને આગળ ધપાવવામાં ત્રણ દાયકાથી વધુનો અનુભવ ધરાવે છે. હાલ ચાલી રહેલી વિસ્તરણ વ્યૂહરચનાના ભાગરૂપે આ નિયુક્તિ નેતૃત્વ તથા પ્રતિભાઓને મજબૂત બનાવવા તથા તેના પ્રોડક્ટ સ્યૂટને વિસ્તારવાનો સમાવેશ કરે છે. ધ વેલ્થ કંપની ખાતે આ સંસ્થાકીય ગહનતાના નિર્માણ પર વધુ ધ્યાન, અમલીકરણ ક્ષમતાઓને વધારવા તથા વિવિધ ઈન્વેસ્ટમેન્ટ ઓફરિંગ્સ તથા ડિસ્ટ્રીબ્યુશન ચેનલ્સ પર આગામી તબક્કાના સ્કેલેબલ ગ્રોથને ટેકો આપવા પરના ધ્યાનને દર્શાવે છે. શ્રી ભગત અગાઉ યુટીઆઈ પેન્શન ફંડ લિમિટેડના સીઈઓ અને પૂર્ણ-સમયના ડિરેક્ટર હતા, જ્યાં તેઓ સ્થાપક સીઈઓ હતા અને નેશનલ પેન્શન સિસ્ટમ (એનપીએસ) હેઠળ રૂ. 4,00,000 કરોડથી વધુની એસેટ્સ મેનેજ કરીને સંસ્થાને ભારતના ત્રીજા ક્રમના સૌથી મોટા પેન્શન ફંડમાં સ્થાન આપવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.

## ગોદરેજ એન્ટરપ્રાઈઝિસે આજના ડિઝાઈન-ફોરવર્ડ ઘરો માટે શ્રેષ્ઠ ભારતનું પ્રથમ રેફ્રિજરેટર રજૂ કર્યું




મુંબઈ | ભારતીય ઘરો વધુને વધુ વ્યક્તિગત શૈલી રજૂ કરી રહ્યા છે. ગ્રાહકો પોતાના ઘરની ડિઝાઈન, ઈનોવેશન અને અનુકૂળતાનું શ્રેષ્ઠ સંતુલન સાધતા એપ્લાયન્સિસની પસંદગી કરી રહ્યા છે. આધુનિક ઘરોને આકાર આપતાં સ્ટાઈલિશ છતાં અત્યંત ફંક્શનલ એપ્લાયન્સિસ (ઉપકરણો) બનાવવા તરફના પરિવર્તનને આગળ ધપાવતાં ગોદરેજ એન્ટરપ્રાઈઝિસ ગ્રૂપના એપ્લાયન્સિસ બિઝનેસે ફ્રોસ્ટ ફ્રી અને ડાયરેક્ટ કૂલ રેફ્રિજરેટર્સમાં ઈઓન ઈમ્પ્રેશન અને એજ ઈમ્પ્રેસ રેન્જ રજૂ કરી છે.કલાતીત ડિઝાઈન અને અદ્યતન ટેકનિકથી ભરપૂર સીમલેસ ફ્લુઈડ કર્વ ડોર સાથેની આ રેન્જ સૌ કોઈનું ધ્યાન ખેંચે છે. જે ભારતમાં બ્રાન્ડ દ્વારા 1958માં બનાવેલા પ્રથમ રેફ્રિજરેટરની છાપ રજૂ કરે છે. આ રેન્જમાં વધુ એક મહત્ત્વનું ફીચર ડોર હેન્ડલ પર ટચ કંટ્રોલ છે. જે આ કેટેગરીમાં ભારતનું પ્રથમ ડાયરેક્ટ કૂલ રેફ્રિજરેટર છે.

## પીપીએફએએસ મ્યુચ્યુઅલ ફંડ રજૂ કરે છે, પરાગ પરીખ લાર્જ કેપ ફંડ

ભારત, જાન્યુઆરી, 2026: પીપીએફએએસ મ્યુચ્યુઅલ ફંડનું પરાગ પરીખ લાર્જ કેપ ફંડ, એક નવું ફંડ ઓફર (એનએફઓ) આજે 19મી જાન્યુઆરી, 2026ના રોજ ખુલશે અને 30મી જાન્યુઆરી 2026ના રોજ બંધ થશે. આ યોજના 6ઠ્ઠી ફેબ્રુઆરી, 2026ના રોજ ફરીથી ખુલશે. આ સ્કીમ એ ફંડ હાઉસની શરૂઆતથી આ 7મી ઓફરિંગ છે.

PPFAS MUTUAL FUND
There's only one right way

આ સ્કીમ એ એક ખર્ચ અસરકારક, બ્રોડ લાર્જ-કેપ એક્સપોઝર પૂરો પાડવાનો પ્રયાસ છે, જેમાં ટ્રેડિંગ તથા ઈમ્પેક્ટ કોસ્ટનું પણ મેનેજ કરવા માટે ડિઝાઈન કરવામાં આવેલા અભિગમનો સમાવેશ થાય છે, જ્યારે સમય જતા પોર્ટફોલિયો પોઝિશનિંગને સ્કીમના બેન્ચમાર્કની નજીક રાખવામાં આવશે, કાર્યક્ષમ સાધનોનો ઉપયોગ કરવામાં આવશે અને નાનો સક્રિય હિસ્સો જાળવી રાખવામાં આવશે.

ઓછામાં ઓછું રોકાણ રૂ.1,000નું છે અને ત્યારબાદ આગળ રૂ.1ના ગુણાંકમાં કરી શકાશે. તેના પર કોઈ એન્ટ્રી કે એક્ઝિટ લોડ રહેશે નહીં. બંને ડિરેક્ટ અને રેગ્યુલર પ્લાન એ ગ્રોથ અને ઈન્કમ ડિસ્ટ્રિબ્યુશન કમ કેપિટલ વિડ્રોવલ ઓપશન્સનું ઓફર કરે છે.

નીલ પરાગ પરીખ, ચેરમેન અને સીઈઓ, પીપીએફએએસ મ્યુચ્યુઅલ ફંડ કહે છે, "ઘણા રોકાણકારો પારદર્શક, ઓછા ખર્ચ અને સુસંગત લાર્જ-કેપ રોકાણ ઈચ્છે છે. આ ફંડ સ્માર્ટ એક્ઝિક્યુશન તથા ખર્ચ કાર્યક્ષમતા પર ધ્યાન કેન્દ્રિત કરીને તેની જરૂરિયાતને પૂર્ણ કરવા માટે શરૂ કરવામાં આવ્યું છે, જેના ફાયદા છેવાડાના રોકાણકારો સુધી પહોંચાડવામાં આવશે.

## ઓક્સીલાઈફ સલૂન પ્રોફેશનલ્સે સોનમ બાજવા સાથે પાર્ટનરશિપ કરી સિંગલ યુઝ સ્કિન બ્રાઈટનિંગ ડી-ટેન પેક લોન્ચ કર્યું

અમદાવાદ | ડાબર ઈન્ડિયાના પ્રીમિયમ સલૂન સ્કિનકેર બ્રાન્ડ, ઓક્સીલાઈફ સલૂન પ્રોફેશનલ્સે તેના અદ્યતન સિંગલ યુઝ બ્રાઈટનિંગ ડી-ટેન પેક્સ લોન્ચ કરવાની જાહેરાત કરી છે. આ લોન્ચનો મુખ્ય ઉદ્દેશ્ય 'સ્કિનશ્યોરન્સ વિથ ઓક્સીલાઈફ' છે, જેમાં જાણીતી અભિનેત્રી સોનમ બાજવા સાથે જાણીતા બ્યુટી અને લાઈફસ્ટાઈલ ઈન્ફ્લુએન્સર પણ સામેલ છે. પ્રોફેશનલ સલૂન ટ્રીટમેન્ટ અને હોમમેઈડ પ્રોડક્ટની ફીલિંગ આપવા આ ખાસ પ્રોડક્ટ ડિઝાઈન કરાઈ છે. આ નવું સિંગલ યુઝ ફોર્મેટ તાત્કાલિક ટેન દૂર કરવા અને ત્વચાને ચમક આપવા હાઈ પરફોર્મન્સ, હાઈજેનિક અને સચોટ ઉકેલ પ્રદાન કરે છે.

## CEAT એ તેના મુખ્ય મેન્યુફેક્ચરિંગ હબમાં મલ્ટી-સ્ટેટ 59 MW હાઈબ્રિડ વિન્ડ-સોલર પ્રોજેક્ટ માટે CleanMax સાથે ભાગીદારી કરી

મુંબઈ | ભારતની એક અગ્રણી ટાયર ઉત્પાદક કંપની CEAT એ ક્લીનમેક્સ એન્વાયરો એનર્જી સોલ્યુશન્સ લિમિટેડ ('ક્લીનમેક્સ') સાથે ભાગીદારી કરી છે. આ ભાગીદારી અંતર્ગત ગુજરાતમાં CEATની હાલોલ સુવિધા તથા તમિલનાડુમાં કાંચીપુરમ સુવિધાને ગ્રુપ કેપ્ટીવ મૉડલ અંતર્ગત ₹59 MW હાઈબ્રિડ વિંડ-સોલર પ્રોજેક્ટથી રિન્યુએબલ પાવર પ્રાપ્ત થશે. બ્રુકફિલ્ડ સમર્થિત કંપની ક્લિનમેક્સ વર્તમાન સમયમાં ભારતમાં કોમર્શિયલ તથા ઈન્ડસ્ટ્રીયલ સેક્ટર માટે સૌથી મોટી રિન્યુએબલ એનર્જી પ્રોવાઈડર છે.આ અંતર્ગત ગ્રિડ સ્ટેબિલિટીને પણ વધારે છે, જે એનર્જીના વધારે વપરાશવાળા મેન્યુફેક્ચરિંગ ઓપરેશન્સ માટે ખૂબ જ જરૂરી છે.

## શેડૉફેક્સ ટેક્નોલોજીસ લિમિટેડનો આઈપીઓ મંગળવાર, 20 જાન્યુઆરી, 2026ના રોજ ખુલશે

મુંબઈ | શેડૉફેક્સ ટેક્નોલોજીસ લિમિટેડ (The "Company") ઈક્વિટી શેર્સના તેના આઈપીઓ સંદર્ભે બિડ/ઓફર મંગળવાર, 20 જાન્યુઆરી, 2026ના રોજ ખોલશે.ઓફરનો પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેર દીઠ રૂ. 118થી રૂ. 124 નક્કી કરવામાં આવ્યો છે ("Price Band") બિડ્સ લઘુતમ 120 ઈક્વિટી શેર્સ અને ત્યારબાદ 120 ઈક્વિટી શેર્સના ગુણાંકમાં કરી શકાય છે ("Minimum Bid Lot")

રૂ. 19,072.69 મિલિયન (રૂ. 1,907.27 કરોડ) સુધીના મૂલ્યના શેરદીઠ રૂ. 10ની ફેસ વેલ્યુના ઈક્વિટી શેર્સના આઈપીઓ ("Total Offer Size") માં રૂ. 10,000 મિલિયન (રૂ. 1,000 કરોડ) સુધીના ઈક્વિટી શેર્સના ફ્રેશ ઈશ્યૂ અને પ્રત્યેક રૂ. 10ની ફેસ વેલ્યુના રૂ. 9,072.69 મિલિયન (રૂ. 907.27 કરોડ)ના વેચાણ માટેની ઓફરનો સમાવેશ થાય છે.

## L&T ટેકનોલોજી સર્વિસિસે નાણાકીય વર્ષ 2026ના ત્રીજા ત્રિમાસિક ગાળામાં વાર્ષિક ધોરણે 10.2 ટકા વૃદ્ધિ નોંધાવી

મુંબઈ | ડિજિટલ અને ER&D કન્સલ્ટિંગ સર્વિસિસ ક્ષેત્રમાં વિશ્વની અગ્રેસર L&T ટેકનોલોજી સર્વિસિસ લિમિટેડ (BSE: 540115, NSE: LTTS)એ 31મી ડિસેમ્બર 2025ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટેના પરિણામોની જાહેરાત કરી છે.ત્રિમાસિક ગાળામાં અનેક મોટી ડિલ બુક કરવામાં આવી છે, જે પૈકી એક ગ્લોબલ OEMથી 70 મિલિયન ડોલરની મોટી ડિલ સાથે 30 મિલિયન ડોલરની ડિલ, 20 મિલિયન ડોલરના પ્રોગ્રામ અને 10 મિલિયન ડોલરથી વધારેની 5 ડિલનો સમાવેશ થાય છે.L&T ટેકનોલોજી સર્વિસિસ લિમિટેડના CEO અને મેનેજીંગ ડિરેક્ટર શ્રી અમિત ચઢ્ઢાએ જણાવ્યું હતું કે, 'અમે મોટી ડિલ જીતવાના વેગને જાળવી રાખ્યો છે અને સતત પાંચ ત્રિમાસિક ગાળા દરમિયાન 200 મિલિયન ડોલરના TCV આપ્યાં.

## જૂનાગઢ દ્વારા અનાથ બાળકો તેમજ જરૂરિયાતમંદ લોકોને મકરસંક્રાંતિ નિમિત્તે જુદી જુદી ચીજ વસ્તુઓનું વિતરણ



નરેન્દ્ર દવે | જૂનાગઢ | જેસીઆઇ, જૂનાગઢ દ્વારા વિવિધ સંસ્થાઓ જેવી કે શિશુમંગલ અનાથ આશ્રમ, અંધ કન્યા છાત્રાલય, બહેરા મૂંગા શાળા, ઓબ્ઝર્વેશન હોમ, રાષ્ટ્રીય અંધજન મંડળ, વૃદ્ધાશ્રમ જેવી અલગ અલગ સંસ્થાઓમાં મકરસંક્રાંતિ નિમિત્તે પતંગ, દોરા , ફીરકી, માંડવીની ચીકી ,તલની ચીકી, મમરાના લાડુ, બિસ્કીટ, ચોકલેટ, મસાલા ભુંગળા, ટોસપટ્ટી, વેફર વગેરે જેવી 20 વસ્તુઓની 400થી વધુ કીટ બનાવીને વિતરણ કરવામાં આવી. આ કીટના વિતરણ સમયે જૂનાગઢ મનપા.ના કમિશનરશ્રી તેજસ પરમાર, જૂનાગઢ પોલીસના એ.ડિવિઝનના પી.આઈ. વત્સલ સાવજ, કિરીટભાઈ સંઘવી તેમજ અમારા જેસીઆઇના મેન્ટરશ્રી અરવિંદભાઈ સોની, ડાયરેક્ટર કિશોરભાઈ ચોટલીયા, કેતન ચલેરા, યતીન કારીયા, પ્રમુખશ્રી જગદીશ મદનાની સેક્રેટરીશ્રી રવી ધીનોજા, પાર્થ પરમાર, ચિરાગ કડેચા, વિરલ કડેચા, નીરવ જેઠવા, ભાવિસા દેકીવાડીયા, મોનિકા ધીનોજા, જાગૃતિ પરમાર તેમજ જેજે વિંગના બાળકો પણ હાજર રહી શિશુ મંગલ ના બાળકો સાથે મકરસંક્રાંતિની ઉજવણી કરી હતી.



નર્મદા જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદ કાર્યાલયનો શુભારંભ આજે તારીખ 16-1-2026 શુક્રવારના રોજ આદિત્ય કોમ્પ્લેક્સ રાજપીપલા ખાતે સંતોની વિશેષ ઉપસ્થિતિમાં સંતોના આશીર્વાદથી થયેલ છે. જેમાં મોટી સંખ્યામાં હિન્દુ સમાજના વ્યક્તિઓ ઉપસ્થિત રહ્યા. (ભરત શાહ, નર્મદા)

## મહિન્દ્રા XEV 9S અને XUV 7XO માટે રેકોર્ડ 93689 બૂકિંગ નોંધાયા

મુંબઈ | મહિન્દ્રાએ તેની નવી SUVs- XEV 9S અને XUV 7XO માટે બુકિંગ શરૂ કરવાની જાહેરાત કરી છે. કંપનીએ જણાવ્યું છે કે 14મી જાન્યુઆરી 2026ના બપોરે 2.00 વાગ્યા સુધીમાં બન્ને ગાડીઓ માટે કૂલ 93689 બુકિંગ થઈ ચુક્યું છે, જેની બુકિંગ વેલ્યુ રૂપિયા 20500 કરોડથી વધારે છે(એક્સ-શોરૂમ કિંમત પર કેલ્યુલેટેડ) મહિન્દ્રા કેટેગરી-ડિફાઈનિંગ પ્રોડક્ટ બનાવીને અને મજબૂત મેન્યુફેક્ચરિંગ તથા પ્રોડક્ટ ઈનોવેશન સાથે તેને આગળ વધારી ભારતની SUV ગ્રોથ સ્ટોરીમાં સતત અગ્રેસર રહી છે.

## ISPL સીઝન 3: ઓછા સ્કોરવાળા રોમાંચક મુકાબલામાં ટાઈગર્સ ઓફ કોલકાતાએ બેંગલુરુ સ્ટ્રાઈકર્સને હરાવી

સુરત | લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમ ખાતે રમાયેલા તણાવપૂર્ણ અને ઓછા સ્કોરવાળા મુકાબલામાં, ટાઈગર્સ ઓફ કોલકાતાએ ધીરજ જાળવી રાખીને ગુરુવારે રમાયેલી પ્રથમ મેચમાં ઈન્ડિયન સ્ટ્રીટ પ્રીમિયર લીગ (ISPL) સીઝન 3માં બેંગલુરુ સ્ટ્રાઈકર્સને 5 રનથી હરાવી હતી.77 રનના મામૂલી સ્કોરનો બચાવ કરતા, ટાઈગર્સના બોલિંગ યુનિટે શિસ્તબદ્ધ પ્રદર્શન કર્યું હતું અને બેંગલુરુને નિર્ધારિત 10 ઓવરમાં 72/7 રન પર રોકી દીધી હતી. બેટિંગ માટે આમંત્રણ મળ્યા બાદ, ટાઈગર્સ ઓફ કોલકાતાએ બેંગલુરુના ચુસ્ત આક્રમણ સામે ગતિ મેળવવા માટે સંઘર્ષ કર્યો હતો. ઓપનર સૈફ અલીએ 5 બોલમાં એક છગ્ગા સાથે 11 રનની ટૂંકી ઈનિંગ રમી હતી, જેનો સ્ટ્રાઈક રેટ 220.00 હતો. જોકે, ઈનિંગને મોટાભાગે રજત મુંઢેએ સંભાળી હતી, જેણે 28 બોલમાં શાંત ચિત્તે 35 રન બનાવી સૌથી વધુ સ્કોર કર્યો હતો. મુંઢેએ એક છગ્ગો અને 9 રન ફટકાર્યા હતા પરંતુ બીજા છેડેથી તેને ખાસ ટેકો મળ્યો ન હતો કારણ કે નિયમિત અંતરે વિકેટો પડતી રહી હતી.બેંગલુરુના બોલરો સમગ્ર મેચ દરમિયાન અસરકારક રહ્યા હતા. ભૂષણ ગોલે આક્રમણમાં શ્રેષ્ઠ રહ્યો હતો, જેણે તેની 2 ઓવરમાં માત્ર 9 રન આપીને સરોજ પ્રમાણીકેની વિકેટ ઝડપી હતી. રાજેન્દ્ર સિંહ (1/20) અને બદી રાજેશ નારાયણે (1/19) પણ યોગદાન આપ્યું હતું, જેના કારણે ટાઈગર્સ 77/5 સુધી સીમિત રહ્યા હતા.

## આઈજેએફએ ગુજરાત અને શ્રેયસ ફાઉન્ડેશન દ્વારા પતંગ-ઓ-દોરી ફેસ્ટિવલ યોજાયો (જાપાનીઝ પતંગનું અમદાવાદી પતંગ સાથે આકાશમાં નૃત્ય!)

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ



શ્રી મૂકેશ પટેલ, આઈજેએફએના પ્રમુખ અને અમદાવાદ, ગુજરાતમાં જાપાનના માનદ કોન્સલે જણાવ્યું હતું કે, 'હામામાત્સુ-અમદાવાદ સિસ્ટર સિટી ભાગીદારીની પ્રથમ વર્ષગાંઠ અને ગુજરાત તથા જાપાન વચ્ચેના ૫૦ વર્ષના જીવંત સંબંધોની યાદમાં, એક અનોખો સાંસ્કૃતિક ફેસ્ટિવલ 'પતંગ-ઓ-દોરી' ઉત્તરાયણની સવારે શ્રેયસ ફાઉન્ડેશન સાથે યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ જાપાનના પતંગ પાટનગર હામામાત્સુ અને ભારતીય પતંગ પરંપરાના હૃદય સમાન અમદાવાદ વચ્ચે એક અનોખો સાંસ્કૃતિક સેતુ પ્રદર્શિત કરે છે.

## PHDCCI દ્વારા 'વિકસિત ભારત 2047 માટે PACS-નેતૃત્વવાળી સ્માર્ટ સહકારી સંસ્થાઓ' પર રાષ્ટ્રીય કાર્યશાળાનું દિલીપ સંઘાણીની અધ્યક્ષતામાં આયોજન

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ




પી.એચ.ડી. ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (PHDCCI) દ્વારા નવી દિલ્હીમાં PHDCCI ની કોપરેટીવ કમિટી ના અધ્યક્ષ તરીકે નિમણુંક થયા બાદ "વિકસિત ભારત 2047 માટે PACS-નેતૃત્વવાળી સ્માર્ટ સહકારી સંસ્થાઓ (Building PACS-led Smart Cooperatives for a Viksit Bharat @2047)" વિષય પર એક રાષ્ટ્રીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યશાળાની અધ્યક્ષતા સહકારિતા ક્ષેત્રના વરિષ્ઠ નેતા, NCUI, IFFCO અને GUJCOMASOLના અધ્યક્ષ શ્રી દિલીપ સંઘાણીએ કરી હતી.

કાર્યક્રમને સંબોધતાં શ્રી દિલીપ સંઘાણીએ જણાવ્યું કે આ દુરંદેશી વિષય સહકારિતાના ભવિષ્યને દિશા આપનારું છે. તેમણે આ મહત્વપૂર્ણ પહેલ માટે PHDCCIને વિશેષ અભિનંદન પાઠવ્યા અને જણાવ્યું કે આ આયોજન દેશમાં પ્રાથમિક કૃષિ સાખ સમિતિઓ (PACS) ને સશક્ત બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે.

## પંદરમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રનુ આહવાન

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગુજરાત રાજ્યના માન. રાજ્યપાલશ્રી આચાર્યદેવવ્રતજી દ્વારા ભારતના બંધારણના અનુચ્છેદ-૧૭૪ (૧) હેઠળ પંદરમી ગુજરાત વિધાનસભાનું આઠમું સત્ર તા. ૧૬મી ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ મળવા માટે આહવાન કરવામાં આવ્યું છે. આ સત્રની રૂપરેખા અને કામકાજ અંગેની મહત્વની વિગતો માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી દ્વારા જાહેર કરવામાં આવીછે.

સત્રનુ મુખ્ય કામકાજ

* રાજ્યપાલશ્રીનું સંબોધન: સત્રના પ્રથમ દિવસે, તા. ૧૬મી ફેબ્રુઆરીએ રાજ્યપાલશ્રી ગૃહને સંબોધિત કરશે.

* અંદાજપત્રની રજૂઆત: નાણામંત્રીશ્રી દ્વારા તા. ૧૭મી ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭નું અંદાજપત્ર (બજેટ) રજૂ કરવામાં આવશે.

* વધારાના ખર્ચના પત્રકો: અંદાજપત્રની સાથે વર્ષ ૨૦૧૧-૧૨, ૨૦૧૪-૧૫, ૨૦૧૫-૧૬ અને ૨૦૧૮-૧૯ ના વધારાના ખર્ચના પત્રકો તેમજ વર્ષ ૨૦૨૫-૨૬ના પૂરક પત્રકો પણ રજૂ કરવામાં આવશે.

બેઠકોનું આયોજન અને સમયગાળો

આ સત્ર તા. ૧૬/૦૨/૨૦૨૬ થી તા. ૨૫/૦૩/૨૦૨૬ સુધી કામકાજના કુલ ૨૩ દિવસ ચાલશે, જેમાં કુલ ૨૬ બેઠકો યોજાશે. વિધાનસભાના કામકાજની વહેંચણી નીચે મુજબ કરવામાં આવીછે:

*રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા: ૩ બેઠકો.

*સરકારી કામકાજ અને વિધેયકો: ૪ બેઠકો.

* નાણાકીય કામકાજ: કુલ ૧૮ બેઠકો રહેશે જેમાં અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા માટે ૪ બેઠકો, વિભાગવાર માંગણીઓ ઉપર ચર્ચા અને મતદાન માટે ૧૨ બેઠકો અને પૂરક માંગણી પર ચર્ચા અને મતદાન માટે ૨ બેઠકો રહેશે.

* બિનસરકારી કામકાજ: ૬ બેઠકમાં બિનસરકારી કામકાજ નિયમો મુજબ હાથ ધરવામાં આવશે.

## સેવા, સમર્પણ અને વિશ્વાસનો પર્યાય: અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં વર્ષ 2025માં 11.60 લાખથી વધુ દર્દીઓએ લીધી ઓપીડી સેવા

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

અમદાવાદ સિવિલ હોસ્પિટલ આજે માત્ર એક સરકારી આરોગ્ય સંસ્થા નહીં, પરંતુ લાખો નાગરિકોના વિશ્વાસ અને તેમના આરોગ્યની આશાનું કેન્દ્ર બની છે. રાજ્યની સરકારી આરોગ્ય સંસ્થાઓમાં સૌથી મોટી અને વિશ્વસનીય સંસ્થા તરીકે કાર્યરત સિવિલ હોસ્પિટલ, અમદાવાદની કાર્યક્ષમતા અને પ્રતિબદ્ધતાના આંકડા તેની સેવાની સાક્ષી પૂરી રહ્યા છે.સિવિલ સુપ્રીટેન્ડેન્ટ ડૉ.રાકેશ જોષીએ વર્ષ 2025 દરમિયાન સિવિલ હોસ્પિટલ ખાતે



દર્દીઓને મળેલી વિવિધ સારવાર સુવિધાઓના આંકડા આપતા જણાવ્યું હતું કે, વર્ષ 2025માં કુલ 11,63,740 દર્દીઓએ ઓપીડી (OPD) સેવાઓનો લાભ લીધો છે, જ્યારે 1,04,840 દર્દીઓએ ઈન્ડોર (IPD) દર્દી તરીકે દાખલ થઈને સારવાર મેળવી છે.આ સિદ્ધિ અંગે ગૌરવ વ્યક્ત કરતા સુપ્રિટેન્ડેન્ટ ડૉ. રાકેશ જોષીએ વધુમાં જણાવ્યું હતું કે, 'સિવિલ હોસ્પિટલ માત્ર આંકડાઓથી નહીં, પણ લાખો દર્દીઓના સ્મિત અને સંતોષથી ઓળખાય છે. અમારો ઉદ્દેશ્ય છે કે છેવાડાના માનવીને પણ અદ્યતન ટેકનોલોજી અને માનવતાભર્યા અભિગમ સાથે શ્રેષ્ઠ સારવાર મળે. વર્ષ 2025ના આ આંકડા અમારા તબીબો અને સ્ટાફની રાત-દિવસની મહેનત અને લોકોના અતૂટ વિશ્વાસનું પરિણામ છે.

# પાકિસ્તાનમાં તખ્તા પલટ થતા ભારતીય મીડિયા ને ચર્ચા નો...

દમ મારો દમ મીટ જાયે હમ..
બોલો સુબહ શામ...

પાકિસ્તાનમાં તખ્તા પલટ થતા ભારતીય મીડિયા ને ચર્ચા નો નવો ટોપિક મળી ગયો.

ન્યૂઝ સ્ટુડિયો માં ફેમસ પત્રકાર સંધ્યા દાતા એ NFP ની જમીનદોસ્ત હાર ને અનુલક્ષી ને એના સાથી રિપોર્ટર ને કહ્યું કે કેતન!!નિયાઝી ફેમિલી પાર્ટી(NFP) એ વીસ વર્ષ સતા પર રહીને આર્થિક,સામાજિક અને વિકાસ ના મામલે પાકિસ્તાનની અત્યાર સુધીની હિસ્ટ્રી માં સારું કરતા પણ વધારે ઉતમ કાર્ય કર્યું હતું..છતાંય જનતા એ આટલો મોટો ઝટકો કેમ આપ્યો?

પત્રકાર સંધ્યા દતા ની સામે જોઈ ને કેતન બોલ્યો કે મેડમ, પાકિસ્તાન નું રાજકારણ જ કંઈક એવું છે કે સતા ના સિંહાસન પર ભલે રાજકારણી રાજ કરતો દેખાય પણ પાકિસ્તાનની અંદરની અને બહારની લગામ લશ્કરના વડા અલ્તાફ ખાન ના હાથ માં હોય છે.કેટલી અને ક્યારે લગામ ખેંચવી છે એ અલ્તાફ ખાન નક્કી કરે છે. લશ્કરી ચીફ અલ્તાફ ખાન ની લગામ આતંકીઓના આકાના હાથમાં હોવાના લીધે ત્યાંના રાજકારણીઓની પાર્ટીઓનો જલ્દી ધી એન્ડ થઈ જતો હોય છે.

પાકિસ્તાન ની ભૂમિ પરથી ન્યૂઝ કવરેજ કરતા ન્યૂઝ રિપોર્ટર કેતન એ કહ્યું કે સંધ્યા, વીસ વર્ષ થી એકધારા સતા પર વર્ચસ્વ જમાવનાર NFPની ખરાબ હાર બાદ પાકિસ્તાન ના સિંહાસન નું તખ્તા પલટ થયું છે.ધર્મ જનુની હુસેન ખાન સત્તા પર વર્ચસ્વ જમાવવા માં સફળ થયા છે.આ સત્તા પરિવર્તન ના લીધે આગામી દિવસોમાં લક્ષ્કરના વડા અલ્તાફ ખાન અને આતંકી આકા ઓની તાકાત વધશે. શરિયા ઈસ્લામી કાનૂન ને બેચલર હુસેન ખાન ચુસ્તપણે માનનારા અને એ ભારત વિરોધી છે એટલે એટલું સમજો કે આતંકી આકા ઓ અને અલ્તાફ ખાન ના એનાથી ખુશ છે.શરિયા કાનૂન ને ચુસ્તપણે ફોલો કરતા હુસેન ખાન માને છે કે ઈસ્લામી ધર્મશાસ્ત્રને આધારે સ્ત્રીઓને પણ આઝાદી આપવામાં આવે. સ્ત્રીઓ પણ દેશ સેવા માટે શસ્ત્ર ઉઠાવશે.આ ઉપરાંત ડ્રગ્સ માફીયાઓની ઘૂસણ ખોરી,આતંકી સંગઠનો અને ભારત માં નકલી ચલણી નોટ ઘુસાડવા વગેરે જેવા કાર્ય ના પક્ષમાં છે.

કેતન એ બે મિનિટ મૌન બાદ કહ્યું કે સંધ્યા, પાકિસ્તાન માં તખ્તા પલટ એ ભારત માટે લોટસ ઓફ પરેશાની લાવશે એવું લાગે છે.

ન્યૂઝ સ્ટુડિયો માં બ્રેકિંગ ન્યૂઝ આપતા પત્રકાર સંધ્યા દતા એ પેનલિસ્ટ ને ધન્યવાદ બોલી ને કહ્યું કે ભારતીય મીડિયાની નજરે પાકિસ્તાન ના નવા પ્રમુખ હુસેન ખાન એની ચાલબાઝ નીતિઓ અપનાવે એ પહેલા ભારત સરકાર એ 'ડ્રગ્સ ડીલર' નો સફાયો કરવાની જરૂર છે. અમારી ન્યૂઝ ચેનલ ના સંપાદક અને માલિક વરસો થી "ડ્રગ્સ ડીલર નિર્મૂળ કરો ને યુવાપેઢી બચાવો" ની ઝુંબેશ ચલાવે છે

ટીવી પર ન્યૂઝ ચેનલ પરની ચર્ચાઓ જોઈને સીબીઆઈ ઓફિસર પ્રદ્યુમ્ન સિંહે સિગારેટ ના બે ત્રણ કશ લીધા બાદ એને બુઝાવીને સામેની ચેર પર બેઠેલ પોલીસ ઈન્સ્પેક્ટર દીપ રાઠોડ ને પૂછ્યું કે સર,તમને મીડિયા રિપોર્ટ જોયા બાદ શું લાગે છે? પાકિસ્તાન માં તખ્તા પલટ ની ભારત ને શું અસર થશે?



મર્ડર મિસ્ટ્રી કેસ ભાગ:૮૫
- રુપાલી દવે

ઈન્સ્પેક્ટર દીપ રાઠોડ એ ખડખડાટ હસતા હસતા કહ્યું કે એની મા નો તંબુરો.. વ્યૂઅર્સ ને આકર્ષવા પ્રાઈવેટ ન્યૂઝ ચેનલોની ઝુંબેશ એ એક કાંકરે બે પક્ષી માર્યા જેવી જ સમજો.ભારત તરફ નજર કરવાની હુસેન ખાન ની ઓકાત નથી હોત તો જેના હાથ નું રમકડું બની ને ઊછળે છે એ આતંકી આકા ઓ પાકિસ્તાન ની સરહદ પાર કેમ નથી કરતા? કરોડો ની વસ્તી ધરાવતા ભારત દેશની સરકાર ધારે તો પણ ખાસ એકશન લઈ શકતી નથી,કેમ? સેક્લુર દેશ ની તાકાત રાજકારણ પાર્ટીઓના હરીફો જ ખત્મ કરી દેતા હોય છે.ભારતીયોના રગેરગ માં ભ્રષ્ટાચાર દોડે છે એટલે રૂપિયા આગળ બધા હથિયાર હેંઠા.

સીબીઆઈ ઓફિસર પ્રદ્યુમ્ન સિંહ એ સહેજ સ્માઈલ કરીને ધીમેથી બોલ્યા કે અફસોસ!!જેને હદય ની ખૂબ નજીક માનતો હતો એ મારી પત્ની અરુંધતી અને જમાઈ એ રૂપિયા ના લોભે પીઠ પાછળ મને છરો માર્યો ન હોત તો આજ મનુ ગુપ્તા અને એના જેવા ઘણા પોલીસ ઓફિસરો અને સીબીઆઈ ઓફિસરો જીવતા હોત.કદાચ ચુડેલ મુનમુન બેગમ ને ફસાવવા માટે બનાવેલ ઝાળ માં એ ફસાઈ ગઈ હોત તો એ જેલ ના સળિયા પાછળ હોત.

ઈન્સ્પેક્ટર દીપ રાઠોડ એ સીબીઆઈ ઓફિસર પ્રદ્યુમ્ન સિંહ ને જણાવ્યું કે સર,"ઓપરેશન મુનમુન" નિષ્ફળ ગયો એમાં તમારા પ્રયત્નો તો પૂરેપૂરા હતા પણ એ ચુડેલ છે જ એટલી હદે ચાલક ને કે ચાર પાંચ વખત એન્ડ સમયે ખો આપી ને છટકી ગઈ છે. અબજો ની વસ્તી ધરાવતા ભારત દેશ માં ખૂણેખાંચરે ભરાયેલા ડ્રગ્સ માફીયાઓ પર કાબુ મેળવતા મેળવતા સરકાર ની આંખે અંધારા આવી જતા હોય છે.જો કાશ્મીર ની બોર્ડર પર ચુસ્ત નકાબંધી હોય તો ડ્રગ્સ માફીયાઓ નેપાળ ની સરહદ થી યુપી બિહાર ની બોર્ડર દ્વારા ભારત માં ઘુસી જાય છે.પશ્ચિમ બંગાળ અને બંગલા દેશ ની બોર્ડર પર ગુનાહિત કાર્ય અપ્રતિબંધિત છે ત્યાંના મુખ્ય મંત્રી ને મન પશ્ચિમ બંગાળ એ ભારત નું સ્ટેટ નથી એટલે જ એનું સામ્રાજ્ય પશ્ચિમ બંગાળ ના ડ્રગ્સ માફીયાઓ અને ગુંડા તત્વો ને લીધે વીસ વર્ષ થી અકબંધ છે. સામન્ય જનતા નું જીવન ભગવાન ભરોસે છે એટલે જનતા ચૂંટણી વખતે પોતાના પરિવાર ના સુખ માટે ચૂંટણી માં વોટ મુખ્ય મંત્રી ને જ આપે છે.વિશ્વ ની ખૂંખાર ગુનેગાર મુનમુન બેગમ ના મિયાં નો બે નંબરી ડ્રગ્સ નો ધંધો બંગાળ ની બોર્ડર પરથી વિના રોકટોક ચાલ્યા કરતો હતો. વર્તમાન સમયમાં પણ મુનમુન બેગમ નો ડ્રગ્સ નો બિઝનેસ પશ્ચિમ બંગાળની બોર્ડર થી પ્રવેશી ને આખા ભારત માં સપ્લાય થાય છે. જો એ વખતે મુનમુન ના આઠ માં નંબર ના સૌથી નાના દીકરા થી નજીવી ભુલ ન થઈ હોત તો "ડ્રગ્સ માફીયાઓ" સરકાર ની નજરે ચડ્યા ના હોત.

સીબીઆઈ ઓફિસર પ્રદ્યુમ્ન સિંહ એ ઈન્સ્પેક્ટર દીપ રાઠોડ ની સાથે સહમત થતા બોલ્યા કે વર્તમાન સમયમાં કેન્દ્ર માં બેઠેલ સરકારે 'પાકિસ્તાની ડ્રગ્સ ડીલર' પર કાયદો બનાવીને દબાણ વધાર્યું છે પરંતુ એનો મતલબ એ નથી કે પાકિસ્તાની ડ્રગ્સ માફિયા અને ડ્રગ્સ લેનાર નું પ્રમાણ ભારત માંથી ઘટ્યું છે પરંતુ સરકારી અધિકારીઓ અને ભ્રષ્ટ નેતાઓની સાંઠ ગાંઠ ડ્રગ્સ માફીયાઓ સાથે હોવાના લીધે ડ્રગ્સ માફીયાઓ પર સંપૂર્ણપણે કાબુ મેળવી શકવો અઘરો છે. ખુદ ઉદ્યોગપતિઓ જ આવા લોકો ને શરણ આપતા હોય છે આનો અર્થ એ થયો કે ભ્રષ્ટ નેતાઓ,ઉચ્ચ અધિકારીઓ અને ઉદ્યોગપતિઓ માટે સામન્ય પ્રજા એ કાન ખજૂરા ના ટાંગા જેવી સો ટાંગા માંથી બેત્રણ તૂટ્યા તો પણ ચાલવામાં સમસ્યા થશે નહી.

સીબીઆઈ ઓફિસર પ્રદ્યુમ્ન સિંહ અને ઈન્સ્પેક્ટર દીપ રાઠોડ વાતો કરવામાં વ્યસ્ત હતા ત્યાં ટીવી પર ના બ્રેકિંગ ન્યૂઝ :

"પાકિસ્તાન ના પ્રમુખ હુસેન ખાન ની કેબિનેટ માં ગૃહમંત્રી ના પદ માટે ડોક્ટર નાઝીમાં બેગમ ની નિયુક્તિ.."

સાંભળતા જ બન્ને એકએક ચોંકી જતા બોલ્યા ઓહ!! નો..નો..મુનમુન બેગમ ને પકડવા નો રસ્તો વધારે ને વધારે જટિલ બનતો જાય છે..ભગવાન!!તુર્કી માં આરસી અને રવિકાન્ત દુબેની રક્ષા કરજો..

કોણ છે ડોક્ટર નાઝીમાં બેગમ?

શું અગાઉ ક્યારેય પાકિસ્તાની રાજકારણ માં "ડોક્ટર નાઝીમાં બેગમ" ના નામ નો ઉલ્લેખ થયો છે? ચૂંટણી માં ઉતર્યા વગર હુસેન ખાન એ એને દેશનું ગૃહમંત્રી પદ આપી દીધું એની પાછળ નું રાજકારણ શું?

# અશ્લીલ ટિપ્પણી કરનારા હની સિંહે માફી માગી, ફેન્સને કહ્યું, ભૂલચૂક માફ કરશો!

(એજન્સી) મુંબઇ | તા.16

જાણીતો સિંગર અને રેપર યો યો હની સિંહ ફરી એકવાર પોતાના વિવાદાસ્પદ નિવેદનને કારણે મુશ્કેલીમાં મુકાયો છે. 14 જાન્યુઆરીના રોજ દિલ્હીમાં આયોજિત એક કોન્સર્ટ દરમિયાન હની સિંહે મંચ પરથી અત્યંત અશોભનીય અને વાંધાજનક ટિપ્પણી કરી હતી, જેના કારણે સોશિયલ મીડિયા પર હોબાળો મચી ગયો છે. દિલ્હીની કડકડતી ઠંડી વિશે વાત કરતા તેણે જાહેરમાં એવી બિભત્સ વાત કરી દીધી કે ત્યાં હાજર લોકો પણ ચોંકી ગયા હતા. આ નિવેદનનો વીડિયો વાઈરલ થતા જ લોકોએ તેને જોરદાર ટ્રોલ કરવાનું શરૂ કર્યું છે. જોકે, વિવાદ વધતા હવે રેપરે આ મામલે સ્પષ્ટતા કરી છે અને માફી માંગી છે.

તાજેતરમાં એક લાઈવ ઈવેન્ટ દરમિયાન હની સિંહે સ્ટેજ પરથી યુવાઓ (Gen-Z) સાથે વાતચીત કરતી વખતે કેટલીક અશોભનીય ભાષાનો ઉપયોગ કર્યો હતો. આ વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થતા જ લોકોએ તેમના પર સવાલો ઉઠાવ્યા અને તેમની ટીકા કરી હતી.

વિવાદ વધતો જોઈ હની સિંહે પોતાના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર એક વીડિયો શેર કર્યો છે. આ વીડિયોમાં તેણે જણાવ્યું કે સોશિયલ મીડિયા પર જે વીડિયો ફરી રહ્યો છે તે 'એડિટ' કરીને વાઈરલ કરવામાં આવ્યો છે. તેણે પોતાની વાત રજૂ કરતા કહ્યું કે, શૉના થોડા દિવસો પહેલા મારી મુલાકાત કેટલાક ગાયનેકોલોજિસ્ટ સાથે થઈ હતી, જેમણે જણાવ્યું હતું કે આજકાલના યુવાનો અસુરક્ષિત શારીરિક સંબંધોને કારણે ગંભીર બીમારીઓનો શિકાર બની રહ્યા છે.'

રેપરે સ્પષ્ટતા કરી કે, 'હું કોન્સર્ટમાં હાજર યુવા ઓડિયન્સને તેમની જ ભાષામાં મેસેજ આપવા માંગતા હતો, જેથી તેઓ અસુરક્ષિત સંબંધોથી થતા જોખમો વિશે સમજી શકે. આજકાલની OTT કન્ટેન્ટનું ચલણ છે, આથી મેં એવી જ ભાષામાં યુવાઓને આ વાત સમજાવવાનો પ્રયત્ન કર્યો.'

હની સિંહે કહ્યું, 'જો કોઈને મારી ભાષાથી દુઃખ થયું હોય, તો હું દિલથી માફી માંગુ છું. મારો ઈરાદો કોઈને ઠેસ પહોંચાડવાનો નહોતો. માણસ ભૂલને પાત્ર છે, હું પ્રયત્ન કરીશ કે ભવિષ્યમાં આવી ભૂલ ફરી ન થાય.'

હની સિંહે આ વીડિયોના કેપ્શનમાં 'ભૂલચૂક માફ' લખ્યું છે. તેણે વધુમાં ઉમેર્યું કે હવેથી હું પોતાની વાણી પર સંયમ રાખીશ અને કંઈપણ બોલતા પહેલા સો વાર વિચાર કરીશ, કારણ કે સોશિયલ મીડિયા પર વાતોને તોડી-મરોડીને રજૂ કરવામાં આવે છે.



# ફિલ્મ ફ્લોપ જતાં કાર્તિક આર્યને ₹15 કરોડ પાછા આપ્યા...!

## 'તૂ મેરી મૈં તેરા મૈં તેરા તૂ મેરી'ની નિષ્ફળતા બાદ પ્રૉડ્યુસર કરણ જોહર સાથે અણબનાવની ચર્ચા



(એજન્સી) મુંબઇ | તા.16

કાર્તિક આર્યન અને અનન્યા પાંડેની ફિલ્મ 'તૂ મેરી મૈં તેરા મૈં તેરા તૂ મેરી' 25 ડિસેમ્બર 2025ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી. જોકે, આ ફિલ્મ બોક્સ ઓફિસ પર અપેક્ષા મુજબ પ્રદર્શન કરી શકી નહીં અને ફ્લોપ સાબિત થઈ. ત્યારે કાર્તિકે ફીમાંથી 15 કરોડ રૂપિયા પાછા આપી દીધા હોવાની ચર્ચા છે. 15 કરોડ પાછા આપ્યા, કરણ જોહર સાથે અણબનાવની ચર્ચા 'બોલિવૂડ હંગામા'ના એક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે, ફિલ્મ ન ચાલ્યા પછી કાર્તિકે પોતાની ફીમાંથી લગભગ 15 કરોડ રૂપિયા પ્રોડ્યુસર્સને પરત કરી દીધા છે.

આ ફિલ્મ ધર્મા પ્રોડક્શન્સના બેનર હેઠળ બની હતી અને આ નિર્ણય એવા સમયે સામે આવ્યો છે, જ્યારે ફિલ્મના ફ્લોપ થયા બાદ કાર્તિક અને પ્રોડ્યુસર કરણ જોહર વચ્ચે મતભેદની અટકળો લગાવવામાં આવી રહી હતી.



જોકે, રિપોર્ટમાં સૂત્રોના હવાલાથી આ સમાચારોને ખોટા ગણાવવામાં આવ્યા છે અને સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે બંને વચ્ચે કોઈ પ્રકારનો મનભેદ નથી. જણાવવામાં આવ્યું છે કે, ધર્માની ટેલેન્ટ એજન્સી અને કાર્તિકના સંબંધો પણ પહેલા જેવા જ છે. કાર્તિક હાલમાં ધર્મા પ્રોડક્શન્સની ફિલ્મ 'નાગઝિલા'નું શૂટિંગ કરી રહ્યો છે. ધર્મા સાથે જોડાયેલા સૂત્રોનું કહેવું છે કે એક્ટર અને પ્રોડ્યુસર વચ્ચે બધું બરાબર છે અને બંને ભવિષ્યમાં વધુ એક ફિલ્મ પર પણ વાતચીત કરી રહ્યા છે. ફિલ્મ 'તૂ મેરી મૈં તેરા મૈં તેરા તૂ મેરી'નું અંદાજિત બજેટ લગભગ 90 કરોડ રૂપિયા હતું. ફિલ્મની કમાણીની વાત કરીએ, તો તેણે ભારતમાં લગભગ 32.45 કરોડ રૂપિયા અને વિશ્વભરમાં લગભગ 47.05 કરોડ રૂપિયાથી 49.5 કરોડ રૂપિયાની વચ્ચેની કમાણી કરી હતી. આ જ કારણોસર આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ફ્લોપ ગણાઈ હતી.

નોંધનીય છે કે, વર્ષ 2021માં એવા સમાચાર આવ્યા હતા કે 'દોસ્તાના 2'ના નિર્માણ દરમિયાન કાર્તિક આર્યન અને કરણ જોહર વચ્ચે અણબનાવ થયો હતો. આ પછી સમાચાર આવ્યા કે કાર્તિકને ફિલ્મમાંથી હટાવી દેવામાં આવ્યો છે.

આ પછી, ધર્મા પ્રોડક્શન્સે સોશિયલ મીડિયા પર એક નિવેદન બહાર પાડ્યું, જેમાં જણાવ્યું હતું કે ફિલ્મ સ્થગિત કરવામાં આવી છે અને નવી કાસ્ટ સાથે ફરીથી શૂટ કરવામાં આવશે. કાર્તિક આર્યન અને કરણ જોહરે જયપુરમાં યોજાયેલા IIFA એવોર્ડ્સ 2025ને હોસ્ટ કર્યો હતો. આ એવોર્ડ શો દરમિયાન જ બંને વચ્ચે રેપ બેટલ થઈ હતી. ઈન્સ્ટાગ્રામ પર શેર કરાયેલા આ વીડિયોમાં કરન જોહર કહે છે, 'તુમ હો નયે સ્ટુડન્ટ, મૈં એવરગ્રીન ફેકલ્ટી હૂં, મૈં તુમ્હેં રિયલ રોયલ્ટી સે મિલવાતા હૂં. ખાન ઔર કપૂર અભી ભી OG હૈ, આજકલ કે હીરો ઉનકી ફ્રેન્ચાઈઝી ચુરા રહે હૈ.' (તું નવો નિશાળિયો છો, હું સદાબહાર ટીચર છું. ચાલ, તને બતાવું રિયર રોયલ્ટી કોને કહેવાય.

### બંનેએ એકબીજાની મજાક ઉડાવી

કરનને જવાબ આપતાં કાર્તિકે કહ્યું, 'ફ્રેન્ચાઈઝી ચલાના કોઈ બચ્ચોં કા ખેલ નહીં હોતા. મેહનત સે કામ કરતા હૂં ઈસલિયે ફેલ નહીં હોતા. સ્ટૂડન્ટ ઓફ ધ યર-2 ભી નહીં ચલી થી ભાઈ, અપની મહેનત સે મૈંને ભૂલ ભુલૈયા 3 બનાઈ.'

કરને કાર્તિકને તેની ફિલ્મ 'શહેઝાદા'ની નિષ્ફળતાની યાદ અપાવી અને પોતાને 'કિંગ મેકર' ગણાવ્યો. કરનની ફ્લોપ ફિલ્મ 'કલંક'ને યાદ કરતાં કાર્તિકે કહ્યું, ટિકિટ બ્રિકી દેખકર તુમકો હોતી હૈ જલન, હિટ હુઆ મૈં તો ક્યા હુઆ અગર મેં નેપો કિડ નહીં. (ટિકિટનું વેચાણ જોઈ તમને થઈ રહી છે જલન, નેપોકિડ નથી તો શું થયું, હિટ તો છું ને!)

રેપના અંતે બંને એકબીજાને ટોણા મારવાનું બંધ કરે છે અને જાહેરાત કરે છે કે તે આગામી પ્રોજેક્ટ માટે સાથે કામ કરશે. કાર્તિક તેની આગામી ફિલ્મ માટે કહે છે કે- મેરા કર્મા, આપકા ધર્મા, આ જોડી સુપરહિટ છે.







# અલ્લુ અર્જુન -લોકેશ કનગરાજનું કોલબરેશનઃ આ વર્ષથી શૂટિંગ...

મુંબઈ : અલ્લુ અર્જુન અને લોકેશ કનગરાજે નવી ફિલ્મ માટે કોલબરેશનની જાહેરાત કરી છે. આ ફિલ્મનું શૂટિંગ આ વર્ષથી જ શરુ થઈ જશે.

લોકેશ કનગરાજે એક ટીઝર દ્વારા આ જાહેરાત કરી હતી. પરંતુ ફિલ્મનું ફાઈનલ ટાઈટલ હજુ જાહેર કરાયું નથી. ફિલ્મના અન્ય કલાકારો વિશે પણ હજુ માહિતી અપાઈ નથી. લોકેશ કનગરાજની ડિરેક્ટર તરીકેની આ સાતમી ફિલ્મ હશે. જ્યારે અલ્લુ અર્જુનની હિરો તરીકેની આ ૨૩મી ફિલ્મ હશે. અલ્લુ અર્જુનની 'પુષ્પા'ના નિર્માતાઓ જ આ ફિલ્મ પ્રોડયૂસ કરી રહ્યા છે જ્યારે તેમાં અનિરુદ્ધ રવિચંદર સંગીત આપશે.

ઉલ્લેખનીય છે કે હાલ અલ્લુ અર્જુન એટલીની એક ફિલ્મમાં કામ કરી રહ્યો છે. આ ફિલ્મમાં દીપિકા પદુકોણ તેની કો સ્ટાર છે. લોકેશ કનગરાજ 'કૂલી' સહિતની ફિલ્મોથી જાણીતો બન્યો છે.

લોકેશ કનગરાજની ડિરેક્ટર તરીકેની આ સાતમી ફિલ્મ હશે. જ્યારે અલ્લુ અર્જુનની હિરો તરીકેની આ ૨૩મી ફિલ્મ હશે. અલ્લુ અર્જુનની 'પુષ્પા'ના નિર્માતાઓ જ આ ફિલ્મ પ્રોડયૂસ કરી રહ્યા છે જ્યારે તેમાં અનિરુદ્ધ રવિચંદર સંગીત આપશે.

### શાહિદની ઓ રોમિયોનું ટ્રેલર લોન્ચ છેલ્લી ઘડીએ મોકૂફ....

# સલામતીના કારણોસર ફિલ્મનું ટ્રેલર લોન્ચ મોકૂફ રખાયું હોવાનો દાવો...

મુંબઈ : શાહિદ કપૂર અને તૃપ્તિ ડિમરીની ફિલ્મ 'ઓ રોમિયો'નું ટ્રેલર લોન્ચ છેલ્લી ઘડીએ મુલત્વી રહ્યું હોવાનું કહેવાય છે. હુસૈન અસ્તરાની દીકરીએ ફિલ્મ નિર્માતાઓ પાસેથી બે કરોડની માગણી કરી છે અને પોતાની કેટલીક ડિમાન્ડ સંતોષાય નહિ ત્યાં સુધી ફિલ્મની રીલિઝ મુલત્વી રાખવા ચેતવણી આપી છે. તેના પગલે આ નિર્ણય લેવાયો હોવાનું કહેવાય છે. ફિલ્મ સાથે સંકળાયેલાં વર્તુળોના દાવા અનુસાર સલામતીનાં કારણોસર ફિલ્મનું ટ્રેલર લોન્ચ કેન્સલ કરાયું છે. આ ફિલ્મ હુસૈન અસ્તરાની જીવનકથા પર આધારિત હોવાનું કહેવાય છે. જોકે, ફિલ્મ સર્જક વિશાલ ભારદ્વાજે ક્યારેય આ બાબતે ફોડ પાડયો નથી. હુસૈન અસ્તરાની દીકરી સનોબર શેખે વિશાલ ભારદ્વાજને આપેલી નોટિસ અનુસાર આ ફિલ્મમાં તેનાં પિતાનું ચિત્રણ ખોટી રીતે કરાયું હોવાની તેને



શંકા છે. આથી, તેણે પોતાની કેટલીક શંકાઓનું સમાધાન માગ્યું છે અને વળતર પેટે રૂ. બે કરોડ આપવાની માગણી કરી છે.



# 'મારી સ્માઈલ ટ્રેન્ડ કરી રહી છે'

## વરુણ ધવનનું ટ્રોલિંગ પર મજેદાર રિએક્શન, સિંગર વિશાલ મિશ્રા સાથે મળી પોતાનો જ મજાક ઉડાવ્યો

(એજન્સી) મુંબઇ | તા.16

વરુણ ધવને ફિલ્મ 'બોર્ડર-2'માં પોતાના એક્સપ્રેશન માટે થઈ રહેલી ટ્રોલિંગ પર ફરી એકવાર પ્રતિક્રિયા આપી છે. વરુણ ઇન્સ્ટાગ્રામ લાઇવ સેશનમાં પોતાની સ્માઇલનું મજેદાર ટ્યુટોરિયલ આપતો જોવા મળ્યો. વરુણ સિંગર વિશાલ મિશ્રાને પોતાના ફેમસ એક્સપ્રેશનને રિપીટ કરવાની રીત શીખવતો જોવા મળ્યો.

ખરેખર, 14 જાન્યુઆરીએ વરુણ 'બોર્ડર 2' ના પ્રમોશન માટે કારવાર નૌકાદળ બેઝ જઈ રહ્યા હતા. આ દરમિયાન તેની સાથે સિંગર વિશાલ મિશ્રા પણ હાજર હતો. ટ્રાવેલ દરમિયાન વરુણ ઇન્સ્ટાગ્રામ હેન્ડલ પર લાઇવ આવ્યો અને ફેન્સ સાથે વાતચીત કરી.

ફેન્સને હાય-હેલો કર્યા પછી તેણે વિશાલ તરફ જોઈને કહ્યું, 'મને ખબર છે કે મારી સ્માઈલ ટ્રેન્ડ કરી રહી છે.' આ પછી તેણે તે જ એક્સપ્રેશન આપ્યા, જેના માટે તે ટ્રોલ થઈ રહ્યો છે. આવું કર્યા પછી બંને જોરથી હસી પડે છે.

આગળ એક્ટરે વિશાલને પોતાના એક્સપ્રેશન કોપી કરવાનું કહ્યું, જેના પર સિંગરે પહેલા ના પાડી પછી માની ગયો. વરુણ તેને એક્સપ્રેશન કરવાની રીત જણાવતા કહે છે, 'પહેલા પૂરી સ્માઈલ કરો પછી એક સાઈડથી અડધી પાડી દો.' વિશાલે વરુણના ઈન્સ્ટ્રક્શનને ફોલો કરવાની કોશિશ કરી અને બંને જોરથી હસી પડ્યા. વરુણે આગળ કહ્યું, 'હું હંમેશા હસતો અને ખુશ રહું છું. આખું હિન્દુસ્તાન મારી સાથે હસી રહ્યું છે.' નોંધનીય છે કે, લગભગ એક અઠવાડિયા પહેલા પણ વરુણે પોતાની ટ્રોલિંગ પર પ્રતિક્રિયા આપી હતી. એક્ટરે ઈન્સ્ટાગ્રામ પર 'બોર્ડર-2'ના ગીતને મળી રહેલા પ્રેમ માટે આભાર વ્યક્ત કરતા પોતાની ઘણી તસવીરો શેર કરી હતી. કેપ્શનમાં લખ્યું હતું, 'મેજર હોશિયાર સિંહ દહિયા. તમારા પ્રેમ બદલ આભાર.'

એક્ટરની આ પોસ્ટ પર તેના ચાહકો અને ટીકાકારો બંનેએ ટિપ્પણી કરી. એક યુઝરે વરુણને પૂછ્યું- 'ભાઈ, લોકો તમારી એક્ટિંગ પર પ્રશ્ન ઉઠાવી રહ્યા છે. તેના માટે શું કહેશો?' તેનો જવાબ આપતા વરુણે લખ્યું- 'આ જ પ્રશ્ને ગીતને હિટ કરાવી દીધું, બધાં એન્જોય કરી રહ્યા છે... રબ દી મહેર.'

# 'મુસ્લિમ નામ હોવા છતાં 'રામાયણ'માં કોઇ મુશ્કેલી ન આવી'

(એજન્સી) મુંબઇ | તા.16

મ્યુઝિક કમ્પોઝર એ. આર. રહેમાને ફિલ્મ 'રામાયણ' માટે સંગીત તૈયાર કરવા અંગે તાજેતરમાં જણાવ્યું કે, 'રામાયણ' માનવીય મૂલ્યો અને આદર્શોની વાર્તા છે. ધર્મથી પરે જ્ઞાન દરેક જગ્યાએ મળે છે. આ પ્રોજેક્ટને લઈને તેમના મુસ્લિમ નામની કારણે તેમને કોઈ પણ પ્રકારની મુશ્કેલી થઈ નથી.

વાસ્તવમાં 'બીબીસી'ને આપેલા ઈન્ટરવ્યુમાં રહેમાનને પૂછવામાં આવ્યું કે, 'તમે આ સમયે ફિલ્મ 'રામાયણ' માટે સંગીત બનાવી રહ્યા છો. તમારું નામ મુસ્લિમ છે અને શું તમારા મનમાં ક્યારેય એવો વિચાર આવે છે કે કેટલાક લોકો કદાચ નહીં ઈચ્છે કે તમે આવા પ્રોજેક્ટ સાથે જોડાયેલા હો?'

જેના પર રહેમાને કહ્યું કે, 'ના, મને એવું નથી લાગતું. મેં બ્રાહ્મણ શાળામાં અભ્યાસ કર્યો છે. ત્યાં દર વર્ષે રામાયણ અને મહાભારત ભણાવવામાં આવતી હતી, એટલે મને તેની વાર્તા સારી રીતે ખબર છે. આ વાર્તા એક સારા માણસ, તેના ચારિત્ર્ય, ઉચ્ચ આદર્શો અને મૂલ્યો વિશે છે. લોકો આના પર ચર્ચા કરી શકે છે, પરંતુ હું આ બધી સારી વાતોને મહત્વ આપું છું.'

તેમણે એમ પણ કહ્યું કે, 'સારી વાતો આપણે દરેક વસ્તુમાંથી શીખવી જોઈએ. પયગંબરે પણ કહ્યું છે કે, જ્ઞાન ખૂબ કિંમતી હોય છે. મને હદીસનો પૂરો અર્થ ખબર નથી, પણ એટલું જાણું છું કે જ્ઞાન ખૂબ મૂલ્યવાન છે. આપણે રોજિંદા જીવનમાં દરેક વ્યક્તિ પાસેથી શીખી શકીએ છીએ, પછી ભલે તે ભિખારી હોય, રાજા હોય, નેતા હોય અથવા કોઈની ખોટી હરકત હોય કે સારી. જ્ઞાન એક એવી વસ્તુ છે.




**એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ**

## નોર્વે ચેસ વુમન 2026: બિબિસારા અસૌબાયેવા રચશે નવો ઈતિહાસ



ઓસ્લો | આંતરરાષ્ટ્રીય ચેસની દુનિયામાં એક નવો સિતારો ઝળકી રહ્યો છે. કઝાકિસ્તાનની સ્ટાર ખેલાડી બિબિસારા અસૌબાયેવા નોર્વે ચેસ વુમન ૨૦૨૬ માં પોતાનું ઐતિહાસિક ડેબ્યૂ કરવા માટે તૈયાર છે. આ ટૂર્નામેન્ટમાં ભાગ લેનારી તે અત્યાર સુધીની સૌથી યુવા ખેલાડી બની જશે. ૨૧ વર્ષીય બિબિસારા અત્યારે વિશ્વની સૌથી પ્રતિભાશાળી યુવા ગ્રાન્ડમાસ્ટર તરીકે ઉભરી આવી છે, જેણે ૨૫૦૦ રેટિંગનો આંકડો પાર કરીને ચેસ જગતમાં સનસનાટી મચાવી છે. વર્લ્ડ ચેમ્પિયન અને ગિનીસ બુક રેકોર્ડ બિબિસારાની કારકિર્દી સિદ્ધિઓથી ભરેલી છે. તે ૨૦૨૧, ૨૦૨૨ અને ૨૦૨૫માં વુમન્સ વર્લ્ડ બ્લિટ્ઝ ચેમ્પિયનશિપ જીતી ચૂકી છે. ૨૦૨૧માં માત્ર ૧૭ વર્ષની વયે આ ખિતાબ જીતીને તેણે સૌથી નાની વયની વર્લ્ડ બ્લિટ્ઝ ચેમ્પિયન તરીકે ગિનીસ વર્લ્ડ રેકોર્ડમાં પણ સ્થાન મેળવ્યું હતું. બિબિસારા અસૌબાયેવા ડેબ્યૂ વિશે વાત કરતા તેણે જણાવ્યું કે, "નોર્વે ચેસમાં ભાગ લેવો એ મારા માટે અદભૂત અનુભવ હશે, કારણ કે વિશ્વમાં આવી મજબૂત મહિલા ટૂર્નામેન્ટ્સ બહુ ઓછી છે."

## ટેનિસ બોલ ક્રિકેટ લીગ કૌશલ્ય ખીલવવા ઉથપ્પાનો મોટો હુંકાર



નવી દિલ્હી | ભારતમાં ક્રિકેટના પાયાના સ્તરને મજબૂત કરવાના ઉદ્દેશ્ય સાથે શરૂ થયેલી 'બિયોન્ડ રીચ પ્રીમિયર લીગ' (BRPC) ને પૂર્વ ભારતીય ક્રિકેટરોએ દિલ ખોલીને આવકારી છે. આ પાન-ઈન્ડિયા T10 ટેનિસ-બોલ ટુર્નામેન્ટ ઉભરતી પ્રતિભાઓને ઓળખવા અને તેમને યોગ્ય મંચ પૂરું પાડવા માટે તૈયાર કરવામાં આવી છે. મીડિયા અહેવાલ મુજબ, રોબિન ઉથપ્પા અને આકાશ ચોપરાએ આ લીગને યુવા ખેલાડીઓ માટે વ્યાવસાયિક કારકિર્દી બનાવવાની શાનદાર તક ગણાવી છે. સપનાઓને મળશે નવી ઉડાન સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, રોબિન ઉથપ્પાએ જણાવ્યું કે આ લીગ એવા યુવાનો માટે વરદાન સાબિત થશે જેઓ ક્રિકેટને કારકિર્દી તરીકે અપનાવવા માંગે છે. તેમણે ઉમેર્યું કે, "આ ટુર્નામેન્ટ ખેલાડીઓને તેમના રમતને આગલા સ્તર પર લઈ જવામાં મદદ કરશે અને કોને ખબર, કદાચ અહીંથી જ કોઈ ખેલાડી આઈપીએલ સુધીની સફર પણ નક્કી કરી શકે."

## ગૌતમ ગંભીર મહાકાલ દર્શન: નિર્ણાયક મેચ પૂર્વે બાબા મહાકાલના શરણમાં કોચ



ઉજ્જૈન | ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે રમાઈ રહેલી ત્રણ મેચોની વન-ડે શ્રેણી અત્યારે નિર્ણાયક તબક્કે પહોંચી છે. શ્રેણીની છેલ્લી અને નિર્ણાયક મેચ પૂર્વે ભારતીય ક્રિકેટ ટીમના હેડ કોચ ગૌતમ ગંભીરે શુક્રવારે વહેલી સવારે ઉજ્જૈનના પ્રસિદ્ધ મહાકાલેશ્વર મંદિરની મુલાકાત લીધી હતી. ગંભીરે અહીં ભગવાન શિવના જ્યોતિર્લિંગના દર્શન કર્યા હતા અને વિશ્વ પ્રસિદ્ધ ભસ્મ આરતીમાં પણ ભાગ લીધો હતો. ગૌતમ ગંભીર મહાકાલ દર્શન ની આ તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. ઉજ્જૈનની વ્યવસ્થાના કર્યા વખાણ દર્શન બાદ ગૌતમ ગંભીરે મીડિયા સાથે વાત કરતા મંદિરની વ્યવસ્થા અને શ્રદ્ધાળુઓ માટેની સુવિધાઓની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું, "અહીંની વ્યવસ્થા ખૂબ જ સરસ હતી અને દર્શન અત્યંત સુખદ રહ્યા. મને વિશ્વાસ છે કે હું જલ્દીથી ફરી અહીં આવીશ." શ્રેણીમાં નિર્ણાયક મેચ પૂર્વે આશીર્વાદ લેવા ગયેલા ગંભીરના ચહેરા પર એક અલગ જ શાંતિ જોવા મળી હતી.

**સુધારેલા આંકડા: વિરાટ કોહલી હવે ત્રીજા સ્થાને**

# ICC એ ભૂલ સુધારી, 1,547 દિવસ સુધી નંબર-1 રહેવાનો નવો રેકોર્ડ



(એજન્સી) દુબઈ/વડોદરા । તા. 16

ભારતીય ક્રિકેટના દિગ્ગજ બેટર વિરાટ કોહલીએ ફરી એકવાર સાબિત કરી દીધું છે કે તેને કેમ 'કિંગ કોહલી' કહેવામાં આવે છે. ન્યુઝીલેન્ડ સામેની વડોદરા વનડેમાં ૯૩ રનની મેચ વિનિંગ ઈનિંગ રમ્યા બાદ કોહલીએ ICC ODI રેન્કિંગમાં ફરીથી નંબર-1 નું સ્થાન મેળવ્યું છે. જોકે, આ સિદ્ધિની જાહેરાત સમયે ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) દ્વારા આંકડામાં એક મોટી ભૂલ કરવામાં આવી હતી, જે હવે સુધારી લેવામાં આવી છે.

### શું હતી ICC ની ગંભીર ભૂલ?

બુધવારે જ્યારે નવીનતમ રેન્કિંગ જાહેર કરવામાં આવ્યું ત્યારે ICC એ તેમના ગ્રાફિક્સ અને પોસ્ટમાં જણાવ્યું કે વિરાટ કોહલી અત્યાર સુધી કુલ ૮૨૫ દિવસ નંબર-1 ના સ્થાને રહ્યો છે. આ આંકડો જોઈને ક્રિકેટ ફેન્સ અને આંકડાશાસ્ત્રીઓ ચોંકી ગયા હતા, કારણ કે કોહલીના વાસ્તવિક દિવસો ઘણા વધારે હતા. સોશિયલ મીડિયા પર ફેન્સના ભારે આક્રોશ અને પુરાવાઓ રજૂ કર્યા બાદ, ICC એ પોતાની ભૂલ સ્વીકારી તે પોસ્ટ ડિલીટ કરી હતી અને નવો સુધારેલો આંકડો જાહેર કર્યો હતો.

નવી ગણતરી મુજબ, વિરાટ કોહલી અત્યાર સુધીમાં કુલ ૧,૫૪૭ દિવસ ODI માં નંબર-1 બેટર તરીકે રહ્યો છે. આ સુધારા સાથે તે વનડે ઈતિહાસમાં સૌથી લાંબો સમય ટોચ પર રહેનારો ભારતીય બની ગયો છે. વિશ્વ સ્તરે હવે માત્ર બે વેસ્ટ ઈન્ડિયન દિગ્ગજો જ તેની આગળ છે: ૩૭ વર્ષીય કોહલી જુલાઈ ૨૦૨૧ પછી પહેલીવાર ટોચના સ્થાને પહોંચ્યો છે. તેણે પોતાના સાથી ખેલાડી રોહિત શર્માને પાછળ છોડી દીધો છે, જે હવે ત્રીજા સ્થાને છે. કોહલીએ તેની કારકિર્દીમાં અત્યાર સુધીમાં ૧૧ અલગ-અલગ વખત નંબર-1 નું સ્થાન હાંસલ કર્યું છે, જે તેની અદભૂત સાતત્યતા (Consistency) દર્શાવે છે.

ન્યુઝીલેન્ડ સામેની શ્રેણીની બાકીની મેચોમાં પણ જો કોહલીનું બેટ આવું જ ચાલશે, તો તે ૨,૦૦૦ દિવસના આંકડા તરફ આગળ વધી શકે છે.

## JSW સૂરમા હોકી ક્લબની પ્રથમ શાનદાર જીત



(એજન્સી) રાંચી । તા. 16

રાંચીના મારંગ ગોમકે જયપાલ સિંહ મુંડા એસ્ટ્રો ટર્ફ હોકી સ્ટેડિયમ ખાતે રમાયેલી રોમાંચક મેચમાં જેએસડબ્લ્યુ સુરમા હોકી ક્લબે સિઝનની પ્રથમ ભવ્ય જીત નોંધાવી છે. હોકી ઈન્ડિયા લીગ ૨૦૨૬ (પુરૂષ) ના આ મુકાબલામાં સુરમા ક્લબે HIL ગવર્નિંગ કાઉન્સિલ (GC) ને ૩-૧ થી પરાજય આપ્યો હતો. આ જીત સાથે ટીમમાં નવો ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને હોકી ઈન્ડિયા લીગ વિજય સમાચાર સ્પોર્ટ્સ જગતમાં ચર્ચાનો વિષય બન્યા છે. હરમનપ્રીત અને ગુરજંતનો તરખાટ મેચની શરૂઆતથી જ જેએસડબ્લ્યુ સુરમા ક્લબે આક્રમક વલણ અપનાવ્યું હતું. ટીમના કેપ્ટન અને વિશ્વના શ્રેષ્ઠ ડ્રેગફ્લિકર હરમનપ્રીત સિંહે ૧૫મી અને ૩૮મી મિનિટે પેનલ્ટી કોર્નરને ગોલમાં ફેરવી ટીમને મજબૂત સ્થિતિમાં મૂકી દીધી હતી. હરમનપ્રીત સિંહનો ડબલ ગોલ વિજય માટે પાયાનો પથ્થર સાબિત થયો હતો. આ ઉપરાંત ૨૭મી મિનિટે ગુરજંત સિંહે પોતાની લાક્ષણિક શૈલીમાં શાનદાર ફિલ્ડ ગોલ કરીને સ્કોર ૨-૦ કરી દીધો હતો.

HIL GC નું દબાણમાં પ્રદર્શન બીજી તરફ, HIL GC ની ટીમ દબાણ હેઠળ જોવા મળી હતી. જોકે, કેન રસેલે ૪૪મી મિનિટે એક ગોલ કરીને વાપસીનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તે સુરમાની લીડને ટક્કર આપવા માટે પૂરતો નહોતો. કેન રસેલે આ ગોલ સાથે લીગમાં સૌથી વધુ ૧૦ ગોલ કરવાના ટોમ બૂનના રેકોર્ડની બરાબરી કરી છે. તેમ છતાં, સુરમા ક્લબની મજબૂત ડિફેન્સ લાઈન સામે હાર્દિક સિંહની આગેવાની હેઠળની ટીમ વધુ ગોલ કરવામાં નિષ્ફળ રહી હતી.

**ચેન્નાઈ સિંગમ્સની શાનદાર જીત**

## ISPL ટી-ટેન વિજય મિશન માં ચેન્નાઈ સિંગમ્સ મોખરે પહોંચી

### કેતન મ્હાત્રે અને જગન્નાથ સરકાર ની જોડીએ મચાવી ધૂમ



(એજન્સી) સુરત । તા. 16

ડાયમંડ સિટી સુરતમાં રમાઈ રહેલી આઈએસપીએલ (ISPL) સીઝન-3 માં ચેન્નાઈ સિંગમ્સે પોતાની અજેય કૂચ જાળવી રાખી છે. ફાલ્કન રાઈઝર્સ હૈદરાબાદ સામે ૩૮ રને ભવ્ય વિજય મેળવીને ચેન્નાઈએ પોઈન્ટ ટેબલમાં પ્રથમ સ્થાન હાંસલ કર્યું છે. આ મેચમાં ચેન્નાઈએ નિર્ધારિત ૧૦ ઓવરમાં ૨ વિકેટે ૧૧૮ રન બનાવી આ સીઝનનો સૌથી મોટો સ્કોર નોંધાવ્યો હતો. આ વિજય સાથે ચેન્નાઈનું આઈએસપીએલ ટી-ટેન વિજય મિશન અત્યંત મજબૂત બન્યું છે.

કેતન અને જગન્નાથની આક્રમક બેટિંગ ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતા ચેન્નાઈની શરૂઆત તોફાની રહી હતી. વાઈસ કેપ્ટન કેતન મ્હાત્રેએ પ્રથમ ઓવરમાં જ ૨૪ રન ફટકારી હૈદરાબાદના બોલરોને દબાણમાં લાવી દીધા હતા. તેણે માત્ર ૨૭ બોલમાં આ સીઝનની સૌથી ઝડપી ફિફ્ટી ફટકારી કુલ ૫૪ રન બનાવ્યા હતા. કેતન મ્હાત્રે અને જગન્નાથ સરકાર વચ્ચે ૮૬ રનની ઓપનિંગ પાર્ટનરશિપ થઈ હતી, જેમાં જગન્નાથે ૩૭ રનનું મહત્વનું યોગદાન આપ્યું હતું. અંતિમ ઓવરોમાં મુન્ના શેખ અને સરફરાઝ ખાને સ્કોરને ૧૧૮ સુધી પહોંચાડ્યો હતો.

બોલિંગમાં જગન્નાથનો 'ગોલ્ડન આર્મ' ૧૧૯ રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી હૈદરાબાદની ટીમ ચેન્નાઈની શિસ્તબદ્ધ બોલિંગ સામે ટકી શકી નહોતી. ચેન્નાઈ સિંગમ્સની શાનદાર જીત માં જગન્નાથ સરકારે બોલિંગમાં પણ કમાલ કરતા ૧૩ રન આપી ૩ મહત્વની વિકેટ ઝડપી હતી. કેપ્ટન અંકુર સિંહે પડકારજનક ઓવરમાં માત્ર ૭ રન આપી શ્રેયસ કદમની વિકેટ લઈ હૈદરાબાદની કમર તોડી નાખી હતી. હૈદરાબાદની ટીમ ૧૦ ઓવરમાં ૭ વિકેટે માત્ર ૮૦ રન જ બનાવી શકી હતી.

મેન ઓફ ધ મેચ અને ટેબલ ટોપર જગન્નાથ સરકારને તેના ઓલરાઉન્ડ પ્રદર્શન (૩૭ રન અને ૩ વિકેટ) બદલ 'મેન ઓફ ધ મેચ' જાહેર કરવામાં આવ્યો હતો.

**સોફી ડિવાઈન અને સ્થાનિક પ્રતિભા બનશે એક્કો**

## ગુજરાત જાયન્ટ્સ મહિલા ક્રિકેટમાં સોફી ડિવાઈનનો નવો મંત્ર



(એજન્સી) નવી મુંબઈ । તા. 16

મહિલા પ્રીમિયર લીગ ૨૦૨૬ની સીઝનમાં ગુજરાત જાયન્ટ્સની ટીમ એક નવા જોશ અને રણનીતિ સાથે મેદાનમાં ઉતરી છે. ટીમની સ્ટાર ઓલરાઉન્ડર સોફી ડિવાઈને ભારપૂર્વક જણાવ્યું છે કે ફ્રેન્ચાઈઝી ક્રિકેટમાં હંમેશા સ્થાનિક ભારતીય ખેલાડીઓ જ મોટો તફાવત સર્જે છે. ડિવાઈનના મતે, વિદેશી ખેલાડીઓ એકબીજાની શક્તિને સંતુલિત કરે છે, પરંતુ ઘરઆંગણાની પ્રતિભાઓ જ અસલી 'મેચ-વિનર' સાબિત થાય છે. આ અભિગમ સાથે ગુજરાત જાયન્ટ્સ મહિલા ક્રિકેટ માં યુવા શક્તિ પર વધુ ભાર મૂકવામાં આવી રહ્યો છે.

સ્થાનિક ખેલાડીઓનો અનુભવ અને શીખવાની પ્રક્રિયા ન્યુઝીલેન્ડની આ દિગ્ગજ ખેલાડીએ કાશ્વી ગૌતમ અને આયુષી સોની જેવી યુવા ખેલાડીઓની પ્રશંસા કરતા કહ્યું કે, આ ખેલાડીઓ ભારતીય પરિસ્થિતિઓમાં રમવાનો ઘણો બહોળો અનુભવ ધરાવે છે. સોફીના જણાવ્યા મુજબ, દબાણની સ્થિતિમાં કેવી રીતે પ્રદર્શન કરવું તે આ ટુર્નામેન્ટ દ્વારા યુવા ખેલાડીઓ ઝડપથી શીખી રહ્યા છે. સોફી ડિવાઈન અને સ્થાનિક પ્રતિભા વચ્ચેનો આ તાલમેલ ટીમના મનોબળને મજબૂત કરી રહ્યો છે.

રેણુકા સિંહનો બોલિંગમાં પ્રભાવ ટીમની બોલિંગ લાઈનઅપ વિશે વાત કરતા સોફી ડિવાઈને રેણુકા સિંહને 'વર્લ્ડ ક્લાસ' ગણાવી હતી. તેણે કહ્યું કે રેણુકા નવા બોલ સાથે જે નિયંત્રણ અને સ્પષ્ટતા લાવે છે તેનાથી અન્ય બોલરોનો આત્મવિશ્વાસ વધે છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, રેણુકાની શાંતિ અને તેની ચોક્કસ રણનીતિ ગુજરાત જાયન્ટ્સ માટે મોટી સંપત્તિ સાબિત થઈ રહી છે.

**યુપી વોરિયર્સની પ્રથમ જીત થી મુંબઈ સ્તબ્ધ**

## મહિલા પ્રીમિયર લીગ વિજય કૂચમાં યુપી વોરિયર્સની શાનદાર એન્ટ્રી



(એજન્સી) મુંબઈ । તા. 16

મહિલા પ્રીમિયર લીગ ૨૦૨૬ માં યુપી વોરિયર્સે મુંબઈ ઈન્ડિયન્સને હરાવીને સિઝનની પ્રથમ જીત હાંસલ કરી છે. આ રોમાંચક મુકાબલામાં યુપીએ મુંબઈને ૧૬૧ રન પર રોકી દીધું હતું અને ત્યારબાદ ૧૧ બોલ બાકી હતા ત્યારે જ લક્ષ્યાંક પાર પાડી દીધો હતો. આ વિજયના કેન્દ્ર સ્થાને સ્ટાર બેટર હરલીન દેઓલ રહી હતી, જેણે ૩૯ બોલમાં ૬૪ રનની ધમાકેદાર ઈનિંગ રમી હતી. આ જીત સાથે જ યુપી વોરિયર્સે સ્પર્ધામાં પોતાની મહિલા પ્રીમિયર લીગ વિજય કૂચ ના શ્રીગણેશ કર્યા છે. ટીમ પ્રત્યે સમર્પણ અને નેતૃત્વ મેચ બાદ હરલીને જણાવ્યું કે ટીમ માટે યોગદાન આપીને તે ખૂબ જ ખુશ છે. તેણે કહ્યું, "પ્રથમ જીત મેળવવી ખરેખર આનંદદાયક છે. હું અગાઉની મેચમાં પણ સારી બેટિંગ કરી રહી હતી, પરંતુ આજે બોલ ટાઈમિંગ સાથે બાઉન્ડ્રી સુધી પહોંચ્યા." બીજી તરફ, હેડ કોચ અભિષેક નાયરે હરલીનની પ્રશંસા કરતા કહ્યું કે તે હરમનપ્રીત બાદ સીઝનની અડધી સદી ફટકારનાર બીજી ભારતીય ખેલાડી બની છે. હરલીન દેઓલની આક્રમક બેટિંગ અને ટીમના ખેલાડીઓ વચ્ચેના મજબૂત સંબંધો જીતમાં મહત્વના સાબિત થયા છે. વ્યૂહાત્મક જીત અને પોઝિટિવ કલ્ચર યુપી વોરિયર્સની પ્રથમ જીત પાછળ કેપ્ટન મેગ લેનિંગનું અદભૂત નેતૃત્વ હોવાનું કોચ નાયરે સ્વીકાર્યું છે.

**U19 વર્લ્ડ કપ**



### ભારતને 108 રનનો આસાન ટાર્ગેટ

હેનિલની શાનદાર બોલિંગના કારણે યુએસએની ટીમ પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈ ગઈ હતી. ૧૦૮ રનનો લક્ષ્યાંક ભારતીય બેટ્સમેનો માટે આસાન હોવાનું મનાય છે. હેનિલના આ પ્રદર્શનથી ભારતને ટુર્નામેન્ટમાં મજબૂત શરૂઆત મળી છે અને તેને હવે ટુર્નામેન્ટના સૌથી પ્રભાવશાળી બોલરોમાં ગણવામાં આવી રહ્યો છે.

**ખાસિયત**

હેનિલ બંને તરફ બોલને સ્વિંગ કરાવવાની ક્ષમતા ધરાવે છે, જે તેને સફેદ બોલ ક્રિકેટમાં વધુ જોખમી બનાવે છે.

**અગાઉનું પ્રદર્શન**

તેણે ઓસ્ટ્રેલિયા વિરુદ્ધની યુથ ટેસ્ટમાં ૬ વિકેટ અને ઈંગ્લેન્ડ વિરુદ્ધ પણ શાનદાર દેખાવ કર્યો હતો.

**હેનિલ પટેલે ૫ વિકેટ ઝડપી અમેરિકાને ધૂળ ચટાડી**

## 18 વર્ષીય ગુજરાતી બોલરે 7 ઓવરમાં 16 રન આપી અમેરિકાની કમર તોડી નાખી

### અંડર-19 વર્લ્ડ કપ: હેનિલ પટેલના પંજાથી ભારતની શાનદાર શરૂઆત

(એજન્સી) જોહાનિસબર્ગ । તા. 16

દક્ષિણ આફ્રિકામાં રમાઈ રહેલા અંડર-19 વર્લ્ડ કપ ૨૦er૬ની શરૂઆત ભારત માટે અત્યંત ધમાકેદાર રહી છે. આ સફળતાનો શ્રેય ગુજરાતના વલસાડના ૧૮ વર્ષીય ફાસ્ટ બોલર હેનિલ પટેલને જાય છે. પોતાની ડેબ્યૂ વર્લ્ડ કપ મેચમાં જ હેનિલે પોતાની સ્વિંગ બોલિંગનો એવો જાદુ ચલાવ્યો કે યુએસએની આખી ટીમ માત્ર ૧૦૭ રનના સ્કોર પર પેવેલિયન ભેગી થઈ ગઈ હતી.

### પદાર્પણ મેચમાં જ 'પંજો'

અમેરિકા વિરુદ્ધની મેચમાં હેનિલ પટેલે કેપ્ટનના ભરોસા પર ખરા ઉતરીને શાનદાર સ્પેલ નાખ્યો હતો. તેણે માત્ર ૭ ઓવરની બોલિંગમાં માત્ર ૧૬ રન ખર્ચ્યા અને ૫ મહત્વની વિકેટ ઝડપી હતી. હેનિલે યુએસએના ટોપ ઓર્ડરને વેરવિખેર કરી દીધો હતો. તેણે અમરિંદર ગિલને આઉટ કરીને વિકેટ લેવાની શરૂઆત કરી અને ત્યારબાદ કેપ્ટન ઉત્કર્ષ શ્રીવાસ્તવ સહિતના પાંચ બેટ્સમેનોને આઉટ કરીને અમેરિકાના સ્કોરબોર્ડને સ્થિર કરી દીધું હતું.

### કોણ છે આ 'સ્વિંગનો કિંગ' હેનિલ પટેલ?

હેનિલ પટેલનો જન્મ ૨૮ ફેબ્રુઆરી, ૨૦૦૭ના રોજ ગુજરાતના વલસાડમાં થયો હતો. બાળપણથી જ ક્રિકેટ પ્રત્યે રુચિ ધરાવતા હેનિલે સ્થાનિક ક્રિકેટમાં ગુજરાત અંડર-૧૯ ટીમ તરફથી રમીને પસંદગીકારોનું ધ્યાન ખેંચ્યું હતું.

ગુજરાતના ક્રિકેટ જગતમાં જસપ્રીત બુમરાહ અને અર્શદીપ સિંહ બાદ હવે હેનિલ પટેલના રૂપમાં વધુ એક ઘાતક ફાસ્ટ બોલર મળી રહ્યો હોય તેમ દેખાય છે.

**IPL જેવો માહોલ અને ચાહકોનો જબરજસ્ત સપોર્ટ**

## SA20 લીગ અને આન્દ્રે રસેલ

### 'આ ટુર્નામેન્ટ વિશ્વની ટોચની લીગમાં સામેલ'



(એજન્સી) સેન્ચુરિયન । તા. 16

વેસ્ટ ઈન્ડિઝના વિસ્ફોટક ઓલરાઉન્ડર આન્દ્રે રસેલે દક્ષિણ આફ્રિકાની T20 લીગના ભારોભાર વખાણ કર્યા છે. SA20 માં પ્રીટોરિયા કેપિટલ્સ તરફથી રમી રહેલા રસેલે આ લીગની સરખામણી ઈન્ડિયન પ્રીમિયર લીગ સાથે કરતા જણાવ્યું કે અહીંનો ઉત્સાહ અને માહોલ વિશ્વની કોઈપણ ટોચની લીગની હરોળમાં આવે તેવો છે. આ સાથે જ SA20 લીગ અને આન્દ્રે રસેલ ના જોડાણથી પ્રીટોરિયાની ટીમનો મધ્યમ ક્રમ અત્યંત મજબૂત બન્યો છે.

આઈપીએલ જેવો જ જાદુઈ માહોલ મીડિયા અહેવાલ મુજબ, રસેલે પોતાના પ્રથમ અનુભવ વિશે વાત કરતા કહ્યું કે, "SA20 ખરેખર ટોચની લીગ છે. અહીંનો માહોલ આબેહૂબ આઈપીએલ જેવો જ છે. તડકો હોય કે વરસાદ, ચાહકો સ્ટેડિયમમાં મોટી સંખ્યામાં ઉમટી પડે છે અને ખેલાડીઓને પ્રોત્સાહિત કરે છે. જ્યારે તમારી પાછળ આવા ચાહકો હોય, ત્યારે તે તમને બેટિંગ અને બોલિંગમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરવા માટે પ્રેરણા આપે છે." આ પ્રકારે આઈપીએલ જેવો માહોલ આફ્રિકાની ધરતી પર જોવા મળતા રસેલ પ્રભાવિત થયો છે. કેરેબિયન પાવર અને સંગીતનો સમન્વય ડ્રેસિંગ રૂમમાં વેસ્ટ ઈન્ડિઝના સાથી ખેલાડીઓની હાજરી વિશે ખુશી વ્યક્ત કરતા રસેલે જણાવ્યું કે તેનાથી તેને પોતાની ભાષામાં વાત કરવાની તક મળે છે. આશ્ચર્યજનક રીતે, દક્ષિણ આફ્રિકા અને ઈંગ્લેન્ડના ખેલાડીઓ પણ કેરેબિયન સંગીત (રેગે અને ડાન્સહોલ) ના શોખીન છે. લુન્ગી નગીડી અને લિઝાડ વિલિયમ્સ જેવા ખેલાડીઓ ડ્રેસિંગ રૂમમાં વેસ્ટ ઈન્ડિયન મ્યુઝિક વગાડે છે, જે રસેલને ઘર જેવો અનુભવ કરાવે છે. દક્ષિણ આફ્રિકાની યુવા પ્રતિભા રસેલે દક્ષિણ આફ્રિકાની ઉભરતી પ્રતિભાઓ વિશે પણ વાત કરી હતી. તેણે નોંધ્યું કે અહીંના યુવા ખેલાડીઓ અત્યંત હોનહાર છે અને ક્રિકેટ સતત વિકસી રહ્યું છે.

ગ્રીનલેન્ડ મુદ્દે વિશ્વયુદ્ધ જેવી સ્થિતિ: આર્કટિક ક્ષેત્રમાં મહાસત્તાઓ વચ્ચે 'કોલ્ડ વોર' ૨.૦ શરૂ

# અમેરિકા સામે યુરોપના ૬ દેશોની સેના મેદાનમાં

(એજન્સી) નૂક (ગ્રીનલેન્ડ) । તા. 16

વિશ્વના સૌથી મોટા ટાપુ ગ્રીનલેન્ડ પર કબજો કરવાની અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની જીદને કારણે વૈશ્વિક રાજકારણમાં ભૂકંપ સર્જાયો છે. ડેન્માર્કના આ સ્વાયત્ત પ્રદેશમાં અમેરિકાની સૈન્ય કાર્યવાહીની આશંકા વચ્ચે ડેન્માર્ક સહિત યુરોપના ૬ શક્તિશાળી દેશોએ ગ્રીનલેન્ડમાં પોતાની સેના તૈનાત કરવાનું શરૂ કરી દીધું છે. આ ઘટનાક્રમે દુનિયાના સૌથી મોટા સૈન્ય સંગઠન 'નાટો'ના અસ્તિત્વ સામે સવાલો ઉભા કરી દીધા છે.



### યુરોપિયન દેશોનો સૈન્ય મોરચો

ગુરુવારે ફ્રાન્સ અને ડેન્માર્કની સૈન્ય ટૂકડીઓ ગ્રીનલેન્ડની રાજધાની નૂકમાં પહોંચી હતી. આ સિવાય જર્મની, સ્વીડન, નોર્વે અને અન્ય દેશોએ પણ તેમના સૈનિકોને રવાના કર્યા છે. જર્મનીના સંરક્ષણ મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે તેઓ આર્કટિકમાં નાટો સભ્યોની સૈન્ય ક્ષમતા વધારવા માટે આ પગલું ભરી રહ્યા છે. સોશિયલ મીડિયા પર નૂક એરપોર્ટ પર સી-૧૩૦ હરક્યુલિસ વિમાનો ઉતરતા હોવાના વીડિયો વાયરલ થયા છે, જે તણાવની ગંભીરતા દર્શાવે છે.

### ટ્રમ્પની જીદ અને ડેન્માર્કનો વિરોધ

પ્રમુખ ટ્રમ્પ ગ્રીનલેન્ડને અમેરિકાનું ૫૧મું રાજ્ય બનાવવા માટે મક્કમ છે. ખનીજોથી સમૃદ્ધ આ ટાપુ માટે અમેરિકન સંસદમાં બિલ પણ રજૂ કરવામાં આવ્યું છે. ટ્રમ્પનું કહેવું છે કે, "ગ્રીનલેન્ડ પર અમેરિકાના સંપૂર્ણ નિયંત્રણથી ઓછું કશું જ મંજૂર નથી." આ ધમકીના જવાબમાં ડેન્માર્કના સંરક્ષણ મંત્રી ટ્રોલ્સ લૂંડ પોલસેને જાહેરાત કરી છે કે તેઓ આર્કટિકમાં સુરક્ષા મજબૂત કરવા માટે જહાજ, ડ્રોન અને ફાઈટર વિમાનો તૈનાત કરશે.

બુધવારે ડેન્માર્ક અને ગ્રીનલેન્ડના વિદેશ મંત્રીઓએ વ્હાઈટ હાઉસમાં અમેરિકાના ઉપપ્રમુખ જે.ડી. વાન્સ અને વિદેશ મંત્રી માર્કો રૂબિયો સાથે મુલાકાત કરી હતી. જોકે, આ મંત્રણામાં કોઈ ઉકેલ આવ્યો નથી. ડેન્માર્કે સ્પષ્ટ કહી દીધું છે કે અમેરિકા સાથે તેમના મૂળભૂત મતભેદો છે. ૧૯૫૧ની સમજૂતી મુજબ અમેરિકાના ૨૦૦ સૈનિકો હાલ ત્યાં છે, પરંતુ ટ્રમ્પ હવે આખા ટાપુ પર આધિપત્ય જમાવવા માંગે છે.

### રશિયા અને ચીનનું ફેક્ટર

અમેરિકા ગ્રીનલેન્ડનો ઉપયોગ રશિયા અને ચીન પર સર્વેલન્સ રાખવા માટે કરવા માંગે છે. જોકે, યુરોપિયન સાથી દેશોને ભય છે કે ટ્રમ્પની આ નીતિથી નાટો વિખેરાઈ શકે છે અને યુરોપની સુરક્ષા જોખમાઈ શકે છે. ફ્રાન્સના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોંએ પણ યુરોપના સૈન્ય ગૌરવની રક્ષા માટે સેના મોકલવાની પુષ્ટિ કરી છે.

વોશિંગ્ટન ડીસીમાં રાજદ્વારી હિલચાલ

## ભારતીય રાજદૂતે 12 અમેરિકી સાંસદો સાથે દ્વિપક્ષીય મંત્રણા કરી



(એજન્સી) વોશિંગ્ટન ડીસી । તા. 16

અમેરિકામાં ભારતના રાજદૂત વિનય મોહન ક્વાત્રાએ ગત ગુરુવારે વોશિંગ્ટન સ્થિત 'ઈન્ડિયા હાઉસ' ખાતે અમેરિકી પ્રતિનિધિ સભાના 12 સભ્યો માટે એક વિશેષ બેઠકનું આયોજન કર્યું હતું. આ ઉચ્ચ સ્તરીય મુલાકાત દરમિયાન ભારત અને અમેરિકા વચ્ચેની વ્યૂહાત્મક ભાગીદારીને વધુ ઊંડી બનાવવા અને વિવિધ ક્ષેત્રોમાં સહયોગ વધારવા અંગે સઘન ચર્ચા કરવામાં આવી હતી.

દ્વિપક્ષીય મંત્રણાના મુખ્ય મુદ્દાઓ રાજદૂત ક્વાત્રાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર આ મુલાકાતની વિગતો આપતા જણાવ્યું હતું કે, અમેરિકી કોંગ્રેસમાં ભારત-અમેરિકા ભાગીદારી માટે સતત દ્વિપક્ષીય સમર્થન જોવા મળ્યું છે. મંત્રણા દરમિયાન નીચે મુજબના મહત્વના વિષયો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું: વ્યાપાર અને આર્થિક સંબંધો: ભારત-અમેરિકા વચ્ચે અટકેલી ટ્રેડ ડીલ અને ટેરિફના મુદ્દાઓ પર સકારાત્મક ચર્ચા. ભારતનો આર્થિક વિકાસ અને સમૃદ્ધિનું વિઝન ક્વાત્રાએ સાંસદોને ભારતની મજબૂત આર્થિક સ્થિતિ વિશે માહિતગાર કરતા કહ્યું હતું કે, "આગામી વર્ષોમાં ભારતનો આર્થિક વિકાસ દર 7% કે તેથી વધુ રહેવાની ધારણા છે, જે સમૃદ્ધિ અને સુરક્ષાના આપણા સહિયારા વિઝનને વધુ મજબૂત બનાવશે." મહત્વપૂર્ણ પ્રતિનિધિઓની હાજરી આ બેઠકમાં 'કોંગ્રેશનલ સ્ટડી ગ્રુપ ઓન ઈન્ડિયા'ના કો-ચેરમેન ડેબોરાહ રોસ અને રોબ વિટમેન ઉપસ્થિત રહ્યા હતા.

## ન્યૂઝ બ્રીફ

### દક્ષિણ કોરિયા પૂર્વ રાષ્ટ્રપતિ સજા હેઠળ હવે પાંચ વર્ષ જેલમાં જશે




સીઓલ | દક્ષિણ કોરિયાના રાજકીય ઈતિહાસમાં આજે એક મોટો વળાંક આવ્યો છે. સીઓલ સેન્ટ્રલ ડિસ્ટ્રિક્ટ કોર્ટે પૂર્વ રાષ્ટ્રપતિ યૂન સુક યેઓલને ન્યાયમાં અવરોધ ઉભો કરવા સહિતના વિવિધ ગંભીર ગુનાઓ બદલ પાંચ વર્ષની જેલની સજા ફટકારી છે. ડિસેમ્બર ૨૦૨૪ માં લાદવામાં આવેલા ટૂંકા ગાળાના માર્શલ લો ના વિવાદમાં આ પ્રથમ મોટો ચુકાદો છે. કોર્ટે માન્યું કે યૂને તપાસમાં અવરોધ ઉભો કરવા ઉપરાંત કેબિનેટ સભ્યોના અધિકારોનું ઉલ્લંઘન કર્યું હતું. ગંભીર ગુનાઓ અને કોર્ટની કડક ટિપ્પણી ન્યાયાધીશ બેક ડે-હ્યુને ચુકાદો સંભળાવતા જણાવ્યું કે, પૂર્વ રાષ્ટ્રપતિએ પોતાના ગુના બદલ કોઈ પસ્તાવો દર્શાવ્યો નથી.

### બલૂચિસ્તાન દમન અને માનવ અધિકાર ના હનન સામે નાદિયાનો બુલંદ અવાજ

બલૂચિસ્તાન | પાકિસ્તાન સરકાર અને લશ્કરી તંત્ર દ્વારા બલૂચિસ્તાનમાં આચરવામાં આવી રહેલા અત્યાચારો હવે ચરમસીમાએ પહોંચ્યા છે. બલૂચ યકજેહતી કમિટી (BYC) ના કેદ કરાયેલા નેતા માહરંગ બલૂચની બહેન નાદિયા બલૂચે પાકિસ્તાની શાસન પર ગંભીર આક્ષેપો કર્યા છે. તેમણે જણાવ્યું છે કે પાકિસ્તાની રાજ્ય મશીનરી હવે મીડિયાનો ઉપયોગ એક હથિયાર તરીકે કરી રહી છે. બલૂચિસ્તાન દમન અને માનવ અધિકાર ના ભંગની ઘટનાઓને છુપાવવા માટે મીડિયા પ્લેટફોર્મ પર "એન્જિનિયર્ડ એટેક" કરવામાં આવી રહ્યો છે, જેથી સાચો અવાજ દબાવી શકાય. સોશિયલ મીડિયા પર સેન્સરશિપનો કોરડો મીડિયા અહેવાલ મુજબ, નાદિયાએ ચેતવણી આપી છે કે અત્યાર સુધી માત્ર ટેલિવિઝન અને અખબારો પર અંકુશ હતો.

### પેસિફિક મહાસાગર ભૂકંપ અપડેટ મુજબ ૬.૦ ની તીવ્રતાનો આંચકો



પેસિફિક મહાસાગર| ઉત્તર પેસિફિક મહાસાગરના તળિયે શુક્રવારે સવારે ભૂકંપનો શક્તિશાળી આંચકો અનુભવાયો છે. નેશનલ સેન્ટર ફોર સીસ્મોલોજી અહેવાલ મુજબ, રિક્ટર સ્કેલ પર આ ભૂકંપની તીવ્રતા ૬.૦ નોંધાઈ છે. આ ભૂકંપ પૃથ્વીની સપાટીથી માત્ર ૧૦ કિમીની છીછરી ઊંડાઈએ આવ્યો હોવાથી તેની અસરો વધુ વિનાશક હોઈ શકે છે અને આગામી સમયમાં આફ્ટરશોક્સ આવવાની પૂરેપૂરી સંભાવના છે. સીસ્મોલોજી સેન્ટરે સોશિયલ મીડિયા દ્વારા આ અંગેની સત્તાવાર પુષ્ટિ કરી છે. રિંગ ઓફ ફાયરની ભયાનકતા ભૂસ્તરશાસ્ત્રીઓના મતે છીછરા ભૂકંપ વધુ જોખમી હોય છે કારણ કે તેની ઉર્જા સપાટી સુધી પહોંચતા ઓછી થતી નથી.

૧૮ દિવસથી ભડકે બળતા ઈરાનમાં આયાતુલ્લાહ સરકારની ફાંસીની સજા પર રોક

# મધ્યપૂર્વમાં યુદ્ધના ભણકારા: ટ્રમ્પે 70 ફાઈટર જેટથી સજ્જ 'અબ્રાહમ લિંકન' ઈરાન તરફ રવાના કર્યું



(એજન્સી) વોશિંગ્ટન/તહેરાન । તા. 16

ઈરાનમાં ઈસ્લામિક શાસન વિરુદ્ધ ચાલી રહેલા જનઆંદોલનને કચડી નાખવા માટે થઈ રહેલા બળપ્રયોગે હવે આંતરરાષ્ટ્રીય સૈન્ય સંકટનું રૂપ ધારણ કર્યું છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાની જનતા પર થઈ રહેલા અત્યાચારોના વિરોધમાં દક્ષિણ ચીન સાગરથી પોતાના શક્તિશાળી એરક્રાફ્ટ કેરિયર 'અબ્રાહમ લિંકન'ને મધ્યપૂર્વ (Middle East) તરફ રવાના કરવાનો આદેશ આપ્યો છે. આ પગલાંથી આખા ક્ષેત્રમાં યુદ્ધની આશંકા વધી ગઈ છે.

### 'અબ્રાહમ લિંકન'ની સૈન્ય શક્તિ

અમેરિકાનું આ જંગી જહાજ માત્ર એક વાહન નથી, પરંતુ એક તરતું સૈન્ય મથક છે. આ કાફલામાં:

૮,૦૦૦ સૈનિકો અને ૭૦ અત્યાધુનિક ફાઈટર જેટ તૈનાત છે.

કાફલાની સુરક્ષા માટે અનેક ફ્રિગેટ (યુદ્ધ જહાજ) અને એક પરમાણુ સબમરીન પણ સાથે છે. આ જહાજ એક સપ્તાહની અંદર ઈરાનના દરિયાઈ સીમાડા નજીક પહોંચી જશે તેવા અહેવાલ છે.

ઈરાનમાં ૧૮ દિવસથી ચાલી રહેલા વિરોધ પ્રદર્શનમાં સ્થિતિ અત્યંત ગંભીર છે. માનવાધિકાર સંગઠનોના મતે ૧૮૭ શહેરોમાં થયેલા દેખાવોમાં ૩,૪૦૦થી વધુ લોકોના મોતની પુષ્ટિ થઈ છે, જ્યારે ૧૮,૦૦૦થી વધુ લોકો જેલમાં છે. ટ્રમ્પ સરકારે આ હિંસા માટે જવાબદાર ઈરાની અધિકારીઓ અને 'શેડો બેન્કિંગ નેટવર્ક' સાથે જોડાયેલી ૧૮ કંપનીઓ પર આકરા આર્થિક પ્રતિબંધો લાદી દીધા છે. ટ્રેઝરી મંત્રી સ્કોટ બેસેન્ટે સ્પષ્ટ કર્યું કે અમેરિકા ઈરાની જનતાની આઝાદીની લડતમાં તેમની સાથે છે.

અમેરિકાની સૈન્ય હિલચાલથી ગભરાયેલા ઈરાને શરૂઆતમાં પોતાની એરસ્પેસ બંધ કરી દીધી હતી, જેને કારણે વૈશ્વિક વિમાન વ્યવહાર ખોરવાયો હતો. જોકે, દબાણ વધતા ઈરાને એરસ્પેસ ફરી ખોલી છે અને પકડાયેલા દેખાવકારોને ફાંસી નહીં આપવાની જાહેરાત કરી છે. છતાં, ઈરાની સેનાએ ધમકી આપી છે કે જો અમેરિકા કોઈ પણ પ્રકારની સૈન્ય કાર્યવાહી કરશે, તો મધ્યપૂર્વમાં રહેલા તમામ અમેરિકન સૈન્ય બેઝ પર મિસાઈલ હુમલા કરવામાં આવશે.

રાજકીય વિશ્લેષકો માને છે કે 'અબ્રાહમ લિંકન'ની તૈનાતી એ ટ્રમ્પની 'પીસ થ્રુ સ્ટ્રેન્થ' (શક્તિ દ્વારા શાંતિ) નીતિનો ભાગ છે. આનાથી ઈરાની શાસકો પર દબાણ આવશે, પરંતુ જો કોઈ એક પક્ષ તરફથી ભૂલભરેલું પગલું લેવાશે, તો તે મોટા પ્રાદેશિક યુદ્ધમાં પરિણમી શકે છે.

### ■ અમેરિકા ઈરાન યુદ્ધ સંકટ વચ્ચે અબ્રાહમ લિંકન કાફલો તૈનાત થયો

નવી દિલ્હી: મધ્ય પૂર્વના દેશ ઈરાનમાં આંતરિક અશાંતિ અને સરકાર વિરોધી પ્રદર્શનોએ હવે વૈશ્વિક સ્તરે યુદ્ધની સ્થિતિ સર્જી છે. ૨૮ ડિસેમ્બરથી શરૂ થયેલો જન આક્રોશ હિંસક બનતા અમેરિકાએ ઈરાની સત્તાધીશો દ્વારા થતા અત્યાચારોની ઉગ્ર ટીકા કરી છે. અમેરિકા ઈરાન યુદ્ધ સંકટ અત્યારે એટલે ઘેરું બન્યું છે કારણ કે વોશિંગ્ટને સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો ઈરાન પોતાના જ લોકો પર જુલ્મ કરવાનું બંધ નહીં કરે તો લશ્કરી પગલાં લેવામાં આવશે. સમુદ્રમાં અમેરિકાનો પ્રચંડ અવાજ આ તણાવ વચ્ચે અમેરિકાએ દક્ષિણ ચીન સમુદ્રમાંથી પોતાનો શક્તિશાળી નૌકા કાફલો મધ્ય પૂર્વ તરફ રવાના કરી દીધો છે. આ કાફલાનું નેતૃત્વ પરમાણુ ઊર્જા સંચાલિત 'યુએસએસ અબ્રાહમ લિંકન' કરી રહ્યું છે. અબ્રાહમ લિંકન યુદ્ધ જહાજ શક્તિ વિશે વાત કરીએ તો, તે ૧ લાખ ટનનું ડિસ્પ્લેસમેન્ટ ધરાવતું દુનિયાનું સૌથી આધુનિક જહાજ છે. આ સ્ટ્રાઈક ગ્રુપમાં ૮,૦૦૦ સૈનિકો, ૭૦ ઘાતક યુદ્ધ વિમાનો અને મિસાઈલ સજ્જ સબમરીનનો સમાવેશ થાય છે.

ઈરાની શાસન વિરુદ્ધ પોકાર કરતા મસીહ અલીનેજાદ

## સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં ગુંજ્યો ઈરાની અવાજ



(એજન્સી) ન્યૂયોર્ક । તા. 16

સંયુક્ત રાષ્ટ્રના મુખ્યાલય ખાતે આયોજિત સુરક્ષા પરિષદની બેઠકમાં ઈરાનની પત્રકાર અને સક્રિય કાર્યકર મસીહ અલીનેજાદે પોતાના દેશની વર્તમાન પરિસ્થિતિનું હૃદયદ્રાવક વર્ણન કર્યું હતું. અમેરિકાના અનુરોધ પર યોજાયેલી આ બેઠકમાં અલીનેજાદે જણાવ્યું કે ઈરાનના લોકો અત્યારે મરણતોલ પરિસ્થિતિમાં જીવી રહ્યા છે અને બાહ્ય વિશ્વ પાસે તાકીદની મદદની આજીજી કરી રહ્યા છે. શાસન દ્વારા લાદવામાં આવેલા ઈન્ટરનેટ પ્રતિબંધો છતાં, સ્ટારલિંક દ્વારા જે સંદેશાઓ મળી રહ્યા છે તે દર્શાવે છે કે સ્થિતિ અત્યંત ગંભીર છે.

ભયાનક હિંસા અને પુરાવા મિટાવવાનો ખેલ શહેરોની સડકો પર ઈરાન જન આક્રોશ અને અત્યાચાર ની તસવીરો સ્પષ્ટ દેખાઈ રહી છે. મસીહના જણાવ્યા મુજબ, સુરક્ષા દળો હોસ્પિટલોમાં ઘૂસીને ઘાયલોની હત્યા કરી રહ્યા છે અને મૃતદેહો સોંપવા માટે પરિવારો પાસેથી પૈસા વસૂલવામાં આવે છે. ૮ જાન્યુઆરીથી લાદવામાં આવેલો ઈન્ટરનેટ બ્લેકઆઉટ કોઈ તકનીકી ખામી નથી, પરંતુ શાસન દ્વારા કરવામાં આવેલા માનવતા વિરુદ્ધના ગુનાઓના પુરાવા છુપાવવાનો એક સોનિયોજિત પ્રયાસ છે. આ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં ગુંજ ઉઠી છે કે જ્યારે જનતા રસ્તા પર છે, ત્યારે શાસકો સોશિયલ મીડિયાનો ઉપયોગ વિશ્વને ગેરમાર્ગે દોરવા કરી રહ્યા છે. આંતરરાષ્ટ્રીય દમન અને સીધી ધમકીઓ અલીનેજાદે ઈરાની પ્રતિનિધિ સામે આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું કે આ શાસને તેમને અમેરિકી ધરતી પર પણ ત્રણ વખત જાનથી મારી નાખવાનો પ્રયાસ કર્યો છે. ઈરાની શાસન વિરુદ્ધ પોકાર કરતા તેમણે ઉમેર્યું કે રશિયા, ચીન અને વેનેઝુએલા જેવા દેશોની મદદથી ઈરાન સરહદ પાર દમન ગુજારી રહ્યું છે. આ જ રિવોલ્યુશનરી ગાર્ડ્સ છે જેણે પૂર્વ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પર પણ હુમલો કરવાનો કાવતરો ઘડ્યો હતો.

## વૈશ્વિક અર્થતંત્ર સુરક્ષા અને જોખમ ઘટાડવા એસ જયશંકરનો હુંકાર

(એજન્સી) નવી દિલ્હી । તા. 16

ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરે વૈશ્વિક અનિશ્ચિતતાના માહોલમાં આર્થિક સ્થિરતા પર ભાર મૂકતા જણાવ્યું છે કે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે અર્થતંત્રને જોખમમુક્ત કરવું અત્યંત આવશ્યક છે. નવી દિલ્હી ખાતે યોજાયેલા ૧૮મા ભારત જાપાન વ્યૂહાત્મક સંવાદ દરમિયાન જાપાનના વિદેશ મંત્રી તોશિમિત્સુ મોતેગી સાથેની બેઠકમાં તેમણે સ્પષ્ટ કર્યું હતું કે વર્તમાન સમયમાં આર્થિક સુરક્ષા સર્વોપરી છે. બંને દેશો વચ્ચેના સંબંધો છેલ્લા બે દાયકામાં માત્ર આર્થિક મર્યાદા ઓળંગીને વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીમાં પરિવર્તિત થયા છે.

હિંદ-પ્રશાંત ક્ષેત્રમાં સમાન વિઝન જયશંકરે ભૂતપૂર્વ જાપાની વડાપ્રધાન શિન્ઝો આબેના ઐતિહાસિક પ્રવચનનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે ભારતની 'મહાસાગર' પહેલ અને જાપાનની



મુક્ત હિંદ-પ્રશાંત નીતિ એકસમાન છે. વૈશ્વિક અર્થતંત્ર સુરક્ષા અને જોખમ ઘટાડવા માટે બંને લોકતાંત્રિક દેશોએ સાથે મળીને કાર્ય કરવું પડશે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આગામી વર્ષે ભારત અને જાપાન વચ્ચેના રાજદ્વારી સંબંધોના ૭૫ વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યા છે, જે આ જોડાણને વધુ મજબૂત બનાવશે. સપ્લાય ચેઈન અને ઉર્જા સુરક્ષા પર ભાર આ ઉચ્ચ સ્તરીય બેઠકમાં બંને દેશોએ પરસ્પર સહયોગ વધારવા માટે અનેક મહત્વના મુદ્દાઓ પર ચર્ચા કરી હતી.

## અમેરિકા ભારતીય વિદ્યાર્થી વળતર પાલક પનીર ગરમ કરવા બદલ મળ્યું

બોલ્ડર | અમેરિકાની યુનિવર્સિટી ઓફ કોલોરાડોમાં એક અત્યંત ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જ્યાં માત્ર પાલક પનીર ગરમ કરવા જેવી સામાન્ય બાબતે બે ભારતીય વિદ્યાર્થીઓને અંદાજે ૧.૮ કરોડ રૂપિયા (૨ લાખ ડોલર) નું જંગી વળતર ચૂકવવું પડ્યું છે. આ ઘટના સપ્ટેમ્બર ૨૦૨૩ની છે જ્યારે પીએચડીના વિદ્યાર્થી આદિત્ય પ્રકાશ પોતાનું લંચ માઈક્રોવેવમાં ગરમ કરી રહ્યા હતા. તે સમયે યુનિવર્સિટીના સ્ટાફે ભોજનની તીવ્ર ગંધ અંગે વાંધો ઉઠાવી તેમને અપમાનિત કર્યા હતા, જે મામલો અંતે અમેરિકા ભારતીય વિદ્યાર્થી વળતર સુધી પહોંચ્યો છે. બદલાલક્ષી કાર્યવાહી અને માનસિક ત્રાસ આદિત્ય અને તેમની પાર્ટનર ઉર્મિ ભટ્ટાચાર્યએ જ્યારે આ વંશીય ટિપ્પણીનો વિરોધ કર્યો, ત્યારે યુનિવર્સિટી પ્રશાસને તેમની સામે માનસિક ત્રાસ અને બદલાની ભાવનાથી કામ શરૂ કર્યું હતું.

## ચીન ઈરાન સંબંધો અને વિરોધ વચ્ચે વાંગ યીએ જંગલરાજ સામે છેડ્યો જંગ

### આંતરરાષ્ટ્રીય બાબતોમાં જંગલરાજનો વિરોધ

(એજન્સી) બેજિંગ । તા. 16

ઈરાનમાં ચાલી રહેલા સરકાર વિરોધી ઉગ્ર દેખાવો અને અમેરિકાની દરમિયાનગીરીની ધમકીઓ વચ્ચે ચીને મજબૂત રાજદ્વારી વલણ અપનાવ્યું છે. ચીનના વિદેશ મંત્રી વાંગ યીએ ઈરાનના વિદેશ મંત્રી મોહમ્મદ અલી અરાઘચી સાથે ટેલિફોનિક વાતચીત દરમિયાન સ્પષ્ટ કર્યું હતું કે બેજિંગ આંતરરાષ્ટ્રીય સંબંધોમાં "જંગલના કાયદા" એટલે કે આંતરરાષ્ટ્રીય બાબતોમાં જંગલરાજનો વિરોધ કરે છે. વોશિંગ્ટન દ્વારા સૈન્ય હસ્તક્ષેપના સંકેતો બાદ ચીનનું આ નિવેદન અત્યંત મહત્વનું માનવામાં આવે છે.

બાહ્ય શક્તિઓ દ્વારા ઉશ્કેરણીનો આક્ષેપ વાતચીત દરમિયાન ઈરાની વિદેશ મંત્રીએ ચીનને આશ્વાસન આપ્યું હતું કે દેશમાં સ્થિતિ હવે કાબૂમાં છે. તેમણે દાવો કર્યો હતો કે હાલની અશાંતિ પાછળ વિદેશી તાકાતોનો હાથ છે. અરાઘચીએ જણાવ્યું કે તેમનો દેશ બાહ્ય હસ્તક્ષેપ સામે ચેતવણી આપવાની સાથે સંવાદ માટે પણ તૈયાર છે. ચીન ઈરાન સંબંધો અને વિરોધ ના આ જટિલ સંજોગોમાં તેહરાને આશા વ્યક્ત કરી છે કે ચીન પ્રાદેશિક શાંતિ જાળવવામાં રચનાત્મક ભૂમિકા ભજવશે. હિંસા અને આર્થિક સંકટનો ચિતાર ઈરાનમાં વધતી જતી મોંઘવારી અને આર્થિક મુશ્કેલીઓને કારણે જનતામાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. મીડિયા અહેવાલ મુજબ, માનવ અધિકાર એજન્સીઓના આંકડા દર્શાવે છે કે ૧૯ દિવસથી ચાલી રહેલા આ વિરોધ પ્રદર્શનમાં અત્યાર સુધીમાં અંદાજે ૨,૬૭૭ લોકોના મોત થયા છે અને ૧૯,૦૦૦ થી વધુ લોકોની અટકાયત કરવામાં આવી છે.

હત્યા | વિદેશ મંત્રી અનિતા આનંદે પીડિત પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હિંસા રોકવા હાકલ કરી

# ઈરાન વિરોધ પ્રદર્શન: ઈરાનમાં કેનેડિયન નાગરિકની હત્યા

(એજન્સી) ઓટાવા (કેનેડા) । તા. 16

ઈરાનમાં ઈસ્લામિક શાસન વિરુદ્ધ ફાટી નીકળેલા જનઆંદોલનને ડામવા માટે કરવામાં આવી રહેલા ક્રૂર બળપ્રયોગમાં હવે એક કેનેડિયન નાગરિકનું પણ મોત થયું હોવાના અહેવાલ છે. કેનેડાના વિદેશ મંત્રી અનિતા આનંદે શુક્રવારે આ ઘટનાની પુષ્ટિ કરતા ઈરાની સત્તાવાળાઓ દ્વારા કરવામાં આવેલી હત્યાની સખત શબ્દોમાં નિંદા કરી છે. આ ઘટનાથી કેનેડા અને ઈરાન વચ્ચેના રાજદ્વારી સંબંધોમાં ભારે ખટરાગ પેદા થયો છે.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર એક પોસ્ટમાં વિદેશ મંત્રી અનિતા આનંદે જણાવ્યું હતું કે, "મને જાણવા મળ્યું છે કે ઈરાની સત્તાવાળાઓના હાથે એક કેનેડિયન નાગરિકનું મૃત્યુ થયું છે. અમારા કોન્સ્યુલર અધિકારીઓ કેનેડામાં પીડિત પરિવારના સંપર્કમાં છે. પોતાની અવાજ ઉઠાવવા માટે શાંતિપૂર્ણ પ્રદર્શન કરી રહેલા લોકો પ્રત્યે ઈરાની શાસનનું આવું વર્તન માનવ જીવન પ્રત્યેની તેમની ઘોર અવગણના દર્શાવે છે. આ



હિંસા તાત્કાલિક બંધ થવી જોઈએ."

### વૈશ્વિક સ્તરે ઈરાનનો ઘેરાવો

કેનેડાની સાથે સાથે ઓસ્ટ્રેલિયા અને યુરોપિયન યુનિયન (EU) ના વિદેશ મંત્રીઓએ પણ એક સંયુક્ત નિવેદન જારી કરીને ઈરાની લોકોની બહાદુરીને બિરદાવી છે. નિવેદનમાં જણાવાયું છે કે ઈરાને તેના સુરક્ષા દળો, ખાસ કરીને ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) અને બાસીજ દ્વારા કરવામાં આવતો ઘાતક બળપ્રયોગ રોકવો જોઈએ. અહેવાલો મુજબ, અત્યાર સુધીમાં ૪૦ થી વધુ લોકોએ આ પ્રદર્શનોમાં જીવ ગુમાવ્યા છે.

### માનવાધિકાર અને આંતરરાષ્ટ્રીય દબાણ

કેનેડાએ સ્પષ્ટ કર્યું છે કે ઈરાની શાસનની જવાબદારી પોતાની વસ્તીની રક્ષા કરવાની છે, નહીં કે તેમને ડરાવવાની. આંતરરાષ્ટ્રીય સમુદાયે ઈરાનને અભિવ્યક્તિની સ્વતંત્રતા અને શાંતિપૂર્ણ રીતે એકઠા થવાના અધિકારનું સન્માન કરવા જણાવ્યું છે. કેનેડા સરકાર હવે આ મુદ્દે આંતરરાષ્ટ્રીય મંચો પર ઈરાન વિરુદ્ધ વધુ કડક પ્રતિબંધો લાદવા માટે પણ વિચારણા કરી રહી છે.

ઈરાનમાં ફાટી નીકળેલી આ વિરોધની જ્વાળા હવે વૈશ્વિક સ્તરે રાજકીય ગરમાવો લાવી રહી છે, જેમાં કેનેડિયન નાગરિકના મોતે બળતામાં ઘી હોમવાનું કામ કર્યું છે.

# નાસા સ્પેસ મિશન રદ કરી બીમાર અવકાશયાત્રીને પૃથ્વી પર લવાયા

(એજન્સી) કેપ કેનેવરલ । તા. 16

અમેરિકી અંતરિક્ષ એજન્સી નાસાના ઈતિહાસમાં પ્રથમ વખત 'મેડિકલ ઈવેક્યુએશન'ની ઘટના બની છે. આંતરરાષ્ટ્રીય સ્પેસ સ્ટેશન પર તૈનાત ક્રૂના એક સભ્યની તબિયત લથડતા નાસા સ્પેસ મિશન રદ કરવાની ફરજ પડી છે. નિર્ધારિત સમય કરતાં એક મહિનો વહેલા ચાર અવકાશયાત્રીઓને પૃથ્વી પર પરત લાવવામાં આવ્યા છે. સ્પેસેક્સની કેપ્સ્યુલ દ્વારા તમામ સભ્યો સાન ડીયેગો નજીક પેસિફિક મહાસાગરમાં સલામત રીતે ઉતર્યા છે.

૧૧ કલાકમાં પૃથ્વી પર વાપસી અંતરિક્ષમાં સર્જાયેલી આ અવકાશયાત્રીની તબીબી કટોકટીને જોતા નાસાએ અત્યંત ઝડપી કાર્યવાહી કરી હતી. સ્પેસ સ્ટેશન છોડ્યાના ૧૧ કલાકથી પણ ઓછા સમયમાં અવકાશયાત્રીઓ પૃથ્વી પર પહોંચી ગયા હતા. મિશન કમાન્ડર જેના કાર્ડમેન અને પાયલોટ માઈક ફિન્ક સહિત જાપાનની કિમિયા સુઈ અને રશિયાના ઓલેગ પ્લેટોનોવ પૃથ્વી પર પરત ફર્યા છે. ઓગસ્ટ ૨૦૨૫માં શરૂ થયેલું આ મિશન ૧૬૭ દિવસ સુધી ચાલ્યું હતું.

સ્થિતિ સ્થિર છતાં તાત્કાલિક સારવાર અનિવાર્ય સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ૮મી જાન્યુઆરીના રોજ ક્રૂ સભ્યની તબિયત બગડતા પ્રથમ સ્પેસ વોક રદ કરવામાં આવી હતી. નાસાએ સ્પષ્ટ કર્યું છે કે જોકે અવકાશયાત્રીની હાલત સ્થિર છે, પરંતુ તેમને પૃથ્વી પર તાત્કાલિક તબીબી નિરીક્ષણની જરૂર હોવાથી અંતરિક્ષમાંથી તાત્કાલિક વાપસીનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ મિશનમાં જેના કાર્ડમેન અને ઓલેગ પ્લેટોનોવ માટે આ પ્રથમ ઉડાન હતી, જ્યારે અન્ય બે સભ્યો અનુભવી હતા.

## ચૂંટણી પ્રક્રિયા પર ઉઠાવ્યા હતા સવાલ : એસીટોનથી શાહી સાફ થતા સર્જાયો હતો હોબાળો

# શાહી વિવાદ બાદ મોટો નિર્ણય: ચૂંટણીમાં હવે માર્કર પેનનો ઉપયોગ નહીં થાય

(એજન્સી) મુંબઈ | તા 16

મહારાષ્ટ્ર રાજ્ય ચૂંટણી પંચે ચૂંટણી પ્રક્રિયાની પારદર્શિતા જાળવી રાખવા માટે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. હવે પછીની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં મતદાન સમયે મતદારોની આંગળી પર નિશાન કરવા માટે માર્કર પેનનો ઉપયોગ કરવામાં આવશે નહીં. મુંબઈ મહાનગરપાલિકા (BMC) ની ચૂંટણી દરમિયાન સર્જાયેલા 'શાહી વિવાદ' બાદ આ કડક પગલું ભરવામાં આવ્યું છે. રાજ્ય ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, આગામી જિલ્લા પરિષદની ચૂંટણીઓથી આ નવો નિયમ અમલી બનશે. આ નિર્ણયનો મુખ્ય હેતુ નકલી મતદાનની શક્યતાઓને જડમૂળથી ઉખેડી નાખવાનો અને ચૂંટણી પ્રક્રિયામાં લોકોનો વિશ્વાસ પુનઃસ્થાપિત કરવાનો છે.તાજેતરમાં યોજાયેલી BMC ચૂંટણીમાં એવો ગંભીર મુદ્દો પ્રકાશમાં આવ્યો હતો કે મતદાન કર્યા બાદ આંગળી પર લગાવવામાં આવતી 'અમીટ



શાહી' બહુ સરળતાથી ભૂંસાઈ જતી હતી. કલ્યાણના MNS ઉમેદવાર ઉર્મિલા તાંબેએ આ મામલે પુરાવા સાથે અવાજ ઉઠાવ્યો હતો. તેમણે આરોપ લગાવ્યો હતો કે એસીટોન (Acetone) કે નેઈલ પેઈન્ટ રિમૂવર લગાવતા જ આ શાહી સાફ થઈ જાય છે, જે નકલી મતદાનને પ્રોત્સાહન આપી શકે છે. મીડિયા તપાસમાં પણ આ વાત સાચી સાબિત થઈ હતી, જેના કારણે વિપક્ષોએ સત્તાધારી પક્ષ અને ચૂંટણી પંચની મિલીભગત હોવાના આક્ષેપો કર્યા હતા.

આ વિવાદે રાષ્ટ્રીય સ્તરે પણ જોર પકડ્યું હતું. શિવસેના (UBT) પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ ચૂંટણી પંચ પર નિશાન સાધતા કહ્યું હતું કે, "શાહી આટલી આસાનીથી ભૂંસાઈ જાય તે લોકશાહી માટે ખતરનાક છે." બીજી તરફ, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ તેને 'વોટની ચોરી' ગણાવીને સોશિયલ મીડિયા પર તીખી પ્રતિક્રિયા આપી હતી. તેમણે કહ્યું કે, આવી ખામીઓ નાગરિકોને ભ્રમિત કરે છે અને રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિ સમાન છે. વિપક્ષોના સતત દબાણ અને પુરાવાઓને જોતા અંતે ચૂંટણી પંચે માર્કર પેનનો મોહ છોડવાનો નિર્ણય લેવો પડ્યો છે.

નવા આદેશો જાહેર કરવાની સાથે ચૂંટણી પંચે મતદારોને પણ ચેતવણી આપી છે. પંચે સ્પષ્ટ કર્યું છે કે જો કોઈ મતદાર શાહી ભૂંસીને ફરીથી મતદાન કરવાનો પ્રયાસ કરતા પકડાયો, તો તેની સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. અધિકારીઓએ જણાવ્યું કે માત્ર શાહી જ નહીં, પરંતુ દરેક મતદાનનો લેખિત રેકોર્ડ પણ રાખવામાં આવે છે, જેથી ગેરરીતિ પકડવી સરળ બનશે. ૨૦૧૨થી ચાલી આવતી માર્કર પેનની આ પદ્ધતિ હવે કાયમી ધોરણે બંધ કરી દેવામાં આવી છે.માર્કર પેનનો ઉપયોગ બંધ થવાથી હવે ફરીથી પરંપરાગત 'અમીટ શાહી' (Indelible Ink) ની બોટલો અને બ્રશનો ઉપયોગ કરવામાં આવે તેવી શક્યતા છે, જે લાંબા સમય સુધી આંગળી પર રહે છે. આ નિર્ણયથી આગામી સમયમાં યોજાનારી જિલ્લા પરિષદ અને નગરપાલિકાની ચૂંટણીઓમાં પારદર્શિતા વધશે. BMC કમિશનર ભૂષણ ગગરાણીએ પણ સ્વીકાર્યું હતું કે માર્કર પેનના નિશાન કાયમી હોતા નથી, તેથી જ આ ફેરફાર અનિવાર્ય બન્યો હતો.

## 'મારી પાસે ન તો કપડા છે ન તો પૈસા..'

# પાકિસ્તાનમાં ફસાયેલી ભારતીય યુવતીની દેશવાપસી માટે અપીલ

નવી દિલ્હી: પાકિસ્તાન ગયેલી ભારતીય શીખ મહિલા સરબજીત કૌરનો કિસ્સો હાલમાં સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલા એક ભાવુક ઓડિયો ક્લિપને કારણે ફરી ચર્ચામાં આવ્યો છે. પંજાબના કપૂરથલા જિલ્લાના અમનપુરી ગામની રહેવાસી સરબજીત કૌર ગયા વર્ષે ગુરુ નાનક દેવજીના પ્રકાશ પર્વ નિમિત્તે શ્રદ્ધાળુઓના ગ્રુપ સાથે પાકિસ્તાન ગઈ હતી, પરંતુ ત્યાંથી તે પરત ફરી



નહોતી. પાકિસ્તાન રોકાઈને તેણે નાસિર હુસૈન નામના યુવક સાથે લગ્ન કરી લીધા હતા, પરંતુ હવે તેની હાલત અત્યંત દયનીય હોવાનું સામે આવ્યું છે. વાઈરલ ઓડિયો ક્લિપમાં સરબજીત કૌર રડતી અને પોતાના પૂર્વ પતિ પાસે ભારત પરત આવવા માટે વિનંતી કરતી સંભળાય છે. તે દાવો કરી રહી છે કે પાકિસ્તાનમાં તેનું સતત શોષણ થઈ રહ્યું છે અને તેની પાસે પહેરવા માટે ગરમ કપડાં કે જૂતા પણ નથી. તે ભાવુક થઈને કહે છે કે, 'મેં મારા બાળકો અને પતિ માટે આલીશાન ઘર બનાવ્યું હતું, પણ આજે મારી પાસે કંઈ જ બચ્યું નથી. મને ભારત પાછી લઈ જાઓ અને મને વઢશો નહીં, કારણ કે હું અંદરથી સાવ તૂટી ગઈ છું.' તેને ડર છે કે જો તેને ભારત પાછી લઈ જવામાં નહીં આવે તો તેની જાનને ખતરો છે.પાકિસ્તાન પહોંચ્યાના બીજા જ દિવસે સરબજીતે મુસ્લિમ યુવક નાસિર હુસૈન સાથે નિકાહ કરી લીધા હતા અને પોતાનું નામ બદલીને 'નૂર' રાખ્યું હતું. જોકે, આ લગ્ન બાદ તેને પાકિસ્તાની પોલીસ દ્વારા અટકાયતમાં લેવામાં આવી હતી અને લાહોરના એક સરકારી શેલ્ટર હોમ(દારુલ અમાન) માં મોકલી દેવામાં આવી હતી. નાસિર અને સરબજીતે પોલીસ હેરાનગતિ વિરુદ્ધ લાહોર હાઈકોર્ટમાં અરજી પણ કરી હતી, પરંતુ અદાલતના આદેશ છતાં પોલીસ કાર્યવાહી ચાલુ રહી હતી. હાલમાં નાસિર જેલમાં છે અને સરબજીત શેલ્ટર હોમમાં છે.સરબજીત કૌરના પાકિસ્તાનમાં રોકાવા પાછળ સુરક્ષાના પ્રશ્નો પણ ઊભા થયા છે. પાકિસ્તાન વિધાનસભાના પૂર્વ સભ્ય મહિન્દર પાલ સિંહે હાઈકોર્ટમાં અરજી કરીને આશંકા વ્યક્ત કરી છે કે તે ભારતીય જાસૂસ હોઈ શકે છે.

## News Brief

### જમ્મુ-કાશ્મીર: પૂરના 8 મહિના બાદ ઉધમપુરનું રીત્તી ગામ તરસ્યું, પાઈપલાઈન હજુ રિપેરમાં જ



ઉધમપુર : જમ્મુ-કાશ્મીરના ઉધમપુર જિલ્લામાં ગત ઓગસ્ટ મહિનામાં આવેલા વિનાશક પૂરની અસરો હજુ પણ ગ્રામીણ જનજીવન પર વર્તાઈ રહી છે. રીત્તી પંચાયતના વોર્ડ નંબર 1 ના રહીશો છેલ્લા આઠ મહિનાથી ખોરવાઈ ગયો હતો, જે હજુ સુધી પુનઃસ્થાપિત કરવામાં આવ્યો નથી. પરિણામે, ગામલોકોએ પીવાનું પાણી મેળવવા માટે દરરોજ 1 થી 2 કિલોમીટર સુધીનો પગપાળા પ્રવાસ ખેડવો પડે છે. સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, પાણીની આ અછતને કારણે રોજિંદા જીવન પર ભારે અસર પડી રહી છે. ખાસ કરીને મહિલાઓને તેમના ઘરકામ અને નાના બાળકોને છોડીને દૂરના સ્ત્રોતોમાંથી પાણી લાવવા માટે જવું પડે છે. એક સ્થાનિક મહિલાએ વ્યથા ઠાલવતા કહ્યું કે, "અમારા ગામમાં પાણીની ભારે અછત છે. અમારે ઘરના તમામ કામ પડતા મૂકીને પાણી ભરવા જવું પડે છે. નળની વાત તો દૂર રહી, ગામના કૂવા પણ સુકાઈ ગયા છે. અમે સત્તાવાળાઓને વિનંતી કરીએ છીએ કે જલ્દીમાં જલ્દી પાઈપલાઈન રિપેર કરવામાં આવે." જલ શક્તિ વિભાગે આ વિસ્તારના અન્ય મોટાભાગના પૂર-ગ્રસ્ત પ્રોજેક્ટ્સ રિપેર કરી દીધા છે, પરંતુ રીત્તી ગામ હજુ પણ બાકાત છે. વિભાગના એક્ઝિક્યુટિવ એન્જિનિયર સંદીપ ગુપ્તાએ આ વિલંબ પાછળનું કારણ સમજાવતા કહ્યું કે, "ઓગસ્ટ અને સપ્ટેમ્બરમાં આવેલા પૂર દરમિયાન રીત્તીનો પાણી પુરવઠો ખરાબ રીતે પ્રભાવિત થયો હતો.

## મુખ્યમંત્રી મમતા બેનરજી અને ડીજીપી રાજીવ કુમારને નોટિસ

# સુપ્રીમ કોર્ટની મમતા સરકારને ફટકાર: કેન્દ્ર-રાજ્ય આમને-સામને આવશે તો દેશમાં અરાજકતા ફેલાશે

નવી દિલ્હી: પશ્ચિમ બંગાળમાં કેન્દ્રીય તપાસ એજન્સી અને રાજ્ય સરકાર વચ્ચે ચાલી રહેલો ગજગ્રાહ હવે સુપ્રીમ કોર્ટની ઉંબરે પહોંચ્યો છે. પોલિટિકલ કન્સલટન્સી કંપની 'આઈ-પેક' (I-PAC) અને તેના ડિરેક્ટર પ્રતીક જૈનના સ્થાનો પર એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા પાડવામાં આવેલા દરોડામાં પશ્ચિમ બંગાળ સરકારના કથિત હસ્તક્ષેપ અંગે સુપ્રીમ કોર્ટે અત્યંત આકરું વલણ અપનાવ્યું છે. સુપ્રીમ કોર્ટે ગુરુવારે મમતા સરકારની આકરી ઝાટકણી કાઢતા કહ્યું કે, જો કેન્દ્ર અને રાજ્ય સરકારની એજન્સીઓ આ રીતે એકબીજાની સામે પોલીસ ફરિયાદો કરશે તો દેશમાં અરાજકતા ફેલાઈ જશે. કોર્ટે આગામી સુનાવણી સુધી ઈડીના અધિકારીઓ સામે નોંધાયેલી એફઆઈઆર (FIR) પર સ્ટે આપ્યો છે.ન્યાયાધીશ પ્રશાંત કુમાર મિશ્રા અને વિપુલ પંચોલીની બેન્ચે આ મામલાને અત્યંત ગંભીર ગણાવ્યો છે. ઈડીએ સુપ્રીમ કોર્ટમાં કરેલી અરજીમાં ગંભીર આક્ષેપ કર્યો છે કે, જ્યારે દરોડાની કાર્યવાહી ચાલી રહી હતી ત્યારે મુખ્યમંત્રી મમતા બેનરજી પોતે પોલીસ કાફલા સાથે ઘટનાસ્થળે પહોંચ્યા હતા



અને તપાસમાં અવરોધ ઉભો કરીને અનેક મહત્વના પુરાવાઓ પોતાની સાથે લઈ ગયા હતા. સુપ્રીમ કોર્ટે આ બાબતની નોંધ લેતા મુખ્યમંત્રી મમતા બેનરજી અને રાજ્યના ડીજીપી રાજીવ કુમારને નોટિસ પાઠવી જવાબ માંગ્યો છે. કોર્ટે આઈ-પેકના પરિસરો અને પ્રતીક જૈનના ઘરના સીસીટીવી ફૂટેજને સુરક્ષિત રાખવા માટે પણ આદેશ આપ્યો છે.સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કાયદાના શાસન પર ભાર મૂકતા કહ્યું કે, "દેશના પ્રત્યેક અંગને સ્વતંત્રરૂપે કામ કરવાની મંજૂરી આપવી જરૂરી છે. જો કેન્દ્રીય તપાસ એજન્સીઓની કામગીરીમાં રાજ્ય પોલીસ આ રીતે દખલ કરશે તો ગૂનેગારોને કોઈ વિશેષ રાજ્યની એજન્સીઓની છત્રછાયામાં સંરક્ષણ મળી જશે." કોર્ટે સ્પષ્ટ કર્યું કે જો આ મુદ્દાનો ઉકેલ લાવવામાં નહીં આવે તો સ્થિતિ વધુ બગડી શકે છે. ઈડીએ માંગ કરી છે કે મમતા બેનરજી દ્વારા કથિત રીતે લઈ જવામાં આવેલા પુરાવા પાછા અપાવવામાં આવે અને આ સમગ્ર કેસની સીબીઆઈ (CBI) તપાસ કરવામાં આવે. ઈડી વતી હાજર રહેલા સોલિસિટર જનરલ (SG) તુષાર મહેતાએ કોર્ટમાં રજૂઆત કરી હતી કે, જ્યારે કલકત્તા હાઈકોર્ટમાં આ કેસની સુનાવણી ચાલી રહી હતી ત્યારે તૃણમૂલ કોંગ્રેસ દ્વારા વોટ્સએપ મેસેજ કરીને ભીડ એકત્ર કરવામાં આવી હતી જેથી ન્યાયિક પ્રક્રિયામાં અવરોધ ઉભો કરી શકાય. આ વાત પર નારાજગી વ્યક્ત કરતા સુપ્રીમ કોર્ટે પૂછ્યું હતું કે, "શું કોઈ રાજકીય પક્ષ કોર્ટને જંતર-મંતર બનાવવા માંગે છે?" મહેતાએ સહમતી દર્શાવતા કહ્યું હતું કે હાઈકોર્ટને ખરેખર વિરોધ પ્રદર્શનનું સ્થળ બનાવી દેવામાં આવ્યું હતું.આ કેસ માત્ર દરોડા પૂરતો મર્યાદિત નથી પરંતુ તે કેન્દ્ર-રાજ્ય સંબંધોમાં ઉભા થયેલા બંધારણીય સંકટને દર્શાવે છે. સુપ્રીમ કોર્ટે હવે આ કેસની તપાસ સીબીઆઈને સોંપવી કે નહીં તે મુદ્દે તમામ પક્ષકારો પાસેથી જવાબ માંગ્યો છે.

### મેયર પદ પર કોઈ મરાઠી ભાષી નેતા જ બિરાજશે: કેન્દ્રીય મંત્રી આઠવલે

પુણે: મહારાષ્ટ્રની સૌથી પ્રતિષ્ઠિત બૃહદ મુંબઈ મહાનગરપાલિકા (BMC) ની ચૂંટણીના મતગણતરીના વલણો સામે આવી રહ્યા છે, જેમાં મહાયુતિ ગઠબંધન સ્પષ્ટ બહુમતી તરફ આગળ વધી રહ્યું છે. કેન્દ્રીય મંત્રી અને RPI(A) ના વડા રામદાસ આઠવલેએ શુક્રવારે આત્મવિશ્વાસ સાથે જાહેર કર્યું કે મુંબઈના આગામી મેયર મહાયુતિ ગઠબંધનમાંથી જ હશે. તેમણે ઉદ્ધવ ઠાકરે પર નિશાન સાધતા કહ્યું કે, ભૂતકાળમાં ભાજપ અને RPI ના સાથને કારણે તેઓ સત્તા ભોગવી શક્યા હતા, પરંતુ હવે સ્થિતિ બદલાઈ ગઈ છે.પ્રારંભિક વલણો મુજબ, મુંબઈના 227 વોર્ડમાંથી મહાયુતિ ગઠબંધન (ભાજપ અને એકનાથ શિંદેની શિવસેના) 117 બેઠકો પર લીડ જાળવી રહ્યું છે, જે બહુમતીના આંકડા (114) ને પાર કરી ગયું છે.આઠવલેએ જણાવ્યું કે ઉદ્ધવ ઠાકરેએ રાજ ઠાકરેની MNS સાથે હાથ મિલાવ્યા છે, જેનાથી તેમને મરાઠી વિસ્તારોમાં થોડો ફાયદો થયો છે, પરંતુ તે સત્તા મેળવવા માટે પૂરતો નથી.

### તમિલનાડુમાં 'માટ્ટુ પોંગલ'ની ભવ્ય ઉજવણી: નાયબ મુખ્યમંત્રી ઉદયનિધિ સ્ટાલિને પાલામેડુ જલ્લીકટ્ટુને લીલી ઝંડી આપી

મદુરાઈ (તમિલનાડુ): તમિલનાડુના સાંસ્કૃતિક વારસા સમાન અને શૌર્યના પ્રતીક એવા 'જલ્લીકટ્ટુ' ઉત્સવનો આજે મદુરાઈના પાલામેડુ ખાતે ભવ્ય પ્રારંભ થયો છે. રાજ્યના નાયબ મુખ્યમંત્રી ઉદયનિધિ સ્ટાલિને આજે શુક્રવારે વાર્ષિક 'પાલામેડુ જલ્લીકટ્ટુ' સ્પર્ધાને લીલી ઝંડી બતાવી ખુલ્લી મૂકી હતી. આ પ્રસંગે દક્ષિણ ભારતીય ફિલ્મોના જાણીતા અભિનેતા સૂરી પણ ઉપસ્થિત રહ્યા હતા. આ પરંપરાગત રમતને નિહાળવા માટે હજારોની સંખ્યામાં જનમેદની ઉમટી પડી હતી.આજે સમગ્ર તમિલનાડુમાં 'માટ્ટુ પોંગલ' (ગાય પોંગલ) ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી રહી છે. કૃષિ અને માનવ જીવનમાં મહત્વની ભૂમિકા ભજવતા ગાય, બળદ અને અન્ય પશુધન પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે આ દિવસ મનાવવામાં આવે છે.

## CBSE નો કડક આદેશ

### સ્કૂલો લાયક શિક્ષકોની માહિતી જાહેર કરે, 30 વિદ્યાર્થીએ એક શિક્ષક રાખવો ફરજિયાત

નવી દિલ્હી: સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) એ શાળાઓમાં પારદર્શિતા લાવવા અને વાલીઓને સાચી માહિતી પૂરી પાડવા માટે એક અત્યંત મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. બોર્ડે તમામ સંલગ્ન શાળાઓને આદેશ આપ્યો છે કે તેઓએ પોતાની વેબસાઈટ પર 'મેન્ડેટરી ડિસ્ક્લોઝર' (ફરજિયાત વિગતો) અંતર્ગત શિક્ષકોની લાયકાત, ફીનું માળખું અને અન્ય પાયાની સુવિધાઓની માહિતી સાર્વજનિક કરવી પડશે. વારંવાર સૂચના આપવા છતાં વિગતો છુપાવતી શાળાઓ પ્રત્યે કડક વલણ અપનાવતા બોર્ડે સ્પષ્ટ કર્યું છે કે



જો હવે પછી આ બાબતે બેદરકારી જણાશે તો સંબંધિત શાળાને ભારે દંડ ફટકારવામાં આવશે.CBSE ના નવા પરિપત્ર મુજબ, હવે દરેક શાળાએ 30 વિદ્યાર્થી દીઠ 1 શિક્ષક (Ratio) જાળવવો ફરજિયાત રહેશે. આ રેશિયોમાં બોર્ડે એક મહત્વની સ્પષ્ટતા કરી છે કે શાળાના આચાર્ય, કાઉન્સેલર કે ફિઝિકલ ટ્રેનરનો સમાવેશ આ 'એકેડેમિક શિક્ષક' તરીકે કરી શકાશે નહીં. આ નિયમનો હેતુ વર્ગખંડમાં દરેક વિદ્યાર્થી પર પૂરતું ધ્યાન આપી શકાય તે સુનિશ્ચિત કરવાનો છે. શાળાઓએ આ રેશિયો અને લાયક શિક્ષકોની યાદી આગામી 15 સપ્ટેમ્બર સુધીમાં પોર્ટલ અને વેબસાઈટ પર અપડેટ કરવાની રહેશે. ઘણીવાર વાલીઓ શાળામાં પ્રવેશ લેતા પહેલા ફી કે સુરક્ષાના મામલે મુંઝવણ અનુભવતા હોય છે.

## અર્થતંત્ર મુદ્દે રામલીલા મેદાનમાં ચર્ચા કરવા ભાજપને ખુલ્લો પડકાર

### પ્રિયાંક ખડગેનો ભાજપ પર કટાક્ષ: "બલ્લારી પદયાત્રા શરૂ થતા પહેલા જ ફીસકી પડી ગઈ"

બેંગલુરુ: કર્ણાટકના પંચાયતી રાજ, ગ્રામીણ વિકાસ અને આઈટી મંત્રી પ્રિયાંક ખડગેએ બલ્લારીમાં ભાજપ દ્વારા આયોજિત વિરોધ પ્રદર્શન અને પદયાત્રા પર આકરા પ્રહાર કર્યા છે. શુક્રવારે પત્રકારો સાથે વાતચીત કરતા ખડગેએ જણાવ્યું હતું કે, ભાજપની આ પદયાત્રા શરૂ થતા પહેલા જ નિષ્ફળ ગઈ છે, જે ભાજપના પ્રાદેશિક નેતૃત્વમાં પ્રવર્તતા અવિશ્વાસ અને નબળાઈને છતી કરે છે. તેમણે ઉમેર્યું કે ભાજપના ધારાસભ્યો જે રીતે વિધાનસભામાં વર્તે છે, તે જોતા પદયાત્રાની આ દયનીય સ્થિતિ સ્વાભાવિક હતી. આ કોઈ જનહિતની લડાઈ નથી પરંતુ ભાજપના નેતાઓની આંતરિક અને અંગત લડાઈ છે.ડેપ્યુટી સીએમ ડી.કે. શિવકુમારની દિલ્હી મુલાકાતને લઈને ચાલી રહેલી અટકળોને ખડગેએ ફગાવી દીધી હતી. તેમણે કટાક્ષમાં પૂછ્યું કે, "શું દરેક વખતે મંત્રીઓ સત્તાવાર કામે દિલ્હી જાય ત્યારે તેને નેતૃત્વ પરિવર્તન સમજવું? ગયા અઠવાડિયે હું પોતે મનરેગા (MGNREGA) ના કામે દિલ્હી ગયો હતો, તો શું હું પણ નેતૃત્વ બદલવા ગયો હતો?" તેમણે મીડિયાને અપીલ કરી હતી કે મંત્રીઓની વહીવટી મુલાકાતોને રાજકીય રંગ ન આપવામાં આવે.કોંગ્રેસ નેતા રાજીવ ગૌડા દ્વારા મ્યુનિસિપલ કમિશનર સાથે કરવામાં આવેલા અભદ્ર વર્તનને પ્રિયાંક ખડગેએ "શરમજનક" ગણાવ્યું હતું, પરંતુ સાથે જ ભાજપ પર વળતો પ્રહાર કરતા કહ્યું કે ભાજપના નેતાઓએ શિષ્ટાચારની વાતો કરવી શોભતી નથી.

## દિલ્હી પોલીસની મોટી સફળતા

### બુરારીમાં ધોળા દિવસે થયેલી હાઈ-પ્રોફાઈલ ચોરીનો ભેદ ઉકેલાયો

નવી દિલ્હી: દિલ્હી પોલીસની નોર્થ ડિસ્ટ્રિક્ટ ટીમે બુરારીના વેસ્ટ સંત નગરમાં ધોળા દિવસે થયેલી એક હાઈ-પ્રોફાઈલ ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલી નાખ્યો છે. પોલીસે આ કેસમાં બે કુખ્યાત તસ્કરોની ધરપકડ કરી છે અને તેમની પાસેથી ચોરીનો મુદ્દામાલ પણ જપ્ત કર્યો છે. ઝડપાયેલા આરોપીઓ નશાની લત પૂરી કરવા માટે નંબર પ્લેટ વગરની મોટરસાઈકલ પર ફરીને બંધ મકાનોને નિશાન બનાવતા હતા. ઘટનાની વિગતો મુજબ, ગત 6 જાન્યુઆરીના રોજ એક મહિલાએ ફરિયાદ નોંધાવી હતી કે તે સવારે 8 વાગ્યે ગુરુગ્રામ ખાતે પોતાની નોકરી પર ગઈ હતી. સાંજે જ્યારે તે પરત ફરી ત્યારે તેના ઘરના મુખ્ય દરવાજાનું હેન્ડલ તૂટેલું હતું અને અંદરથી કિંમતી સામાન ગાયબ હતો. પોલીસે આ મામલે BNS ની કલમ 305 હેઠળ ફરિયાદ નોંધી તપાસ માટે ખાસ ટીમની રચના કરી હતી.

# ભારત-અમેરિકા વચ્ચે ઐતિહાસિક ટ્રેડ ડીલ અંતિમ તબક્કામાં: ગમે ત્યારે થઈ શકે છે મોટી જાહેરાત

નવી દિલ્હી: ભારત અને અમેરિકા વચ્ચેના વ્યાપારિક સંબંધોમાં એક નવો વળાંક જોવા મળી રહ્યો છે. વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલે મોટો દાવો કર્યો છે કે બંને દેશો વચ્ચે ટ્રેડ ડીલ ગમે ત્યારે થઈ શકે છે. જોકે, સત્તાવાર તારીખ હજુ નક્કી કરવામાં આવી નથી, પરંતુ ડીલનો પ્રથમ તબક્કો પૂર્ણતાના આરે છે. આ સમજૂતી બાદ ભારત પર લાદવામાં આવેલા 'રેસિપ્રોકલ ટેરિફ' હટાવવાનો માર્ગ મોકળો બનશે. મહત્વની વાત એ છે કે, ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા લાદવામાં આવેલા પડકારજનક ટેરિફ છતાં, ભારતીય નિકાસમાં ઘટાડો થવાને બદલે 10 ટકાનો નોંધપાત્ર વધારો થયો છે, જે ભારતીય અર્થતંત્રની મજબૂતી દર્શાવે છે.તાજેતરના આંકડાઓ મુજબ, એપ્રિલથી ડિસેમ્બર 2025 દરમિયાન ભારતની અમેરિકામાં નિકાસ 66 અબજ ડોલર સુધી પહોંચી ગઈ છે. ટ્રમ્પ સરકારે ભારતની 48 અબજ ડોલરની આયાત પર ટેરિફ નાખ્યા હોવા છતાં, ભારતીય નિકાસ સાત અબજ ડોલર જેટલા 'પોઝિટિવ ઝોન'માં રહી છે. વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલના મતે, ટેરિફના કારણે ભારતીય નિકાસનો ધબડકો વળી જશે તેવો અંદેશો ખોટો સાબિત થયો છે. ખાસ કરીને ઈલેક્ટ્રોનિક્સ શિપમેન્ટ્સ ટેરિફ મુક્ત હોવાને કારણે નિકાસને મોટો ટેકો મળ્યો છે.બંને દેશો વચ્ચે વ્યાપાર મંત્રણાઓ તૂટી હોવાની અફવાઓને ફગાવતા રાજેશ અગ્રવાલે જણાવ્યું હતું કે, ડિસેમ્બરના અંતિમ સપ્તાહમાં ભારત અને અમેરિકન વ્યાપાર પ્રતિનિધિ (USTR) વચ્ચે ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી.

# 'સાહેબ, હું ખરેખર મરી જાઉં એ પહેલાં મને જીવતો કરી દો': 80 વર્ષના વૃદ્ધની કરૂણ ગાથા

ઉમરિયા (મધ્યપ્રદેશ): ડિજિટલ ઈન્ડિયા અને વહીવટી પારદર્શિતાના યુગમાં પણ સરકારી તંત્રની બેદરકારી કેટલી હદે પરાકાષ્ઠાએ પહોંચી શકે છે, તેનો એક જીવતો-જાગતો અને કરૂણ કિસ્સો મધ્યપ્રદેશના ઉમરિયા જિલ્લામાંથી સામે આવ્યો છે. અહીંના કરકેલી ગ્રામ પંચાયતે ધમીરા બેગા નામના એક 80 વર્ષના આદિવાસી વૃદ્ધને છેલ્લા 12 વર્ષથી સરકારી ચોપડે 'મૃત' જાહેર કરી દીધા છે. હકીકતમાં આ વૃદ્ધ જીવતા છે અને છેલ્લા એક દાયકાથી પોતે જીવિત હોવાના પુરાવા આપવા માટે સરકારી કચેરીઓના ઉંબરા ઘસી રહ્યા છે. આખરે કલેક્ટરના લોક દરબારમાં આ વૃદ્ધે કરેલી આજીજીએ સૌની આંખો ભીની કરી દીધી છે.ઘટનાની વિગતો મુજબ, 12 વર્ષ પહેલાં કરકેલી ગ્રામ પંચાયત દ્વારા કોઈ કારણસર ધમીરા બેગાનું નામ મૃત્યુ રજિસ્ટરમાં નોંધી દેવામાં આવ્યું હતું. આ એક ભૂલને કારણે ધમીરા બેગા માટે મુસીબતોનો પહાડ તૂટી પડ્યો. સરકારી રેકોર્ડમાં 'મૃત' જાહેર થતાં જ તેમને મળતું વૃદ્ધાવસ્થા પેન્શન તરત જ બંધ થઈ ગયું. એટલું જ નહીં, ગરીબ પરિવાર માટે જીવનદોરી સમાન સરકારી રાશન (અનાજ) મળવાનું પણ બંધ થઈ ગયું. જ્યારે તેમણે તપાસ કરી ત્યારે જાણવા મળ્યું કે પંચાયતના કાગળો પર તેઓ દુનિયા છોડી ગયા છે.ધમીરા બેગાએ પંચાયત સ્તરે રજૂઆત કરી કે "સાહેબ, હું તમારી સામે ઉભો છું, હું જીવતો છું," પરંતુ સરપંચ અને તલાટી મંત્રીએ રજિસ્ટરમાં સુધારો કરવાની તસ્દી લીધી નહીં. તેઓ તાલુકાથી લઈને જિલ્લા કક્ષા સુધી ભટક્યા, પરંતુ દરેક જગ્યાએથી તેમને પંચાયતમાં જઈને નામ ઉમેરાવવાની સલાહ આપીને કાઢી મૂકવામાં આવતા હતા. પંચાયતના સત્તાધીશોની હઠ અને વહીવટી તંત્રની સંવેદનહીનતાને કારણે આ વયોવૃદ્ધ આદિવાસી વ્યક્તિએ 12 વર્ષ સુધી ન્યાય માટે ધક્કા ખાવા પડ્યા છે.

**નામ બદલેલ છે**

મારુ જૂનું નામ :- **પ્રદીપકુમાર શિવનાથ પ્રસાદ** હતું જે બદલીને
નવું નામ:- **પ્રદીપકુમાર પ્રસાદ** રાખેલ છે.જેની નોંધ લેવી.
**લી. પ્રદીપકુમાર પ્રસાદ**

**સરનામું** :- 301-A, અભિનવ કોમ્પ્લેક્ષ, NH NO.8, નીઅર પારડી કલબ, પારડી, તા :પારડી, ડી: વલસાડ - ૩૯૬૧૨૫, ગુજરાત.

**જના સ્મોલ ફાઈનાન્સ બેંક**
(એક શિડ્યુલ્ડ કોમર્શિયલ બેંક)

**રજિસ્ટર્ડ ઓફિસ:** ધ ફેરવે, ગ્રાઉન્ડ અને ફર્સ્ટ ફ્લોર, સર્વે નં. 10/1, 11/2 અને 12/28, ઓફ ડોમલુર, કોરમંગલા ઈનર રિંગ રોડ, EGL બિઝનેસ પાર્ક પાસે, ચલ્લાઘટ્ટા, બેંગલોર-560071.

**શાખા કાર્યાલય: જાના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ, (શાખા કાર્યાલયનું સરનામું: ગ્રાઉન્ડ ફ્લોર, બીજો માળ, શાંગરીલા આર્કેડ, સારસ્વત બેંકની ઉપર, ૧૦૦ ફૂટ આનંદ નગર રોડ, શ્યામલ, અમદાવાદ, ગુજરાત-૩૮૦૦૧૫.**

**ઈ-હરાજી નોટિસ**

**સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ 2002 ના નિયમ 8 અને 9 ની જોગવાઈઓ સાથે વંચાતા, સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ (SARFAESI ACT) 2002 હેઠળ ઈ-હરાજી દ્વારા વેચાણ માટેની જાહેર નોટિસ.**

**જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ**ના અધિકૃત અધિકારી તરીકે અધોહસ્તાક્ષરકર્તાએ SARFAESI એક્ટની કલમ 13(4) હેઠળ મળેલી સત્તાની રૂએ નીચે દર્શાવેલ મિલકતોનો **કબજો લીધો** છે. ઉધાર લેનારા (Borrower) અને ખાસ કરીને જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે બેંકના લેણાંની વસૂલાત માટે નીચે દર્શાવેલ ખાતાઓમાં ગીરો રાખેલ મિલકતોની **ઓનલાઈન હરાજી (ઈ-હરાજી) "જે છે જ્યાં છે" અને "જે છે જે સ્થિતિમાં છે"**ના ધોરણે નીચે મુજબની તારીખ અને સમયે યોજવામાં આવશે:

| ક્ર. નં. | લોન એકાઉન્ટ નંબર | મૂળ ઉધાર લેનાર/ સહ-ઉધાર લેનાર/જામીન આપનારનું નામ | તારીખ 13-2 નોટિસ | કબજાની તારીખ | 15.01.2026ના રોજ વર્તમાન બાકી રકમ | મિલકતના નિરીક્ષણની તારીખ અને સમય | INRમાં રિઝર્વ કિંમત | અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) INRમાં | ઈ-હરાજીની તારીખ અને સમય | બિડ સબમિટ કરવાની છેલ્લી તારીખ, સમય અને સ્થળ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 33209430000081 & 45169410000138 | ૧) ગડારિયા મુકેશકુમાર ૨) ઉષા મુકેશકુમાર ગડારિયા | 16/04/2025 | 09/11/2025 | રૂ.15,03,675.98/- (રૂપિયા પંદર લાખ ત્રણ હજાર છસો પંચોત્તર અને અઠ્ઠાણું પૈસા માત્ર) | 06.02.2026, સવારે 9:30 થી સાંજે 05:00 | રૂ.૮,૦૦,૦૦૦/- (રૂપિયા આઠ લાખ માત્ર) | રૂ. ૮૦,૦૦૦/- (રૂપિયા એંસી હજાર માત્ર) | 24.02.2026, બપોરે 02:00 વાગ્યે | 23.02.2026, સાંજે 05:00 સુધી જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિ., 208 થી 213, 2જો માળ, શાંગ્રીલા આર્કેડ, શ્યામલ ક્રોસ રોડ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-380015 |
| | **ગીરો મુકેલી સ્થાવર મિલકત:** બ્લોક નં. સી માં બીજા માળે, ફ્લેટ નં. સી/૩૦૮, લગભગ ૩૭.૭૪ ચોરસ મીટર બાંધકામ વિસ્તાર અને ૩૭.૭૪ ચોરસ મીટર જમીનનો અવિભાજિત હિસ્સો, ગાંધીનગરના નોંધણી જિલ્લા અને પેટા જિલ્લામાં નવા બ્લોક/સર્વે નં. ૧૨૯૦ (જૂનો બ્લોક નં. ૯૮૦ અને ૯૮૧) ધરાવતી જમીન પર, મોજે છત્રાલ, તા. કલોલ, જિ. ગાંધીનગર ખાતે સ્થિત "ગેલેક્સી ફ્લેટ" તરીકે ઓળખાતી યોજનામાં. - સીમાઓ દ્વારા: - પૂર્વ: માર્જિન લેન્ડ બી બ્લોક, પશ્ચિમ: ફ્લેટ નં. સી/307 જમીન, ઉત્તર: માર્જિન લેન્ડ, દક્ષિણ: સીડી અને પેસેજ. | | | | | | | | | |
| 2 | 45189420006341 | 1) ખત્રી સાહિલ લાલ મોહમ્મદ 2) ખત્રી નીલોફરબાનુ | 07/05/2025 | 19/07/2025 | રૂ.૨૨,૧૪,૧૦૭.૯૯/- (રૂપિયા બાવીસ લાખ ચૌદ હજાર એકસો સાત અને નવ્વાણું પૈસા માત્ર) | 06.02.2026, સવારે 9:30 થી સાંજે 05:00 | રૂ.૧૬,૪૧,૦૦૦/- (રૂપિયા સોળ લાખ એકતાલીસ હજાર માત્ર) | રૂ.૧,૬૪,૧૦૦/- (રૂપિયા એક લાખ ચોસઠ હજાર એક સો માત્ર) | 24.02.2026, બપોરે 02:00 વાગ્યે | 23.02.2026, સાંજે 05:00 સુધી જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિ., 208 થી 213, 2જો માળ, શાંગ્રીલા આર્કેડ, શ્યામલ ક્રોસ રોડ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-380015 |
| | **ગીરો મુકેલી સ્થાવર મિલકત:** વડોદરાના મૌજે કરજણમાં બિન-કૃષિ જમીન ધરાવતી સ્થાવર મિલકતનો તે તમામ ટુકડો અને ભાગ, જે રજીસ્ટ્રેશન જિલ્લા અને પેટા જિલ્લા કરજણ, જિલ્લો - વડોદરા ખાતે સી.એસ. નં. ૨૫૪૦, શીટ નં. 33, ચલતા નં. ૧૨૧, પૈકી ૬૪૪.૫૩ ચોરસ મીટર માપની જમીન પર આવેલો છે અને "આલમખદુમ પ્લાઝા" તરીકે ઓળખાય છે, ત્રીજો માળ, ફ્લેટ નં. 303 ૪૨.૫૭ ચોરસ મીટર માપની જમીન પર સ્થિત છે, એટલે કે ૪૭૦ ચોરસ ફૂટ અને ત્રીજો માળ, ફ્લેટ નં. 304 ૩૮.૫૭ ચોરસ મીટર માપની જમીન પર સ્થિત છે, એટલે કે ૪૧૫ ચોરસ ફૂટ. સીમાઓ: પૂર્વ: સિટી સર્વે નં. ૨૫૪૮ મિલકત પશ્ચિમ: ૧.૫૦ મીટર પાસગે ઉત્તર ફ્લેટ નં. ૩૦૫, દક્ષિણ: ફ્લેટ નં. 303. | | | | | | | | | |
| 3 | 48369430000222 | 1) સમીર સલીમભાઈ 2) સલીમભાઈ | 13/06/2025 | 16/11/2025 | રૂ.૧૦,૪૯,૦૭૧.૨૪/- (દસ લાખ ઓગણપચાસ હજાર ઈકોત્તેર રૂપિયા અને ચોવીસ પૈસા માત્ર) | 06.02.2026, સવારે 9:30 થી સાંજે 05:00 | રૂ.૭,૨૯,૦૦૦/- (સાત લાખ ઓગત્રીસ હજાર માત્ર) | રૂ.૭૨,૯૦૦/- (રૂપિયા બોત્તેર હજાર નવસો માત્ર ) | 24.02.2026, બપોરે 02:00 વાગ્યે | 23.02.2026, સાંજે 05:00 સુધી જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિ., 208 થી 213, 2જો માળ, શાંગ્રીલા આર્કેડ, શ્યામલ ક્રોસ રોડ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-380015 |
| | **ગીરો મુકેલી સ્થાવર મિલકત:** એન.એ. સ્થાવર વાણિજ્યિક મિલકતનો તે તમામ ટુકડો અને પાર્સલ જે બિન-ખેતી જમીન ધરાવતી બ્લોક/સર્વે નં. ૧૨૦+૧૨૦+૧૨૪/૧, "ઝેડ ક્રાઉન કોમ્પ્લેક્સ" પર બાંધવામાં આવ્યો છે. દુકાન નં. ૪ (પ્રથમ માળ) એડમિન ૨૨.૫૫૨ ચો.મી., ગામ- સવગઢ, તા- હિંમતનગર, જિલ્લો-સાબરકાંઠા ખાતે સ્થિત છે. સીમાઓ દ્વારા: પૂર્વ: અન્ય માલિકની મિલકત, પશ્ચિમ: પેસેજ, ઉત્તર: દુકાન નં. 3 (પ્રથમ માળ) ની સામાન્ય દિવાલ, દક્ષિણ: દુકાન નં. ૫ (પ્રથમ માળ) ની સામાન્ય દિવાલ. | | | | | | | | | |
| 4 | 31529630000081 & 31529410000717 | 1) શેખ તોહિબ મુસ્લિમ 2) તનુજા બીબી | 07/05/2025 | 08/11/2025 | રૂ.૨૦,૫૯,૮૨૦/- (રૂપિયા વીસ લાખ ઓગણપચાસ હજાર આઠસો વીસ માત્ર) | 06.02.2026, સવારે 9:30 થી સાંજે 05:00 | રૂ.૧૧,૬૫,૦૦૦/- (રૂપિયા અગિયાર લાખ પાંસઠ હજાર માત્ર) | રૂ.૧,૧૬,૫૦૦/- (રૂપિયા એક લાખ સોળ હજાર પાંચ સો માત્ર) | 24.02.2026, બપોરે 02:00 વાગ્યે | 23.02.2026, સાંજે 05:00 સુધી જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિ., 208 થી 213, 2જો માળ, શાંગ્રીલા આર્કેડ, શ્યામલ ક્રોસ રોડ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-380015 |
| | **ગીરો મુકેલી સ્થાવર મિલકત:** જૂનાગઢ શહેર સર્વે બ્લોક નં. 3, સર્વે નં. 236/2 ખાતે મ્યુનિસિપલ કોર્પોરેશન, જૂનાગઢ સબ ડિસ્ટ્રિક્ટ - જૂનાગઢની હદમાં "ઉજાલા એપાર્ટમેન્ટ" નામની ઈમારતમાં ગ્રાઉન્ડ ફ્લોર પર 9-24 ચોરસ મીટર બિલ્ટ-અપ વિસ્તાર ધરાવતી વાણિજ્યિક દુકાન નં. 1 ની સ્થાવર મિલકત. દુકાન નં. 1 ની સીમાઓ: પૂર્વ: અન્ય મકાન, પશ્ચિમ: અન્ય દુકાન, કોમન વોલ, ઉત્તર: દુકાનનું શટર, દક્ષિણ: પાર્કિંગ. દુકાન નં. 2 ની સીમાઓ: પૂર્વ: અન્ય દુકાન. પશ્ચિમ: પેસેજ, કોમન વોલ, ઉત્તર: દુકાનનું શટર. દક્ષિણ: પાર્કિંગ. | | | | | | | | | |

આ મિલકતો **"જેમ છે જ્યાં છે"** અને **"જેમ છે જે છે તેના આધારે"** રાખવામાં આવી રહી છે અને ઈ-હરાજી **'ઓનલાઈન'** કરવામાં આવશે. હરાજી બેંકના માન્ય સેવા પ્રદાતા **મેસર્સ 4 ક્લોઝર** દ્વારા વેબ પોર્ટલ **https://bankauctions.in** અને **www.foreclosureindia.com** પર કરવામાં આવશે. વધુ માહિતી માટે અને ઈ-હરાજી અંગે વિગતો, મદદ, પ્રક્રિયા અને ઓનલાઈન તાલીમ માટે, સંભવિત બોલી લગાવનારાઓ **મેસર્સ 4 ક્લોઝર**નો સંપર્ક કરી શકે છે; **શ્રી નિતેશ પવારનો સંપર્ક કરો - સંપર્ક નંબર: 8142000725. ઈમેઈલ આઈડી: info@bankauctions.in / nitesh@bankauctions.in.**

ઈ-હરાજીની કાર્યવાહીમાં ભાગ લેવા માટેની શરતો અને નિયમો અંગે વધુ વિગતો માટે અને મિલકત સંબંધિત કોઈપણ પ્રશ્ન માટે કૃપા કરીને **જના સ્મોલ ફાઈનાન્સ બેંકના અધિકૃત અધિકારીઓ શ્રી રંજન નાઈક (મોબાઈલ નં. 6362951653)નો સંપર્ક કરો.** અધિકૃત અધિકારીની શ્રેષ્ઠ જાણકારી અને માહિતી મુજબ, મિલકતો પર કોઈ બોજો નથી. જોકે, ઈચ્છુક બોલી લગાવનારાઓએ તેમની બોલી સબમિટ કરતા પહેલા મૂકેલા બોજો, મિલકતના ટાઈટલ અંગે પોતાની સ્વતંત્ર પૂછપરછ કરવી જોઈએ. કોઈ શરતી બોલી સ્વીકારવામાં આવશે નહીં. ઉપરોક્ત નામના દેવાદારો/ગેરંટરો/ગીરો આપનારાઓને ગીરો મૂકેલી મિલકતો માટે નિર્ધારિત ઈ-હરાજી અંગેની સૂચના પણ છે. ઋણ લેનાર/ગેરંટરો/ગીરો આપનારાઓને ઉપરોક્ત રકમ અપ ટુ ડેટ વ્યાજ અને આનુષંગિક ખર્ચ સાથે હરાજીની તારીખ પહેલાં ચૂકવવા માટે સૂચિત કરવામાં આવે છે, જો તેમાં નિષ્ફળ જાય તો મિલકત વેચવામાં આવશે અને બાકી રહેલ બાકી રકમ વ્યાજ અને ખર્ચ સાથે વસૂલ કરવામાં આવશે.

**તારીખ : 17-01-2026, સ્થળ : અમદાવાદ**
**Sd/- અધિકૃત અધિકારી, જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ વતી**

સિટી એક્સપ્રેસ
SATURDAY 17 JANUARY-2026
AHMEDABAD

## યુવતીએ વાતચીત કરીને અમદાવાદના નિવૃત્ત વૃદ્ધને ફસાવ્યા

અમદાવાદ | અમદાવાદમાં સાયબર ઠગાઈના કેસો દિવસેને દિવસે વધી રહ્યા છે, અને હવે અમદાવાદ શહેરના સેટેલાઈટ વિસ્તારમાં રહેતા એક નિવૃત્ત વૃદ્ધ તેનો ભોગ બન્યા છે. જેમાં એક યુવતીએ મીઠી મીઠી વાતો કરી વૃદ્ધને વિશ્વાસમાં લઈને રોકાણ કરાવ્યું. ત્યારબાદ વૃદ્ધ પાસેથી 1.40 કરોડ ખંખેરી લીધા.શેર ટ્રેડિંગની લલચામણી જાહેરાત જોઈને ફસાયેલા વૃદ્ધને એક નકલી ટ્રેડિંગ એપ ડાઉનલોડ કરાવવામાં આવી હતી, જેમાં ખોટા નફાના આંકડાઓ બતાવીને તેમને વધુ રોકાણ કરવા માટે ફસાવવામાં આવ્યા હતાં.

## કાંકરિયા ફૂટબોલ ગ્રાઉન્ડ પાસે યુવકની હત્યા કરનાર ચાર ઝડપાયા

અમદાવાદ | ઉત્તરાયણના દિવસે મણિનગરમાં આવેલા કાંકરિયા ફૂટબોલ ગ્રાઉન્ડ પાસે ગત રાતે ખૂની ખેલ ખેલાયો હતો. અગાઉ થયેલા ઝઘડાની અદાવત રાખીને કેટલાક શખ્સોએ યુવકને સમાધાન માટે બોલાવી ઘાતકી હત્યા કરી નાખી હતી. હત્યાની ઘટના બનતા જ કાગડાપીઠ અને મણિનગર પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. જો કે હત્યા કર્યા બાદ આરોપી ત્યાંથી ફરાર થઈ ગયા હતા. પોલીસે ગુનો નોંધી હત્યા કરનાર ચાર આરોપીઓને ઝડપી પાડ્યા છે. ચાર આરોપીઓની ધરપકડ કરીને પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### બોર્ડની પરીક્ષા નજીક આવતાં ધોરણ 10ના વિદ્યાર્થીઓમાં તણાવ અને ભયનો માહોલ જોવા મળતો હોય છે

# બોર્ડ પહેલા પ્રિ-બોર્ડ પરીક્ષા: ધો-10ના 45 હજારથી વધુ વિદ્યાર્થીઓને લિંક મોકલી હોલ ટિકિટ ડાઉનલોડ કરાવી, તિલક કરી મોઢું મીઠું કરાવી પ્રવેશ અપાયો; તણાવ-ભય દૂર કરવા પ્રયાસ

અમદાવાદ | અમદાવાદ શહેરની તમામ શાળાઓમાં ધોરણ 10ના વિદ્યાર્થીઓ માટે બોર્ડની પરીક્ષા પહેલા પ્રિ-બોર્ડ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ પ્રથમવાર બોર્ડની પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓ માટે પ્રિ-બોર્ડ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. પહેલી વખત બોર્ડની પરીક્ષા આપતા વિદ્યાર્થીઓમાં બોર્ડ પરીક્ષા અંગેનો ભય દૂર કરવો અને તેમને બોર્ડની પરીક્ષા પદ્ધતિથી સંપૂર્ણ રીતે વાકેફ કરાવવા માટે પ્રિ-બોર્ડ પરીક્ષા યોજવામાં આવી છે. આજથી આગામી 22 જાન્યુઆરી સુધી આ પરીક્ષા ચાલશે. જેમાં 47 હજારથી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યા છે. વિદ્યાર્થીઓનું તિલક કરી મોઢું મીઠું કરાવીને પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવ્યો હતો.બોર્ડની પરીક્ષા નજીક આવતાં ધોરણ 10ના વિદ્યાર્થીઓમાં તણાવ અને ભયનો માહોલ જોવા મળતો હોય છે. ખાસ કરીને પહેલી વખત બોર્ડની પરીક્ષા આપતા વિદ્યાર્થીઓ પરીક્ષા સમયે ડરના કારણે સરખી તૈયારી પણ કરી શકતા નથી. જેના કારણે તેઓ પોતાની તૈયારી હોવા છતાં સારું પ્રદર્શન પરીક્ષા સમયે કરી શકતા નથી. તેમજ બોર્ડની પરીક્ષાની બેઠક વ્યવસ્થા, સમય નિયંત્રણ, જવાબ લખવાની પદ્ધતિ જેવી બાબતો અંગે અજાણ હોવાના કારણે વિદ્યાર્થીઓ ઘણી ભૂલો કરતા હોય છે. આ તમામ સમસ્યાઓ દૂર કરવા માટે પ્રિ-બોર્ડ પરીક્ષા મહત્વપૂર્ણ સાબિત થાય છે.

પ્રિ-બોર્ડની પરીક્ષા માટે વિદ્યાર્થીઓને લિંક મોકલી હોલ ટિકિટ પણ ડાઉનલોડ કરાવવામાં આવી હતી. જેથી બોર્ડની હોલ ટિકિટ કેવા પ્રકારની હોય છે તેનાથી વિદ્યાર્થીઓ પણ વાકેફ થઈ શકે. બારકોડ સ્ટીકર, ખાખી સ્ટીકર, હોલ ટિકિટ વિશે પણ વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા. પરીક્ષાના પહેલા દિવસે અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીએ હાજર રહીને વિદ્યાર્થીઓને ફુલ આપી મોઢું મીઠું કરાવીને આવકાર્યા હતા. બોર્ડની પરીક્ષા જેવો માહોલ પ્રિ-બોર્ડની પરીક્ષામાં જોવા મળ્યો હતો. વિદ્યાર્થીઓના ચહેરા પર બોર્ડની પરીક્ષાનો ડર દૂર થઈ ગયો હોય તેવું પણ લાગી રહ્યું હતું.



### બોર્ડની પરીક્ષાનો ડર દૂર થશે: વિદ્યાર્થિની

ધોરણ 10ની વિદ્યાર્થિની તન્વી ચુડાસમાએ જણાવ્યું હતું કે, પહેલી વખત બોર્ડની પરીક્ષા આપતા પહેલા પ્રિ-બોર્ડ પરીક્ષા આપવાથી અમને તેનો અનુભવ થશે. પ્રિ-બોર્ડ પરીક્ષાના કારણે અમને ઘણો ફાયદો થવાનો છે. જેથી અમે કોઈપણ માનસિક તણાવ વગર બોર્ડની પરીક્ષા આપી શકીશું. પરીક્ષામાં શું કરવું તેનો ડર રહેતો હોય છે.

પ્રિ-બોર્ડ દ્વારા ખબર પડશે કે કેવી રીતે બોર્ડની પરીક્ષા આપી શકાય તેની પદ્ધતિ શું છે તેનો ખ્યાલ આવશે. શિક્ષણાધિકારી રોહિત ચૌધરીએ જણાવ્યું હતું કે, અમદાવાદ શહેરમાં સતત ચોથા વર્ષે જે બોર્ડની પરીક્ષા વિદ્યાર્થીઓ આપતા હોય છે. તેમાં ધોરણ 10ના વિદ્યાર્થીઓ માટે પ્રિ-બોર્ડ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. ચાલુ વર્ષે અમદાવાદ શહેરની 551 જેટલી શાળાઓમાં 47,000 કરતાં વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યા છે.

જેથી હવે અમદાવાદ સિવાય અન્ય જિલ્લાઓમાં પણ આ પ્રકારે વિદ્યાર્થીઓમાં ડર દૂર કરવા માટે પરીક્ષાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. પ્રિ -બોર્ડની પરીક્ષાના કારણે વિદ્યાર્થીઓમાં બોર્ડની પરીક્ષાનો ડર દૂર થતો હોય છે.

## લાલ મર્સિડીઝ ચાલકે મોપેડ પર જતા વૃદ્ધને હવામાં ફંગોળ્યા

**અકસ્માત બાદ પાછલી સીટમાં બેઠેલી મહિલા સાથે નાસી છૂટ્યો, વૃદ્ધ ICUમાં દાખલ, ગાંધીનગરના ઝુંડાલ હાઈવે પરની ઘટના**

ગાંધીનગર | અમદાવાદ-મહેસાણા હાઈવે પર ઝુંડાલ ગામની સીમમાં 15 જાન્યુઆરીની સવારે એક ભયાનક અકસ્માત થયો હતો. જેમાં પૂરપાટ ઝડપે આવતી એક લાલ રંગની મર્સિડીઝના ચાલકે જ્યુપિટર પર જઈ રહેલા વૃદ્ધને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં વૃદ્ધને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા હાલ તેઓ ખાનગી હોસ્પિટલના ICU વોર્ડમાં જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે. આ અંગે અડાલજ પોલીસે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગે મળતી માહિતી મુજબ, ઝુંડાલ ગામમાં ગ્રામ પંચાયતની સામે રહેતા રમણભાઈ મણીભાઈ પટેલ (ઉ.વ. 65) 15 જાન્યુઆરીના રોજ સવારે જ્યુપિટર (GJ-18-FJ-6218) લઈને ગુરુકુળ સ્કૂલ બાજુથી પોતાના ઘર તરફ જઈ રહ્યા હતા.આ દરમિયાન પાછળથી આવતી એક લાલ કલરની મર્સિડીઝ ગાડી (નં. RJ19-CJ-5101)ના રમણભાઈના સ્કૂટરને પાછળથી જોરદાર ટક્કર મારી હતી.

આ અકસ્માત એટલો જોરદાર હતો કે રમણભાઈ રોડ પર પટકાયા હતા અને તેમને માથા તેમજ કપાળના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ ઘટનાના પગલે આસપાસના લોકો અને તેમના પિતરાઈ ભાઈ સુરેશભાઈ ઘટના સ્થળે દોડી ગયા હતા. જ્યારે મર્સિડીઝનો ચાલક તેમજ પાછળ બેસેલી મહિલા ગાડી મુકીને નાસી ગયા હતા. બાદમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત હાલતમાં રમણભાઈને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે અમદાવાદની કે.ડી. હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સીટી સ્કેન બાદ ડોક્ટરોએ રમણભાઈને માથામાં ગંભીર ઈજા ઉપરાંત મોઢાના જડબાના ભાગે ફ્રેક્ચર હોવાનું નિદાન કર્યું હતું.

### સુરતમાં પતિએ મારઝૂડ કરી , મરી જવાની વાત કરતાં પત્ની ડીઝલ છાંટી સળગી મરી...

# પત્ની ભડભડ સળગતી રહી ને પતિ વીડિયો ઉતારતો રહ્યો

(એજન્સી) સુરત | તા. 16

સુરતના ઈચ્છાપોર વિસ્તારમાં માનવતાને કંપાવી દે એવી ઘટનામાં પતિની સતત હિંસા અને અપમાનથી કંટાળી એક પરિણીતાએ આત્મહત્યા કરી લેતાં ચકચાર મચી છે. પતિએ બચાવવાને બદલે સળગતી પત્નીનો વીડિયો પણ બનાવ્યો હતો. પતિએ મારઝૂડ કરી ઘરમાં તેલ પડ્યું છે, મરી જા એવી ઉશ્કેરણી કરતાં આવેશમાં આવી પત્નીએ શરીરે ડીઝલ છાંટી અગ્નિસ્નાન કરી લીધું હતું. પરિણીતાના આપઘાત કેસમાં ઈચ્છાપોર પોલીસે પતિ સામે દુષ્પ્રેરણાનો ગુનો દાખલ કર્યો હતો.

બિહારના છપરા ખાતે રહેતા હરબંશ છબીલા સહા (64) ખેતીકામ કરે છે. સંતાનમાં 4 દીકરી અને બે દીકરા છે. 31 વર્ષીય દીકરી પ્રતિમાદેવીના લગ્ન રંજિત દિલીપ સહા સાથે થયા

હતા અને તેઓ સુરતના ઈચ્છાપોર ખાતે જયરાજ સોસાયટીમાં રહે છે. રંજિત અને પ્રતિમાએ ભાગીને લગ્ન કર્યા હતા. તેમને સંતાનમાં પુત્રી પ્રિયા, પુત્ર આદિત્ય અને અંકુશ છે. પતિ રંજિત નાની-નાની વાતે પ્રતિમા સાથે ઝઘડો કરતો હતો. રંજિત ગેરેજમાં નોકરી કરે છે. ગત 4 જાન્યુઆરીના રોજ પ્રતિમા સળગી ગઈ હતી. શરીરે ડીઝલ છાંટી અગ્નિસ્નાન કર્યું હોવા છતાં રંજિતે અકસ્માતે દાઝી ગઈ હોવાનું જુઠ્ઠાણું ચલાવ્યું હતું. ગંભીર રીતે દાઝી ગયેલી પ્રતિમાનું સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું હતું. દરમિયાન પ્રતિમાએ હોસ્પિટલના બિછાનેથી તેના ભાઈ જયપ્રકાશને પોતે સળગી ગઇ હોવાની વાત કરી હતી.

ત્યાર બાદ બાળકોને પૂછતાં એવું જાણવા મળ્યું કે મકાનના ધાબા પર પાડોશીએ ઘઉં સૂકવવા મૂક્યા હતા, જે વેરવિખેર થઈ જતાં બાળકો અંકુશ અને આદિત્યએ આ કરતૂત કર્યું હોવાની શંકા રાખી પિતાએ બંને બાળકોને ઠપકો આપી સ્કૂલે જવાનું બંધ કરી દેવાની ધમકી આપી હતી.

પતિ રંજિતની બૂમાબૂમ સાંભળી પ્રતિમાએ વચ્ચે પડી છોકરાઓને કેમ ઠપકો આપો છો? એવું કહેતાં રંજિતે પ્રતિમા પર ભારે ગુસ્સો કરી મારઝૂડ પણ કરી હતી. આવેશમાં આવી પ્રતિમાએ મરી જવાની વાત કરી હતી. એ સમયે રંજિતે ઘરમાં તેલ પડયું છે, એ લઇ સળગી જા એવી ઉશ્કેરણી કરતાં પ્રતિમા ડીઝલ શરીરે છાંટી સળગી મરી હતી. એ સમયે રંજિતે પત્નીને બચાવવાને બદલે વીડિયો ઉતાર્યો હતો અને તેને સળગવા દીધી હતી. પોલીસે ઘટનાનાં તમામ પાસાંની તપાસ શરૂ કરી છે. પોલીસે જણાવ્યું હતું કે ઘટનાસ્થળેથી મળેલા પુરાવા, વીડિયો-ક્લિપ તથા સાક્ષીઓનાં નિવેદનોના આધારે વધુ તપાસ હાથ ધરાઈ રહી છે.



### સસરાએ જમાઈ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી

ગંભીર રીતે દાઝી ગયેલી પ્રતિમાદેવીને સારવાર માટે ખસેડવામાં આવી હતી, જ્યાં તેનું મોત નીપજ્યું હતું. ઘટનાને લઈ ઈચ્છાપોર પોલીસ સ્ટેશનમાં પિતા હરબંશ છબીલા સાહની ફરિયાદના આધારે જમાઈ રંજિત દિલીપ સાહ (રહે. ઘર નં. એમ/30, જયરાજ સોસાયટી, ઈચ્છાપોર બસ સ્ટેન્ડ-3) વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે આપઘાતની દુષ્પ્રેરણા સહિતની ગંભીર કલમો હેઠળ કેસ દાખલ કર્યો છે.

# ઈન્ટરનેશનલ ફ્લાવર શોમાં નબળો પ્રતિસાદ

**ભીડ ઓછી થતાં સમય વધાર્યો, ઉત્તરાયણ પર 78 હજાર મુલાકાતી આવ્યા, ગત વર્ષે 1.32 લાખ આવ્યાં'તા; રાત્રે 10નો VIP સ્લોટ બંધ**



(એજન્સી) અમદાવાદ | તા.16

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ દ્વારા સાબરમતી રિવરફ્રન્ટ પર ઈવેન્ટ સેન્ટર ખાતે યોજવામાં આવેલો ઈન્ટરનેશનલ કાઈટ ફેસ્ટિવલ 2026ને છેલ્લા બે વર્ષમાં મળતા પ્રતિસાદ કરતાં ચાલુ વર્ષે ખૂબ ઓછો પ્રતિસાદ મળ્યો છે. ગત વર્ષે ઉત્તરાયણના દિવસે 1.32 લાખ જેટલા લોકોએ એક જ દિવસમાં ફ્લાવર શોની મુલાકાત લેતા રેકોર્ડ સર્જાયો હતો, પરંતુ ચાલુ વર્ષે 2026માં માત્ર 78,000 જેટલા લોકોએ જ રજાના દિવસે ફ્લાવર શોની મુલાકાત લીધી હતી.

સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન અને મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દર વર્ષે સાબરમતી રિવરફ્રન્ટ પર ફ્લાવર શોનું આયોજન કરવામાં આવતું હોય છે. ચાલુ વર્ષે 20 કરોડ રૂપિયાથી વધુનો ખર્ચ કરી નાગરિકો માટે ઈન્ટરનેશનલ ફ્લાવર શો 2026 આયોજિત કરવામાં આવ્યો છે.

જોકે ચાલુ વર્ષે ફ્લાવર શોને નાગરિકોનો પ્રતિસાદ મળતો ન હોય તેવું જોવા મળી રહ્યું છે. 14 જાન્યુઆરીના રોજ ઉત્તરાયણનો તહેવાર હોવાના પગલે માત્ર 78,000 જેટલા લોકોએ મુલાકાત લીધી હતી જ્યારે ગત વર્ષે ઉત્તરાયણના દિવસે 1.32 લાખ જેટલા લોકો આવતા રેકોર્ડ સર્જાયો હતો.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના રીક્રીએશનલ કમિટીના ચેરમેન જયેશ ત્રિવેદીએ જણાવ્યું હતું કે ઉત્તરાયણના દિવસે 78 હજાર જેટલી ટિકિટો વેચાઈ હતી. જ્યારે બાળકો સાથે 85 હજાર લોકોએ મુલાકાત લીધી હતી, જ્યારે 15 જાન્યુઆરીએ સાંજે 8 વાગ્યા સુધીમાં 65 હજાર જેટલી ટિકિટો વેચાઈ હતી અને બાળકો સાથે 68થી 69 જેટલા લોકોએ મુલાકાત લીધી છે. અત્યાર સુધીમાં કુલ 4.81 લાખ ટિકિટોની મદદથી મ્યુનિસિપલ કોર્પોરેશનને 5.10 કરોડ રૂપિયાની આવક થઈ છે. વીઆઈપી સ્લોટમાં 4 હજાર જેટલા લોકોએ મુલાકાત લેતા 12 લાખ રૂપિયાની આવક નોંધાઈ છે.

જોકે ગત વર્ષ કરતાં ચાલુ વર્ષે ઈન્ટરનેશનલ ફ્લાવર શો 2026ને નાગરિકોનો ઓછો પ્રતિસાદ મળ્યો હોય તેવું જોવા મળી રહ્યું છે. 1 જાન્યુઆરીથી 15 જાન્યુઆરી સુધીમાં 5.50 લાખથી વધારે લોકોએ મુલાકાત લીધી છે. જેમાં પાંચ કરોડ સુધીની જ આવક થઈ છે. જ્યારે ગત વર્ષે 12 દિવસમાં 8 લાખથી વધારે લોકોએ મુલાકાત લીધી હતી. જેનાથી 8 કરોડથી વધારેની આવક થઈ હતી.

# અમદાવાદમાં ઉત્તરાયણ દરમિયાન લોહીયાળ જંગ! ફતેવાડી -મકરબામાં નજીવી બાબતે હિંસક હુમલા

(એજન્સી) અમદાવાદ | તા.16

અમદાવાદમાં ઉત્તરાયણના પવિત્ર પર્વમાં અનેક સ્થળોએ માહોલ તંગ બન્યો હતો. શહેરના પશ્ચિમ વિસ્તારમાં મારામારીની 6 જેટલી ઘટનાઓ સામે આવી છે, જેમાં ફતેવાડીમાં ગાળો બોલવાની ના પાડતા યુવક પર છરીથી હુમલો થયો હતો, જ્યારે મકરબામાં સમાધાન કરાવવા ગયેલા ભાઈઓ પર લાકડીઓ વડે હિંસક હુમલો કરવામાં આવ્યો હતો.

મળતી માહિતી અનુસાર, શહેના ફતેવાડીની અલશુકુન-1 સોસાયટીમાં સલમાનખાન અસલમખાન તેના મિત્ર સાથે ધાબા પર પતંગ ચગાવતો હતો. આ દરમિયાન પાડોશમાં રહેતા ફૈઝાન નામના શખસે બિભત્સ ગાળાગાળી શરૂ કરી હતી. ધાબા પર મહિલાઓની હાજરી હોવાથી સલમાનખાને ગાળો બોલવાની મનાઈ કરી હતી. આ વાતની અદાવત રાખી ફૈઝાન, તેના ભાઈ ફરહાન અને પિતા યાસીન ઉર્ફે બાટલાએ એકસંપ થઈ સલમાન પર લાકડી અને છરી વડે જીવલેણ હુમલો કર્યો હતો. ઈજાગ્રસ્તની ફરિયાદના આધારે વેજલપુર પોલીસે ગુનો નોંધી આરોપીઓની શોધખોળ શરૂ કરી છે.

બીજી તરફ મકરબાના કૃષ્ણધામ ઔડાના મકાનોમાં પણ પતંગોત્સવ દરમિયાન હિંસા થઈ હતી. મહેશ ઠાકોર અને તેમનો પરિવાર પતંગ ચગાવી રહ્યા હતા ત્યારે પાડોશી લાલુ ઠાકોર સાથે 4 અજાણ્યા શખસો ઝઘડો કરી રહ્યા હતા. મહેશભાઈ આ ઝઘડો શાંત પાડવા વચ્ચે પડ્યા હતા. સમાધાન કરાવવા ગયેલા મહેશ અને તેમના ભાઈ વિજય પર ચારેય શખસોએ લાકડીઓ વડે હુમલો કર્યો હતો. હુમલો કર્યા બાદ ચારેય શખસો કાર લઈને ફરાર થઈ ગયા હતા.

# ઉત્તરાયણમાં પતંગની દોરી જીવલેણ બની, 5400થી વધુ પક્ષી ઘાયલ, 9 ટકાના મૃત્યુ

(એજન્સી) અમદાવાદ | તા.16

ઉત્તરાયણના પર્વ દરમિયાન ગુજરાતમાંથી 5439 પક્ષીઓ પતંગની કાતિલ દોરીથી ઘાયલ થયા હતા. જેમાંથી 4937એટલે કે 91 ટકા પક્ષીઓને બચાવી લેવામાં આવ્યા હતા. આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર કરૂણા અભિયાન અંતર્ગત ગુજરાતમાં છેલ્લા 9 વર્ષમાં 1.03 લાખ પશુ-પક્ષીને રેસ્ક્યુ કરાયા છે, જેમાંથી 1.03 લાખને યોગ્ય સારવાર આપીને બચાવી લેવામાં આવ્યા છે.

હેલ્પ લાઈન '1962' દ્વારા જારી માહિતી અનુસાર ગત વર્ષની સરખામણીએ પશુ સંબધિત ઈમર્જન્સીના કેસમાં 25 ટકાનો ઘટાડો જ્યારે પક્ષી સંબધિત ઈમર્જન્સીના કેસમાં સામાન્ય દિવસ કરતાં 1669 ટકાનો વધારો થયો છે. જિલ્લા પ્રમાણે જોવામાં આવે તો ઈમર્જન્સી કેસમાં અમદાવાદમાં 85 ટકા, અરવલ્લીમાં 103 ટકા, સુરતમાં 75 ટકા, જામનગરમાં 54 ટકા જેટલો વધારો નોંધાયો છે.

અમદાવાદમાં સામાન્ય દિવસોમાં પશુ-પક્ષીની ઈમર્જન્સીના 101ની સામે ઉત્તરાયણના 186 કોલ્સ નોંધાયા હતા. જેમાં પશુ ઘાયલ થવાના 107, પક્ષી ઘાયલ થવાના 79 કેસનો સમાવેશ થાય છે. પક્ષી ઘાયલ થવાનો આ આંક હજુ આગામી બે દિવસમાં વધવાની સંભાવના છે.

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ એરપોર્ટ ખાતે ઉત્તરાયણ દરમિયાન રન-વે પર આવીને વિમાનના ટેક્ ઓફ્-લેન્ડિંગમાં વિક્ષેપ પાડતાં પતંગને હટાવવા માટે 12 સભ્યોની ખાસ ટીમ બનાવાઈ હતી. આ ટીમ દ્વારા રન-વે પરથી પાંચ હજાર જેટલા પતંગને દૂર કરવામાં આવ્યા હતા. પતંગ હટાવવા માટે બનેલી ખાસ ટીમને કારણે વિમાનનું ટેક્ ઓફ્-લેન્ડિંગ કોઈ વિઘ્ન વિના થઈ શક્યું હતું.

## જામનગર શહેરમાં ઇંગ્લિશ દારૂ સાથે નીકળેલા બે શખ્સો પકડાયા : અન્ય એક સપ્લાયરનું નામ ખુલ્યું

જામનગર | જામનગર શહેરમાં પોલીસે ગઈકાલે જુદા જુદા બે સ્થળે ઈંગ્લીશ દારૂ સાથે બે આરોપીઓની ધરપકડ કરી લીધી છે, જ્યારે ઇંગ્લિશ દારૂ સપ્લાય કરનાર અન્ય એક શખ્સને ફરાર જાહેર કરાયો છે. જામનગર શહેરમાં ઈંગ્લીશ દારૂ અંગેનો પ્રથમ દરોડો એસટી ડેપો રોડ પર પાડ્યો હતો. જ્યાંથી ઇંગ્લિશ દારૂ સાથે નીકળેલા કિશોર જેઠાભાઈ રામનાણીની અટકાયત કરી લઈ, તેની પાસેથી ઇંગ્લિશ દારૂ કબજે કર્યો છે. જેને દારૂ સપ્લાય કરનાર દિગ્વિજય પ્લોટ શેરી નંબર 54 માં રહેતા ભાવિક ઉર્ફે છાબોને ફરાર



જાહેર કરી પોલીસ દ્વારા તેની શોધખોળ ચલાવવામાં આવી રહી છે. જામનગરમાં જૂની કસ્ટમ ઓફિસ પાસેથી ઈંગ્લીશ દારૂ સાથે નીકળેલા ઈન્દ્રજીતસિંહ પ્રફુલસિંહ ચૌહાણને પોલીસે અટકાયતમાં લઈ લીધો છે. અને તેની પાસેથી બે નંગ ઇંગ્લિશ દારૂની બોટલો કબજે કરી છે.

### વિવાદાસ્પદ સોસાયટીના બંગલાનું ડિમોલિશન : MLA અમિત શાહે પણ અશાંતધારા મુદ્દે ફરિયાદ કરી હતી

# પાલડીમાં 1 કરોડથી વધુની કિંમતનો ગેરકાયદેસર બંગલો AMCએ તોડી પાડ્યો



અમદાવાદ | અમદાવાદ શહેરના પાલડી વિસ્તારમાં આવેલી વિવાદાસ્પદ નૂતન સર્વોદય સોસાયટીમાં ગેરકાયદેસર બંગલાને મ્યુનિસિપલ કોર્પોરેશનના પશ્ચિમ ઝોનના એસ્ટેટ વિભાગ દ્વારા ડિમોલિશન કરવાની કાર્યવાહી કરવામાં આવી છે. નવો બંગલો બનાવવા માટે બાંધકામ કર્યા હોવા અંગેની એસ્ટેટ વિભાગમાં કોઈ મંજૂરી લેવામાં આવી નહોતી, જેના પગલે એસ્ટેટની ટીમ દ્વારા નોટિસો આપવામાં આવી હતી, જે બાદ આજે 16 જાન્યુઆરીના રોજ સવારે પોલીસ બંદોબસ્ત સાથે બંગલો તોડવા માટેની કાર્યવાહી કરવામાં આવી છે. સોસાયટીમાં બંગલાઓ લઘુમતી સમાજને વેચીને અશાંતધારાનો ભંગ કર્યો હોવાની ફરિયાદ સ્થાનિક એલિસબ્રિજના ભાજપના ધારાસભ્ય અમિત શાહ દ્વારા પણ કરવામાં આવી હતી.

પશ્ચિમ ઝોનના એસ્ટેટ વિભાગના અધિકારીના જણાવ્યા મુજબ પાલડી વિસ્તારમાં નુતન સર્વોદય સોસાયટીમાં બંગલા નંબર 1માં સવારથી ડિમોલિશનની કાર્યવાહી કરવામાં આવી રહી છે. બંગલાનું બાંધકામ ગેરકાયદેસર હતું જે અંગે અવારનવાર નોટિસો આપવામાં આવી હતી, છતાં પણ કાર્યવાહી ન કરવામાં આવતા છેવટે આજે 16 જાન્યુઆરીના રોજ સવારે પોલીસ બંદોબસ્ત સાથે બે જેસીબી મશીન અને મજૂરોની મદદ લઈને બંગલો ડિમોલિશન કરવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

પાલડીના નૂતન સર્વોદય સોસાયટીમાં નવ જેટલા બંગલાઓ અશાંતધારાનો ભંગ કરીને વેચાણ કરી દેવામાં આવતા સ્થાનિક એલિસબ્રિજ વિધાનસભાના ભાજપના ધારાસભ્ય અમિત શાહ દ્વારા કલેક્ટરને રજૂઆત કરવામાં આવી હતી. જેમાં દિલીપ મોદી નામના વ્યક્તિનો બંગલો ગેરકાયદેસર રીતે ઉભો કરવા હોવા અંગેની પણ ફરિયાદ મળી હતી.

મુસ્તફા માણેકચંદ નામના વ્યક્તિને બંગલો વેચાણ આપવામાં આવ્યો હતો અને ગેરકાયદેસર બાંધકામ હોવાના પગલે મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગ દ્વારા આ બંગલો ડિમોલિશન કરવામાં આવ્યો છે.